# ।।પંચમ પુરુષાર્થ।।



# પંચમ પુરુષાર્થ

# પંચમ પુરુષાર્થ

[ ગુરુહરિ પ.પૂ. કાકાશ્રીના આશીર્દાનનું સંકલન ]

## અર્પણ

શ્રી અક્ષરપુરુષોત્તમની યુગલ ઉપાસનાના પ્રવર્તક
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ - બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ
તથા
ગુણાતીત સમાજના આદ્યસર્જક
બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ - બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજ
અને
પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. હરિપ્રસાદસ્વામિજીના
પરમ પુનીત ચરણારવિંદમાં...

'બંધુબેલડી શતાબ્દી શિબિર' પ્રકાશન

# પંચમ પુરુષાર્થ

© *પ્રકાશક :*
**શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, દિલ્હી**

*પ્રથમ આવૃત્તિ :*
'બંધુબેલડી શતાબ્દી શિબિર' ૨૩ ડિસેંબર, ૨૦૧૭

*પ્રતિ :* **૧૦૦૦**

*મૂલ્ય :* **૧૫૧/-**

*પ્રાપ્તિ સ્થાન :*

❊ **શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર**
'તાડદેવ', કાકાજી લેન, સ્વામિનારાયણ માર્ગ, અશોક વિહાર-૩
દિલ્હી-૧૧૦ ૦૫૨ (ભારત) દૂરભાષ : ૦૧૧-૪૭૦૯ ૧૨૮૧

❊ **અક્ષરજ્યોતિ મહિલા કેન્દ્ર**
'અક્ષરજ્યોતિ', કાકાજી લેન, સ્વામિનારાયણ માર્ગ, અશોક વિહાર-૩
દિલ્હી-૧૧૦ ૦૫૨ (ભારત) દૂરભાષ : ૦૧૧-૨૭૩૦ ૫૧૯૯

❊ **યોગી ડિવાઈન સોસાઈટી**
'અક્ષરધામ' MTNL ના પાછળ, હીરાનંદાની ગાર્ડન્સ, પવઈ, મુંબઈ-૪૦૦ ૦૭૬ (ભારત)
દૂરભાષ : ૨૫૭૮ ૨૧૫૧

❊ **Yogi Divine Society USA**
2437 N, Yeoman St. Waukegan, IL 60087
Tel. 847-336-6451

*ટાઈપ સેટિંગ :*
**અક્ષર પ્રિંટર્સ**
૩૯સી, અશોક વિહાર-૩, દિલ્હી-૧૧૦ ૦૫૨ (ભારત)

*મુદ્રક :*
**ઇમેજ પ્રિંટવેજ**
૨૪૯-બી, મુનિરકા, નવી દિલ્હી-૧૧૦ ૦૬૭ (ભારત)

# સાંકળિયું


| ક્રમ.સં. | વિષય | પાનુ નં. |
|---|---|---|
| ❋ | ઉપોદ્ઘાત | 1 |
| ❋ | આભાર | 5 |
| ❋ | આશીર્દાન | |
| | ❋ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી | 9 |
| | ❋ ભગવત્સ્વરૂપ પ.પૂ. અક્ષરવિહારીસ્વામિજી | 10 |
| | ❋ સંત ભગવંત પ.પૂ. સાહેબજી | 11 |
| | ❋ ભગવત્સ્વરૂપ પ.પૂ. દિનકરભાઈ | 13 |
| 1. | ઓળખાણ-અફસોસ-આશ્વાસન | 15 |
| 2. | સમ્યક્ સ્વરૂપદર્શન | 19 |
| 3. | ગુરુહરિ સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મ પૂ. યોગીજી મહારાજની પવિત્ર સેવામાં– | 24 |
| 4. | દૃષ્ટિભેદ | 28 |
| 5. | અક્ષરધામની ચાવી અને સંપૂર્ણ સફળતા | 31 |
| 6. | સર્વોત્કૃષ્ટ સ્થાન અને સાક્ષાત્કારની સ્થિતિ | 34 |
| 7. | તત્ત્વનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા | 38 |
| 8. | આત્મા, અક્ષર અને પુરુષોત્તમનું સુખ | 40 |
| 9. | કૃપા અને દૃષ્ટિ | 43 |
| 10. | સાકારપણાની પ્રતીતિ | 46 |
| 11. | સર્વોપરી જ્ઞાનપ્રલય– તૂર્યા અને સામ્યાવસ્થારૂપ માયા– | 49 |
| 12. | સીમાડો | 52 |
| 13. | જીવન, યાત્રા કે સંગ્રામ?– લૌકિક અને અલૌકિક દૃષ્ટિએ– | 55 |
| 14. | એકાંતિકનું ગણિત | 59 |
| 15. | Life and Teachings of Lord Swãminãrãyan | 63 |
| 16. | મુક્તની માયા | 68 |
| 17. | ‘અનાહત ચક્ર’માંના ધબકારા | 71 |
| 18. | આજ્ઞાનું તારતમ્યપણું ને રહસ્ય | 73 |
| 19. | નિર્વાસનિક થવાના ઉપાયો–ભક્તિ અને મુક્તિ | 77 |

| ક્રમ.સં. | વિષય | પાનુ નં. |
|---|---|---|
| 20. | સત્સંગની પારાશીશી | 80 |
| 21. | અંતરનું કુરુક્ષેત્ર અને બળતાં ઘર | 84 |
| 22. | ધ્યાનની સમજણ | 86 |
| 23. | દૈવી અને આસુરી બુદ્ધિ | 91 |
| 24. | સાધુનું જ્ઞાન | 94 |
| 25. | આવરણ અને વિક્ષેપ | 96 |
| 26. | શ્રુતિ અને સ્મૃતિ | 99 |
| 27. | સ્વધર્મ અને સર્વોપરીપણું | 101 |
| 28. | સ્વધર્મ અને સ્વભાવ | 104 |
| 29. | સિદ્ધદશાના પ્રકારો | 106 |
| 30. | જીવના રોગ | 108 |
| 31. | વૃત્તિઓનું પિંડીકરણ | 113 |
| 32. | કર્મયોગીને માયા | 115 |
| 33. | બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને લક્ષાવધિ મુમુક્ષુઓ માટેની કલ્યાણ રીતિ | 117 |
| 34. | સંપત્તિ-વિપત્તિ | 123 |
| 35. | ચમત્કારો અને દિવ્ય ચેતનાનો અનુભવ | 127 |
| 36. | સમતા અને સુહૃદ્ભાવ | 131 |
| 37. | વૃત્તિઓનો નિરોધ અને સંયમ | 133 |
| 38. | સત્સંગીનો પુરુષાર્થ અને જળમાં લીટા | 135 |
| 39. | ક્ષેત્ર સંન્યાસ | 137 |
| 40. | આધ્યાત્મિક જડતા | 139 |
| 41. | તત્ત્વજ્ઞાન, કલ્યાણનાં સાધનો અને સત્પુરુષ | 142 |
| 42. | જૂના-નવા, નવા-જૂના તથા મોટા-નાના, નાના-મોટા | 144 |
| 43. | શ્રીજી મહારાજે પરમહંસોને કરેલી અતિરહસ્યની વાત | 147 |
| 44. | ખરેખર બુદ્ધિવાળા | 150 |
| 45. | મનનું અમનપણું તથા સંકલ્પનાં સ્વરૂપો | 152 |
| 46. | પ્રગટપણાનો ભાવ અને બુદ્ધિની જડતા | 155 |

|| જય સ્વામિનારાયણ ||



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ



ભગવાન શ્રી સ્વામિનારાયણ
મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામિજી



બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ
બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજ



ભગવત્સ્વરૂપ અક્ષરવિહારીસ્વામિજી



ભગવત્સ્વરૂપ દિનકરભાઈ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. હરિપ્રસાદસ્વામિજી



સંતભગવંત પ.પૂ. સાહેબજી

## શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, દિલ્હી



અનાદિ મહામુક્ત જાગાસ્વામી



અનાદિ મહામુક્ત ભગતજી મહારાજ




અનાદિ મહામુક્ત અદાશ્રી



પ.પૂ. મહેન્દ્ર બાપુ



પ.પૂ. ભરતભાઈ



પ.પૂ. વશીભાઈ



Swami Shreeji


**H. H. HARIPRASAD SWAMIJI**

YOGI DIVINE SOCIETY Haridham, SOKHADA - 391 745, Dist: Vadodara, Guj., INDIA.


તા. ૧૫-૧૨-૨૦૧૭
હરિધામ

હે ગુરુજી

સંયમ પુરુષાર્થ પુસ્તક દ્વારા અમાપ શક્તી
સંતો હરિભક્તોને અદ્ભુત સંદેશ મળશે,
વાંચનાર સર્વે અંતરથી રાજી થઈ જશે જ.

હજારો હરિભક્તોના હૃદયને
વિષે સાચો મહિમા સ્થિર થઈ જશે,
પ્રભુકૃપાસ્વરૂપસંતને કેવી રીતે રાજી કરવા
તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે જ..

સર્વે હરિભક્તોનાં હૃદય પુલકિત
થઈ જશે. સાચી ગુરુભક્તિ અદા
કરવા માટે સાચી સમજણ પ્રાપ્ત થઈ જશે જ.
ગુરુહરિ યોગીજી મહારાજ અંતરથી
રાજી - રાજી - થઈ જશે,

એ જ લિ. સાધુ હરિપ્રસાદના જય સ્વામિનારાયણ.

II SWAMI SHREEJI II

Ph : (0265) 2840215

# Shree Akshar Purshottam Satsang Kendra

Shree Akshar Purshottam
Swaminarayan Temple

(P.T. Reg. No. - F - 393 Baroda)

At & Po. : SANKARDA - 391 350,
Dist : Baroda, Gujrat (India).

Date : ૮-૧૨-૨૦૧૭

મુક્તાક્ષર પુરુષોત્તમની જય-
ગુણાતીત સમાજની જયજય.
બંધુ બેલડી શતાબ્દી ઉત્સવની જયજય

"પંચમ પુરુષાર્થ" રૂપી પરાવાણીનો ગ્રન્થ પ્રકાશિત કરીને પ.પૂ. કાકાજી સ્વરૂપ આપણા સૌના લાડીલા દિવ્ય પ.પૂ. ગુરુજીનો ૮૦મો જન્મદિવસ ઉજવાય એ શ્રેષ્ઠ અર્ઘ્ય અર્પણ કર્યું કહેવાય. તેથી ખૂબ આનંદ થયો.

પ્ર. "પંચમ પુરુષાર્થ" ગ્રંથ અદ્‌ભુત અને કલ્યાણકારી છે. તેનો નીત્ય પ્રત્યે વાંચન કરવાથી મુમુક્ષુઓ તેમજ સાધક વર્ગને ખૂબ જ પ્રેરણા અને આધ્યાત્મિક સૂઝ સમજ અને માર્ગદર્શન મળી રહેશે.

વળી શરૂઆતમાંજ પ.પૂ. દિવ્ય કાકાશ્રીએ ઓળખાણ - અફસોસ - આશ્વાસન એ લેખ મારફત અંતરદૃષ્ટિ કરાવી સૂઝ પાડી દીધી કે હવે આપણે ગફલતમાં રહી પ.પૂ. યોગીજી મહારાજે આપણને જે પ્રાપ્તી કરાવવા ગ્રહણ કર્યા છે તે તેમનો સંકલ્પ અને પૂ. કાકાશ્રીનો દાખડો અફળ ન જાય. માટે સૌ કોઈ આ ગ્રંથનું પારાયણ કરી નિર્દોષ બુદ્ધિ દૃઢ કરી સુહૃદયભાવ અને એકતાના પુવન પુળ બંધુ બેલડી મહોત્સવને સનાતન બનાવીએ એજ સાક્ષાત સ્વરૂપોને અંતરની પ્રાર્થના સહ જયસ્વામિનારાયણ

લી. સદા સેવક સાધુ અક્ષરવિહારીના ખૂબજ હેત પૂર્વક જયસ્વામિનારાયણ



૧૩-૧૨-૨૦૧૭
બ્રહ્મજ્યોતિ, મોગરી.

॥ સ્વામિશ્રીજી ॥

**Anoopam Mission**

પ્રકાશન સમિતિના સૌ વ્હાલા આત્મીય મુક્તો...
શ્રી યોગી ડીવાઈન સોસાયટી - દિલ્હી.

જયશ્રી સ્વામિનારાયણ!

૩જી ફેબ્રુઆરી-૧૯૫૨માં ગુરુદેવ શ્રી યોગીજી મહારાજે પ.પૂ. દાદુભાઈને અક્ષરમંદિર, ગોંડલમાં સમાધિ દ્વારા અક્ષરધામનાં દર્શન કરાવ્યાં... ત્યારબાદ એ અનુભૂતિની વાતો પ.પૂ. દાદુકાકા પોતાના અસ્ખલિત વાણીપ્રવાહમાં નિરંતર કર્યા જ કરતા... જેમાં મુખ્ય મુદ્દો એ જ હતો કે... આ ભગવાનના દેખાતા સાધુ આપણી વાતો સાંભળે છે... આપણી સેવા કરે છે... આપણને માન આપી બોલાવે છે... જમાડે છે... ખબર રાખે છે... એમ આપણને હેત કરે છે... એટલે જ એ આપણને ગમે છે પણ આ ભગવાનના દેખાતા યોગીબાપા એ તો સ્વયં અક્ષરપુરુષોત્તમનું સાકાર પ્રગટ સ્વરૂપ છે એમ માની આપણે તેઓનો મહિમા સમજી સેવા-ભક્તિ કરવાની છે.. તેઓમાં સમ્યક નિર્દોષભાવ રાખી, તેઓના સંબંધવાળાને પણ, સેવા માની દાસત્વભાવે સૌની સેવા કરવારૂપી 'પંચમપુરુષાર્થ' આપણે કરવાનો છે... અને તો જ સ્વામિનારાયણ ભગવાનની અંતરની પ્રસન્નતા મળતાં કૃપાથી સાથે છેલ્લે ધામનાં સુખશાંતિ આનંદ પ્રાપ્ત કરી શકીશું.. ધન્ય બની રહીશું.

શ્રીજી મહારાજ, શ્રી ગુણાતીતાનંદ સ્વામી! ભગતજી મહારાજ, શ્રી જાગાસ્વામી, શ્રી કૃષ્ણજી અદાદા, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજની શુદ્ધ ભાવનાની રહસ્યની આ વાતો પ.પૂ. દાદુકાકા ૧૯૫૨થી સતત કરતા રહ્યા છે અને પોતાના લેખો, પત્રો દ્વારા આપણા સત્સંગ સમાજને પીરસતા રહ્યા છે. ત્યારે તો તે વાતો તેઓના હેતને કારણે સાંભળવી ગમે, વાંચવી ગમે પણ સમજાતી ન હતી પણ આપણે આભાર માનીએ આ પ્રગટ દિવ્ય સ્વરૂપોનો કે તેઓએ આપણને હેતે કરીને આ વાતો સમજાવી, ને પ્રમાણે મહિમાએ સેવાઓ કરાવી આપણા ગુણાતીત સમાજના મુક્તોને એવા તૈયાર કર્યા છે કે હવે આ વાતો આપણી સમજમાં આવતી જાય છે. એટલે તે વર્તનમાં આવશે

**Anoopam Mission India**
Brahmajyoti
Yogiji Marg
Mogri 388 345
Dist: Anand
Gujarat
India
Tel: +91 26 92 230544/230483
Fax: +91 26 92 235660
Email: amindia@anoopam-mission.org
**www.anoopam-mission.org**
Public Trust Reg. No. E/1390/Anand. DT. 03/09/2001

તે વ્યવહાર છે. એટલે સાચું પૂછો તો ખરા ભાગ્યે આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે.. તે બદલ આપ સૌ પ્રકાશન વિભાગના સૌ મુક્તોને અભિનંદન! વંદન! સાથે ખૂબ જ આભાર.

વળી પ.પૂ. ગુરુજીનો તો આભાર આપણે કેવી રીતે માનીશું પણ તેઓની આપણા સૌ પર કરુણા-કૃપા કે પ.પૂ. દાદુકાકાના ૧૯૫૧ થી ૧૯૬૬ સુધીના લખાયેલા, પ્રકાશિત થયેલા લેખો, પત્રોમાંથી ખાસ ચૂંટેલા લેખો-પત્રોનો આ ગ્રંથ, જેનું નામ પણ તેઓએ 'પંચમપુરુષાર્થ' આપ્યું છે તે ગ્રંથ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના આશીર્વાદ સાથે પ્રકાશિત કરવાની પ્રેરણા આપી છે. અને આપ સૌએ પણ પ.પૂ. દાદુકાકા, પ.પૂ. પપ્પાજી જેવું બેલડી શતાબ્દી પર્વની ઉજવણી ટાણે ઉજવાઈ રહેલ પ.પૂ. ગુરુજીના ૮૦મા પ્રાગટ્યના મંગલ અવસરે પ્રકાશિત કરી ગુરુભક્તિ અદા કરી રહ્યા છો તે માટે આપ સૌને ખૂબ ખૂબ જ ધન્યવાદ!

બસ હવે તો આપણે સૌ આ ગ્રંથ વસાવીએ, વાંચીએ અને તે પ્રમાણે પ્રભુભજન જીવન જીવવાનો પંચમ પુરુષાર્થ કરી પ્રભુ અને પ્રભુનાં પ્રગટ દિવ્ય સ્વરૂપોની અંતરના પ્રસન્નતાનાં પાત્રો બની જીવનની ધન્યતાનો ખરો આનંદ માણતા રહીએ તેવું જીવન બની રહે તેવી આ પ્રસંગે પ્રભુચરણે-ગુરુચરણે આપણા સૌની પ્રાર્થનાઓ છે. ફરીથી આભાર સાથે.

ગુણાતીત સમાજના સૌ મુક્તો વતી
આપના જ અશ્વિનભાઈ, શીતલભાઈ સાથે
વડીલભાઈઓના ભાવથી જય સ્વામિનારાયણ!



**Yogi Divine Society - U.S.A.**

(A Non Profit Organisation)

2437, N.Yeoman, Waukegan, Ill.-60087 U.S.A. Ph. / Fax : 847-336-6451

સ્વામિશ્રીજી

ડીસેમ્બર ૯, ૨૦૨૧
વૉકીગન, શીકાગો

પ્રગટ બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજની શતાબ્દીની ઊજવણીના પ્રસંગે "પંચમ પુરુષાર્થ" ગ્રંથમાં આ ગુણાતીત સ્વરૂપોએ આપણને જે આધ્યાત્મિક ભાથું પીરસ્યું છે તેનો મહિમા વર્ણનમાં કરવો અશક્ય છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજમાં જ મહારાજ (સ્વામિનારાયણ ભગવાન) અને સ્વામી અખંડ વિચરી રહ્યા છે તેની સમજણ પાકી થઈ ગઈ હતી અને હાલમાં પણ આવાં જ ગુણાતીત સ્વરૂપોની આપણને ઓળખાણ થઈ ગઈ છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મુકુંદજીવનસ્વામીજી (ગુરુજી)એ અને તેઓના ભક્તજનોએ ખૂબ જ પરિશ્રમ કરીને વર્ષોથી પ્રગટ બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજે વરસાવેલી અમૃતવાણીને આ ગ્રંથમાં સુંદર રીતે મૂકીને આપણ સર્વેને સહાયને માટે સુલભ્યા કરી દીધા છે.

આ ગ્રંથમાં ૨૦૦ જેટલા લેખો છે. દરેક લેખ અતિઉત્તમ છે. દરરોજ તેનું પારાયણ કરીએ તો ગુણાતીત સ્વરૂપોનો સંબંધ અખંડ રહે. જુલાઈ ૧૯૬૩માં લખાયેલો "મનમુખ ટીકા" લેખ તો દરરોજ પાઠ કરવો, જેથી ગુરુમુખ થઈ જવાય.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ કાકાજીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુજીએ ખૂબ સરસ રીતે સેવ્યા અને, આજે તેઓશ્રીના ૮૦મા પ્રાગટ્યપર્વે આપણે પ્રાર્થના કરીએ કે તેઓ આપણી સાથે કાયમ રહી આપણ સહુને આ ગ્રંથની અને તેમના પોતાના પ્રસંગોની રસલહાણ પીરસ્યા જ કરે...
આ પવિત્ર ગ્રંથને આપણે આપણા ઘરમાં વસાવીએ અને આપણા સગાંવહાલાંઓને, હિતેચ્છુઓને પણ ભેટરૂપે આપી, આપણી ભક્તિ અદા કરીએ તેવી અંતરની પ્રાર્થના...

ભરતભાઈ, વશીભાઈ, નરેન્દ્રબાપુ, રમેશભાઈ, રાજુભાઈ ભટ્ટ, રાજુભાઈ ઠક્કર, દયાશંકરભાઈ, અશ્વિનભાઈ, ચંદુભાઈ, ગિરધરભાઈ (બાબુભાઈ), વિજયભાઈ, નિરંજનભાઈ, ભાવિકભાઈ, અને સર્વે સાધક ભાઈઓ, પૂ. કરુણાબેન, મધુરીબેન, સોનલબેન, ઉર્વશીબેન, ચંદનબેન, માધુરીબેન, કુસુમબાઈ, હેમુબેન, સિદ્ધિબેન, ભારતીબેન, તારાબેન, શારદાબેન, દિપાબેન અને સર્વે સાધક બેનો. પૂ. ઘનશ્યામભાઈ, દાસભાઈ, મિતિનભાઈ, રાજુભાઈ, ચંદ્રકાન્તભાઈ, અશ્વિનભાઈ, પંકજભાઈ, પ્રકાશભાઈ, અમરભાઈ, કેતનભાઈ, વંદનભાઈ, રતીમાસા અને સર્વે ગૃહસ્થો વતી સર્વેક હિતકરના જય શ્રી સ્વામિનારાયણ

*Let us spread the message of Friendship, Fraternity and Love.*



એક જ અદ્વિતીય સહજાનંદસ્વામી, ભરતખંડમાં એવા પરમ એકાંતિક સંત દ્વારા અખંડ પ્રગટ જ છે.

| ક્રમ.સં. | વિષય | પાનુ નં. |
|---|---|---|
| 47. | અતિ મોટા પુરુષનો અભિપ્રાય જાણવાની શરતો | 157 |
| 48. | કર્મયોગ અને સ્વરૂપજ્ઞાનેયુક્ત કર્મયોગ | 161 |
| 49. | મનમનામણાં અને આત્મછેતરામણ | 164 |
| 50. | જ્ઞાનગોષ્ઠિમાંથી તારવેલું | 167 |
| 51. | અભિનિવેશ | 169 |
| 52. | વચનનો ભીડો | 171 |
| 53. | મુક્તરાજ શ્રી દાદુભાઈનો આફ્રિકાનો પત્ર | 173 |
| 54. | સમાસ બહુ થયો | 175 |
| 55. | અણમૂલો અવસર વહી જાય તે પહેલાં | 178 |
| 56. | ઓળખ્યા હોય જેમણે સ્વામિજીને ! | 181 |
| 57. | દેશકાળ અને પ્રારબ્ધ | 184 |
| 58. | વૃત્તિઓના વેગો અને ગઢપુર સમૈયો | 189 |
| 59. | ભીડો ખમવો-આપવો | 191 |
| 60. | અસૂયા | 193 |
| 61. | યુગધર્મ, સ્વધર્મ અને બ્રાહ્મણત્વ | 196 |
| 62. | અર્જુન અને સુધન્વા | 200 |
| 63. | જ્ઞાન અને વ્યવહાર | 203 |
| 64. | શ્રી દાદુભાઈ પટેલે પ્રવચન કરતાં કહ્યું– | 205 |
| 65. | સદ્‌ગુરુ સત્સંગી | 206 |
| 66. | અમૃતસમા સત્સંગસાગરમાં ભરતી અને ઓટ | 209 |
| 67. | દિવ્યતાનો સ્વાનુભવ અને ‘અક્ષરમત’ની સર્વોપરીતા | 213 |
| 68. | દિવ્યતાનો અનુભવ અને અક્ષરમત (૧) | 215 |
| 69. | દિવ્યતાનો અનુભવ અને અક્ષરમત (૨) | 217 |
| 70. | મોટા પુરુષનો અભિપ્રાય | 220 |
| 71. | નિર્માનીપણાનું માન | 223 |
| 72. | બ્રહ્મવિદ્યાનો અધિકાર | 226 |
| 73. | મનમુખી ક્રિયા | 229 |
| 74. | અવગુણ લેવાનો અધિકાર | 231 |

| ક્રમ.સં. | વિષય | પાનુ નં. |
|---|---|---|
| 75. | પ્ર.બ્ર.સ્વ. પૂ. યોગીજી મહારાજની જ્ઞાનવાર્તા | 235 |
| 76. | બ્રહ્મચારીરાજની અપૂર્ણતાઓ અને સંતસમાગમ | 240 |
| 77. | પ્રગટ સ્વરૂપની સાધન પ્રણાલિકાનું રહસ્ય | 245 |
| 78. | ભગવદી અને એકાંતિકનાં લક્ષણો | 247 |
| 79. | ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને ઉપાસનાનું સર્વોપરીપણું | 250 |
| 80. | શક્તિપાત | 251 |
| 81. | વહેવારના, મંદિરના કે સત્સંગના 'ક્રિયાયોગોનો આરંભ' સ્વભાવપ્રેરિત કે સત્ય (સ્વરૂપ) પ્રેરિત ? | 255 |
| 82. | અનુગ્રહ-1 | 259 |
| 83. | અનુગ્રહ-2 | 260 |
| 84. | અનુગ્રહ-3 | 263 |
| 85. | અનુગ્રહ-4 | 264 |
| 86. | અનુગ્રહ-5 | 265 |
| 87. | અનુગ્રહ-6 | 266 |
| 88. | અનુગ્રહ-7 | 268 |
| 89. | અનુગ્રહ-8 | 269 |
| 90. | અનુગ્રહ-9 | 271 |
| 91. | અનુગ્રહ-10 | 272 |
| 92. | અનુગ્રહ-11 | 273 |
| 93. | અનુગ્રહ-12 | 274 |
| 94. | અનુગ્રહ-13 | 276 |
| 95. | અનુગ્રહ-14 | 277 |
| 96. | અનુગ્રહ-15 | 278 |
| 97. | અનુગ્રહ-16 | 279 |
| 98. | અનુગ્રહ-17 | 280 |
| 99. | અનુગ્રહ-18 | 281 |
| 100. | અનુગ્રહ-19 | 283 |
| * | અનુક્રમ–અકારાદિ ક્રમાનુસાર | 285 |

# ઉપોદ્‌ઘાત

**દિવ્ય બંધુબેલડી શતાબ્દી**ના મહામંગળકારી અવસરે ગુરુહરિ કાકાશ્રીના કેટલાક જૂના લેખોનું સંકલન પ્રસ્તુત કરી રહ્યા છીએ ત્યારે આ પુસ્તકનું નામ ‘પંચમ પુરુષાર્થ’ પાછળનો ભાવ છતો કરતા પહેલાં મારે મન એક જ પ્રશ્ન ઊઠતો રહ્યો છે–

*‘મેં એવું તો શું પુણ્ય અર્જિત કર્યું હશે ? ભગવાન સ્વામિનારાયણ અને એમની ગુણાતીત પરંપરાની દિવ્ય ‘વિભૂતિ’ઓ સાથે મારો એવો શો સંબંધ હશે કે એમની દ્વિશતાબ્દી-શતાબ્દી-અમૃતપર્વનો લ્હાવો મને મારા આ જીવનકાળ દરમ્યાન મળતો રહ્યો છે.’*

કોટી-કોટી વંદન આ દિવ્ય વિભૂતિઓ–પ.પૂ. યોગીબાપા, પ.પૂ. કાકાશ્રી, પ.પૂ. પપ્પાજી ને પ.પૂ. સ્વામિજી કે જેમણે મને-આપણને સહુને પોતાના વાત્સલ્યે સત્સંગની પરિભાષામાં ‘આત્મબુદ્ધિ ને પ્રીતિ’એ કરીને જગતના-સંસારના બંધનોથી મુક્ત રાખી, દિવ્યજીવનના માર્ગે લઈ-જાળવી એક અનોખા જગત સાથે જોડી દીધો, જ્યાં પ્રવેશ કરતા જ એવું લાગે કે ***‘આ કોઈ જુદી જ દુનિયા છે...’***

હું ૧૯૫૩માં ગુરુહરિ કાકાશ્રીના જોગમાં આવ્યો... એમનું વ્યક્તિત્વ, એમનું રૂપ, એમની છટા, સત્સંગીઓ પ્રત્યેનો એમનો આપોપોભાવ, એમની વાતો મને ખૂબ ગમતા ને એ આકર્ષણે મંત્રમુગ્ધ થઈ, હું એમનામાં ખેંચાતો ગયો ને જોડાતો ગયો.

સવારે પોણા છ-છ સોરા હાથમાં શૅવીંગનું રૅઝર લીધું નથી કે દાઢી કરતા-કરતા ગુરુહરિ કાકાશ્રીની કથાવાર્તા શરૂ થતી, ઠેઠ રાત્રે અગિયાર વાગે પોઢવા જતાં સુધી ! હા, બપોરે બે થી સાડા ત્રણ-ચાર વિશ્રામમાં જાય એ ગાળામાં સોપો પડતો. શાસ્ત્રોના ચીલાચાલુ જ્ઞાનનું એમની નવી લાગતી વાતોમાં કોઈ સ્થાન ન્હોતું. જો કે ત્યારે એ સમજ ન્હોતી કે શાસ્ત્રો પરની એમની આ વાતો ‘ગુણાતીત જ્ઞાનની જ વાતો’ છે. એક બ્રહ્મસૂત્ર છે ‘આનંદોબ્રહ્મ’, એટલે કે બ્રહ્મ આનંદ સ્વરૂપ છે. તેથી જ સાક્ષાત્ ‘પ્રગટ બ્રહ્મ’ને અનુલક્ષીને જ એમની વાતો

હોવાથી સૌને એ સાંભળવી ખૂબ ગમતી—એમાં ખૂબ આનંદ મળતો.

વખત જતાં, ઘણાં એમની વાતોને પોતાની ડાયરીઓ -નોટબુકોમાં ઊતારતા. આ ઉપરાંત ગુરુહરિ કાકાશ્રી ઘણી રાત-રાત જાગી, ડિક્ટેટ કરી સેવકો પાસે લખાવતા. સ્વયં પણ લખતાં અને પ્રકાશનોમાં તેમજ આપણા કેન્દ્રોમાં ય એ પાઠવતા. એ જ્ઞાન એટલું ગહન હતું કે **સંતભગવંત પ.પૂ. સાહેબજી** ત્યારે બોલેલા—*આપણે અત્યારે આ લેખો ફાઈલ કરી રાખો, ૨૦ વર્ષ પછી વાંચીશું ત્યારે સમજાશે.*

સાચે જ, આજે વરતાય છે કે ભગવત્સ્વરૂપ વિભૂતિઓ, સંતો, ભગવદીઓ, મુક્તો કે જેઓની નિશ્રામાં હું ઊછર્યો, જેઓના સંગે રહ્યો ને ભણ્યો-ગણ્યો એ સહુની ય પ્રેરણામૂર્તિ તો ગુરુહરિ કાકાશ્રી જ હતાં.

આજે, એ જૂના સર્વે લેખો તો પ્રાપ્ત નથી, છતાં જે સચવાયા છે તેમાંના કેટલાકનું સંકલન અહીં પ્રસ્તુત છે. આ લેખોમાં બે મુદ્દાઓ એકધારા ચાલ્યા આવે છે—

ગુણાતીત વિભૂતિ થકી માનવસ્વરૂપે પ્રભુનું પૃથ્વી પર અખંડ પ્રકટપણું

અને

સદ્. નિષ્કુળાનંદસ્વામિજીએ ગાયું એમ— *'જ્યારે પ્રભુને પામીએ ત્યારે સર્વે થયાં સાધન'*—એ પછી પ્રગટ પ્રભુને ભજવાની કરામત.

સહુ જાણે છે કે માનવજીવનના ચાર પુરુષાર્થ છે—

૧. **ધર્મ** —શાસ્ત્રોના વિધિનિષેધ પ્રમાણેનો સદાચાર

૨. **અર્થ** —સાંસારિક-ભૌતિક સંપત્તિનું અર્જન

૩. **કામ** — કામના કે મહત્ત્વાકાંક્ષાની પૂર્તિનો ઉદ્યમ

૪. **મોક્ષ** —મુક્તિ માટે તપ, વ્રત, યોગ, યજ્ઞ, દાન, ધ્યાન દ્વારા થતી સાધના.

પ્રકૃતિપુરુષ સુધીના મનુષ્ય સર્વે સામાન્ય સમજણે કરીને આ અર્થે જ ઉદ્યમ કરતા રહેતા હોય છે.

પણ, પ્રકૃતિપુરુષથી પરના ભગવત્સ્વરૂપ સમર્થ સંત મળ્યાથી 'મોક્ષ' કે 'કલ્યાણ' તો સહજ જ-વગર કોઈ સાધને થઈ જ ગયું છે. તો પછી, શા અર્થે કોઈ સાધન કરવા ?

**મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી**એ કહ્યું— *મોહા મોહ મિલે નિજ પ્રીતમ, કોન પતિયાર (વિશ્વાસ) કરે પતિયાંએ (કાગળ).*

અર્થાત્ કાગળના લખનારા મળ્યા તે પછી કાગળનું શું કામ ?

**ગુરુવર્ય યોગીબાપા** પણ બોલેલા– *આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય અન્યને ભાગ્યશાળી માનવા એ જ ભૂલ...*

**ગુરુહરિ કાકાશ્રી**ના મુખે ય જૂના જોગીઓએ સાંભળ્યુ હશે– *ગુણાતીતજ્ઞાનના દાતા અહીં સોફા પર બેઠા છે.*

આમ, આપણને પ્રગટ સંત મળ્યા છે–પ્રગટ મૂર્તિ મળી ગઈ, પછી હવે શા અર્થે પુરુષાર્થ કરવો એના સંદર્ભમાં–

**ગુરુહરિ કાકાશ્રી**એ ૧૯૮૬ની ૨૬મી જાન્યુઆરીએ 'ગુણાતીત સમાજ'ને એમણે આપેલા અંતિમ સંદેશમાં પ્રવાહીમાર્ગના ઉપરોક્ત રૂઢિગત ચાર પુરુષાર્થોથી તદ્દન જૂદા એવા એક નવા જ પુરુષાર્થની વાત કરેલી. એ હતો **'પ્રત્યક્ષની પરાભક્તિનો પંચમ પુરુષાર્થ !'**

એનો સાર છે–ભગવાન સ્વામિનારાયણના ભગવત્સ્વરૂપ સંત મળ્યા પછી એમની આજ્ઞાનુસાર વર્તવું એ સેવક માટે પ્રગટ પ્રભુની આંતરિક પ્રસન્નતા મેળવવાનો પુરુષાર્થ છે–સાધના છે. ગુરુહરિ કાકાશ્રીએ વચનામૃત અને સ્વામીની વાતુના આધારે વખતોવખત જણાવ્યું છે–

જગતના જીવ કાળ, કર્મ ને માયાને આધીન છે. **કાળ** આવશે તો એને ખાઈ જશે જ. કર્યા **કર્મ**ના ફળ એણે ભોગવવા પડે અને **માયા**માં જશે, તો એમાં ફસાશે જ. આમાં પ્રભુ દખલ દેતા નથી. પરંતુ, ભગવાન સ્વામિનારાયણના બધાં **'આશ્રિતો'** પર કાળ, કર્મ ને માયાનો કાયદો ચાલતો નથી. પ્રભુ એમાંથી ઉગારે છે. પ્રભુની ઈચ્છા એ જ એનું 'પ્રારબ્ધ' ! આ છે આશ્રિતો પર એમની **'દયા'**.

અને... વચનામૃત ગઢડા પ્રથમ ૨૭ પ્રમાણે પ્રગટની **'નિષ્ઠાવાળો'** ભક્ત પ્રત્યક્ષભાવે એમની સાથે **અનન્ય સંબંધ** દૃઢ કરી આવા સંતની આજ્ઞા-રુચિ-મરજી કે અનુવૃત્તિમાં રહી, એમને રાજી કરી લે તો 'પ્રત્યક્ષની પરાભકિતના પંચમ પુરુષાર્થ'ના ફળસ્વરૂપે સંત **'કૃપા'** કરીને એને પ્રકૃતિપુરુષથી પર કરી, પોતા જેવો જ પ્રભુધારક સંત બનાવી દે.

કોઈ સેવક આ અભીપ્સા કરતો હોય, પણ સંતની મરજી પ્રમાણે **વરતી શકતો ન હોય**, તો સંત **'અનુગ્રહ'** કરીને, બળ આપી એને આગળ લઈ લે ને પોતાના કલ્યાણકારી ગુણો એને 'બક્ષીસ'માં આપી દે.

એથી ય વિશેષ, છેલ્લે છેલ્લે ગુરુહરિ કાકાશ્રી કહેતાં–

*સંતે પંસદ કરેલું એવું કોઈ પાત્ર અર્જુનની જેમ વર્તવાની રુચિ ય ન રાખતું હોય, તો 'સ્વામીની વાતુ' પ્રકરણ ૨ની ૧૨૧ પ્રમાણે સંત પોતે એનું પ્રાયશ્ચિત્ કરી, એના પર અકારણ પ્રસન્ન થઈ 'વિશિષ્ટ અનુગ્રહ' કરે. ફળસ્વરૂપે દરેકને એ સેવકમાં* ***'ગુણાતીત અસ્મિતા'*** *એકાએક પ્રગટેલી દેખાય.*

આને એઓ **'લીલો અનુગ્રહ'** કહેતા.

અને... પોતાનું ઘડિયાળ હાથમાં લઈ, સહુને બતાવી કહેતા–

*આ ઘડિયાળ મારૂં છે, હું ગમે તેને એ આપું, તો મને કોઈ પૂછી શકે ? એમ તમારા સૌ પર મારે હવે અકારણ* ***'લીલો અનુગ્રહ'*** *કરવો છે.*

આમ, ગમે એવો સેવક, **'પંચમ પુરુષાર્થ'**ના આવા સરળ ને સુલભ માર્ગથી અવગત થઈ, પ્રગટની ઉપાસના અને સમર્થ સંત સાથેના અનન્ય સંબંધે, કલ્યાણકારી ગુણો પ્રાપ્ત કરી શકે એ હેતુસરના લેખો-સદ્‌વિચારો, પત્રો **ગુરુહરિ કાકાશ્રી** લખતા-લખાવતા, જે ત્યારે તો સમજાતા ય નહીં, એનું સંકલન આ પુસ્તકમાં કર્યું છે.

આપણો ઘણો-ખરો સાંપ્રત સમાજ હવે એટલા માહાત્મ્યને તો પામ્યો છે કે એમની આ વાતોને સમજી શકશે. તો, તેમણે સૂચવેલ માર્ગે એમના જ 'પ્રગટ વિભૂતિ સ્વરૂપો'ની નિશ્રામાં હવે અગ્રસર રહી એમના બળે, એમને અંતરથી રાજી કરી જીવતરને સહુ ધન્ય કરીએ.

એ જ આ બંધુબેલડી શતાબ્દીએ
ભગવાન સ્વામિનારાયણ ને પ્રગટ ગુણાતીતસ્વરૂપના શ્રીચરણોમાં
સહુ વતી પ્રાર્થના સહ–
આપના જ **ગુરુજી** (સાધુ મુકુંદજીવનદાસ)ના જય સ્વામિનારાયણ !



# આભાર

❋ સહુ પ્રથમ તો **ગુરુહરિ કાકાશ્રી-પપ્પાજી**ને અનંત વંદન કે એમણે એક નૂતન ‘ગુણાતીત સમાજ’નું સર્જન કરી એમાં અમોને સમાવ્યા... ‘પ્રગટ પ્રભુ’ના સંબંધે અમારૂં જીવન કેવી રીતે સદા સુખી રહે એ માટે અમોને એમના દર્શન, સ્પર્શ, સેવા ને સમાગમના પ્રવાહમાં એવા તરબોળ કરી દીધાં, એનો આજે ખ્યાલ આવે છે કે આ બે ‘વિભૂતિઓ’ ને એમના સમાજે અમારો હાથ ન ઝાલ્યો હોત, તો જગતનું ચીલાચાલુ **‘પ્રાકૃત જીવન’** જ જીવી રહ્યા હોત. આ પુસ્તક દ્વારા ગુરુહરિ કાકાશ્રીના લેખ અને સદ્‌વિચાર આપણને ભગવાન, સંત ને સત્સંગીના સંગે **‘દિવ્ય જીવન’** જીવવા-સ્પીડી પ્રગતિ કરવાની કળા પ્રસ્તુત કરે છે. એમની આ અનહદ્ કૃપા માટે અંતરથી ધન્યવાદ !

❋ આ પુસ્તકનું હિંદીમાં ભાષાંતર કરવાની સાથો-સાથ બન્ને ભાષાનાં શબ્દો ને વ્યાકરણને યોગ્ય રીતે ગોઠવવા **૮૦ વર્ષ**ની ઉમ્મરે **પ.પૂ. ગુરુજી**એ છેલ્લા એક વર્ષથી રાત-દિવસ પોતે જહેમત લઈને પ્રૂફ રીડિંગ તેમજ ફેરફાર કરીને સેવકોમાં જે ઉમંગ ભર્યો છે, તેની કોઈ સીમા જ નથી.

ગદ્‌ગદ્ કંઠે બસ એક જ પોકાર થાય છે—**‘આવા ને આવા રે, રહેજો મારી આંખલડીએ રે...’** ‘ગુરુજી તુમકો લગ જાય હમ સબ કી ઉમ્મરિયા...’

❋ પ.પૂ. ગુરુજી મોડી રાત સુધી આ માટે જાગતા, ત્યારે અમારાં જૂના જોગી **પૂ. જનાર્દનભાઈ, પૂ. પ્રકાશચંદજી** અને **પૂ. વચ્છરાજભાઈ** જેવા ભક્તોએ એમની સાથે જાગીને ભક્તિ અદા કરી. લગભગ પાંત્રીસ વર્ષથી **પ.પૂ. આનંદીદીદી** ગુણાતીત સમાજ માટે, ગુજરાતીમાંથી હિન્દી ભાષાંતર કરવાની જે અદ્‌ભુત સેવા કરી રહ્યા છે, એના માટે તો કોઈ શબ્દ જ નથી. એમના જ માર્ગદર્શન હેઠળ **પૂ. રાકેશભાઈ શાહ, પૂ. લક્ષ્મીનારાયણ શુક્લા, પૂ. સરસ્વતી આંટી** (પ.પૂ. ગુરુજીના શબ્દોમાં ટીચર આંટી), **પૂ. બંસરીદીદી**એ ગુરુહરિ કાકાશ્રીના લેખોનું હિન્દી ભાષાંતર અને ટાઈપ સૅટિંગ કર્યું.
**પૂ. કૌશિકભાઈ જાની** અને **પૂ. શોભનાભાભી**એ ગુજરાતી તથા હિંદીનું

ફાઈનલ પ્રૂફ રીડિંગ કરીને પ.પૂ. ગુરુજીને નિશ્ચિંત કર્યા.

❋ **પૂ. અમૃતભાઈ પટેલ સાહેબ**ની દેખરેખ હેઠળ **પૂ. આશિષ શાહે** પ.પૂ. ગુરુજીની રુચિ મુજબ મુખપૃષ્ઠની ડિઝાઈન તૈયાર કરી.

આ સેવા બદલ એ સર્વેને ખૂબ ખૂબ ધન્યવાદ !

અંતે ગુરુહરિ કાકાજી-પપ્પાજી બંધુજોડી શતાબ્દી નિમિત્તે અમ સહુને ભક્તિ અદા કરવાની આ અનુપમ તક મળી, સેવામાં નિમિત્ત બન્યા, એ અમારૂં પરમ સૌભાગ્ય !

ગુરુહરિ કાકાજી-પપ્પાજી બંધુબેલડી શતાબ્દી સમિતિના

હાર્દિક જય સ્વામિનારાયણ !



1

# ઓળખાણ-અફસોસ-આશ્વાસન

અનાદિ કાળથી માનવી સતત્ અંતર્નાદ કરતો આવ્યો છે કે ક્યારે પ્રભુની ઓળખાણ થાય. સનાતન સતત્ ચાલતાં જીવન અને મૃત્યુનાં દ્વંદ્વો એ જ પુરુષાર્થ અને પ્રારબ્ધ. અતિ મહાભાગ્ય પ્રગટે ત્યારે સંગ મળે. પુરુષાર્થ કરતાં સત્યનો મેળાપ થાય. **નિષ્કપટભાવે અંતરાય વિના નિર્માનીપણે દાસભાવથી જ મન, પ્રાણ અને દેહ વડવાનળ જેવા ગુરુને સોંપાય, ત્યારે આ જીવનમાં જ પ્રભુ 'પ્રગટ' ઓળખાય અને સત્સંગ કાયમ રહેતાં 'પ્રત્યક્ષ' ભગવાનનું સુખ અનુભવાય.**

આ લોકમાં અને પરલોકમાં સાચેભાવે કરેલો સત્સંગ અને સુહૃદ્પણું અપરિમિત બળ આપે છે. મૂળઅક્ષરના સંગે 'બ્રહ્મસંજ્ઞા'ને પામેલો જીવ, કારણ શરીરના ભાવોથી પર થઈ, મહાપ્રભુના સાધર્મ્યપણાને છતી દેહે જ પામે, તે માટે તો તેણે હોમાઈ જવું પડે. માયિકમાંથી તેના સંગે અમાયિક બનવું પડે. નિર્વાસનિક થઈ આવા ગુરૂને સેવ્યા હોય, તો જ આ બળ, મહિમા અને સ્થિતિ જીરવાય.

**આ લોકમાં આવા ગુરૂનું સાન્નિધ્ય એ જ અક્ષરધામ, ત્યાં જ ધામના પતિ અને મુક્તોનાં મંડળ.** મુક્તિના ભેદ અનુસારે શોધવાનું કયાંય નથી. નથી ઓળખાતું એ જ અજ્ઞાન. વગર મહેનતે ક્યાંથી મળે ? મળે તો પચે નહીં, ઝાડા જ થઈ જાય. માટે પુરુષાર્થ તો જોઈએ જ – શ્રેયાર્થી તરીકે સાચા મનથી.

આપણને 'પ્રગટ પ્રભુ' મળ્યા, પણ જેવા હતા તેવા ઓળખી શકાયા નહીં.

* જ્યાં સુધી આપણામાં એવા બળની તમન્ના આવી નથી,
* જ્યાં સુધી નિર્માલ્યપણું, અધૂરાપણું લાગે છે,
* જ્યાં સુધી સ્વરૂપનિષ્ઠામાં ચાળાચૂંથણાં થાય છે,
* જ્યાં સુધી શંકાઓ રહે છે,
* જ્યાં સુધી સંકલ્પ-વિકલ્પો થાય છે,

ત્યાં સુધી પૂ. શાસ્ત્રી મહારાજની સાચી ઓળખાણ થઈ ન ગણાય. પ્રભુ પાસે તો સૌ નિર્ગુણ; પણ તેમનો બોલ, અમૃતવાણી આપણાથી ઝીલાઈ નહીં.

ધગધગતા લોઢા ઉપરનાં એ અમૃતપાણી છમ્ થઈ, અદૃશ્ય થઈ ગયાં. 'કાલુ' માછલીમાં મોતી થતાં, તેવી જીવમાં અસર થઈ નહીં. ત્યાં ભગવાન ચાલ્યા ગયા. આપણા જ પાપે, કારણ કે આપણે નરી જ છેતરપીંડી કરતા હતા. મોટા પુરુષ છે, નૈષ્ઠિક બ્રહ્મચારી છે, મીનીસ્ટરો માને છે, કંઈક હશે, એમ નરી જ સ્વાર્થવૃત્તિએ આપણે જોડાયા, અને જેટલો સ્વાર્થ સર્યો તેટલો મહિમા પમાવાયો. કેટલાક સત્સંગિઓ બાદ કરતાં આપણે તેમની સ્વરૂપનિષ્ઠા ઇંદ્રિયોમાં જ જાણી, પણ તે અંતઃકરણમાં ન આવી ને જીવની તો વાત જ શી ? દરેક વસ્તુને માપવાની ફુટપટ્ટી હોય છે. આપણાં આચાર અને વર્તન, આપણા સત્સંગના અંતરતમ વ્યવહાર ઉપરથી લક્ષણો તારવતાં સૌને જણાઈ આવે જ. અંતરમાં જાણવા છતાં, પ્રભુની દૃષ્ટિ છતાં, અભાગિયા જાદવોની માફક આપણાથી પ્રભુ જેવા હતા તેવા ઓળખાયા નહીં.

થોડી સમજણ પડી. સત્સંગમાં છેલ્લે-છેલ્લે પુરુષોત્તમપણું જણાયું. મ્હારા અનુભવમાં એ આવ્યું ને યુરોપ જતા પહેલાં 'સાધુરૂપે શ્રીજીના અખંડ ધારક જ છે' એ યોગીજીએ જ્ઞાન માર્ગ બતાવી સચોટ સમજાવ્યું. છેલ્લાના ૧લા વચનામૃત પ્રમાણે જેની જેવી ગ્રંથી તેમજ પ્રભુ વાત કરે. તેમ આ વસ્તુ મર્મમાં જ સમજાવે. મ્હને તો વારંવાર પરચાઓ, દર્શનો અને મોઢા-મોઢ છેલ્લી કક્ષાની વાતો કરી છે. તે સાચી જ છે, તેમ વચનામૃતો તથા લક્ષણો અને અનુભવો ઉપરથી સિદ્ધ થાય તેમ છે. પ્રસંગો બધા જ અત્રે ક્યાં લખવા ? પણ એટલું જ કે તે સ્વયં શ્રીજીના અખંડ ધારક જ હતા એ મ્હારા અનુભવની વાત છે. કારણ કે અનેકનાં અંતર પકડી, સમર્થને પણ કાબુમાં રાખે અને મૂળ કારણભાવો બદલી નાંખી, દૃષ્ટિથી જ અવયવો ફેરવે ને સ્વભાવ ટાળે તે 'પુરુષોત્તમ' સિવાય આવા કલિયુગમાં બીજાનું કાર્ય હોઈ શકે જ નહીં. આ કંઈ વાતો નથી. પ્રત્યક્ષ દાખલા, શ્રીજીના વખતમાં લૂંટારાઓ જેમ સત્સંગી થયા જાણીએ છીએ, તેમ આપણા સત્સંગમાં અનેક દાખલાઓ છે. નામો જેને જોઈએ તેને અંગત આપીશ.

બીજું લક્ષણ – કામ, ક્રોધ, મદ, મત્સર જેવા, ઋષિ-મુનિઓ પણ તપ કરતાં ય ન જીતી શક્યા તેવા દોષો સત્સંગિઓના દૂર કરતા અને આપત્કાળમાં રક્ષણ કર્યું છે તે મ્હેં જાતે અનુભવ્યું છે. આ ઉપરાંત તેમના પ્રતાપથી જ પૂ.

નંદાજી જેવા, ચંપકલાલભાઈ, મગનભાઈ, વિનાયકરાય, આશાભાઈ, કાશીબ્હેન, રાજકોટવાળાં રાણીબા, જેઠીબા, સોનાબા વગેરે ખૂબ બળવાળાં ટૂંક સમયમાં જ મહાસમર્થ થઈ ગયેલાં આપણે જોઈએ છીએ. આમ ઘણા દાખલાઓ આપી શકાય તેમ છે. એક પળમાં જ લોયાના ૩માં જણાવ્યા મુજબ એક લાખ રોકડા ભેગા કરવાની શકિત પ્રભુ સિવાય બીજે ન હોય; પણ તેમને તો મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામી અને શ્રીજી એમ મળી, 'સ્વામિનારાયણ' એ ભક્ત અને ભગવાનનો અનાદિ આદર્શ સમજાવવો હતો. બીજાં ભક્તોની મૂર્તિઓ હોય ને અનાદિની નહીં ?

આ માટે જ તેમણે મંદિરો કરી આદર્શ પ્રતીકો ઊભાં કર્યાં અને દરેકને સાચી ઉપાસના અને ગુણાતીત આજ્ઞા સમજાવી. પણ, આપણે પૂરા ઓળખ્યા નહીં, અને ઓળખ્યા તો વર્તી શકાયું નહીં, અને વર્તાયું તો ટકીને જીરવી શકાયું નહીં. નહીં તો જાય જ શાના ? આ જ અફસોસ છે.

આપણે અંધ રહી માની લીધું છે કે પ્રભુ બધું કરશે, પણ પુરુષાર્થ આપણે જ કરવાનો રહ્યો. એકબીજાના અવગુણો લઈને ખોદણાં સિવાય શું કરીએ છીએ ? ફકત કલ્યાણના ખપથી કેટલા સત્સંગમાં આવેલા ? કેટલાથી નિર્માનીપણે સેવા થાય છે ? કેટલાએ પ્રભુને લાચાર બનાવેલા ? અને હજીયે પૂ. યોગીજીને કેટલા બનાવીએ છીએ ? આશિષ બધાંને જોઈએ, પણ તેમની આજ્ઞા ન પળાય ! પછી, તેમને રક્ષા કરવી હોય તોય કયાંથી બને ? કાળ, કર્મ, માયાથી પર શી રીતે કરે ? આ આપણી બનાવટ ક્યારે છૂટશે ?

આશ્વાસન એક જ છે કે પૂ. યોગીજી છે. **ગુરુજી તો આવ્યા નથી, ગયા નથી. એ તો યોગીજીને ઓળખાવી ગયા.** ગઢડામાં મૂર્તિઓ બેસાડી ગયા અને ભક્ત સહિત ભગવાનના ભજનનો સનાતન અપૂર્વ આદર્શ સોંપી ગયા. કરવાનું આપણે છે. યોગીજી જ ભગવાન ઓળખાવે.

ક્યારે મન સોંપાશે ?

દેહાભિમાન, મમત્વ અને બીજાંના દોષો જોવાનું છોડી દઈ, સાચા સત્સંગમાં યોગીજી સાથે ક્યારે જોડાવાશે ?

આપણાં ઘર, મંદિરો અને અંતઃકરણોમાં આ પ્રગટ અક્ષરધામનો અવાજ

જ ક્યારે ગુંજારવ કરશે ?

આ પ્રકાશ છે, પણ કેમ આંખેથી પાટા નથી છોડતા ?

બીજાંને સત્સંગી કરવાની બહુ જ બૂમો, નગારાં વગાડી કરવા કરતાં, આપણું જ ઘર ક્યારે સુધારશું ? પ્રભુને તો એક સાચો સત્સંગી હશે, તોય બસ છે. માટે ભજન કરતાં બીજાંને આપણા ચારિત્ર્ય બળથી, આપણા જીવનની ભાવનાઓથી અને સાચા ગુણાતીત જ્ઞાનથી ક્યારે દાખલારૂપ બનાશે ?

પૂ. યોગીજી છે. કરાય તેટલું કરીએ અને બીજી માથાકૂટો કરતાં આપણું જ્ઞાન જ જો સાચું હશે, તો બીજાંને સમજાશે અને તેને ભાવ આવશે ને સ્થિતિ થતાં પચશે. **બળજબરી સદંતર છોડવા જેવી છે. આપણું જ પાકું કાં ન કરીએ ?** પૂછતા આવે તેને ભાવથી જરૂર સમજાવીએ, પણ તેનો મોહ દાબથી નહીં હોવો જોઈએ. પૂ. યોગીજીની આમ અહર્નિશ સેવા થાય અને સત્સંગ કાયમ રહે એ જ અભ્યર્થના.

**– ઑગષ્ટ, ૧૯૫૧**



2

# સમ્યક્ સ્વરૂપદર્શન

સૂક્ષ્મ વાતો, વસ્તુઓ સમાગમ, અનુભવ, સુખ, દર્શન અગમ્ય રીતે જ થાય છે
અને
સ્થિતિ મુજબ-ભૂમિકા મુજબ અરિસામાં પોતાનું રૂપ હોય તેવું જ દેખાય.
તેમજ
ભગવાનનું તથા ભગવાનના મળેલા સાધુ અને એકાંતિક હરિભક્તનું
સ્થૂળ, સૂક્ષ્મ, શુદ્ધ અને સમ્યક્ સ્વરૂપદર્શન થાય છે.
ભ્રમ, ડોળ, દંભ અને કલ્પનાઓથી ભરપૂર કારણ શરીરથી,
આપણે અમાયિક વસ્તુ જોવા ઈચ્છીએ છીએ, માનીએ છીએ
અને
બળજબરીથી (આપણા) અહંને પોષીને જ બીજાને મનાવીએ છીએ.
ન જાણતા જ હોય, પ્રસંગમાં ન જ આવેલા હોય, સત્સંગી ન કહેવરાવતા હોય,
તે કરતાં ય આ સ્થિતિ દયાજનક છે.
દેખીતી રીતે જ આ અજ્ઞાનપૂર્વકનું કપટ અને બનાવટ જ છે – એ જાણવું જરૂરી છે.
તે સિવાય બળ ન જ આવે. એકડો જ નથી, તો બીજી વાત જ ક્યાં ?
કલ્યાણના માર્ગે પડયા પછી કોટિ ભૂમિકાઓ આવે છે.
મનુષ્યપણામાંથી ગુણાનુભાવ જતાં, બ્રહ્મભાવ શરૂ થાય છે
અને
મૂળ બ્રહ્મના સંગે એકત્વપણાને પામવાથી સમાગમ કરતાં
પરબ્રહ્મનું સાક્ષાત્ દર્શન થાય.
બાકી, પ્રકાશ દેખાય, સિદ્ધિઓ આવે, સમાધિ થાય, ત્રિકાળજ્ઞાની બને;
છતાંય એ અવિભાજ્ય મુક્તિને પહોંચતો નથી.
કરવા તો એજ આવ્યા છીએ, પણ મંદિરોમાં રહીને, સેવાના બ્હાના હેઠળ જ
સત્સંગી કહેવરાવીને સ્વરૂપનિષ્ઠાનો દ્રોહ થતો જાય છે.

તે મહાપાપમાં પડાતું જવાય છે, અણજાણતાં ય બનતું જાય છે
અને
શ્રીજીનાં રૂચિ-સિદ્ધાંત અને ગુણાતીત જ્ઞાન વેગળાં મૂકાય છે.
આપણાં માન, આપપરભાવ અને અહિંયા વાસનાઓ જ બળભર બનતી હોઈ,
અગમ્ય-ઓળખાય જ નહીં તેવા સાક્ષાત્ સ્વરૂપે વિચરતા પૂ. યોગીજી
એવા ગુન્હાઓ માફ કરે છે, પણ આપણા ભગવાન આવું સહન નહીં જ કરી લે.
નહીં સમજીએ તો એક યા બીજે પ્રકારે તેમની મરજી મુજબ જ તે વર્તાવશે જ.
આ દેહ તે મુજબ જ વર્તે તો રાજી, નહીં તો તે મરડીને પણ વર્તાવશે જ.
તો, તેમના કહ્યા મુજબ તેમના વચનમાં જ ટુક-ટુક કેમ ન થઈ જવું ?
લોયા ૩, મધ્ય ૧૧-૧૩, વડતાલ ૫-૧૧, મધ્ય ૯, છે. ૩૧, મધ્ય ૫૪ મુજબ
આવી સ્વરૂપનિષ્ઠાની દૃઢતા ફક્ત સમાગમથી થાય છે.
તે (નિષ્ઠા), પ્રગટ સંતોના સમાગમે-પ્રસંગથી પાકી કરી લેવી, એ જ પ્રયોજન છે.
જ્યાં સુધી આપપરભાવ (પોતાનું-પરાયું) જતો નથી,
જ્યાં સુધી માન વિનાની-દાસભાવની ભક્તિ ને સેવા કરતાં
પૂ. યોગીજી જેવા સંતોની સાથે ગુણાતીત જ્ઞાન પ્રલય કરાતો નથી
અને
માયિકપણું ટળ્યું નથી, અલૌકિકપણું આવ્યું નથી ત્યાં સુધી
ઉપરનાં સ્થૂળ દર્શન કરવાથી, લાખો દંડવત્ કરવાથી,
અગર
કરોડો માળા અને પ્રદક્ષિણાઓ અગર રૂપિઆની સેવા કર્યાથી
આ નિષ્ઠા દૃઢ થતી જ નથી.
ભગવાન તથા પ્રગટ સંતો તો સ્વભાવ મુકાવવામાં જ રાજી;
બાકી બીજા રાજીપા જુદા છે.
તે પંપાળીને રાખે, બોલાવે, જણાવે, સેવા કરાવે,
પણ મુદ્દો એ જ છે કે કેમ કરતાં
આ વાત જીવને સમજાઈ જાય-સ્વરૂપનિષ્ઠા પાકી થાય.
સમૈયાઓ પર આ જ કરવાનું છે કે–
શું થઈ રહ્યું છે,

શા મનસુબા કરીએ છીએ,
શી અતૃપ્ત વૃત્તિઓ, ભાવનાઓ પૂર્ણ કરવી છે
અને
શું કરવું જોઈએ, શું થતું જાય છે–
તે તટસ્થ (થઈ) પાછા વળીને જોતાં ખબર પડે.
ત્યારે જ સમગ્રપણે તેને શરણે જવાય અને ત્યારે જ કૃપા દૃષ્ટિ થાય.
તે સાચું દર્શન કરાવે
અને
તો જ બળ, શાંતિ, નિર્ભયતા અને ભગવાનનું સુખ અનુભવાય.
ત્યારે જ, સત્સંગમાં કહેવાતી નિષ્ઠાવાળાનો ય જે ઊંડે ઊંડે કુસંગ છે તે દૂર થાય.
આનાં લક્ષણ વચનામૃતમાં બતાવ્યાં છે.
તેનું મનન, ધ્યાન ને સાક્ષાત્કાર, શબ્દોમાં – સ્થાન, સ્વરૂપ, સામર્થ્ય ને સાક્ષાત્કાર
પૂ. યોગીજી જેવા સંતના સમાગમ, પ્રસંગથી જ થાય
ને
તે મુજબ કરી લેવાય, તો જ સત્સંગ ઓળખાય-સમજાય
અને
સ્વરૂપ દર્શન- નિષ્ઠા પણ તેવાના પ્રસંગે દૃઢ થાય ને સાક્ષાત્ દેખાય-અનુભવાય.
સ્થૂળ જોઈને તપાસવું, તપાસીને વિચારપૂર્વક ઓળખવું.
ઓળખીને સમગ્રપણે એકાત્મભાવ કરવો
ને પછી અનુભવ મુજબ તેની આજ્ઞા પ્રમાણે વર્તવું,
તો જ આવો અણમૂલો સત્સંગ જળવાય
ને પ્ર. ૫૪ તથા મધ્ય ૫૪ મુજબ સત્સંગ દૃઢ થાય
અને
સત્સંગમાં તેનો જ પાયો અચળ ગણાય.
જે જાણતો હોય તેને આ ગમ પડે, બાકી ચિંતામણિ બાળકના હાથમાં જ છે.
તે બાળક દૃષ્ટિએ જ જોઈ છે.
હજી તો તપાસવાની, ગુણાનુગુણ દૂર કરી સમજવાની,
પછી બુદ્ધિપૂર્વક નિશ્ચય કરવાનો અને ત્યારે જ ઓળખાઈ ગણાય.

ઓળખાયા બાદ જાળવવાની અને જતન કરી, કોઈ જ માયાનું ટોળું લૂંટી ન જાય,
તેથી સત્સંગમાં દાસાનુદાસભાવે
(ચિંતામણિ હાથમાં જ હોવા છતાં) સેવા ને ભક્તિ કર્યા કરવાની
ને
હરેકના ગુણ લેતાં સમાગમ કર્યે જવાનો.
તે જ સાચી સ્વરૂપનિષ્ઠા અને સમ્યક્ સ્વરૂપદર્શન થયું ગણાય.
બાકી નથી થતું ને માનીએ છીએ, તે નરી જ અજ્ઞાનતા ગણાય
ને
તે જ દૂર કરવા માટે આ સત્સંગ છે.
માટે જરા વિચારીએ.
મહાપ્રભુ શાસ્ત્રી મહારાજ,
આપણને શ્રીજી જે સ્વરૂપે વિચરે છે, તેની છે તેવી ઓળખાણ કરાવે
ને
અંતરના દોષો દૂર કરી
સત્સંગમાંનો મહાકુસંગ-'દોષારોપણ' દૂર કરાવી,
હરેક સત્સંગી પોતપોતાની શક્તિ મુજબ એક જ ધણીના આશરે રહી,
બનતી સેવા, ભક્તિ ને મન-કર્મ-વચને **પ્રગટ સ્વરૂપોનો** સમાગમ કરી લે
ને
ધમાધમ દૂર કરે એ જ અભ્યર્થના.
આ સિવાય શાંતિ નથી જ મળવાની;
કારણ કે કરોડો દોષોથી આપણે ભરપૂર હોઈએ તે કોણ જાણે?
માટે આપણું જ તળ તપાસીએ ને પ્રથમ ઘરથી જ દૂર કરીએ,
તો 'સત્સંગ' આપણા અસ્તિત્વમાં 'અતિ નિર્મળ' દેખાશે.
તે તો છે જ, પણ આવા અજ્ઞાનથી નથી દેખાતો.
માટે આવી ચિત્તશુદ્ધિ આપણી પોતાની જ કરવાની છે; બીજાંની શી પંચાત?
તે જ કરી લઈએ ને ચિંતામણિ જાળવી રાખીએ,
નહીં તો બીજાં લૂંટી જશે ને ભીખ માગતા રહી જઈશું.
**તેમને આ બ્રહ્માંડની ય પડી નથી, મંદિરોની ય પડી નથી.**

**સર્વે છે તે ફક્ત એકાંતિક ભક્તો માટે.**

પછી તે ગૃહસ્થ હોય કે ત્યાગી, તેમના લાડકોડ પૂરા કરવા

ને

અક્ષર-પુરુષોત્તમનું બ્રહ્મજ્ઞાન પ્રવર્તાવવા(નો) હેતુ છે. તે પૂરો કર્યો.

હવે કરવાનું આપણે છે. માટે હવે ક્યારે સમજીશું ?

નિત્ય, નિમિત્ત, પ્રાકૃત અને આત્યંતિક પ્રલયની દૃષ્ટિએ

આ દેહની (આયુ) સો વર્ષની ગણતાં, (દેહ) આંખના એક પલકારામાં પડી જશે.

એમ ગણાય, તો એટલામાં આટલું સહેલું કરવાનું છે;

તે ય નહીં થાય, તો પછી મરડીને કરાવશે ત્યારે કરવું પડશે.

આ નજરે જોઈએ છીએ.

છતાંય આ જીવનની અવળાઈ, ગ્રંથિઓ, સ્વભાવ કેમ બદલાતા નહીં હોય ?

માટે દરેક પ્રાર્થના કરે કે જેથી ગુરૂજી (યોગીબાપા) સત્સંગનું સુખ આપણને આપે;

જેથી ભગવાનનું સુખ અનુભવાય તે સાક્ષાત્ સમ્યક્ દર્શન છતી દેહે થાય,

જેથી કંઈ જ અધુરાપણું ન લાગે ને આ લોકમાં જ અક્ષરધામ નજરે જ અનુભવાય

ને

તેની પ્રતીતિ બીજાંને પણ થાય.

આવી પ્રભુતાની ઝાંખપ ગોંડળ છે,

પણ આપણાં નાક બગડેલાં, તેથી પરમ સુગંધની ફોરમનો લેશ પણ નથી લેવાતો.

‘જેવી આપણી દૃષ્ટિ, તેવું દર્શન ને તેવું સુખ.’

જરાય ખોટું નથી, અનુભવની વાત છે.

માનવી હોય તે માને, નહીં તો ગુરૂ સમર્થ છે, તે મનાવશે

ને

સાક્ષાત્ મૂર્તિ સિવાય બીજે - પંડિતાઈમાં, સિદ્ધિમાં,

જ્ઞાન-ભક્તિ-તપ વિગેરેની મોટાઈમાં મન પરોવાય છે તે મોહને દૂર કરાવશે.

જેવા છે તેવા ઓળખાય એ જ પરમજ્ઞાન, પરમસિદ્ધિ, પરમ સ્થિતિ.

તે સુખને જાળવી રાખવાનું અને સત્સંગીનો મહિમા સમજવાનો.

— ડિસેંબર, ૧૯૫૧

***

3

# ગુરુહરિ સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મ પૂ. યોગીજી મહારાજની પવિત્ર સેવામાં—

*[તા. ૧.૨.૧૯૫૨ના શુભ દિને ગોંડલમાં સાક્ષાત્ અક્ષરદેરીની ભાવપૂર્વક પ્રદક્ષિણા કરતાં-કરતાં, મુંબઈવાળા* ***મહાએકાંતિક મુક્તરાજ શ્રી દાદુભાઈ****ને* ***પ.પૂ. યોગીજી મહારાજે*** *અતિ રાજી થકા કૃપાદૃષ્ટિ કરી, સમાધિ કરાવી અને સર્વ દેવતાઓ તથા અવતારાદિકનાં સ્થાનકો-ધામોનાં દર્શન કરાવી, અંતે રિદ્ધિ-સિદ્ધિઓ બતાવી, કસોટીરૂપી તે પરીક્ષામાં પાસ કરાવ્યા બાદ અક્ષરધામમાં લઈ ગયા.*

*ત્યાં અનંતકોટિ મુક્તોનાં તથા તેઓનાથી સેવાએલા એવા* ***પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ****નાં, તેમજ મૂળ અક્ષરમૂર્તિ* ***શ્રી ગુણાતીતાનંદસ્વામિજી****નાં અલૌકિક દર્શન કરાવ્યાં. અક્ષરધામમાં કિશોરવયના સુંદર, અક્ષય સુખના રાશિરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ઘડીમાં અદૃશ્ય થઈ જાય અને તેઓશ્રીના સ્થાને જ* ***પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ****ની તેજસ્વી મૂર્તિનાં દર્શન થાય તથા પૂ. ગુણાતીતાનંદસ્વામિજીની મૂર્તિ અદૃશ્ય થાય અને તે જ સ્થાને* ***પ.પૂ. યોગીજી મહારાજ****ની મૂર્તિનાં દર્શન થાય.*

*આ રીતે* ***મુક્તરાજ દાદુભાઈ****ને ત્રણ દિવસ લાગટ ૭૨ કલાક સુધી સાક્ષાત્ અક્ષરધામના દિવ્યાનંદનું સુખ, પૂ. યોગીજી મહારાજે અતિ રાજી થકા આપ્યું. તે નિમિત્તે* ***મુક્તરાજ દાદુભાઈ****એ પ.પૂ. સાક્ષાત્ પ્ર.બ્ર. સ્વરૂપ યોગીજી મહારાજને અમદાવાદથી આ માસિક દ્વારા નીચેનો જાહેર પત્ર લખી, પોતાની ઊર્મિઓ દર્શાવી કૃતકૃત્યતા અનુભવી.*

*ઘણાં સંત હરિભક્તોને તથા જીજ્ઞાસુઓને હાલમાં* ***મુક્તરાજ શ્રી દાદુભાઈ*** *પોતે શ્રી અક્ષરપુરુષોત્તમ ભગવાનની સાચી સ્વરૂપનિષ્ઠાનું ભાન કરાવી રહ્યા છે.* ***ધન્ય છે તેમની અજોડ દાસત્વ ભક્તિને !***

*— તંત્રીઓ, સ્વામિનારાયણ પ્રકાશ,*
*વર્ષ : ૧૪, અંક:૫, માર્ચ - ૧૯૫૨]*

**દાસાનુદાસ સેવકના કોટાન કોટિ દંડવત પ્રણામ સહ જયશ્રી સ્વામિનારાયણ !**

**ચિંતામણિરૂપ દેહ પલકારામાં પડી જશે, તે જાણવા, માનવા, પ્રતીતિ છતાંય**

**સર્વોપરિ, સર્વાધાર, સર્વ અવતારોના ય અવતારી,**

**કારણોના ય કારણ, કર્તા-હર્તા,**

કર્તા થકા અકર્તા, અન્યથા કર્તુમ્-અનંત ઐશ્વર્યો, સામર્થ્ય, ગુણ, સત્તા,
દિવ્યતા, પ્રભુતા, વાણીથી પરનાં શબ્દમાત્રનું - નામમાત્રનું જ્યાં વિલીનીકરણ થઈ
દિવ્યરૂપે સાકારપણે અજોડ, અદ્વિતીય, અવર્ણનીય સ્વરૂપ
શ્રીજી મહારાજરૂપે ચિંતામણિરૂપ પ્રગટ ભગવાન,
આ અવની પર જીવોના મહા અજ્ઞાનરૂપી અવિદ્યારૂપી કારણ શરીરને ટાળવા,
(અને)
ભક્તિ માતાના તથા દેવતાઓની આજીજીથી ફક્ત સાચા ભક્તોના જ
લાડકોડ પૂરા કરવા આવેલ.
તેને નહીં સમજતાં,
મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામી કે જે શ્રીજીનું અન્વય સ્વરૂપ છે
ને
બીજે રૂપે દાસભાવે સ્વામીસેવકપણે સેવામાં રહેલ છે, તે પરમ ચિંતામણિ રૂપ
અનાદિના એક જ અજોડ આદર્શ ભક્ત 'મૂળ અક્ષર' ઓળખાવે.
તે જ સાક્ષાત્ 'દર્શન'– ઈંદ્રિયોં, અંતઃકરણ અને અનુભવ તેનાં સ્વરૂપોમાં પૂગી,
પૂજ્ય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજનાં દિવ્ય 'દર્શન'(ને)
અક્ષરધામની નિર્વિકલ્પ સમાધિરૂપે
સર્વે સાધનોના અંતરૂપે, પરિપૂર્ણ કૃતાર્થપણું મનાવનાર,
સાક્ષાત્ મૂળ અક્ષર ગુણાતીતાનંદજી – મ્હારા પૂજ્ય જીવનપ્રાણ આત્મા
યોગીજી મહારાજ દ્વારા ગોંડળ(માં)
શ્રી છગનભાઈ, નારણભાઈ શેઠ, બિંદુ બહેન, ઝવેરકાકા,
વકીલસ્વામી, નિરન્નમુક્ત વગેરે સમક્ષ અપ્રતિમ આનંદ આપી કરાવ્યું.
પૂજ્ય નંદાજીની સાબરકાંઠાની સેવાનું આવું કૃપાફળ અર્પ્યું તે બદલ
હું તમારો ગુલામ દાસાનુદાસ સેવક સદાનો ય વેચાએલ જ છું. મને તમારો જ ગણશો.
આવું અખંડ, નિરંતર, દિવ્ય ઝરણાનું સુખ, આનંદ, સદ્‌વિચાર, શુભ સંકલ્પપણું
જે સાક્ષાત્ અક્ષરધામનું જ ચૈતન્ય દેહથી ભોગવવાનું ને પ્રાપ્ત કરવાનું સુખ છે,
તે પરમપદ, પરમ કલ્યાણ, પરમ સર્વોત્કૃષ્ટ, સર્વ જીવ પ્રાણી માત્ર માટેની
અપરિમિત મંગળકારી ભાવનાથી ભરપૂર
દિવ્યતા અસ્ખલિત ટકાવી રાખવાનું,

નિર્ગુણપણાનું, નિષ્કામભાવનાનું 'દર્શન' ટકાવી રાખશો,
એ જ ગદ્‌ગદ કંઠે આજીજી ને નમ્ર પ્રાર્થના છે.
સત્સંગ દર્પણ જેવો છે. સૌ સૌનાં રૂપ ભગવાન ખુલ્લાં કરે છે.
બુદ્ધિનાં ડહાપણ છોડી, પોતાના જ ગુરુ બની,
સાક્ષાત્ ગુરુનાં જ ચરણમાં સર્વસ્વનું સમર્પણ (કરી),
શામળાજીના મંદિરની ગરૂડજીની મૂર્તિના ભાવ મુજબ,
નિર્દોષબુદ્ધિથી નાના-મોટા વચનમાં સંપૂર્ણ વિશ્વાસથી, શ્રદ્ધાથી,
ગોપીઓ જેવી અતિદૃઢ પ્રીતિથી ટૂક-ટૂક થવાય
ને
દાસપણું કાયમ (ને) દિવ્યભાવ અખંડ સદાય રહે જ,
તો પળમાં જ લોયા-૧૨ ને સા-૧૦, કા-૧ મુજબ નિર્વિકલ્પ સ્થિતિ થઈ જાય.
તે અમદાવાદ પૂ. બાપાના ઓરડાથી એકડો કરી,
સૂર્ય મંડળ સુધી મીંડાં કરીએ તેટલી સત્તા શરૂઆતથી આપે.
તે મૂર્તિનું જ સુખ ચરણમાં રહી લેતાં જતાં અનંત મીંડાં વધતાં જાય
ને
અપાર દિવ્યપણું, આનંદના ઝરા અસ્ખલિત વહેતા, ભોગવતા, પ્રાપ્ત કરતા જવાય
ને
અક્ષરધામ સોતા જ સમર્થ થકા ઝરણા થાય.
આમ, મૂળ અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા સિવાય,
મન-કર્મ-વચને નિર્દોષબુદ્ધિથી સેવ્યા સિવાય,
સર્વજ્ઞ અંતર્યામી શાસ્ત્રીજી મહારાજને જાણ્યા સિવાય,
પૂર્ણ પુરુષોત્તમનાં દર્શન થાય નહીં.
હીરે હીરો વિંધાય.
વાત લખાય, તેમ વર્ણન કરાય તેમ નથી.
ખપવાળા-ગરજવાળા,
ગુરુજીમાં (ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ) અતિદૃઢ પ્રીતિવાળાનાં લક્ષણ હોય
તે જ પચાવી શકે; બાકીનાંને ઝાડા જ થાય
ને...

ભગવાન ને આ સાધુનો અવગુણ દ્રોહ લેવાય, તો સાક્ષાત્ નરકમાં જ પડે.
તેવી વાત કરવાની કલમ બહુ જ ભેદવાળી - અટપટી છે.
સમો ઓળખનાર મેળવી શકે.
દ્વાર ખુલ્લાં છે. નવો સૂર્ય ગઢડા ઊગ્યો છે. આંખ ખોલનાર જોઈ—પામી શકશે.
મનન દ્વારા જ્યોતિરૂપ સમજી,
અખંડ મહદ્જ્યોતિરૂપ સંત સમાગમે,
પરમ જ્યોતિરૂપ થતાં જ
પૂરક, પ્રેરક, પોષક, પ્રતીતિરૂપ પ્રગટ પરમાત્મા પમાય એ નિર્વિવાદ છે.
માનવું હોય તે માને.
આ તો ગુણાતીતજ્ઞાનની જ્યોત ઝગી છે. તે કોઈની ય ઓલવાઈ બંધ થવાની નથી.
સૌને ય એક વખતે બાળશે જ.
(કારણ કે) તે જીવનક્રાંતિ વિના,
કુસંગના પાશ, ભાવનાઓ, ગ્રંથિઓ - માનની - મોહની - અહમ્ની જતી જ નથી
ને
સામ્યાવસ્થારૂપ માયા તૂર્યાવસ્થામાં હેરાન કરે જ છે.
માટે સાક્ષાત્ ગુરુજીના ચરણમાં દાસાનુદાસ વર્તવું, આજ્ઞા પાળવી, વિશ્વાસ રાખવો
તે જ પરમપદ, પરમસ્થિતિ છે.
તેણે ગુણાતીતરૂપ બની શાસ્ત્રીજી મહારાજનાં લીલા ચરિત્રો - મહિમા ગાઈ
દરરોજ અભ્યર્થવા—
તે જ એકાંતિક નિર્ગુણપણાની સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ ભક્તિ (છે),
જે અક્ષરધામમાં ચૈતન્યદેહે કરવાની છે.
પ્રગટ ભગવાન સૌને આવું સુખ - 'દર્શન' આપો
અને
કુસંગ ઓળખી (લેતાં એવાં એમને) સાચા સત્સંગી બનાવો એ જ અભ્યર્થના.

— અમદાવાદ, તા. ૨૧-૨-૫૨

***

4

# દૃષ્ટિભેદ

ગિરનાર ઉપર ઊભેલાને હિમાલયની ખબર ક્યાંથી હોય ?
અનાદિ કાળથી શાસ્ત્રકારોની જેટલી ભૂમિકા, સ્થાન અને સ્થિતિ વિકસ્યાં તેટલાં રૂપાંતરો, જુદા-જૂદા સ્વરૂપે દૃષ્ટિભેદ રૂપે અનુભવ વાણીમાં લખાયાં, વેદોમાં વર્ણવાયાં અને ગીતા તથા ભાગવત્ જેવા મહાગ્રંથોમાં સમજાવવામાં ઈશ્વરપ્રણિત બન્યાં.
સર્વોપરિ જ્ઞાન પથ્ય બને, મૂર્તિમાન જીવનમુક્ત દશામાં
સબીજ અનુભવાય, ભોગવાય અને સાક્ષાત્ પ્રાપ્તિ પ્રતીતિરૂપે સજીવ બને,
તે માટેની પૂર્વભૂમિકા સ્વામિનારાયણ ભગવાને પૂર્ણ કરી
અને
મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામી તથા મહામુક્ત ગોપાળાનંદસ્વામી
અને
અક્ષરમુક્તો દ્વારા તે જ્ઞાનપ્રકાશ વિકસતો ચાલ્યો.
આપણા સંપ્રદાયમાં આ ભેદ પરમ પૂજ્ય ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજે
સંતોના વિચરણ સાથે, અક્ષર પુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી,
પૂજ્ય સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા મૂર્તિમંત કર્યો
અને
અમૃતના અખંડ અવિનાશી ઝરા માફક અક્ષરધામનાં દિવ્ય અક્ષરમુક્તો
ને
જીવનમુક્ત દશાઓ અનુભવતાં પ્રત્યક્ષ સ્વરૂપો દ્વારા સાબિત કરી બતાવ્યો.
પ્ર. ૭૧, છે. ૯-૩૧-૩૮ તથા છે. ૨ મુજબ
પરોક્ષ માફક પ્રત્યક્ષની પ્રતીતિ, દર્શન, સ્થિતિ
અને
ગુણાતીતજ્ઞાનનો મહાબગીચો સહજમાં તૈયાર કર્યો.
એનાં ફળરૂપે અનેક મોટા-મોટા હરિભક્તો તથા સંતો
આપણને દાખલારૂપ બનેલ છે;

પણ જેવી દૃષ્ટિ તેવા ભેદ નજરે પડે છે.
ચિત્તની નિરોધ દશાને ગીતાએ મહાયોગની પૂર્ણતા કહી;
પણ દૃષ્ટા દૃષ્ય વચ્ચે દૃષ્ટિભેદ અતિસૂક્ષ્મ થઈ,
આત્મસાક્ષાત્કાર છતી દેહે જ અનુભવાય તે કૃતકૃત્યતા અધૂરી રહી,
કારણ કે પુરુષ-પ્રકૃતિના ભેદથી,
આત્યંતિક મુક્તિની સર્વોપરિ બ્રહ્મ-પરબ્રહ્મ ભેદની વિશિષ્ટતા કે–
સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારોના ય અવતારી અને સર્વોપરિ છે
ને
મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામી એ જ જીવનનું મૂળસ્વરૂપ છે
તે જીવમાં ઊતરેલું નહીં.
તેથી કારણ શરીર રૂપે પ્રકૃતિભેદ રહ્યા જ કર્યો.
મૂળ બ્રહ્મના સંગે મનન દ્વારા સંતસમાગમથી પ્રકૃતિભેદ વટાવતાં,
બ્રહ્મરૂપે પરબ્રહ્મની ઝાંખી થઈ,
અને
પિંડ અને બ્રહ્માંડ, બ્રહ્મ અને પરબ્રહ્મના સૂક્ષ્મભેદ વચ્ચે જે વાસના
અવિદ્યારૂપે મૂળ અજ્ઞાન સ્થિતિમાં રૂઢ થએલ,
તે દૂર થતાં સચ્ચિદાનંદસ્વરૂપ પ્રકટે છે અને ત્યારે વૃત્તિ પુરુષોત્તમાકારે થાય છે.
દાસભાવે, સાચા સંતોની અને હરિભક્તોની
સેવામાં જ જીવન વ્યતીત થાય છે. (સા.૧૭)
સર્વોત્તમ અભેદપણું અનુભવતાં આત્મા-પરમાત્માનો દિવ્યાનંદ પ્રાપ્ત થાય છે
અને
જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપો, પ્રકાશ, સત્તા, સુખ, સામર્થી
નયનગોચર બને છે.
છતી દેહે જ અક્ષરધામનું સુખ અને પ્રાપ્તિ અખંડ બને છે
અને
જ્યાં-જ્યાં તેવા ભક્તની દૃષ્ટિ પડે છે, ત્યાં મહારાજ અને સ્વામી ભાસે છે.
ત્યાં સનાતન પ્રકાશનો રાશિ અને તે મધ્યે
મહારાજની દિવ્ય મૂર્તિ અખંડ દેખાયા કરે છે
અને
પરિપૂર્ણ અનુભવાતાં, મહારાજની ઈચ્છાનુસાર,

પ્રગટ સંતોના ચરણોમાં રહી દાસભાવે સેવા-ભક્તિ (થાય છે).
સમસ્ત સત્સંગ, નાના-મોટા હરિભક્તોમાં અપાર દિવ્યતા લાગે છે
અને
સત્સંગ પોતાનો જ મનાય છે.
દૃષ્ટિભેદ બદલાતાં પારકો દેહ, પારકો દોષ અને આકાર,
અભેદપણે અભેદોર્મિમાં વિલીન થઈ જતાં,
અખંડ શુભ સંકલ્પ જ ને શુભ જ વૃત્તિરૂપે મંગળકારી જ ભાવનાથી
દેહ રહે ત્યાં સુધી કલ્યાણમય પ્રવૃત્તિ થતી જાય છે
અને
પરમપદ, સુખ, આનંદ, શાંતિ, કૃતકૃત્યતા કાયમી બને છે.
પરમાત્મા સહજાનંદ પરના પર રહે છે,
જેનું વર્ણન પરાવાણી અને અનુપમ વાણીથી ય થઈ શકે તેમ નથી.
આ લાભ અત્યારે પૂ. યોગીજી જેવા શ્રેષ્ઠ સંતોની સેવા
ને
મુક્તો, હરિભક્તોમાં સુહૃદયપણું રાખી, દિવ્યતા જોવાથી
ને
માહાત્મ્યજ્ઞાને સહભક્તિથી આવી શકે.
તે જરૂર દરેકે પ્રાપ્ત કરી લેવો જોઈએ.
આવો જોગ પ્રગટની ઉપાસનાથી જ અને આજ્ઞા 'निजात्मानम् ब्रह्मरूपम्' મુજબ
પંચ વર્તમાને યુક્ત વર્તીને પાળવાથી ગુરુહરિનો મળ્યો છે,
તે પરમાત્મ દૃષ્ટિભેદ સહજમાં જ કેળવાવે છે અને છતી દેહે જ ગુણાતીત બનાવે છે.
સત્સંગમાં ગુણાતીત સ્વરૂપો અખંડ દિવ્ય જ્યોતિરૂપે
સનાતન, સર્વોપરિ, સર્વજ્ઞ, સર્વાધીશ, શ્રીજી સ્વામીના
ગુણગાન કરતાં-કરતાં જલતાં જ રહે
અને
બીજાને પણ એવા જ સર્વોત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ કરાવે
એવી પૂ. શાસ્ત્રીજી મહારાજ ને સંતોને આપણી સાચા દિલની અભ્યર્થના હો.
સ્વામિનારાયણ પ્રકાશના ગ્રાહકો આપોઆપ જ વધી,
પૂ. સ્વામીબાપાના કાર્યને વેગવંતુ બનાવવા
સૌ કોઈ, સહકાર આપે એવી નમ્ર વિનંતિ છે.

– ફેબ્રુઆરી, ૧૯૫૩

***

5

# અક્ષરધામની ચાવી અને સંપૂર્ણ સફળતા

જીવનમાં દરેક માનવી કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં, કાર્યમાં, આદેશમાં સફળતા વાંચ્છે છે અને
કાર્યની કૃતકૃત્યતામાંથી, પૂર્ણતા માની આનંદ, સુખ, શાંતિ અને માનવ વિકાસ ને પ્રગતિનાં સર્જનાત્મક બળો ગતિમાન કરવાની ઈચ્છાને, આકાંક્ષાને, વૃત્તિને પોષે છે.

સફળતા અને સિદ્ધિના અનંત પ્રકારો છે. ત્રણ ગુણો, ત્રણ અવસ્થાઓ અને માયાના ટોળાનાં એકાવન સ્થાનકેથી જીવાત્મા વિવિધ પ્રકારની સાધના કરીને, સફળતા ને સિદ્ધિનો સાક્ષાત્કાર કરે છે. સ્થાન, ભૂમિકા, તીવ્રતા, ઝંખના, શ્રદ્ધા અને વિશ્વાસ સાથેનો પરિશ્રમ કે પુરુષાર્થ મુજબ જ એનો આનંદ ને સુખ પ્રાપ્ત થાય છે. છતાંય (જ્યાં સુધી) સ્વભાવ અને વાસના, પ્રકૃતિ અને સંકલ્પવિરામ, છતી દેહે જ જીતાતાં નથી. ત્યાં સુધી સનાતન સુખ, પરમશાંતિ, અલૌકિક દૃષ્ટિ અને આત્માનો સાક્ષાત્કાર અનુભવી, જીવનમુક્તદશામાં જ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનનું સુખ, આનંદ, સામર્થ્ય અને મૂર્તિનો અનુપમ અપરિમિત ચૈતન્ય રસ ગુણાતીત સ્થિતિમાં રહી, જીરવી શકાતો જ નથી અને અનુભવમાં પણ આવતો નથી. તો અખંડ પ્રાપ્તિ તો થાય જ ક્યાંથી ? 'કારણ શરીર' અને તેથી ય મહાદુષ્કર 'મહાકારણ'ની તુર્યાવસ્થા, જે દેવોને પણ વિક્ષેપ પમાડે છે અને અવતારોને ય આવરણરૂપ બનાવે છે, તેને જીતવા (પડે). સાથોસાથ સત્સંગ કરી આત્માના સાક્ષાત્કારની સંપૂર્ણ સફળતા અનુભવી, બ્રહ્મરૂપ બની પરબ્રહ્મ પુરુષોત્તમની સેવામાં દાસભાવે અખંડાનંદ પરમસુખ ને શાંતિ પ્રાપ્ત કરી મુક્તપણાની કૃતકૃત્યતા (જ્યાં સુધી) પમાતી નથી, ત્યાં સુધી સફળતાની, પ્રકાશની, દર્શનની, જ્ઞાનની, ભક્તિની, સેવાની મોટાઈની સ્થિતિ (ભલે) થયેલી હોય, છતાંય ભયસ્થાનો ઊભેલાં જ છે. સગુણ-નિર્ગુણપણાના ભેદથીય નિરપેક્ષ, નિષ્કામભાવથી ભરપૂર નિષ્કપટપણે વર્તી મહારાજનાં ચરણોમાં નિમગ્ન રહી, (સ્વપ્રયત્ને કરેલી) સત્સંગ ને સેવા-ભક્તિ (દ્વારા) નિર્ભયતાથી, નિડરતાથી અને પરિપૂર્ણતાની પ્રતીતિસહની ભાવનાથી સંપૂર્ણ સફળતા-મુક્તપણું અનુભવાતું અને ભોગવાતું નથી.

આ માટે પોતાનું સ્વરૂપ અક્ષરરૂપ માની મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીના સાધર્મ્યપણાને પામી, મનન દ્વારા સંગ કરી, મહારાજની સેવા-ભક્તિ દાસપણે કરવાની અક્ષરધામની ચાવી ફક્ત મહારાજ, સ્વામિજી અગર તેમના સાધર્મ્યપણા ને **છતી દેહે જ સાક્ષાત્કાર પામેલા કોઈ પરમ ભાગવત એકાંતિક સંત દ્વારા જ પમાય છે, પ્રાપ્ત થાય છે.** કરોડો જન્મની કસર ટળે છે. ધામની ચાવી હાથમાં આવ્યા બાદ, ધામની વિભૂતિમૂર્તિનાં સામર્થ્ય, સત્તા, ગુણ, ઐશ્વર્ય, સુખ સર્વોપરિ રીતે ગુણાતીત સ્થિતિમાં અપાર અમૃતના દરિયામાં-ચિદાકાશનાય રાશિમાં કેમ (કેવી રીતે) અખંડિત અવિરતપણે પમાતાં જાય, તે સંતના ચરણે રહી સત્સંગ કરતાં-કરતાં (પ્રાપ્ત કરીએ), એ જ આ જીવનમાં સાચો પુરુષાર્થ છે. તે જ ધ્યેય છે. સાધનાની પરમપદની સર્વોત્કૃષ્ટ મુક્તપણાની સ્થિતિ અને સંપૂર્ણ સફળતા છે. પછી પામવાનું, અનુભવવાનું, ભોગવવાનું કે પ્રાપ્ત કરવાનું રહેતું જ નથી. આ લોકની અને પરલોકની આવી પ્રાપ્તિ સંત દ્વારા જ શક્ય બને છે. વિચારો– ગ.પ્ર.૫૪, મધ્ય.૫૪, વ. પ્ર.૧૧, મધ્ય. ૩૦, ૪૫, ૬૨.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થ અનાદિ કાળથી અવિરતપણે ચાલ્યા જ કરે છે. **'આત્યંતિક મુક્તિ'** ફક્ત શ્રીજીએ જ સુલભ બનાવી છે. તે માટે જ આ જીવન છે. પ.પૂ. યોગીજી મહારાજ તથા પૂ. મોટાસ્વામી, પૂ. અક્ષરપુરુષોત્તમદાસસ્વામી જેવા પરમ ભાગવત સંતો અને મહારાજનાં જ સાક્ષાત્ સ્વરૂપો દ્વારા, લોયા ૧૨ મુજબ, અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરીને ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. અક્ષરધામની ચાવી લગાડી, મહારાજની મૂર્તિનું પરમ સુખ, આનંદ મધ્ય-૬૬, અમદાવાદ ૬-૭ મુજબ ત્યારે છતી દેહે જ આવે છે. વચ. ૨૯-૩૮ રીતે અનુભવી અખંડ પ્રાપ્ત કરી રાખવાનો છે. તે માટે જેવી રીત આલોકમાં અખત્યાર થાય છે, તેમજ બુદ્ધિમાન પુરુષે, મુમુક્ષુએ અક્ષરધામની ચાવી પ્રાપ્ત થતાં પ્રયાસ કરવાનો છે.

એકલવ્ય ભીલનો છોકરો હતો, જેથી દ્રોણાચાર્યે, અર્જુનને વચન આપેલ હોઈ, સમર્થ બાણાવળી બીજો કોઈ ન બને, તેવી ધુનર્વિદ્યા શીખવવા અરૂચિ બતાવી. છતાં એકલવ્ય માતાની આશિષ લઈ, ફક્ત ગુરુની મૂર્તિરૂપી ઉપાસના, આજ્ઞા અને ભક્તિથી વિદ્યા પ્રાપ્ત કરી શક્યો ને ગુરૂને પણ શરમાવી દીધા. બળી રાજાએ પણ સર્વસ્વનું સ્વાર્પણ ભગવાનને અર્થે જ કર્યું, ત્યારે ભગવાન સાક્ષાત્ વશ થઈ ગયા અને સંપૂર્ણ સફળતા, પ્રાપ્તિ, ધ્યેયસિદ્ધિ આદર્શની સાધનાનો અંત ને કૃતકૃત્યતા અનુભવ્યાં. શાસ્ત્રોમાં એ મુક્ત કંઠે ગવાય છે.

સફળતાની ચાવી, અગર એકલવ્યની સિદ્ધિ ગણો તો તે અપરિમિત શ્રદ્ધા, અસ્ખલિત પરિશ્રમ અને અખંડ તમન્ના-તીવ્રતા-સર્વોપરિ ઉપાસનામાં સમાએલી છે. આવા પ્રયત્ન માટે, પરમભાગવત સાક્ષાત્ ગુરુહરિશ્રી આપણને મળ્યા છે. અક્ષરધામની ચાવી અગર સર્વ વચનામૃતોનો સાર રહસ્ય એક જ લીટીમાં આવે છે– **'યથાર્થ સ્વરૂપનિષ્ઠા સમજી, આજ્ઞા પાળો.'** તે મુજબ ગુરુચરણે રહી લોયા ૫ મુજબ જેટલી આજ્ઞા નિષ્કપટપણે પળાશે ને મહારાજનું ને પ્રગટ સંત પ્રત્યક્ષ પૂ. યોગીજી મહારાજ ને સંતોનું સ્વરૂપ નિર્દોષ સમજી તેમની મરજી મુજબ સંપૂર્ણ વિશ્વાસથી કહે તેમ કરીને આનંદથી વર્તાશે તેટલી સાધનાની સિદ્ધિ, પરમપદની પ્રાપ્તિ અને સ્વામિજીનું સુખ પ્રાપ્ત થશે જ.

આ અક્ષરધામની ચાવી-ગુરૂમુખી બન્યા સિવાય, ધામના દરવાજે મહામાયા તથા મહાકારણરૂપી તુર્યાવસ્થા પોતાનો વેશ ભજવી, ઝુંટવી લઈ, સ્થિતિમાંથી પાડી દેવા તત્પર જ રહે છે. માટે મનમુખી ન બનતાં, સાક્ષાત્કારની સ્થિતિને પામેલ સત્પુરુષ થકી જ સંપૂર્ણ સફળતા દરેક સત્સંગી છતી દેહે જ અનુભવે, ભોગવે અને પ્રાપ્ત કરે.

પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે આત્યંતિક મુક્તિનો માર્ગ સર્વને માટે અક્ષરપુરુષોત્તમની સાચી ઉપાસના મૂર્તિમાન બનાવી અતિશય સરળ બનાવી દીધો છે. ગુણાતીતજ્ઞાન સબીજ હોઈ, તેની અનાદિ ચિદાકાશની સાકાર મૂર્તિ જે પ્રત્યક્ષ છે, તેમાં 'હું' અને 'મ્હારૂં' ભૂલી જઈ, ખોવાઈ જઈને, શરણું પકડી, ચાવી લગાડી, સ્વધર્મયુક્ત વર્તી, અખંડ દિવ્યતા જ સમગ્ર સત્સંગની દૃઢતા કરવી– એ જ આપણો સર્વનો જીવનનો આદર્શ, ધ્યેય અને સાધના ગણાવી જોઈએ. ગુરુહરિ આપણી ઉપર કૃપાદૃષ્ટિ રાખી પરમપદના અધિકારી બનાવે એ જ અભ્યર્થના.

કુસુમની પરિમલતા વાયુની લહરિઓ સાથે હર કોઈ વટેમાર્ગુ અગર પ્રાણીમાત્રને મુગ્ધ બનાવી સ્વયં સ્વાનુભવ કરાવે છે, તેમજ ગુણાતીત બાગનાં સંતચરણે જ વિકસેલાં ને સાધના પામતાં, આપણા સત્સંગનાં મહાકુસુમો તેમના જીવનની કૃતકૃત્યતા, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરી, છતી દેહે જ જીવનમુક્તપણું પ્રાપ્ત કરી, અન્યને પણ અનંત જીવોના કલ્યાણનો, મંગળનો, વિકાસનો, પરિપૂર્ણ સફળતાનો માર્ગ એવો જ નિષ્કંટક રાખે અને સરળ સાદું જીવન જીવી, દાસપણે જ સર્વોપરિ ઉપાસના દૃઢ કરાવી, સેવા ને ભક્તિ રૂપે તેની પરિમલતાનો પરમાનંદ સર્વને દૃષ્ટિગોચર બનાવે એ જ સ્વામિજીને નમ્ર પ્રાર્થના હો.

– ઍપ્રિલ, ૧૯૫૩

***

6

# સર્વોત્કૃષ્ટ સ્થાન અને સાક્ષાત્કારની સ્થિતિ

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्री गुरवे नमः॥

અનંત જન્મનાં સુકૃત ઉદય થાય ત્યારે ભગવાન કે તેના મળેલા સંતનો સમાગમ અને પ્રાપ્તિ થાય છે. જીવાત્મા અનાદિકાળથી જે ભાવના, પ્રણાલિકા, આદર્શ અને વાસના તથા ગ્રંથિઓથી બંધાએલો હોય છે, તેની તીવ્ર, મધ્યમ અને મંદ ગતિની શ્રદ્ધા ને વિશ્વાસની વૃત્તિથી ભગવાનનું સ્વરૂપ, ધામ અને મહિમા સમજાય છે, પમાય છે અને તેવી જ સ્થિતિ તે સ્થાનમાં રહીને અખંડ રહે છે.

મુમુક્ષુ જ્યારે ગુરુહરિને પ્રથમ મળે છે, ત્યારે જેવા દેશ, કાળ, સંગ, મંત્ર, શાસ્ત્રની ભાવના-પ્રતીતિ-દીક્ષા શુભ અગર અશુભ વર્તતી હોય છે, તે જેવી તેની શ્રદ્ધા હોય તે મુજબ જ ભગવાનના સ્વરૂપનો તથા મૂર્તિનો નિશ્ચય અને આશરો થાય છે ને તેમજ સ્થિતિ બંધાય છે. અનંત ભૂમિકાઓ અને સ્થાનકો છે જ્યાં જીવાત્મા, વાસનાએ અગર મોટા રાગ અને ઐશ્વર્ય, સત્તા, સામર્થિ માટે ભ્રમણ કરે છે ને તેવા સુખને અનુભવે છે.

જ્યારે સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે, ત્યારે જ આત્યંતિક મુક્તિ અને સાક્ષાત્કારની સ્થિતિ અનુભવાય છે. જીવનમુક્ત દશા-સ્થિતપ્રજ્ઞતા પમાય છે ને અંતરમાં અને બહાર સ્વામિશ્રીજી અખંડ એકાત્મ્યભાવે દેખાય છે અને અહો-અહોપણું રહી દિવ્ય સ્વરૂપે અખંડાનંદ ભોગવાય છે. જુદાં-જુદાં અનેક સ્થાનકો કરતાં મહારાજે, ગોલોક, વૈકુંઠ, બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર ધામો મુખ્યત્વે ગણાવ્યાં છે. 'પ્રકૃતિ પુરુષ' (ના લોક) સુધીમાં જીવાત્મા અનંત ભૂમિકાઓમાંથી પસાર થતો આવે છે. પણ માયાથી પર સાક્ષાત્ સનાતન અદ્વિતીય અનાદિ અક્ષરબ્રહ્મ જે ધામરૂપે સર્વોત્કૃષ્ટ સ્થાન અજોડ છે, ત્યાં મૂળ અનાદિ બ્રહ્મના મનન દ્વારા સંગ વિના–સાક્ષાત્ બ્રહ્મમાં પ્રવેશ પામ્યા વિના, જીવાત્મા

શિવરૂપ બની, ગતિ કરી શકતો નથી અને પરમશિવ સ્વરૂપે પૂર્ણ પુરુષોત્તમના સાધર્મ્યને પણ પામતો નથી. તેથી સાક્ષાત્કારની સ્થિતિ થતી નથી. વચ. લોયા ૧૨ તથા પ્ર. ૨૪, મધ્ય ૯, ૧૩,૧૧ મુજબ અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરી, ધામ રૂપે રહ્યો થકો મહારાજની ઉપાસના અને ભક્તિ કરવા અધિકારી બનતો નથી. આ માટે સાક્ષાત્ મૂળબ્રહ્મના અગર મહારાજના પ્રત્યક્ષ સ્વરૂપજ્ઞાનની ખાસ આવશ્યકતા જ રહે છે. પ્રગટ ગુરુહરિમાં નિર્દોષપણે અંતરાય રાખ્યા વિના જેવી અનન્ય નિષ્ઠા કરેલી હોય, તેટલો જ પ્રકાશ-સત્તા સામર્થીએ યુક્ત સાક્ષાત્કારની સ્થિતિ અનુભવાય છે, ભોગવાય છે અને અખંડ પ્રાપ્ત થાય છે.

લોયા ૭ મુજબ પ્રત્યક્ષ ભગવાન કે તેના સ્વરૂપને ઇંદ્રિય, અંતઃકરણ અને તદાશ્રિત અનુભવ જો સાક્ષાત્ પુગે નહીં, તો કલ્યાણમાં, મુક્તપણામાં ખામી રહી જાય છે. અનંત કોટિ મુક્તોના ભેદ શ્રીજીએ કહ્યા છે. પ્રેમી, વિશ્વાસી કે સાધારણ જ્ઞાનવાળા ભક્તોને સમજણની કસર રહી જાય છે. પણ સમજણ, પ્રીતિ અને દાસપણું સાક્ષાત્ ગુરૂચરણે જ રહીને દૃઢ થાય છે ને આશરો પાકો થયો ગણાય છે; જેથી આત્યંતિક મુક્તિ છતી દેહે જ અનુભવાય છે. આવા સર્વોત્કૃષ્ટ સ્થાનને **'અક્ષરધામ'** કહેવાય છે ને ત્યાં મૂળ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામ્યા વિના સ્થિતિ થતી જ નથી. મહોલરૂપ, અક્ષરરૂપ, બ્રહ્મરૂપ થવાતું જ નથી—એ અક્ષરપુરુષોત્તમના ઉપાસકો સારી રીતે જાણે છે. જોઈએ તેવા સત્પુરુષ અને ભગવાનનું સાક્ષાત્ જ સ્વરૂપ મળ્યું, તો ઉણપો કેમ રહે છે ? કલ્પના કેમ રહે છે ? સ્વરૂપનિષ્ઠામાં ભગવાનના જ સાક્ષાત્ સ્વરૂપ વિષે શંકા-આશંકા થઈ ચૂંથણાં કેમ થાય છે ? કારણ કે પ્રત્યક્ષને વિષે પરોક્ષ જેવી પ્રતીતિ નથી. શ્રીજીએ જ કહેલાં વચનામૃતો પરાવાણીરૂપે જુઓ—પંચાળા ૧-૭-૪, છેલ્લા ૨, વડ. ૧૧, અમદાવાદ ૭ વિગેરે.

સમજણની દૃઢતા માટે જ મુક્તો દેહ ધરે છે. તેમાં એકાવન સ્થાનકો ગુરૂચરણે રહેનાર સહેજે જ જીતી જાય છે. પણ મૂળ પ્રકૃતિ-પુરુષ ભેદ માયાના પ્રપંચે યુક્ત છે; તે માટે ગમે તેવા મોટા ગણાતા હોય, પણ સાધન દશાવાળા ગુરૂ હોય તે ગતિ કરાવી શકતા નથી. કારણ કે (તેઓ) મૂળ અનાદિ સનાતન બ્રહ્મ ગુણાતીત સ્વરૂપના સાધર્મ્યને પામેલ હોતા નથી. મહારાજ સાથે સીધો નાતો છે જ

નહીં અને કરી પણ શકાતો નથી. એ તો મહારાજ સ્વયં જેની પર કૃપા કરે તેને સમજાય. જેમ કે પર્વતભાઈ, ગોરધનભાઈ. બ્રહ્મરૂપ થયા વિના ધામમાં રહેવાતું નથી ને મહારાજની સેવા પણ મળતી નથી. તો મૂર્તિનું સુખ, સત્તા, સામર્થિ અને આનંદ બાકી સર્વેને પમાય જ ક્યાંથી ? આ માટે સર્વોત્કૃષ્ટ પુરુષોત્તમના જ સાક્ષાત્ સ્વરૂપ દ્વારા જ સાક્ષાત્કારની સ્થિતિ કરવી જોઈએ, જેથી માયાથી પર ગતિ થઈ શકે. જેવી ભક્તની નિષ્ઠા અને ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનો મહિમા તેટલી સ્થિતિ. સા. ૧૦ મુજબ સર્વે ય ધામો અંતર્દૃષ્ટિએ જોતાં અણુમાત્ર છેટે નથી. તો સાક્ષાત્ સ્વરૂપો તો આપણને જરૂર નિર્વાસનિક કરી, દૃષ્ટિ ને વૃત્તિ દ્વારે પણ સ્વભાવ બદલાવી, બ્રહ્મરૂપ કરી દેશે જ ને મહારાજમાં જોડશે.

પ્રત્યક્ષ નયનગોચર સ્વરૂપો પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ તથા પ.પૂ. યોગીજી મહારાજ દ્વારા આપણા મહાભાગ્યે ઓળખાયાં છે ને પ્રાપ્ત થયાં છે. તો છે.૨ મુજબ તથા લોયા ૭ ને ૧૨ મુજબ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરી, નિરૂત્થાનપણે જ ગુરૂચરણે રહી, તેમના વિષે જરાય પણ મનુષ્યભાવ ન પરઠીએ અને સર્વે ય સંતોને બ્રહ્મની મૂર્તિઓ જ સમજી મૂળ અક્ષરબ્રહ્મ અનાદિ સ્વરૂપ, જેમાં મહારાજ સર્વ પ્રકારે અખંડ રહ્યા છે ને જે મહારાજનું સ્વરૂપ ગણાય છે, તેમના આશરે રહી, દિવ્ય-અલૌકિક સાક્ષાત્કારની સ્થિતિ કરી લઈએ અને મહારાજની મૂર્તિનું અપાર સુખ છતી દેહે જ અનુભવીએ, ભોગવીએ અને પ્રાપ્ત કરીએ, એવી નમ્ર પ્રાર્થના ગુરુહરિશ્રીને છે.

સાચી સમજણમાં, મહારાજ તથા પૂ. સ્વામી ગુણાતીતાનંદજી પણ વાદળાં જોઈને નિશ્ચય ને સ્થિતિ કરાવતા ને સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન તથા દિવ્ય પ્રત્યક્ષ મનુષ્ય રૂપે સામાન્યપણે વિચરતું મૂર્તિમાન સ્વરૂપ તેનો મહિમા સમજાવવા જ વિચરણ કરતા. પ્રત્યક્ષ સ્વરૂપને લઈને જ જે પ્રવૃત્તિ થાય છે તેનો મહિમા સમજાય, તેથી જ્યારે મંદિરો અને તેના અધિષ્ઠાતા દેવોની મૂર્તિઓ પ્રધાન થઈ ગઈ ને તેનો મહિમા વધ્યો, ત્યારે ચોર્યાશી કર્યા બાદ મહારાજ નાખુશ થઈ ગયા અને કાંકરિયે તળાવ જઈ, 'કાંઈ જ બન્યું નથી'– તેમ કહેવા લાગ્યા.

છતાંય પ્રગટમાં પ્રાપ્તિ જેવી છે, તેવી જ તે વખતે જેમ ન આવી, તેમ હમણાં પણ ન જ બને તે ખાસ જોવાનું છે. જરાય વચનમાં અવિશ્વાસ

હોય તો તે મનુષ્યપણાના જ ભાવ કહેવાય. માટે ગુરુહરિના વચનોમાં જે શંકા લાવે તે (વચનદ્રોહી-ગુરૂદ્રોહી) અને અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની સમજવા. આશરો છે તેને મહારાજ સાચી સમજણ—પ્રગટ પુરુષોત્તમની જ છે, તે સંતો દ્વારા પણ જરૂર સમજાવશે. પણ પ્રયાસ કરે તો જીવાત્મા અત્યારે તો (સ્હેજમાં જ) સાક્ષાત્કારની સ્થિતિ અનુભવી શકે તેમ છે.

તો સાક્ષાત્ સ્વરૂપનું જ્ઞાન અને પ્રત્યક્ષ મૂર્તિનો મહિમા-સમગ્ર સત્તાથી ભરપૂર કર્તાહર્તા સમજીને જીવમાં ઉતારી લેવો જોઈએ. સત્સંગ દિવ્ય જ છે. મહારાજ સાકાર જ સદાય દિવ્યરૂપે સત્સંગમાં મૂર્તિમાન વિચરી રહ્યા છે ને સંતો દ્વારા ને પૂ. યોગીજી મહારાજના જ શરણે રહીને ધામ, ધામી ને મુક્તોના સનાતન સંબંધની આવી અલૌકિક સ્થિતિ પ્રાપ્ત કરી લેવાની છે ને છતી દેહે જ ધામનું સુખ અનુભવી, ભોગવી અન્યને પણ સમજાય તેમ ધર્મયુક્ત રહી **‘ગુણાતીતજ્ઞાન’** ફેલાવવાનું છે; જેમાં સ્વામિશ્રીજી તથા ગુરુહરિનો અપાર રાજીપો-રાજીપો જ છે.

**— મે, ૧૯૫૩**

***



7

# તત્ત્વનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા

અક્ષરપુરુષોત્તમના સાચા ઉપાસકોમાં સત્સંગ 'જેવો છે તેવો' ઓળખાય તે માટે પ્રગટની સર્વોપરિ નિષ્ઠા અનિવાર્ય ગણાય છે. પ્રગટ ને પ્રત્યક્ષ સંત કે સાધુની સેવાભક્તિ ને સમાગમમાંથી જ **'તત્ત્વનિષ્ઠા'** દૃઢ થતાં **'સ્વરૂપનિષ્ઠા'** યથાર્થ સમજાય. પાંચેય શાસ્ત્રોએ કરીને સર્વાંગ સંપૂર્ણ મૂળસ્વરૂપની નિષ્ઠા પરિપક્વ કરવાની હોય છે. પ્રથમ **'આત્મનિષ્ઠા'**ની દૃઢતા સાથે, **'વ્યક્તિનિષ્ઠા'** પ્રગટની ઉપાસનામાં અને આજ્ઞામાં પરિણમે છે. નિષ્કપટપણે સાચો સમાગમ ને ભગવાનને જ કર્તા, સર્વોપરિ ને દિવ્ય સાકાર સમજી નિષ્કામ સેવાભાવે ભક્તિ કરતાં **'સંઘનિષ્ઠા'** પક્વ થાય છે અને ત્યારબાદ વચ. છે. ૩૮ મુજબ સત્સંગનું અનાદિ સ્વરૂપ ઓળખાય છે ને તેમાં ગતિ થાય છે. જીવાત્મા શિવરૂપ બની પરમશિવરૂપ મૂળ અનાદિ બ્રહ્મમાં પ્રવેશ કરી ચિદાકાશમાં નિર્ગમન કરે છે અને અખંડ આનંદ, સર્વોપરિ સુખ, શાંતિ, પ્રભા, સામર્થ્ય અનુભવતો અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામે છે અને મહારાજની અપરંપાર સત્તા, ગુણો, ઐશ્વર્યો, પ્રભા, તેજસ્વિતા દેખતાં દાસપણે સ્થિતપ્રજ્ઞતા દૃઢ કરી, સાચી સ્વરૂપનિષ્ઠા યથાર્થ સમજી, પ્રગટની આજ્ઞામાં જ ટુકટુક વર્તે છે અને અન્યને દાખલારૂપ બની, પ્રેરણામૂર્તિ બની ગુણાતીત રીતે ભજન કરે છે ને કરાવે છે.

વ્યક્તિનિષ્ઠા આપણા સત્સંગમાં ખૂબ પ્રગતિ પામી છે અને પ.પૂ. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના હેતવાળા સર્વે ય ભક્તોને ગુણાતીત સ્થિતિના અધિકારી બનાવે છે. પણ તે કાયમ રાખવા, તત્ત્વનિષ્ઠા અને જીવાત્માનો પ્રકૃતિપુરુષ તથા તેથી પર ચિદાકાશનાં સ્વરૂપોની સાથેનો સંબંધ યથાર્થ ઓળખાવો જોઈએ. તો જ તત્ત્વોની મહાલીલા, મહત્ તત્ત્વમાંથી જે ભૂમિકાઓ પ્રગટ થાય છે તેમાંથી સામ્યાવસ્થારૂપ માયાથી બચાવે છે અને મૂળબ્રહ્મના સંગી બનાવી - મહારાજની સેવામાં રહેવાના અધિકારી બનાવે છે.તત્ત્વનિષ્ઠામાંથી સંઘનિષ્ઠા થતાં, સત્સંગ સમગ્ર દિવ્ય જણાય છે. સર્વે ચૈતન્યના જ વ્યાપાર લાગે છે. મૂળબ્રહ્મના પ્રકાશથી જ મુડદાં જેવી જીવકોટિ સચ્ચિદાનંદરૂપે વિચરણ કરી, આત્મનિષ્ઠા દૃઢ

કરી, જીવાત્મા પોતાનું સ્વરૂપ ઓળખી લઈ, સત્સંગે અંતરાય ટાળતાં, મહારાજના નિર્દોષ સર્વકર્તાપણાના ને સર્વેય કારણપણાના સ્વરૂપની પ્રતીતિ થાય છે અને દિવ્યપણું, અલૌકિકપણું જ લાગે છે. જ્યાં સુધી સત્સંગ આવો મનાતો નથી, ત્યાં સુધી વચનના ભીડામાં રહેવાતું નથી અને આત્મબુદ્ધિ કેળવાતી નથી ; પછી સાથે રહે, સેવા કરે, માળાઓ ફેરવે, કે આખો દિવસ ફેરા ખાય, તો પણ સ્થિતિ બંધાતી નથી, ભક્તોમાં અવગુણ જ ભાસે છે ; એટલે સત્સંગનું સુખ આવતું નથી. સત્પુરુષના ગુણો આવ્યા વિના, નિર્વાસનિક થયા વિના મૂર્તિનું સુખ પણ ક્યાંથી અનુભવાય અને ભોગવાય ?

પ્રગટ સાક્ષાત્ પ.પૂ. યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની સાચી તત્ત્વનિષ્ઠા ઓળખાવી છે. યથાર્થ તો તેમના સમાગમથી જ તે સમજાય. જીવાત્મામાં જ્યાં સુધી પરમ ચિંતામણિનો મહિમા દૃઢ થયો નથી, ત્યાં સુધી જાણપણું, સાક્ષીપણું, ક્ષેત્રજ્ઞપણું પક્વ થતું નથી અને સચ્ચિદાનંદરૂપની - અક્ષરરૂપની ભાવના કેળવાતી નથી, તો પમાય તો ક્યાંથી જ ?

માટે સમાગમે બ્રહ્મરૂપ થઈ, મહારાજના દિવ્ય સ્વરૂપનો આનંદ - સુખ લઈ, સેવામાં દાસપણે અખંડ રહેવાનું છે – તે જ આદર્શ છે ને મુક્તપણાની છેલ્લી સ્થિતિ છે. વચ. મધ્ય ૬૩, પ્ર.૬૩, મધ્ય ૨૪-૪૨-૧૩-૧૪-૯ વિચારવાં.

આપણને માયાથી પરનાં સ્વરૂપો સાક્ષાત્ મળ્યાં છે. માટે જેને પામવું હતું, મળવું હતું, તે અક્ષરધામ દેહ છતાં જ પ્રાપ્ત થયું છે ; પણ ચિંતામણિ બાળકના હાથમાં છે. તો, સંતસમાગમે તત્ત્વનિષ્ઠા - યથાર્થ સ્વરૂપનિષ્ઠા દૃઢ કરી લેવી, જેથી નિર્ગુણપણે અખંડ નિર્વિકલ્પ સ્થિતિમાં રહીને વચ. છે. ૨૯ મુજબ ભગવાનનું સર્વોપરિ સુખ અનુભવાય, ભોગવાય ને પ્રાપ્ત થાય અને બીજાંને પણ ગુણાતીત જ્ઞાનનાં રસિયાં બનાવી, તે દિવ્યસ્વરૂપમાં જોડી શકાય. સમગ્ર સત્સંગ દિવ્ય જણાઈ, અલૌકિકપણું અખંડ રહ્યાં કરે. સૌ કોઈ સંતોની સેવા કરીને સ્વરૂપને નિર્દોષ સમજી, સર્વજ્ઞ જાણી, અક્ષરધામનું પરમશાંતિનું, શુભ જ સંકલ્પોનું, સાક્ષાત્ બ્રહ્મના દર્શનની પ્રતીતિવાળું આ દિવ્ય સુખ નિરંતર ભોગવે ને બીજાંને પ્રતીતિ કરાવી, તે માર્ગે ખપવાળાંને દોરે એ જ ગુરુહરિશ્રીને નમ્ર પ્રાર્થના.

– જૂન, ૧૯૫૩

***

8

# આત્મા , અક્ષર અને પુરુષોત્તમનું સુખ

અનેક જન્મોનાં સુકૃત ઉદય થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે. પશુઓ, રાક્ષસો, પ્રાણીઓ તથા અન્ય યોનિઓનાં દુઃખો જાણ્યા બાદ માનવ મનુષ્યપણું પ્રગટાવે, તો આ લોકમાં આનંદ, સુખ, સત્તા અને સ્વર્ગનાં સુખ અનુભવી સાક્ષાત્ પ્રાપ્તિ કરે છે. પણ આત્માનું અને ભગવાનનું પરમપદનું સર્વોપરી સુખ પ્રાપ્ત કરવાનું બાકી રહે છે. સત્સંગ કરતાં- કરતાં વચ. વડતાલ ૩જા મુજબ સત્પુરુષ મળે, ત્યારે આત્માનું સાચું સ્વરૂપ સમજાય છે અને નિરંતર પ્રસંગ રાખતાં 'સ્વસ્વરૂપ' ઓળખાય છે.

અનેક સાધનો કરતાં-કરતાં જીવાત્મા, સ્વધર્મ, તપ, નિયમ, યોગ સિદ્ધ કરીને આત્મનિષ્ઠા દૃઢ કરી, મુક્તપણાનું સુખ ભોગવે છે. પણ, ચ્યવન, પરાશર, નારદ વિગેરે ઋષિ-મુનિઓને દેશકાળે કરીને બુદ્ધિ જે ભેદાઈ ગઈ, તેમ કાચી જ આત્મનિષ્ઠા સિદ્ધ થયેલી હોય છે ; એને શાશ્વત્ સુખ સાંપડતું નથી. હાણ - વૃદ્ધિ, સુખ-દુઃખની ભાવનાઓ, જય-પરાજયના હુમલાઓ મુમુક્ષુ સહન કરે છે અને માન-અપમાનમાં સમબુદ્ધિ રાખી દુઃખિયો થતો નથી. છતાં જન્મ-મૃત્યુરૂપી દરિયો તરવા ઉપાસનાની અને સાક્ષાત્ સત્પુરુષ કે ભગવાન ને તેના સંતના આશરાની જરૂર રહે છે જ. નદી તરતાં આત્મનિષ્ઠા મદદમાં આવે અને ઉપરનું સુખ દેખાય પણ ઊંડે- ઊંડે દેશકાળે કરીને જે ગુણોના વેગો આવે છે, ત્યાં મુક્તપણું ખંડિત થઈ જાય છે અને બ્રહ્મસુષુપ્તિમાં જ જીવ નિર્ગમન કરતો રહે છે. પ્રકૃતિનાં બંધનો નડે છે.

આત્મનિષ્ઠાની સીમા ભક્તિનિષ્ઠાથી ઓળંગાય છે. સાક્ષાત્ ભગવાન કે તેનાં સ્વરૂપોની ઓળખાણ થાય, તે જેવા છે તેવા સમજાય તો નિર્ગુણ- નિષ્કામ માર્ગ ખુલ્લો થઈ જાય છે અને બ્રહ્મરૂપ થઈ ભગવાનની નિષ્કામ સેવા-ભક્તિ કરતાં આવડે છે. જો આત્મનિષ્ઠા દૃઢ થયેલી હોય, તો અક્ષરનું સુખ અનુભવાય છે.

રાગ, દ્વેષ, મત્સર, અદેખાઈની હવામાં જ રાચતું મન મુમુક્ષુ કબજે કરી શકતો નથી. તેની કલ્પના ટળતી નથી. શંકા-આશંકાઓ રહ્યા જ કરે છે. જેમ-જેમ સત્પુરુષના વચને, વિશ્વાસથી ને શ્રદ્ધાથી સત્સંગ દઢ થતો જાય છે, તેમ-તેમ 'નવધા ભક્તિ'માંથી પ્રગટની જ ઉપાસનાવાળી 'પ્રેમલક્ષણા ભક્તિ' ઉદય થાય છે અને ભગવાન કે વડવાનળ અગ્નિસમા તેના સાચા સંતની દૃષ્ટિથી માહાત્મ્યજ્ઞાને સહિત અસાધારણ ભક્તિ સિદ્ધ થાય છે. સંકલ્પો વિરામ પામે છે. સત્સંગ દિવ્ય સમજાય છે. કોઈનો ય અભાવ, અવગુણ, મલિન વાસના થતી નથી. દૃષ્ટિમાંય આવતી નથી. અંતરમાં અખંડ અલૌકિક સુખ, આનંદ, આશ્ચર્ય વર્ત્યા કરે છે. મહારાજનું પરાત્પરપણું લાગ્યા જ કરે છે. શુભ જ સંકલ્પો ઊઠે છે અને બ્રહ્મનું સાક્ષાત્ દર્શન થઈ, મહારાજનું સાક્ષાત્કાર દર્શન થાય છે. જીવાત્માને વિષે દઢ પ્રતીતિ આવે છે. કૃતકૃત્યતા અનુભવાય છે. એકાંતિક ભક્તના લક્ષણે યુક્ત વર્તી, અનન્ય આશરો દઢ કરી, અનન્ય ભક્ત બને છે. કાળ, કર્મ, માયાનો ભાર રહેતો નથી. સ્મૃતિમાં ભગવાન અખંડ રહે છે. વચ.અમદાવાદ ૨-૩, પ્ર. ૩૭ મુજબ ઉપાસના દઢ થતાં, નિર્વિકલ્પ સ્થિતિ અનુભવાય છે ને છતી દેહે જ ભોગવાય છે. વચ. મધ્ય ૧૪, વડ.૧ અને છે. વચ. ૧૧ મુજબ સુખ પ્રાપ્ત થાય છે. છતાં ય ભગવાનનું સર્વોપરી સુખ, અંતિમ મુક્તપણાની આત્યંતિક સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવાની બાકી રહે છે. પરબ્રહ્મને જેવા જાણે છે, તેવો (પોતે) થાય છે ને પુરુષોત્તમ પરના પર જ રહે છે. ઉત્તરોત્તર સ્થાન અને સ્થિતિ બદલાતાં રહે છે. વચ. મધ્ય ૬૬ના છેલ્લા ફકરા મુજબ આવું છતી દેહે પણ બની શકે છે. વચ. મધ્ય ૮ મુજબ જ્ઞાનયજ્ઞની અવધિ આણી શકાય છે ને માયાથી સાક્ષાત્ નિર્લેપપણું અનુભવાય છે.

આપણી અક્ષરપુરુષોત્તમની ઉપાસનામાં દરેક સત્સંગીએ શુદ્ધ ગુણાતીત જ્ઞાનની અંતિમ કક્ષાએ ભગવાનરૂપ જ સાક્ષાત્ સાકાર મૂર્તિઓને દિવ્ય સ્વરૂપો સમજીને જ નજરો નજર જોયેલી છે; જેની પ્રતીતિ સદ્‌ગુરૂવર્ય ભગતજી મહારાજ, પૂ. જાગાસ્વામી, પૂ. કૃષ્ણજી અદા તથા અન્ય મહાએકાંતિક સંતો દ્વારા આપણને થયેલી છે. આવાં જ મહાએકાંતિક રત્નો, જાગતાં મંદિરો તૈયાર કરવા આપણા ગુરૂવર્ય પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે પણ ખુલ્લી રીતે શરૂઆત કરી, સર્વેને સાક્ષાત્ ગુણાતીત જ્ઞાનનો, સર્વોપરી સર્વોત્કૃષ્ટ સ્થિતિ પામવાનો માર્ગ

ખુલ્લો કરી દીધો છે. તેને તત્કાળ પામવા માટેની જેની ઈચ્છા હોય, તમન્ના હોય, ડુબતા માણસની માફક ખપ ને ગરજ હોય ને શ્રદ્ધા તીવ્ર હોય, તો આપણા પૂજ્ય પ્ર.બ્ર. યોગીજી મહારાજ દ્વારા તે પણ મૂર્તિમાન બની શકે તેમ છે અને વચ. સા. ૧૭, વડ.૧૭, પ્ર.૬૪, છે.૨ વિગેરે મુજબ અક્ષરબ્રહ્મનું સાધર્મ્યપણું પામી શકે છે ને મહારાજ પરના પર લાગે છે. સ્વામી સેવકપણું દૃઢ થતું જાય છે અને પરમપદ અનુભવાય છે. અક્ષરધામનું સાક્ષાત્ સુખ મળે છે ને અન્યને પણ સમાગમ કરતાં તેટલી પળો પ્રતીતિ પણ થાય છે. જાણપણું ટળી જાય છે. ધંધો ને અન્ય પ્રવૃત્તિ પણ દૂર રહે છે. બ્રહ્મની જ મૂર્તિઓ સિવાય સગાંવ્હાલાં પણ કંઈ જ ધ્યાનમાં આવતાં નથી અને સમગ્ર સત્સંગ દિવ્ય જ લાગે છે. છેલ્લા ૨ મુજબ ભગવાનનું સુખ અનુભવાય છે, ભોગવાય છે ને નિરંતર પ્રાપ્ત થયેલું રહે છે. જે ધામમાં છે તે જ અત્રે લાગે છે. કલ્પના ટળી જાય છે. જીવાત્મા બ્રહ્મરૂપમાંથી બ્રહ્મસ્વરૂપ બને છે. ઇંદ્રિયો-અંતઃકરણ ને તદાશ્રિત અનુભવ સાક્ષાત્ સ્વરૂપને જ પૂર્ણ બ્રહ્મરૂપે પુગે છે. વચ. લોયા ૭ તથા કા.૧-૭, પંચાળા ૭, પ્ર. ૨૭ મુજબ ભગવાન રૂપ જ ગતિ થાય છે અને અન્યને ગુણાતીત કરી, મહારાજમાં જોડે છે. આવા સંતથી ભગવાન અણુમાત્ર દૂર રહેતા નથી. તેમના દ્વારા મહારાજ અખંડ દર્શન દે છે, વાતુ કરે છે અને ધામનું સુખ અન્યને બતાવી ગુણાતીત કરી, એકાંતિકપણું સિદ્ધ કરાવીને, અક્ષરધામ જ બક્ષી દે છે. તે પોતે પરના પર રહી, અપાર સુખ, સત્તા, ઐશ્વર્યો, પ્રભા, તેજસ્વિતા અનુભવી, મહારાજને પરના પર, અમૃતના દરિયા મુજબ નિહાળી, સ્વામી સેવકભાવે સત્સંગની જ અખંડ સેવા-ભકિતમાં નિમગ્ન રહે છે.

– જુલાઈ, ૧૯૫૩



9

# કૃપા અને દૃષ્ટિ

અનંત જન્મોનાં સુકૃત ઉદય થાય ત્યારે સાચા સત્પુરુષ મળે ને તેમનો જોગ થાય. મનુષ્યબુદ્ધિથી તેવા સત્પુરુષ મોટા માણસ છે, ધર્મવાળા છે અને સન્માર્ગે દોરી શકે છે તેવી દેવબુદ્ધિ પ્રસંગોવશાત્ દૃઢ થાય છે. આમ, સેવા ને ભક્તિથી મહારાજને અવતારના અવતારી સમજી, સર્વોપરી દિવ્ય સાકાર જાણી, સત્પુરુષ થકી સત્સંગ- સમાગમ કરતાં કરતાં જીવાત્મા સંસારયુક્ત મુમુક્ષુતા પ્રાપ્ત કરે છે. સદ્ભાવના વિકસે છે. સાધુ સમાગમ તરફ વૃત્તિઓ ખેંચાય છે. સમૈયાઓ કરવાનું(માં જવાનું) મન થાય છે. છતાં, દોષો રહે છે, કલ્પના રહે છે, સંશયો થયા કરે છે અને સત્સંગ જેવો છે તેવો ઓળખાતો નથી, દિવ્યતા સમજાતી નથી. નિયમમાં રહીને સંસારની પ્રવૃત્તિઓ કરતાં કરતાં, બની આવે તેટલો સત્સંગ થતો જાય છે. જેવી આત્મબુદ્ધિ દેહમાં છે ને સગાંમાં પ્રીતિ છે, તેવી સાચા સંત ને સત્સંગીઓમાં થતી નથી. એકાંતિકપણું સિદ્ધ કરવાનું રહે છે.

નિષ્કામભાવનાથી, નિષ્કપટપણે ભગવાન કે તેના સંતનો સમાગમ જેમ-જેમ થતો જાય છે, તેમ-તેમ શુદ્ધભાવ વિકસતો રહે છે. મન જીતાતાં એકાગ્રતા વધે છે. મહારાજની મૂર્તિરૂપી સત્શસ્ત્ર ને સંતને વચને કરીને મહિમા સમજાતાં સ્વરૂપનિષ્ઠા દૃઢ થતી જાય છે. જીવાત્મા શિવરૂપ બનીને એકાંતિકના લક્ષણે યુક્ત વર્તે છે ને ઉપાસના તથા આજ્ઞા દૃઢ કરીને પ્રત્યક્ષ સ્વરૂપને વિષે અનન્યભક્તિ ને આશરો સિદ્ધ કરે છે.

અગિયાર નિયમમાં રહીને, મહારાજને તથા સ્વામીને વિષે જેની નિષ્ઠા (હોય) ને સાચા બ્રહ્મસ્વરૂપ સંત થકી સ્થિતિ સિદ્ધ કરેલી હોય છે, તેને બ્રહ્મરૂપ થતાં જરાય વાર લાગતી નથી. **સંતનો બ્રહ્મરૂપે સમાગમ કરાતાં, તેની ઉપર કૃપા થાય છે અને ત્યારે જ વાસના જીતાય છે.** દોષો ટળતા રહે છે અને આત્મા તથા દેહ, નાદસૃષ્ટિ તથા બુંદસૃષ્ટિ જુદી પડી જતાં, જીવાત્મા નિરનિરાળી ગતિએ પરમાત્માના અનુસંધાને સત્પુરુષ થકી- ગુરૂ રૂપ હરિ થકી જ એકાંતિકપણું

સિદ્ધ કરી અનન્ય ભક્ત બને છે. બીજાના દોષો, ક્ષતિઓ, ત્રુટિઓ તેની નજરમાં જ આવતી નથી. અખંડ દિવ્યપણું જ રહે છે. દોષેરહિત થઈને બ્રહ્મરૂપની ભાવના દૃઢ કરીને નિર્માનીપણે સત્સંગની સેવા તથા મહારાજની ભક્તિ અખંડ કરતો રહે છે. આમ છતાંય, નિર્ગુણપણું દૃઢ થતું નથી. મહારાજમાં તથા મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી કે તેમના સાધર્મ્યને પામેલા- અખંડ નિર્વિકલ્પપણે જ અલૌકિક ગુણાતીત સ્થિતિમાં વર્તનારા મહાએકાંતિક પરમભાગવત સંતોમાં દૃષ્ટિ પહોંચતી નથી. દેશકાળ બદલાતાં માયાના વેગ-સામ્યાવસ્થા રૂપ માયા વિભ્રાંત દશામાં પાડી દે છે અને અતિશય મોટા સત્પુરુષ પ્રગટ પ્રત્યક્ષ વિચરતા હોય તેને વિષે ગૌણપણું લાવી દે છે ને મનુષ્યભાવ પરઠાઈ જાય છે.

શ્રીજી મહારાજે પણ કહ્યું છે કે અનાદિ મહામુક્ત હોય, સ્વતંત્રપણે આવેલો હોય ને સ્વતંત્રપણે જઈ શકતો હોય, છતાંય સત્પરૂષના કે સંતોના સમાગમ વિના (એવો) મુક્ત પણ જડ સંજ્ઞાને પામી જાય છે. માટે કુસંગ તો કરવો જ નહિ. વચ. છે. ૧૬-૨૪ વિગેરેમાં મહારાજ જણાવે છે કે પૂ. ગોપાળાનંદસ્વામી, પૂ. મુક્તાનંદસ્વામી, પૂ. દાદાખાચર તથા મોટી-મોટી સાંખ્યયોગી બાઈઓ પણ જો નિરંતર સત્સંગ ન રાખે, તો દેશકાળ બદલાતાં મુક્તપણામાંથી પડી જાય અને ઊતરતા જેવા પણ રહે કે નહિ તેની ખાત્રી ન અપાય. આ મૂળમાયાના બળની વાત છે. આટલા માટે જ મહારાજે આત્યંતિક પ્રલયને અંતે સનાતન દિવ્ય ત્રણ તત્ત્વો રહીને, જેને અતિશય સૂક્ષ્મપણે, 'આત્યંતિક મુક્તિ' ગણાવી છે, તેમાં અનાદિ અદ્વિતીય મૂળ અક્ષરની - અનિવર્ચનીય સ્વરૂપની અનિવાર્યતા બતાવી છે, અને મૂળઅક્ષર ગુણાતીતાનંદસ્વામીના સાધર્મ્યપણા વિના, મૂળ અનાદિ બ્રહ્મના મનન દ્વારા સંગ વિના પૂર્ણ પુરુષોત્તમને પમાતું જ નથી – તે ધામનો સનાતન સિદ્ધાંત પૂરવાર કરે છે. સાચા સંત કે સાધુની 'દૃષ્ટિ' વિના માયાથી અખંડ નિર્લેપપણું રહેતું જ નથી. આવી 'દૃષ્ટિ'– તેને જ મહારાજે સિદ્ધાંતિક રાજીપો ગણ્યો છે.

પ્ર.બ્ર. શાસ્ત્રીજી મહારાજ કે પ્ર.બ્ર. યોગીજી મહારાજ જેવા ગુરૂવર્યની જ્યારે દૃષ્ટિ જીવાત્મા પર પડે છે, ત્યારે સર્વે દોષો, વિકારો, સર્વ રાગ-દ્વેષાત્મક દ્વંદ્વો સમી જઈને તે નિર્વાસનિક થઈ જઈ, મૂળ સાક્ષાત્ સ્વરૂપમાં ગતિ કરે છે.
ધામનું સુખ, આનંદ, બળ, પ્રભા પોતે પ્રાપ્ત કરીને, વચ. સા. ૧૦, છે.

૨૮, લોયા ૭, કા. ૧-૭ તથા પ્ર. ૧ની પહેલી વાત મુજબ શિવરૂપમાંથી 'પરમ શિવરૂપ' છતી દેહે જ બનીને સાક્ષાત્કારની બ્રહ્મસ્વરૂપ સ્થિતિ અનુભવે છે ને ભોગવે છે. કારણ શરીરરૂપ જીવની માયા તથા સામ્યાવસ્થારૂપ પ્રકૃતિની માયા અદૃશ્ય થાય છે અને પુરુષોત્તમ રૂપ બની મહારાજ ને સ્વામી પરના પર લાગ્યા કરે છે. અમૃતના મહોદધિ સમા વિહદ અક્ષરધામનું સાક્ષાત્ સુખ છતી દેહે પ્રાપ્ત કરે છે. ચૈતન્યમય જ દૃષ્ટિ થઈ જાય છે. સમગ્ર સત્સંગ દિવ્ય જ ભાસે છે. ધર્મમાં દૃઢ રહી, વચ. છે. ૩૯ મુજબ આત્મા-પરમાત્માનું અતિશય દૃઢ રટણ થયા કરે છે. ભૂંડો ઘાટ થતો જ નથી. અનંત પતિત જીવોને માયા પાર તે કરી શકે છે. માયાથી અખંડ નિર્લેપપણું નિર્વિકારપણું અનુભવીને નિરંતર સ્થિતપ્રજ્ઞતા સિદ્ધ કરે છે. વચ. લોયા ૧૨ના નિર્વિકલ્પ નિશ્ચયના આધારે સાક્ષાત્કારની સર્વોત્કૃષ્ટતા સ્થિતિ સાક્ષાત્ સ્વરૂપોની દૃષ્ટિથી જ પ્રાપ્ત કરે છે. દિવ્ય સાકારપણાની કૃતકૃત્યતા-પૂર્ણતા અનુભવી, સહજભાવે સ્વાભાવિક રીતે જ પ્રતીતિ અખંડ રહ્યા કરે છે. આવી ગુણાતીતસ્થિતિ મહારાજ, સ્વામી કે સાક્ષાત્ સાચા સંતની 'દૃષ્ટિ' વિના પમાતી જ નથી. મુક્તપણાની આ સીમાદોરી છે. મહારાજ તેને વશ વર્તે છે. તે ભક્ત દાસપણે અનન્યભક્તિ કરતા થકા એકાંતિકના લક્ષણેયુક્ત (થઈ) સમગ્ર સત્સંગને દિવ્ય સમજીને માયાથી નિર્લેપ રહીને, અખંડાનંદ અનુભવે છે ને અન્યને પણ ગુણાતીત કરે છે. આવાં મહામુલાં રત્નો પૂ. યોગી મહારાજ તૈયાર કરી રહ્યા છે ને તેમની અખંડ દૃષ્ટિ સમગ્ર સત્સંગ પર રહો એ જ અભ્યર્થના છે. આમ સંસ્કારિતા, મુમુક્ષુતા, આશીર્વાદ, કૃપા અને સાચા સંતની દૃષ્ટિ મુજબ સ્થિતિ અને સ્થાનોના ભેદો મુક્તોમાં દર્શાય છે ને બીજાંને પણ પ્રતીતિ થાય છે. આ અનુભવગમ્ય છે.

— જુલાઈ, ૧૯૫૩



10

# સાકારપણાની પ્રતીતિ

પ્રગટ સૂર્ય વિના અંધારૂ ટળે નહીં, પ્રગટ દૂધ વિના ભૂખ છીપાય નહીં, તેમજ પ્રગટ ભગવાનના સ્વરૂપ વિના આત્યંતિક કલ્યાણ પણ ન જ થાય. મોક્ષ થવો સહેલો છે, મુકિત પણ ખાસ અઘરી નથી જ; પણ જ્ઞાનપ્રલય કરતાં (થકાં) નિર્વિકલ્પપણે ભગવાનના સાચા મૂળ સ્વરૂપને પામવાની, ધારવાની ને સ્વામીસેવકપણે નિરંતર સેવા-ભકિતમાં નિમગ્નતા રાખવાની, આત્માની સર્વોપરી સાક્ષાત્કાર સ્થિતિ પ્રગટ ગુરૂરૂપ હરિ વિના અશકય જ છે-અસંભવિત જ છે. પછી (ભલે) કોઈ પંડિત હોય, ત્યાગી હોય, નૈષ્ઠિક બ્રહ્મચારી હો કે પરોક્ષનો અનન્ય ભકત હો, 'ગુણાતીત જ્ઞાન' સિદ્ધ કર્યા વિના અને પ્રગટ ગુરૂરૂપ હરિની અનન્ય નિષ્ઠા વિના માયાથી નિરંતર નિર્લેપપણું શકય જ નથી. આ છે દિવ્ય સાકારપણાની ભાવના, જે સ્વામિશ્રીજીના સનાતન સિદ્ધાંત તરીકે વચનામૃતોમાં તથા પૂ. સ્વામીશ્રીની વાતુમાં અને પૂ. યોગીજી મહારાજની વાતુમાં રહસ્યરૂપે, રૂચિ અને અભિપ્રાય તરીકે સૂક્ષ્મભાવે સૂચવી રહેલ છે અને પ્રગટ સંત કે સત્પુરુષ થકી જ તેનો સાક્ષાત્કાર થઈ શકે છે.

નગ્ન સત્ય કહેનાર સોક્રેટીસને આ લોકનાં અધુરાં અણસમજુ મનુષ્યોએ ઝેર આપ્યું, કારણ કે તેવું નિર્ભેળ સત્ય પચાવવું અસહ્ય થઈ પડેલું. આવું જ સર્વ મહાવિભૂતિઓનાં જીવનમાં દેખાય છે. તાજો જ દાખલો મહાત્મા ગાંધીનો છે. ક્રાઈસ્ટ અને ગેલીલીઓને પણ સત્ય બોલવા માટે સમાજે ક્રૂર સજા કરી છે. છતાં અસૂરભાવ અદશ્ય થઈ જઈ, નગ્ન સત્ય બ્હાર આવ્યું છે અને જગતનો ઉદ્ધાર પણ તેથી જ થવાનો છે. આવા પુણ્યાત્માઓની મીઠી નજરથી અને પૂ. યોગીજી જેવા સાક્ષાત્ સંત સ્વરૂપોથી જ જીવન શાંત, સરળ અને સુખી રહી શક્યું છે અને સત્સંગ કાયમ દૃઢ થયો છે. પણ માયિકભાવ રહે છે, અંતઃકરણની કલ્પનાઓ ને શંકાઓ રહે છે, ભેદદષ્ટિ રહે છે, ત્યાં સુધી આ જગત રહે છે, આ પ્રકૃતિ રહે છે ને આ દેહ સાથે તેની સર્વ આધિ, વ્યાધિ, ઉપાધિઓ પણ ઉપસ્થિત

કરીને જીવને નાહકનો દુઃખીયો કરી મૂકે છે. પ્રગટ ગુરૂરૂપ પરમ ચિંતામણિનો સમગ્ર મહિમા સમજાતાં વચ. મધ્ય ૬૩ મુજબ જીવ તત્કાળ બળીયો થઈ જાય છે અને વચ. છે. ૨, ૩૮,૩૯, મધ્ય ૫૪, પ્ર.૫૪ મુજબ સત્સંગ દૃઢ થતાં કા. ૧,૭ મધ્ય ૬૬, છે. ૨૮ મુજબ ઇંદ્રિયો અંતઃકરણ ને જીવનાં ભ્રાંતિવાળાં રૂપો બદલાઈ જતાં, છત્રીસ ટચકાઓ ખાઈને ઇયળની ભમરીની જેમ જ, સત્પુરુષ થકી, ભમરી રૂપ જ બની જાય છે અને ટચકાનું અખંડ અનુસંધાન રાખી, સ્વામી સેવકપણે પ્રગટ સંતને ચરણે રહી, બ્રહ્મસ્વરૂપે સ્વામિશ્રીજીની ઉપાસના અને આજ્ઞા પાળે છે ને છતી દેહે જ ભગવાનનું જ સુખ અનુભવે છે, ભોગવે છે અને પ્રાપ્ત કરીને અન્યને પણ તેની પ્રતીતિ કરાવે છે ને દિવ્યાનંદમાં દિવ્ય સાકારપણાની દૃઢ પ્રતીતિ રૂપે સર્વને ગરકાવ કરી દે છે. દેહભાવ સદંતર તેટલી વખત ભૂલાઈ જવાય છે. જે કંઈ શોધતા હતા, વાંચ્છતા હતા, અંતરમાં ઊંડે-ઊંડે ઉણપ સમ લાગતું હતું, તે સાંત્વન પામતાં, પરમશાંતિ, આનંદ ને સુખ ભોગવાય છે ને તેની જ ઝંખના અને અભીપ્સા રહ્યા કરે છે. સ્વામી અને શ્રીજી પરના પર લાગ્યા કરે છે. ચૈતન્યદૃષ્ટિ થઈ જાય છે અને કોઈનો ય દોષ, અભાવ, ક્ષતિ નજરમાં જ આવતાં નથી. અરે, મહાભૂતો અને પ્રકૃતિનું કાર્ય માત્ર નજરમાં આવતું નથી ! પ્રાણવાયુથી ઉત્પન્ન થતા ફુવારા માફકના અસંખ્ય સંકલ્પો શંકા-આશંકાઓ વિલીન થઈ જાય છે. જ્ઞાનસમાધિરૂપે, જાણપણામાં અખંડ સ્મૃતિ રહે છે. દિવ્યસ્વરૂપોની સાકારપણાની અતિશય દૃઢ પ્રતીતિ(ને પામી), વચ. પ્ર. ૭૫ મુજબ ધામ, ધામી ને મુક્તો આત્યંતિક પ્રલય બાદ સનાતન શાશ્વત્ સાકાર રહે જ છે—તે અન્યને પણ સમાગમ કરતાં-કરતાં, પ્રત્યક્ષ ગુરુહરિશ્રીનાં ચરણોમાં જ નિમગ્ન રહેવાના આશરારૂપી, શરણાગતિરૂપી છતી દેહે સર્વોપરી વિહદ અક્ષરધામ મેળવવાનો, અનુભવવાનો, પ્રાપ્ત કરવાનો તદ્દન સહેલો અનુભવગમ્ય માર્ગ ખુલ્લો કરે છે. (આમ,) સબીજ ગુણાતીત જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર ફેલાયા કરે છે ને અસંખ્ય જીવોને શિવરૂપમાંથી 'પરમ શિવરૂપ' વાસુદેવને વિષે પ્રવેશ કરાવી, મૂળ અનાદિ બ્રહ્મમાં ગતિ કરાવે છે ને તેના સાધર્મ્યને પમાડી, સ્વામિશ્રીજીની સેવાના પરમ અધિકારી બનાવે છે.

આવા સંતોની ચરણરજ મહારાજ પણ લે છે અને તેનાં દર્શનથી અનંત પતિત જીવોનો ઉદ્ધાર થાય છે (વચ. પ્ર. ૩૭). પણ, પ્રત્યક્ષ ગુરૂરૂપ હરિને વિષે સાકારપણાની અતિશય દૃઢતા ન થાય ત્યાં સુધી કર્તાપણું (મનાતું નથી),

નિર્દોષબુદ્ધિ (રહેતી નથી) ને અંતરાય ટળતો નથી. તે ઉણપ રહે છે. અહંભાવ રહે છે. તેથી જ દિવ્ય સુખ મળતું નથી. માટે પ્રગટ સાક્ષાત્ આપણા ગુરૂજીનાં ચરણોમાં નિષ્કપટપણે જરાય અંતરાય રાખ્યા વિના, દરેક સત્સંગીએ મનને સોંપી દેવું અને અક્ષરદેરીનો મહિમા ગાયા કરવો, જેથી ખૂબ જ શાંતિ, આનંદ ને સુખ અનુભવાશે અને મહારાજ પર ચિંતા નાખ્યા બાદ સ્વામિશ્રીજી જરૂર અખંડ રક્ષા જ કરશે. 'દાસના દુશ્મન હરિ કદી હોય નહીં,' માટે જેમ કરશે તેમ સુખ જ થાશે. તો દિવ્ય સાકારપણાની અતિશય દૃઢ પ્રતીતિ – વચ. પ્ર. ૩૭ની સમજણ દૃઢ કરીને, દરેક સત્સંગી આવી પ્રત્યક્ષ - પ્રગટની નિષ્ઠા જીવનમાં મૂર્તિમંત બનાવે અને ધામનું દિવ્ય સુખ અનુભવે, ભોગવે ને પ્રાપ્ત કરે.

– ઑગષ્ટ, ૧૯૫૩



11

# સર્વોપરી જ્ઞાનપ્રલય

## – તૂર્યા અને સામ્યાવસ્થારૂપ માયા –

સામાન્ય જ્ઞાન અને વિશેષ (જ્ઞાન) અગર એકાંતિકના ગુણાતીત જ્ઞાન વચ્ચે અતિશય તફાવત છે. સ્થિતિ અને પ્રાપ્તિમાં પણ ફેર રહે છે. પ્રકૃતિનાં કાર્ય, ક્ષેત્રો, ઉપાધિઓ અને અનંત આલંબનોથી ભરપૂર માયાનું ત્રિગુણાત્મક સ્વરૂપ છે. મહારાજે શિક્ષાપત્રી, વચનામૃતો તથા સંપ્રદાયનાં અન્ય પુસ્તકોમાં જીવનું સ્વરૂપ જે અનાદિ અજ્ઞાનયુક્ત કારણ શરીરવાળું વર્ણવ્યું છે તે જીવની જ 'માયા' છે. જીવની, ઈશ્વરની, અવતારોની અને મહાપુરુષ, પ્રધાનપુરુષ વિગેરેની ઉપાધિઓ તેમની સત્તા, સામર્થી, ઐશ્વર્ય, ગુણો અને પ્રભાયુક્ત 'મહામાયા'ના સ્વરૂપે અખંડ ઉત્પત્તિક્રમમાં જોડાય છે ને 'મહાકારણ' સંજ્ઞાને પામી, જાણી, અનુભવી, જ્યારે સ્વામિશ્રીજીની સર્વોપરી શુદ્ધ ઉપાસના કરીને સાચા વડવાનળ અગ્નિસમા સંતનો આશરો લઈને જ્ઞાનપ્રલય (કરી) નિષ્કામભક્તિ કરે છે, ત્યારે જ 'આત્યંતિક મુક્તિ'ને પામે છે અને મહામાયાનું બીજું સ્વરૂપ, જેમાં તૂર્યાવસ્થા જ પ્રધાનપદે હોય છે તે જીતાય છે, તેથી પર થવાય છે અને બ્રહ્મસંજ્ઞાને પામે છે ને વાસુદેવની નિરંતર ભક્તિ ને ઉપાસના કર્યા કરે છે.

શુદ્ધ જ્ઞાનમાર્ગ અતિ ગહન, અગમ્ય અને સૂક્ષ્મ છે. ગુણાતીત જ્ઞાન પચાવવા માટે પાત્રતા, અધિકાર અને આશરાની ઉત્તમ સ્થિતિ 'નિર્વિકલ્પ નિશ્ચય' સહિત અનિવાર્ય બને છે. ઉપશમ દશાથી પર સામ્યાવસ્થારૂપ માયા છે. વિભ્રાંત દશા ભગવાન કે પ્રગટ સંત મળ્યા પછી શરૂ થાય છે. જ્યાં સાક્ષાત્ અપરોક્ષ પ્રત્યક્ષ જ્ઞાન છે, સ્વરૂપો છે, ત્યાં જ પરમપદની, આત્મનિષ્ઠાની સાક્ષાત્કારની છેલ્લી સ્થિતિ અનુભવાય છે ને પ્રાપ્ત થાય છે. વચ. છે. ૨૧માં ધામના પાર્ષદો કરતાં ય પ્રગટ(ની) સત્સંગની સભાને તથા હરિભક્તોને–જેમને સ્વામિજીનો અનન્ય આશરો થએલો છે, તેમને મહારાજ વિશેષ ગણે છે. વળી બ્રહ્મ અને પરબ્રહ્મની વાતુ સાક્ષાત્ પ્રગટ સંત થકી સિદ્ધ કરવી, તે ફક્ત અનન્ય ભક્તો અને એકાંતિકના ગુણે યુક્ત હોય તેને જ થાય છે. વચ. અમદાવાદ ૨, મધ્ય ૩૦, ૪૫, ૨૧ વિગેરે વિચારવાં.

બ્રહ્મસંજ્ઞાવાળી અનંત કોટિઓ છે. ભગવાન સિવાય જે કંઈ ઈચ્છા, સંકલ્પ, ભાવના, આદર્શ રહે છે, તે જ એકાંતિકને 'માયા' છે. ભરતજી તથા અન્ય મુક્તો 'યોગમાયા'માં જ લોભાયા છે. જ્યાં શુદ્ધ ગુણાતીતજ્ઞાન મૂર્તિમાન થતું નથી, ત્યાં 'મહામાયા'-મહાકારણથી પર એવી જે પોતાની નિર્ગુણશક્તિ વડે, ભક્તને ચતુર્ધામુક્તિ (સાલોક્ય, સામીપ્ય, સારુપ્ય, સાયુજ્ય)

અગર

બ્રહ્માંડો કેમ ચાલતાં હશે વિગેરે, સત્તા પામવાપણું

અગર

ભગવાન રૂપ બની પૂજાવાનું,

ગુરૂ બની પોતાનો આશય આગળ આણી પોતાની જ રૂચિ અનુસાર ભજાવવાપણું વિગેરે યોગમાયામાં ફસાવે છે.

ભગવાન પણ કાળ, કર્મ અને ઉત્પત્તિક્રમની માયાને (એકાંતિક) ભક્તના માર્ગમાં આવવું નહીં, એમ એને (માયાને) આદેશ કરે છે. જેથી શુદ્ધ જ્ઞાનાંશના વૈરાગ્યને સિદ્ધ કરી, ફક્ત મહારાજ સિવાય અન્ય કોઈ જ આલંબન, આધાર, આશરો, અવસ્થા બાકી રહે નહીં. ફક્ત મહારાજને જ અખંડ અવિરતપણે ધારીને, સાક્ષાત્ ગુરૂરૂપ હરિ થકી સ્વામીસેવકપણે મૂળઅક્ષરના સાધર્મ્યને પામી, જે મુક્ત સર્વોપરી ઉપાસના દૃઢ કરે છે તેને જ 'સામ્યાવસ્થારૂપ માયા' નડતી નથી.

અનંત મુક્તોમાં સમજણના જે ભેદો પડી જાય છે, તે જ સામ્યાવસ્થારૂપ માયાનું સ્વરૂપ છે. જડસંજ્ઞા પામી જવાપણું, અગર કુસંગમાં લપટાઈ પડવાપણું, અગર બાધિતાનુવૃત્તિ અખંડ રહી, અપૂર્ણપણું વિગેરે તેનું લક્ષણ ગણાય છે, જેથી મહારાજે વચ. છે. ૧૬, ૨૪માં મોટા-મોટા અને પરમહંસો તથા દાદાખાચર, ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી પણ કુસંગે (કરીને) ઊતરતા જેવા રહે કે નહીં તેમાં શંકા દાખવી છે. વળી, સ્વતંત્ર મુક્તો આવ્યા હોય, તેમને પણ સાધુ તથા સંતો ગૌણ ન થઈ જાય તે માટે સામ્યાવસ્થારૂપ માયાથી બચવાનું છે. મહારાજ હતા ત્યારે બાર ભગવાન થયેલા અને પ્રગટના જ્ઞાનને આશરે, જરાક ચૈતન્ય શક્તિનો આર્વિભાવ થતાં અત્યારે પણ કેટલાય ભગવાન થઈ પૂજાય છે, તે જ યોગમાયાનું સ્વરૂપ છે.

જેને માયાથી અખંડ નિર્લેપપણું છે, ત્યાં કંઈ જ માયિકભાવ, લૌકિકભાવ, બ્રહ્મસંજ્ઞાભાવ છે જ નહીં, તે તો ફક્ત અનાદિ મૂળ અક્ષર જ છે અને

તેવા ગુણાતીતાનંદજી થકી જે જ્ઞાન પ્રવર્ત્યું, તે જ (જીવને) માયા પર કરી શકે તેમ છે. વચ. મધ્ય ૪૫ મુજબ વાસના નિર્મૂળ કરી સ્વભાવ કે મૂળ પ્રકૃતિ ટાળી અક્ષરરૂપ બ્રહ્મરૂપ કરી પુરુષોત્તમમાં જોડે છે; જ્યાં ધામરૂપ અક્ષરરૂપે રહી વચ. લોયા-૧૨ મુજબ છેલ્લો 'નિર્વિકલ્પ નિશ્ચય' દૃઢ થાય છે અને વચ. પ્ર. ૨૭ ને છેલ્લા ૨૬ મુજબ સાક્ષાત્ મહારાજ અખંડ રહે છે ને તે પ્રગટ સ્વરૂપે વિચરે છે.

આવાં સ્વરૂપોનો સંગ જ બ્રહ્મરૂપ બનાવે છે ને તે ભક્તો પણ સાચા સાધુ સંગે 'બ્રહ્મની જ મૂર્તિઓ' ગણાય છે. પણ, ચૈતન્યનું સાક્ષાત્ જ્ઞાન થતાં, દર્શન થતાં, વિભ્રાંત દશા કે ઉપશમમાં બ્હેકી ન જવાય ને સાધુ ગૌણ ન થાય ને સત્સંગમાં એક રહેણીએ અખંડ દિવ્યતા જ જળવાઈ રહે, તે માટે બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ થકી વચ. લોયા ૧૨ મુજબ છેલ્લો નિશ્ચય કરવાની જરૂર રહે છે. વચ. કા. ૧-૭ મુજબ ઈયળની ભમરી છતી દેહે જ બનવું પડે છે. જેથી ભગવાનની નિર્ગુણ યોગમાયામાં સપડાવાતું નથી ને એવા બ્રહ્મસ્વરૂપ પાસે જ સામ્યાવસ્થારૂપ માયાનો સદંતર અભાવ રહે છે. માટે જ મહારાજે સાધુનો સંગ નિરંતર રાખવા આજ્ઞા કરી છે. આવા પ્રગટ પૂ. યોગીજી મહારાજ પાસે જ સામ્યાવસ્થા રૂપ માયાનો સદંતર અભાવ રહે છે ને ત્યાં જ તેમના સમાગમે બ્રહ્મરૂપ થવાય છે અને બ્રહ્મસ્વરૂપની છેલ્લી સ્થિતિ સિદ્ધ થાય છે. માટે સર્વેએ સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરી, તેમના દ્વારા જ સર્વોપરી ભાવના દૃઢ કરી, તે થકી જ સાક્ષાત્કાર-જ્ઞાનપ્રલય કરવાનો છે અને વચ. મધ્ય ૮, કા. ૭, પં. ૭, પ્ર. ૫૧, પ્ર.૨૪ વગેરે મુજબ જ્ઞાનયજ્ઞની અવધિ પણ ત્યારે જ આવી ગણાશે.

ચિંતામણિ રૂપ દેહથી પરમ ચિંતામણિ રૂપ સાક્ષાત્ વડવાનળ અગ્નિ સમા ગુરુરૂપ હરિ થકી સાક્ષાત્ જ્ઞાન સમાધિમાં ચિંતામણિ રૂપ ભગવાન અખંડ પમાય છે, જ્ઞાનપ્રલયનો અંત આવે છે. (આ) સર્વોપરી આદર્શમાં જ પુરુષાર્થનો, કલ્પનાનો ને ભાવનાનો સમાવેશ થઈ જાય છે. ત્યાં દર્શન સાથે જ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન એકરૂપ જ– એકત્વને પામી જાય છે ને અહોહોપણું નિરંતર રહે છે. મહારાજનું પર થકી પર પણું કાયમ થાય છે અને અપાર અનવધિકાતિશય અમૃતના મહોદધિમાં નિમગ્ન રહેવાય છે.

ગુરુહરિ સર્વને આવું અલૌકિક જ્ઞાન છતી દેહે જ પમાડે ને સિદ્ધ કરાવે...

— સપ્ટેંબર, ૧૯૫૩

***

12

# સીમાડો

સીમાડો એટલે છેડો - અંત. ગામનો, ઘરનો, ભોગનો અને સમૃદ્ધિને સીમાડો હોય છે, તે જ્ઞાની પુરુષો સારી રીતે જાણી શકે છે. અનુમાન તથા અનુભવજ્ઞાને તે મુજબ સંયમ કેળવી, વર્તનમાં સતત્ જાગ્રતવૃત્તિ અને જાણપણાની દૃષ્ટિ કેમ રહે – તે જ અનુસંધાન રાખ્યા કરે છે; જેથી ભગવાન કે પ્રગટ વડવાનળ અગ્નિસમા સાચા સંતની આજ્ઞા ને ઉપાસના, અખંડિત સેવાભક્તિ કરતાં-કરતાં જ, અવિભાજ્યપણે રહ્યા કરે ને ભગવાનનું પ્રગટ સુખ છતી દેહે જ મળ્યા રહે ને પ્રતીત પણ થયા કરે.

સ્વામિનારાયણ ભગવાને ઇંદ્રિયોના સીમાડા જોઈ, તપાસી તારવણીરૂપે નવનીત(રૂપે) અનુભવજ્ઞાનમાં અને શિક્ષાપત્રી, વચનામૃતો તથા અન્ય વાતુના પ્રસંગો ને વિચરણોમાં સર્વને સ્પષ્ટ બતાવી દીધું ને લાલબત્તીઓ કાયમ ધરી રાખી, સત્સંગી માત્રને આ લોક અને પરલોક- અક્ષરધામમાં પણ અપાર સુખિયા કરી દીધાં. અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ, તેમની સાત પ્રકરણની વાતુ છે તેમાં, અંતઃકરણના તથા માયાના ત્રિગુણાત્મક સ્વરૂપના, મહાકારણના તથા ભગવાનની સામ્યાવસ્થારૂપ યોગમાયાના પણ સીમાડા ખુલ્લા કરી દીધા છે! અને જીવનું જીવન-સારમાં સાર ‘ઉપાસના, આજ્ઞા, એકાંતિકનો નિરંતર સંગ અને ભગવદી સાથે સુહૃદ્પણું’ છે – એ ચાર વાતુમાં તે સ્પષ્ટ બતાવી દઈ, બ્રહ્મરૂપ કેમ થવાય અને સત્સંગી જીવમાં સત્પુરુષના મંગળકારી ગુણો, કલ્યાણકારી ભાવનાઓ અને ગુણાતીતજ્ઞાન છતી દેહે કેમ આવે તે મૂર્તિમાન દિવ્ય રીતે સાક્ષાત્કાર કરાવી, ધામનું સુખ બક્ષ્યું છે. માયાના જુદા-જુદા સીમાડા, ત્યાં આવતી મુશ્કેલીઓ અને અતર્ક્ય, અગમ્ય, અપાર અનુભવો, પુરુષોત્તમાકારે દૃષ્ટિ અને વૃત્તિ શીખવી, સર્વને વિદિત કર્યા છે અને નિર્વિકલ્પપણાના છઠ્ઠા નિશ્ચયની સ્થિતિ સાધ્ય બનાવી દીધી છે. આ જ મૂળઅક્ષરની અનિવાર્યતા સિદ્ધ કરે છે.

મહારાજ પણ કહેતા કે સ્ત્રીનો તેમજ ઋષિનો અંત લેવો નહીં. જો દેવતાઓ અને અવતારોએ કંઈક ઉણપ રાખી, તો સર્વને કલંક લાગ્યાં અને નારદજી જેવા તથા ભરતજી જેવાને પણ સ્થિતિમાંથી ડગાવી દીધા છે. માટે પ્રગટ સત્પુરૂષ થકી આત્માનો સ્વધર્મ અને અનિર્વચનીય સનાતન સ્વભાવ સાધીને મૂર્તિમાન સચ્ચિદાનંદરૂપ અનુભવવું, ભોગવવું ને પ્રાપ્ત કરી લેવું. ગોંડળ-અક્ષરદેરીમાં મનના, ચિત્તના, અહમ્‌ના, ઐશ્વર્યના, સત્તા-સામર્થીના, સિદ્ધિઓના સર્વ સીમાડાઓ ગુણાતીતના ચરણો સમક્ષ વિલીન થઈ જાય છે ને તે જ છેવટનો અંત છે, સીમા છે. અહીં બ્રાહ્મીસ્થિતિ સંપૂર્ણતઃ સાધ્ય બને ને પ્રકૃતિભાવ ભુલાઈ, સહજભાવે જ અક્ષરરૂપ થઈ પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપમાં નિરંતર જોડાયેલા રહેવાય છે ને એકત્વ અનુભવી, તેનો દિવ્યાનંદ, સ્વભાવિક સહજાનંદ પ્રતીતિરૂપે અન્યને પણ અર્પી સાથેનાને પણ અપાર સુખિયા કરી મૂકે છે.

પશુઓ અને માનવો વચ્ચેનો જે મહાભેદ, તે જ મનતત્ત્વ અને બુદ્ધિતત્ત્વના પ્રગટીકરણની વિશિષ્ટતા છે. તેમાં જ્ઞાનના, જીવનના, આત્માના અને જગતના તથા માયાનાં સ્વરૂપોના સંબંધોના સીમાડાઓ જ શોધવાના છે ને સાચાં સ્વરૂપો, ગુણો, લક્ષણો ઓળખી છતી દેહે જ દિવ્ય જીવન પ્રાપ્ત કરવાનું છે.

આવા સીમાડા અને પુરુષાર્થની પર્યાપ્તિ તથા પૂર્ણતાની પરિસીમા પ.પૂ. ગુરૂ શ્રી યોગીજી મહારાજ પમાડી શકે તેમ છે. માટે,

★ જીંદગીના છેવટનો અંત શું ?

★ જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, ધર્મ, આત્મનિષ્ઠાનો અંત શું ?

★ જગતનો તથા આ સમગ્ર ભાવનાઓનો ને સંબંધોનો અંત શું ?

તે સ્પષ્ટ જાણી, પ્રાપ્ત કરી લેવા દરેકે સાધુનો સમાગમ કરી લેવાની જરૂર છે અને અક્ષરદેરીમાં એકાદ માસનો ય સતત્ સમાગમ રાખી, અપાર સુખ, શાંતિ, આનંદ અને સદ્‌ગુણો મેળવી, સહજભાવે દિવ્ય જીવન બનાવી સ્વાનુભવ લેવાની જરૂર છે. આવો અમૂલ્ય અવસર-તક ફરી ફરી મનુષ્ય દેહે નહીં જ મળે. માટે કરોડો કામો બગાડીને પણ આવો આત્યંતિક મોક્ષ, કલ્યાણ, પામી લેવાની દરેક સત્સંગીની ફરજ છે. મહારાજ ને સ્વામી સિવાય ક્યાંય વૃત્તિ કે દૃષ્ટિ નહીં રહે, ત્યારે આત્મા-અનાત્માનો આવો સીમાડો આવશે ને મલિન ઘાટ,

ભાવના-સંકલ્પો સદંતર બંધ થઈ જઈ, વિક્ષેપો, કલ્પના, શંકા-આશંકા, અપૂર્ણપણું મટી જઈ, અખંડ અહોહોપણું રહેશે ને દાસપણે ભક્તોની સેવા થયા જશે.

ગુરુવર્ય યોગીજી મહારાજ આવી અલૌકિક સ્થિતિ સાચી નિષ્ઠાવાળા સર્વે હરિભક્તોને કરાવે એ જ નમ્ર પ્રાર્થના છે અને ત્યારે જ 'સંઘનિષ્ઠા'નો મહાસીમાડો દીવે દીવો પ્રગટી અનંત દીવાઓ, જ્યોતિઓ સત્સંગમાં પ્રગટાવશે. પ.પૂ. શાસ્ત્રીજી મહારાજના અપાર મહિમા-માહાત્મ્યનું દિવ્ય સુખ સર્વ માનવજાતિને સુલભ બનશે. ગુણાતીત જ્ઞાન બ્રહ્માંડમાં પ્રસરશે ને સર્વ જીવ પ્રાણીમાત્રને અપાર સુખિયા કરી દેશે. આવાં દિવ્યરત્નો અનેક વધો અને મહામુક્તો દ્વારા અક્ષરપુરુષોત્તમના સર્વોપરી, સનાતન, અનાદિ, સત્ય, શ્રેષ્ઠ જ્ઞાનની વિજયપતાકા પ્રવર્તી સર્વનું મંગળ કરે, કલ્યાણ કરે એ જ અભ્યર્થના.

— નવેંબર, ૧૯૫૩



13

# જીવન, યાત્રા કે સંગ્રામ ?

— લૌકિક અને અલૌકિક દૃષ્ટિએ —

મહાભૂતોના વિકાસક્રમ સાથે-સાથે મહાતત્ત્વોનાં પણ પ્રકટીકરણ થયેલાં છે અને ચૈતન્ય તથા મન અને ચિત્તના સંબંધો અહમ્-મમત્વની ભાવનાઓથી અનાદિ કાળથી જ સંકળાયેલા છે. તેમને વ્યાસજી થકી વેદો રૂપે-ભાગવત રૂપે (અને) ભગવાને મૂર્તિમાન સંબંધો પોતાનો જ આવિર્ભાવ કરી સર્વને સમજવા-દર્શન કરવા, પ્રાપ્ત કરી પરિપૂર્ણતા છતી દેહે જ મેળવી લેવા સુલભ કર્યા છે. તે અલૌકિક સંબંધો, પુરુષાર્થો, પ્રવૃત્તિઓ અને પ્રતીકો ફક્ત વડવાનળ અગ્નિસમા સાચા સત્પુરુષ-પ્રગટ ગુરૂ રૂપ હરિ થકી જ સમજીને ઓળખી શકાય તેમ છે અને ત્યારે જ માનવજીવનનો, શાંતિ, આનંદ, સુખ, બળ, સામર્થિ અને કૃતકૃત્યતાનો મહામૂલો અપૂર્વ સંગ્રામ છતી દેહે જ પૂર્ણ થશે અને જીવન શુદ્ધ બની વૃત્તિઓ નિર્મળ થઈ, વાસનાઓ કુંઠિત બની, પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપમાં જોડાઈ, સ્વામીસેવકપણે સત્સંગની અખંડિત દિવ્યતા કાયમ ટકાવી, એકાંતિકપણું દૃઢ કરી, જીવનયાત્રાનો અવિભાજ્યપણે સળંગ વહેતો દિવ્ય ઝરણાંનો મહોદધિ પૂર્ણબ્રહ્મ સંગે પૂર્ણત્વને પામી જશે. ધામ, ધામી અને મુક્તોની નિરંતર ઐક્યતા દિવ્ય દૃષ્ટિએ જાળવી, સર્વત્ર ગુણાતીતજ્ઞાનનો, પ્રભુતાનો, સાચા પ્રકૃતિપુરુષથી પરના જ્ઞાનનો ફેલાવો કરી, સર્વને પરમ સુખિયા કરી દેશે ને ત્યારે જ જીવનયાત્રાનો અંત આવ્યો ગણાશે. જીવનમુક્તો કે વિદેહી મુક્તો સ્વતંત્ર થકા માયાથી અખંડ નિર્વિકલ્પપણું, નિર્વિકારપણું દૃઢ કરી અનેકને ગુણાતીત કરી, એકાંતિક બનાવી, મૂળ અક્ષરના સાધર્મ્યને પમાડી સ્વામિશ્રીજીમાં જોડશે ને ભગવાનનું જ સુખ છતી દેહે તેમને અર્પશે.

માનવ જીવનના આવા પ્રવાહો ને પુરુષાર્થોમાંથી જ યાત્રામાં સ્થૂળ પ્રતીકો રૂપે, પથિક! તું તાજમહેલ, કુતુબમીનાર, રાજમહેલો, લાલકિલ્લો અને અસંખ્ય શિલાલેખો, જગજૂનાં ખંડિયેરો જોજે અને તેની પાછળ-ભીતરમાં

રહેલી માનવીની અમરગાથા, જીવન અખંડ ટકાવી રાખવાની મહા તાલાવેલી-વિહ્વળતા નિહાળજે. ગૂઢ પ્રતીકોનાં મૌન ગીતો તું શાંત ચિત્તે સાંભળજે ને સ્થૂળ પ્રતીકોનું મૂલ્યાંકન તેની પાછળ રહેલી ભાવના, પ્રણાલિકા, ત્યાગ કે સામર્થીનો આદર્શ કાળચક્રના સંસ્કૃતિના ઘડિયાળના કાંટે માપજે ને (એ) અનુભવજ્ઞાન મહત્ જીવન માટે ઉપયોગી થઈ પડે ને સ્વાધીન થકું પ્રાપ્ત થઈ શકે, તે અર્થે નોંધપોથીમાં અખંડ સ્મૃતિરૂપે નોંધી લેજે ને અંતરમાં ઊંડે-ઊંડે જડી લેજે. એવી સ્મૃતિઓનાં સંસ્મરણો ત્હારા અખંડ જીવનનાં દિવ્ય ઝરણો જ બની રહેશે ને કુસુમો સમ પરિમલતા પ્રસરાવી અનંતના જીવનને સરસતાથી, સુંદરતાના તત્ત્વોથી પ્રફુલ્લિત બનાવી મૂકશે.

આવા જ મહાપ્રયાસો માનસિક ક્ષેત્રોમાં થયા છે ને વિજ્ઞાનરૂપે અનેક શોધખોળો, અજાયબીઓ તથા નવીનતાઓ, ઍરોપ્લેનો, ટૅલીવિઝન તથા આકાશમાંની અનંત નિહારીકાઓની ગતિઓ અને દરિયાની તથા પૃથ્વીની ગહનતાઓને મૂર્તિમાન બનાવી, કાળા માથાના માનવી થકી ભગવાને સૌને જ આશ્ચર્યચકિત કરી મૂક્યા છે, દિગ્મૂઢ બનાવી દીધા છે અને છતાં ય આવું સમગ્ર જ્ઞાન-આઈન્સ્ટાઈન, મૅકીન્ટોશ વિગેરે જેમ મહાશોધોના અંતે અનુભવરૂપે કહે છે તેમ-હજી તો (આ) શરૂઆતનો એકડો હોય તેમ જ લેશમાત્ર ઝાંખી રૂપે જ છે અને સાપેક્ષવાદથી ય પર સનાતન તત્ત્વોની મહાલીલા જોવાની તો ઈંદ્રિયોની ને અંતઃકરણની શકિતઓની બ્હારની જ વાત છે; એમ હવે દરેક માનતા થઈ ગયા છે. તે જ આધ્યાત્મિક ક્ષેત્રની સર્વોપરિતા, ભૌતિક ક્ષેત્ર કરતાં અનંતગણી વધારે છે તે પુરવાર કરે છે.

આધ્યાત્મિક ક્ષેત્રની વિચાર, વિવેક, સંયમ અને શુદ્ધ ઉપાસના ભકિતની ભૂમિકાએ, ઍરિસ્ટોટલ, પ્લૅટો, નીત્સે, શોપનહોઅર, ટાગોર, વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, ક્રાઈસ્ટ, મહંમદ પૈગંબર, ગૌતમ બુદ્ધ, મહાવીર સ્વામી અને અનેક અવતારો, વિભૂતિઓ તથા છેવટે અવતારોના ય અવતારી, કારણોના ય કારણ એવા સર્વોપરી ભગવાન સહજાનંદસ્વામી (સ્વામિનારાયણ), તેમના અનન્ય ભક્તો, મુક્તોએ મૂર્તિમાન અક્ષરધામ સહિત પધારી, કેવળ કરૂણાએ (કરીને) જ માનવજીવનને દિવ્ય જીવનની સંપત્તિ, સુખ, આનંદ ને શાંતિ બક્ષ્યાં છે અને ભરતખંડમાં વચ. વડ.૧૯, વડ. ૧૦, ૧૧ મુજબ સંતો રૂપે સાક્ષાત્

સ્વરૂપે કલ્યાણ ને મંગળનો, આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનો, કારણ શરીર ટાળવાનો, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ પુરુષોત્તમમાં છતી દેહે જ જોડાવાનો વિહદ અક્ષરધામનો અલૌકિક માર્ગ ખુલ્લો કરી દીધો ને સ્થાવર-જંગમ તીર્થો સ્થાપી માનવ જીવનને મહાસમૃદ્ધ બનાવી દીધું. સંતોનાં, અવતારોનાં લીલા ચરિત્રો ગાતાં સુણતાં આવી 'આધ્યાત્મિક જીવનયાત્રા' જણાઈ આવશે અને પથિકોને યાત્રાનો અનન્ય અપૂર્વ આનંદ ને સુખ પ્રાપ્ત થશે. સાક્ષાત્ સંત જ મૂર્તિ, તીર્થ અને શાસ્ત્ર કરે છે ને પ્રાણ પૂરી જીવંત રાખે છે. ધર્મનો લય થતાં, એકાંતિક ધર્મ એકાંતિક સાધુ-સંતને ચરણે જ રહે છે. માટે સર્વ કરતાં જંગમ તીર્થ જ સર્વોપરી છે. પ્ર. ૫૪ તથા મધ્ય ૫૪ ને વડ. ૧૧ ને છે. ૨નાં વચનામૃતો વિચારી જુઓ.

આવી અલૌકિક યાત્રામાં દિલ્હી, છપૈયા અને પરોક્ષનાં સ્થાનકો નિહાળવાનાં મળશે. ત્યાં પ્રગટનાં ચરિત્રો, સ્વભાવનાં, અહમ્નાં, મન ને ચિત્તનાં રાગદ્વેષાત્મક સ્વરૂપો મૂર્તિમાન દેખાશે. ત્યારે દરેક સત્સંગી 'ગુણાતીતજ્ઞાન' ન ભૂલતાં શબ્દાતીત, ભાવાતીત ને ગુણાતીત વર્તે અને કોની સાથે ફરીએ છીએ – તે અખંડ અનુસંધાન રાખી, ધામના જ મહામુક્તોની જે સેવા સાંપડી છે, તે માહાત્મ્ય જ્ઞાને સહિત અસાધારણ ભક્તિનો અલભ્ય લ્હાવો સૌ કોઈ યાત્રાળુ ઉઠાવે અને શ્રી છગનભાઈ, અંબાલાલભાઈ, બાબુભાઈ, ખેંગારજીભાઈ, વિનાયકરાવ સાહેબ, શેઠશ્રી નારણભાઈ, ઝવેરભાઈ, કાંતિલાલ, મગનભાઈ, હરમાનભાઈ, હકાખાચર, મણિભાઈ સલાડવાળા, રણછોડભાઈ ભાદરણવાળા, ભગવતસિંહજીને સૌ કોઈ શાંતિથી કામ કરવા દઈ, સૌના ય લાભમાં જ હોય તેમ પ્રવૃત્તિ કરાવતા-કરાવતા એકમેકનું સહન કરી લઈ, અપૂર્વ શાંતિ શિસ્ત જાળવી, પ.પૂ. શાસ્ત્રીજી મહારાજનું અપૂર્વ નામ શોભાડે – તો આ મહાયાત્રા સંપૂર્ણ સફળ થઈ ગણાશે. આમાં જ્યાં ગુણની, ભાવની, સ્વભાવની, ટેવોની વૃત્તિઓના દ્વંદ્વ ઊભાં થાય, ત્યાં સત્સંગ દર્પણ તુલ્ય ગણી, સૌ કોઈ પોતાનું અંતર તપાસી દિવ્યતા કાયમ રાખશે, તો સ્વામિશ્રીજી અપાર દિવ્ય સુખ આપશે જ તેની ખાત્રી રાખે.

પ્રગટના અપાર મહિમાનું આ અનુસંધાન રાખી જમતાં, સૂતાં, સભામાં, ગાડીમાં, વાતમાં, ન્હાવામાં, સાફસૂફી કરવામાં, શુદ્ધ થવામાં દેહાભિમાન, સ્વભાવ, પ્રકૃતિ ને મૂળ ટેવોનાં ઉપલક ઉપરછલ્લાં ક્ષણિક ભાવાવેશનાં પ્રદર્શનો ન થાય તે સર્વ જોજો.

સ્વામિશ્રીજી અપાર દિવ્યતા પ્રગટાવી સર્વને અલૌકિક સુખ આપે એ જ અભ્યર્થના. જે કોઈ યાત્રામાં આવે છે તેના ભાગ્યનો પાર જ નથી અને તેનું અક્ષરધામ સુવર્ણાક્ષરે જીવમાં જ નિશ્ચિત લખાઈ ગયું જ છે એમ ખાત્રીપૂર્વક જ માને અને અનુભવે ને અખંડિત રાખે એ જ ગુરુહરિશ્રીને નમ્ર પ્રાર્થના છે. પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે પ.પૂ. પ્રમુખસ્વામિજીને આપેલો કૉલ, પ્રગટ ગુરુહરિશ્રી યોગીજી મહારાજે પૂર્ણ કરી, અલૌકિક સુખ સર્વને આપી ગુણાતીત કરતાં-કરતાં અનેક કાર્યો પૂર્ણ કરાવશે અને સ્મૃતિરૂપે જીવનનું છેવટનું ભાથું અર્પશે, તે બદલ સમગ્ર સત્સંગમંડળ, આફ્રિકામંડળ વિગેરે વતી, સર્વ સંતોનો અને પૂ. છગનભાઈ, હરમાનભાઈ ને મણિભાઈ સલાડવાળા તથા ભાદરણ, અમદાવાદ-બકરીપોળ મંડળનો અનહદ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

જીવનસંગ્રામ પૂર્ણ થઈ, જીવનયાત્રાની સર્વોપરી પૂર્ણાહુતિ ગુરુહરિ પ્રગટની રીતે કરવા સૌ સત્સંગીને પ્રગટ કથાવાર્તા પ્રસંગોરૂપે અખંડ સ્મૃતિ ને જ્ઞાન બક્ષી ધામનું સુખ પ્રાપ્ત કરાવે. સૌ કોઈ અંતરને ઊંડે-ઊંડે વિચારશો તો ખબર પડશે કે કેટલી 'સંઘનિષ્ઠા' કેળવાઈ છે અને વિચરણ કરતાં, આવી અલૌકિક દૃષ્ટિ કેળવી, મન જીતી, કેટલું મહાયજ્ઞરૂપે ફળમયી જીવન પરિવર્તન થયાં જાય છે ને સ્વભાવ ને વાસના કેટલી જીતાય છે, તેનો સંપૂર્ણ ખ્યાલ આવી જશે. સૌ કોઈ સંપ અને ધર્મ જાળવી, એકાત્મભાવ કેળવી અપૂર્વ સેવાલાભ મેળવે એ જ નમ્ર પ્રાર્થના છે અને સર્વને અલૌકિક દિવ્યદર્શન, વચન, સ્મૃતિરૂપે જીવમાં જડાઈ જાય ને યાત્રાનો અપૂર્વ આલ્હાદજનક અંત, અખંડ સત્સંગની દિવ્યતા જળવાઈ રહેવામાં જ પરિણમે તેવી કૃપાદૃષ્ટિ વાંચ્છીએ છીએ. સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસનું નવું પાન લખાતું જાય છે, જેમાં કલ્પવૃક્ષો સમાં મહાફળો ટૂંક સમયમાં જ સૌને પ્રતીતિરૂપે દેખાશે અને એ જ પુરવાર કરશે – સર્વોપરી 'સ્વામીનિષ્ઠા'ની જીવંતતા ને સનાતન સત્યતા.

– ડિસેંબર, ૧૯૫૩



14

# એકાંતિકનું ગણિત

અવતારોનાય અવતારી, કારણોનાય કારણ શ્રીજી મહારાજ અપાર ઐશ્વર્યો, શક્તિઓ, ગુણો, મહિમાએ યુક્ત સામાન્ય મનુષ્યરૂપે કેવળ કરૂણાએ કરીને જ જીવોના કલ્યાણને માટે મૂળઅજ્ઞાન, કારણ શરીર ટાળવા માટે ભરતખંડમાં વિચર્યા; પણ મુમુક્ષુઓએ તેમને જેવા હતા તેવા ઓળખ્યા નહીં અને સર્વોપરી ઉપાસના તથા વચ. લોયા-૧૨ મુજબનો અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ કરી શક્યા નહીં અને છતી દેહે જ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી, ભગવાનનું સાક્ષાત્કાર પ્રત્યક્ષપણું હોવા છતાંય, ધામનું સુખ અનુભવી શક્યા નહીં. સામાન્યધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મ સંતને આશરીને રહ્યો અને વચ. વડતાલ ૧૧ તથા પં.૩ મુજબ સાચા વડવાનળ (અગ્નિ જેવા) સર્વોપરી સત્પુરુષ થકી જ મોક્ષનું દ્વાર ખુલ્લુ રાખ્યું.

★ સાધુરૂપ જે પોતાનું મૂળ સ્વરૂપ છે,
★ જેણે માયાનું અનાદિ કપટ કાપ્યું છે
અને
★ જે ફક્ત અખંડ ગુણાતીત સ્વરૂપે જ વર્તે છે,

તેવા વચ. પંચાળાના ૭ મુજબના સાધુ સ્વરૂપ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી થકી એકાંતિક ધર્મનું, માહાત્મ્યજ્ઞાને યુક્ત એકાંતિકી ભક્તિનું, છતી દેહે જ જીવનમુક્ત, સ્થિતપ્રજ્ઞ, બ્રહ્મસ્વરૂપ બની, પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ એવા ફક્ત એક જ અદ્વિતીય સહજાનંદસ્વામીમાં પ્રગટપણે જોડાઈજવાપણું જૂનાગઢ દેશ તથા ગોપાળાનંદસ્વામીના અનેક શિષ્યોના દાખલા થકી અનેક મુક્તો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું. નિષ્કુળાનંદસ્વામીએ પણ 'સંત તે સ્વયં હરિ' ગાઈને, તેમાંના એકાંતિક સંતના પ્રગટ પ્રત્યક્ષ સમાગમ થકી જ સો જન્મની કસરો દૂર થઈ શકે તેમ અનેક જગ્યાએ ખુલ્લું બતાવી દીધું. સર્વેએ સત્પુરુષ થકી જ તે સમજી લેવું જોઈએ ને તો જ સ્થિતિ થાય – એમ સ્વામિશ્રીજીનો સિદ્ધાંત અને અંતરનું રહસ્ય છે. જુઓ વચ. મધ્ય ૫૦,૫૧, ૫૯, ૬૩, છેલ્લા ૨, ૭, ૧૧, ૨૧, ૩૮, ૩૯, પ્ર. ૨૭, વડતાલ ૧૧, ૫, પ્ર. ૩૭. વડવાનળ અગ્નિસમા આવા સત્પુરુષ જરૂર પૃથ્વી ઉપર

ભરતખંડમાં વચ. વડતાલ ૧૯ અને વડતાલ ૧૦ મુજબ વિચરતા જ હોય છે. તેની ઓળખાણ એ જ પરમપદ, પરમપ્રાપ્તિ અને પરમકલ્યાણ અને મરીને જેને પામવા હતા તે દેહ છતાં જ વચ. છેલ્લા ૨ મુજબ ગુરુહરિ થકી પ્રાપ્ત થયા ગણાય.

એકાંતિક સત્પુરુષ થકી જ એકાંતિક ધર્મ પમાય છે. મહારાજને મળેલા સર્વ છે, પણ કસરો રહી ગઈ, વાસનાઓ રહી ગઈ અને કલ્પના તથા સંકલ્પો ટળ્યા નહીં. મોટા ચૈતન્યાનંદસ્વામી, સાચા સાધુના સંગે ચોવીસ વર્ષે, સાચા સત્સંગી થયા અને અખંડ મૂર્તિ દેખનારાઓ પણ ચાળા ચૂંથતા માલૂમ પડયા છે. માટે વચ. અમદાવાદ ૨,૩,૭ તથા મધ્ય ૩૦, ૪૫ તથા પ્ર. ૨૩,૨૧, છે. ૩૮, ૩૯ મુજબ સાચા સત્પુરુષ થકી જ સાક્ષાત્કારની સ્થિતિ પમાય છે અને વચ. છે. ૨૮, ૧૧ મુજબ ભગવાનનું સુખ અનુભવાય છે, ભોગવાય છે ને અખંડ પ્રાપ્ત થાય છે. મૂર્તિઓની તથા પ્રતિમાઓની પૂજા અને માનસી કરતાં ય અધિક વચ. છે ૨૬ તથા પ્ર. ૨૭ મુજબના ગુણોવાળા તથા લક્ષણોવાળા આવા સાચા સંતમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરી દિવ્ય સ્વરૂપે અખંડ રહે છે ને તે થકી સર્વોપરી સુખ, આનંદ ને પરમ શાંતિ મળે છે ને તે જ પરમ મોક્ષ છે, તેમ મહારાજે વચનામૃતોમાં અનેક સ્થળે કહ્યું છે તથા ભગવત્સ્વરૂપ બનેલ સાધુને જ મહારાજે પ્રતિપાદન કર્યા છે. એકાંતિકનું એ ગણિત, સત્પુરુષ-સિદ્ધપુરુષ (કે) જે અંતર પકડે, સ્વભાવ બદલે ને છતી દેહે જ સંકલ્પો, વિકારો ટાળે, તે થકી જ શીખીને સાક્ષાત્કારની સ્થિતિ ને ભગવાનનું સુખ દરેક સત્સંગીએ પ્રાપ્ત કરી લેવું જોઈએ.

‘એક રતી બિન એક રતીકો’ સહજાનંદસ્વામી ફકત એક જ સર્વોપરી ભગવાન છે. અક્ષરના બે સ્વરૂપ છે; જેમાંનું મૂળ સ્વરૂપ વચ. પંચાળા ૭ મુજબ ‘ગુણાતીત’ છે. તેને જ (ભગવાન) વશ છે ને તે થકી જ આંખનું મટકું મારે તેટલા છેટે નથી. વચ. પ્ર.૬૩ મુજબ તે અક્ષરધામના મૂર્તિમાન સ્વરૂપમાં જ અખંડ દિવ્ય રૂપે રહીને જ બીજે અનંત કળાએ મહારાજ દર્શાય છે ને ખેલે છે અને ભકતની કલ્પના, શ્રદ્ધા, ભાવના તથા આશરા મુજબ સુખ, શાંતિ, પ્રકાશ અને આનંદ આપે છે. એક જ અદ્વિતીય સહજાનંદસ્વામી, ભરતખંડમાં એવા પરમ એકાંતિક સંત દ્વારા અખંડ પ્રગટ જ છે. જે સંત દ્વારા એ સર્વોપરી સ્વરૂપ પ્રગટ વિચરતું હોય તેને ઓળખવું, તે જ ‘પરમ કલ્યાણ’ છે; કારણ કે તે થકી જ મહારાજનું સુખ મળે છે. (સ્વયં) પ્રગટેલા, અખંડ મહારાજને સર્વે ય પ્રકારે ધારણ કરી રાખેલા સંત જ-સાધુ જ પ્રગટેલા પુરુષોત્તમરૂપે સર્વનાં અંતર પકડી, સ્વભાવ ટાળી ધામનું છતી દેહે જ સુખ આપી, પરમ એકાંતિકો તૈયાર કરે છે. આવી

ગુણાતીતજ્ઞાનની કૉલેજ હાલમાં પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ થકી, ગોંડલના પ્ર.બ્ર.સ્વ. યોગીજી મહારાજ ચલાવી રહ્યા છે.

પૂ. ભગતજી મહારાજ, પૂ. જાગાસ્વામી, પૂ. કૃષ્ણજી અદા થકી સબીજ ગુણાતીતજ્ઞાનનો જે ડંકો સમસ્ત વાગી રહ્યો છે, તે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા જ સર્વોપરી છે, સત્ય છે, શ્રેષ્ઠ છે ને તેનો જ જય જયકાર ચોમેર પ્રસરી રહ્યો છે. તે સંપ્રદાયમાં સર્વેએ તટસ્થપણે વિચારી લેવાની જરૂર છે.

આ માટે નીચેનું 'એકાંતિકનું ગણિત' સાક્ષાત્ પ્રતીતિરૂપે ટાંક્યું છે તે વિચારી લેશો.

**દાખલો ૧લો**– ભગવાન કે ભગવાનનું સ્વરૂપ, સંત કે સાધુ, મૂળ બ્રહ્મ ને પરબ્રહ્મની સમાન ઐક્યતા બતાવે છે. બ્રાહ્મીસ્થિતિવાળો જ બ્રાહ્મીસ્થિતિવાળાને તથા મહારાજને ઓળખી શકે છે. જુઓ વચ. વડતાલ ૧૧. હવે નીચેની ઐક્યતા તપાસો.

વચ. મધ્ય ૮ પ્રશ્ન– *પરમપદ તે શુ ?*

મહારાજે ઉત્તર કર્યો છે– *પરમપદ તે જ પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ અને તે જ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ.*

હવે જુઓ વચ. છેલ્લા ૨, મધ્ય ૧૦, ૧૪– *'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો* ***પ્રત્યક્ષ*** *ગુરૂરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો* ***સંત સમાગમ*** *પ્રાપ્ત થાય, ત્યારે* ***દેહ મૂકીને*** *જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને* ***પરમપદ કહીએ, મોક્ષ કહીએ*** *તેને છતી દેહે જ પામ્યો.'*

આ વાતો અતિશય ઝીણી છે. તે જે **એવી રીતે વર્તતો હોય** તેને એમ સમજાય. કેટલાક અખતર ડાહ્યા એવો અર્થ કરે છે કે આ તો મહારાજ હાજર હતા, ત્યારે પોતાને ઉદ્દેશીને કહ્યું છે; પણ બ્રહ્મસ્વરૂપે વર્તે છે, તે જ સાચું રહસ્ય જાણે છે કે આ ખોટો અર્થ છે, કારણ કે મહારાજ ૪૯ વર્ષ જ રહ્યા નથી. તે તો અખંડ છે, અજન્મા છે, અવિનાશી છે ને સાધુ-સંત દ્વારા પ્રગટ જ વિચરે છે. માટે, ૪૯ વર્ષની હાજરી બાદ શું એવી પ્રાપ્તિ કોઈને જ થવાની નહીં? જુઓ-મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીની વાતુ પ્રકરણ પાંચની વાત ૪૧૫મી; જ્યાં સાધુ દ્વારા ભગવાન પ્રગટ કહ્યા છે. માટે ડહાપણ છોડી સિદ્ધ પુરુષો, બ્રહ્મસ્વરૂપ સત્પુરુષોના વચનમાં શંકા ન લાવતા શ્રદ્ધા ને વિશ્વાસથી મનન કરી, ઊંડા ઊતરી, વિચારીને જ નિર્ણય કરવો. સત્ય હંમેશા ઊંડું અને મર્મવાળું રહસ્યપૂર્ણ જ હોય છે. એમાં ભેળસેળ ચાલતી નથી અને સત્ય વગર, સત્પુરુષ વગર વચ. વડ. ૧૧ મુજબ એકાંતિકનો અનુભવ ને દર્શન તથા સ્થિતિ પણ શકય નથી. તો દાખલો

મળે ક્યાંથી ? માટે આ ગણિત જ તાળો મેળવી આપે છે અને સ્થિતિ કરાવે છે, જે અનુભવ સિદ્ધ છે ને છતી દેહે જ પમાય છે. માટે સાચું છે, શ્રેષ્ઠ છે ને સર્વોત્તમ છે. એમાં શંકાને સ્થાન નથી.

**ચાવી** : - પરમપદ = પ્રત્યક્ષ મહારાજની પ્રાપ્તિ ને (એનું) ફળ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ. વચ. મધ્ય ૮.

સાચા વડવાનળ અગ્નિસમા સત્પુરુષનો સંત સમાગમ = પરમપદ પરમમોક્ષ અને (વચ. છેલ્લા ૨, વડતાલ ૧૧) મધ્ય ૫૯ મુજબ પરમ કલ્યાણ.

માટે પ્રત્યક્ષ સ્વરૂપના સંબંધે સહિત દિવ્ય દૃષ્ટિ તે પરાભક્તિ છે, તે જ પરમ પદ છે. વચ. મધ્ય ૧૦.

**દાખલો રજો** – ઇંદ્રિયો રૂપ જે (મનોમય ચક્ર) ; વચ. સારંગપુર ૭ (પ્રમાણે) મનની ધારા–તે જે ઠેકાણે ઘસાઈને બુટ્ઠી થઈ જાય તેને 'નૈમિષારણ્ય ક્ષેત્ર' જાણવું ને ત્યાં ભગવાનના એકાંતિક સાધુ રહેતા જ હોય છે. મનોમય ચક્રની ઇંદ્રિયોરૂપ જે ધારા તે બુટ્ઠી થઈ જાય, ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ વિષયમાં પ્રીતિ રહે નહીં. મનની ધારા ઘસાઈ જાય ત્યાં જ = નૈમિષારણ્ય ક્ષેત્રમાં એકાંતિક સાધુ રહેતા હોય છે, ત્યાં જ બને છે.

હવે જુઓ વચ. મ. ૧૩ ; મનોમય ચક્રની જે ધારા તે તો ઇંદ્રિયો છે ; તે જ્યારે **બ્રહ્મ અને તેથી પર જે પરબ્રહ્મ તેનું સાક્ષાત્ દર્શન થાય છે** = ત્યારે જ મનોમય ચક્રની ધારાઓ બુટ્ઠી થાય છે અને તેને જ કોઈ લોકના વિષયસુખને વિષે આનંદ થાય નહીં.

**ચાવી** : - સાચા વડવાનળ અગ્નિ સમા સત્પરૂષ હોય, ત્યાં જ નૈમિષારણ્ય ક્ષેત્ર છે અને ત્યાં જ મનની ધારા બુટ્ઠી થાય છે, વૃત્તિ પાછી વળે છે ને સ્વભાવ બદલાય છે ને વૃત્તિથી પ્રકૃતિ ફરે છે . મહારાજના જ શબ્દો છે કે ઇંદ્રિયોની ધારા ત્યારે જ બુટ્ઠી થાય છે, જ્યારે બ્રહ્મ ને તેથી પર જે પરબ્રહ્મ - તેનું સાક્ષાત્ દર્શન થાય છે. માટે જો ધારાઓ બુટ્ઠી થઈ, તો તે ટોળામાં જરૂર પરબ્રહ્મનું સાક્ષાત્ સ્વરૂપ સાધુરૂપમાં એક ને અદ્વિતીય વિચરતું જ હોય. કારણ કે તેના દર્શન વિના મનની ધારા બુટ્ઠી થતી જ નથી એમ મહારાજ કહે છે. માટે, આવું સર્વોપરી સ્વરૂપ એક જ હોય ને તે અંતર પકડી સ્વભાવ બદલે, પોતામાં અસુર જેવાને પણ, ભાષા જાણતો ન હોય તેવાને પણ દૃષ્ટિથી, વૃત્તિથી, આકાશવાણીથી ખેંચે, લીન કરે ; ત્યારે માનવું કે મહારાજના જ વચનામૃતોની સાખે આ પ્રગટેલા પરબ્રહ્મનું સાક્ષાત્ જ દર્શન છે.

**– ફેબ્રુઆરી, ૧૯૫૪**

***

15

# *Life and Teachings of Lord Swãminãrãyan*

( Radio Talk : 10 Minutes – 8:00 to 8:10, Thursday 4-2-'54 )

From: Nairobi-Africa

By His Divine Grace KÃKÃJI

It is extremely difficult to epitomise the specialities of the life and teachings of Lord Swãminãrãyan, whose activities, works and dynamic religious mass movements within 49 years of Lord's life on this earth, could not be fully described or expressed even by first class poets like Premãnand, Nishkulãnand, Bhrahmãnand and others. However, this is a humble attempt to present the crux of our Lord's teachings and the most simple method of supreme realisation within our span of life.

Part one gives a short account of the spiritual creative and costructive divinely visionary character and how Sahajãnandswãmi was worshipped during his life as the supreme transcendental spiritual personified incarnation, omnipotent and all-pervading permeating and immanent in all beings. Part two narrates the method and mode of His discipline, devotion and form of worship to the Supreme Lord only, who liberates the embodied spirit permanently attached with 24 Tatvas, through His everlasting Eternal Brahman and free souls or muktas brought by Him on this earth for manifesting His powers, qualities and opening the way of permanent salvation, bliss, joy and ecstacy of the highest consummation of divine love. Jivatma becomes free from bondage, avidya, delusions and invisible passions, lust, greed and materialistic attachments.

## Part I :–

Shri Sahajanandswami was born through Dharma Dev and Bhaktidevi in a brãhmin family on 3rd April, 1781 (9th of Chaitra Hindu Year 1837) at Chhapia in U.P. and was known as Ghanshyãm in childhood.

He gave abundant proofs of His divine power to His parents and others. He studied Vedas, Bhagwat and other scriptures before ten and renounced home forever and was known as Nilakantha Brahmachari, the incarnation of celibacy. He spent over seven years in visiting Banaras, Haridwar, Badrikeshwar and places in South India meeting innumerable yogis and showing supernatural dynamic powers in the Himalayas and other centres as fully described in Holy Book 'Bhakt Chintãmani' by Nishkulãnandswãmi. Our Lord met Muktãnand at Loj and unfurled the unique standard of His faith and doctrines, which were approved by Guru Rãmãnandswãmi, who entrusted Him the sole responsibility of His ãshram and followers.

The scope of this faith is all-embracing and is open to all communities, sects including untouchables, Pãrsis, Muslims, Khojãs i.e. all aspirants irrespective of caste, creed, colour or community. To regulate the behaviour of quite common laymen or illeterate persons this religion lays down five injunctions, viz. abstinence from indulging in wine drinking, eating meat, stealing, adultery and from degrading conversion. It is 'The Epistle of precepts' known as 'Shikshã Patri' which prepared downtrodden Masses, lower grade persons like Kolis, Kãthis and Bhils for receiving divine guidance, assistance and ultimate salvation from the cycle of birth and death.

His philosophy is akin to Vishishtãdwaita-qualified Nonduality and lays stress on the knowledge of five tatvas-Soul, God, Mãyã (illusion) Brahma and Parabrahman-comprising of the quintessence of Sãnkhya, Yog, Vedãnta, Bhãgvat, Pancharãtra etc. It is compiled verbatim in the Holy volume styled 'Vachanãmrit' by His five saints.

At this stage, there had been more than two million followers of Swãminãrãyan Sect and the knowledge was continuously spreading in Gujarãt and Kãthiãwãr through Gunãtitãnandswãmi, known as Eternal Akshardhãm and Gopãlãnandswãmi the right hand first class first staunchest disciple, who had mastered Ashtangyoga and other innumerable powers.

His holy mission having fulfilled, He cast off his human frame after the existence of 49 years and 62 days on the 20th June 1830-10th day of the bright half of Jetha of year 1886.

**Part II** :–

Every sincere aspirant must for his initial preparatory stage, annihilate desire, greed, taste, ego and worldly attachments and must substantiate moral code, knowledge, dispassion and singular devotion at the feet of the true guide. Anything that exists in the realm of Purush-Prakrati, from whom the whole universe comes into existence is ever unreal and transient. Brahma and free souls who are in tune with the Lord Parabrahman are eternally permanent. Others fall in the cyclic migrations of birth and death and miseries.

Brahma or Parabrahma idealises in Himself the highest bliss, holy state of satchidãnand with which every soul must-needs secure his oneness, worship Paribrahman or Purushottam, who ever remains Greater than the greatest and Higher than the highest.

The humble glorification of soul through God, intense belief in the efficacy of meditation on Personal God, the indispensable need of constant company of sages, purity of mind, body and spirit, great reverence for co-religionists form in themselves the central core of the religious preachings in 'Vachanãmrit'. It is the Holy volume for all the time, all the places, conditions and spiritual stages of development, because Lord Swãminãrãyan epitomised the fundamental realities of all shãstras and scriptures, Bhãgwat and Gitã and dictated personally in presence of various Sãdhus and realised souls. Anyone can have personal realisation and experience of the illuminated inner real self-soul if those preachings are followed and put into practice under the strict guidance of Pragat Guru and Saint or Satpurush or any Realised Jivanmukta. Kãthi, Bhils and down-trodden illiterate masses renounced their crude disposition to robbery, homicide and adopted a high moral standard during their lifetime, as could be seen from the transformation of Joban Pagi, Munjhã and

other known dacoits. A prostitute and many untouchables in Jetalpur also had divine trance and salvation by putting full faith and surrendering to our Lord with intense devotion and trust in His sovereign of liberating the soul from ignorance and bondage of avidya, delusions and passions.

English missionaries have praised this faith during their visits in Gujarãt and Kãthiãwãr and eminent personalities like Henry C. Brigg, Sir M. Williams and Sir John Malcom, the then Governor of Bombay, praised these movements and Sir Malcom received 'Shikshãpatri' gratefully and met Lord Swãminãrãyan on 20.2.1830 earnestly soliciting a meeting with this Divine Guide at Rãjkot in Kãthiãwãr.

Widening of this fold upto more than three million souls marked the solid foundation as an incarnation and still carried on by realised souls like our Guruji Shãshtriji Mahãrãj, Yogiji Mahãrãj and other saints in Gujarãt and Kãthiãwãr. It is most creditable to say that intellectuals have been drawn to this faith to a great extent and Doctors, Lawyers, Scientists and Cabinet Ministers like Hon'ble Shree G.L. Nandã have adopted the inner discipline and preachings of Lord Swãminãrãyan, particularly through the efforts and serene sublime life of Shree Shãstriji and Yogiji Mahãrãj, who by mere thought could generate creative spiritual forces in East Africa in the form of persons like Maganbhai and others and permeate life's blessings for spiritual attainment without rigorous penance or efforts.

By total surrender with disciplined behaviour, any one can have realisation and spiritual bliss, joy and inner harmony during one's lifetime and all those aspirants are requested to contact Shri Yogiji Mahãrãj on His arrival in East Africa during August on the most auspicious occassion of opening the New Swãminãrãyan Temple and Maganbhai Cultural Library at Mombasa.

May our Lord Swãminãrãyan shower His blessings for everlasting peace and harmony in all the parts of this globe, enriching the human life for highest happiness, joy, bliss and wisdom.

## Main Specialities or Assurances by our Lord

Lord Swãminãrãyan is worshipped as the supreme incarnation of all incarnations, the transcendental highest spiritual personified divine entity, immanent in all beings and pervading the universe through His everlasting Eternal Divinity-personified Brahma and Jivanmuktas or free souls. He is the only spiritual supramental dynamic character, who had given following assurances to all aspirants and followers, who sincerely believe in Him and adhere to His commands and orders as per His 'Shikshãpatri' and 'Vachanãmrits'.

(1) That He will deliver and liberate the soul at the last moment on the point of death and give direct 'darshan' or vision along with other Sãdhus and take the Jiva to His Eternal Abode Akshardham, which is full of bliss, joy, divine love and permanent place in presence of illuminated free souls.

(2) That all His Satsangis will be free from the limitations of time, space and wordly delusions or 'Mãyã'.

(3) That all His followers will be saved from universal hardships and devilish forces, provided there is total surrender and unique 'Upãsanã' or reverence and devotion to Him alone in adversity or prosperity, in Good or bad external, apparent situation, conditions or behaviour patterns.

(4) That His Sanyãsins will realise the inner true being and have his permanent communion with the Eternal Brahm during the lifetime, through the absolute devotion and surrender to the Pragat Guru or Realised Soul, who have permanent equivalence with the Lord.

(5) As the illuminated Soul, others get spiritual visions and peace of mind by working like Janak Videhi, devoid of all desires and passions and single pointed devotion to the Lord by obeying the commands of Pragat Guruji.

***

16

# મુક્તની માયા

જડ અને ચેતનનો વિવેક એકાંતિક સ્થિતપ્રજ્ઞ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ થકી જ સમજાય છે અને વચ. સા. ૧૦-૧૧, મધ્ય. ૬૭ મુજબ સમજણની તારતમ્યતાએ મુક્તોના અનંત ભેદો પડી જાય છે. તે ભગવાનની જ નિર્ગુણ શકિત અને સામર્થ્યને આભારી છે. અત્રે ગુણાતીતાનંદસ્વામીની-મૂળ બ્રહ્મની સાધકોના પરમ સાધક તત્ત્વ તરીકેની અનિવાર્યતા અને આવશ્યકતાની પ્રતીતિ કરાવે છે. મહારાજને જેવા છે તેવા ઓળખવા, પામવા અને પ્રાપ્ત કરવા મૂળ અનાદિ અક્ષરબ્રહ્મ–જે મહારાજને દિવ્ય રૂપે અખંડ ધારણ કરીને રહેલ છે, તેની વિશિષ્ટતા પુરવાર કરે છે. જુઓ વચનામૃતો અમદાવાદ ૬-૭, પ્ર. ૨૧, ૬૩, ૭૧. સામ્યાવસ્થારૂપ ગુણોની સામ્યતા જે સ્થિતિ ઉપસ્થિત કરે છે, તેને ટાળવા માટે મૂળ અનાદિ બ્રહ્મના સાધર્મ્યની જરૂરિયાત જ છે. એથી અવ્યકત રાગ, પ્રભા, સત્તા અને સામર્થી પામવાનો ઈશક સદંતર ટળી જાય છે અને નિર્ગુણ મહામાયા જે મોહિની રૂપે સીતાજી, બ્રહ્મા, પરાશર, ચ્યવન, વિશ્વામિત્ર અને એકલશૃંગિ જેવાને મોહમાં નાખી સ્થિતિમાંથી ડગાવી દીધાં, તે દૂર થઈ શકે છે. આત્માની વિકાસ ભૂમિકામાં મુક્તની આ કક્ષામાં હજીએ ભય રહે છે. જેથી અનાદિ બ્રહ્મનો મનન દ્વારા સંગ અગર સાચા પરમ એકાંતિક અનાદિ મુકત થકી સાધર્મ્યને પામી મહારાજમાં જોડાવાની જરૂર રહે છે.

જીવનમુક્તો, વિદેહીમુક્તો અને બ્રહ્મસ્વરૂપે વર્તતા પરમ એકાંતિક મુક્તોમાં સમજણના અને સ્થિતિના ભેદો છે. જેવા કે જનક, અંબરીષ, શુકજી, શુક સનકાદિક, સીતાજી, રાધા, અર્જુન, ઉદ્ધવ, મુખ્ય ગોપીઓ, અક્રુર, સુદામા, નરસૈયો, મીરાંબાઈ વિગેરે અને દાદાખાચર, મયારામ ભટ્ટ, નિત્યાનંદસ્વામી, મુક્તાનંદ, સ્વરૂપાનંદ, બ્રહ્માનંદ, શુકમુનિ, ઝીણાભાઈ, સામંત પટેલ, વિગેરે વિગેરે. અતિ ઉત્તમ અનાદિ મુક્તો ઓરાભાવના મુક્તોને લીન કરી શકે છે. તેથી આવા મુક્તો અનાદિ બ્રહ્મનો અન્વય- વ્યતિરેક સંબંધ યથાર્થ જાણી

શકતા નથી અને રૂપક પ્રકાશયોગમાં બ્રહ્મરંધ્રથી આગળ જતાં સત્તા, સામર્થી, ઐશ્વર્ય તથા મુક્તિના સામીપ્ય, સાલોક્ય, સારૂપ્ય અને સાયુજ્ય પ્રકારમાં લોભાઈ જાય છે ને આગળ ગતિ અટકી પડે છે. તેમને સગુણ માયાનો ઉત્પત્તિક્રમ નડતો નથી, કારણ કે મહારાજનો સંબંધ છે; પણ જેવા છે તેવા સમજવામાં કંઈ ખામી રહેવાથી અનવધિકાતિશય મહિમાના શબ્દો જીરવાતા નથી. સૂક્ષ્મ પક્ષે ને ગુરૂભક્તિના નામે અભાવ અવગુણમાં પડે છે ને જય-વિજય તથા રાધા ને શ્રીદામા જેવી સ્થિતિ થાય છે.

પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ચોખ્ખી નિષ્ઠા પૂરવાર કરી, સર્વોપરી ઉપાસના માટે અને લોયા ૧૨ મુજબનો અતિ ઉત્તમ ‘નિર્વિકલ્પ નિશ્ચય’ દૃઢ કરવા ભગીરથ પ્રયત્નો કરી, મંદિરો તૈયાર કર્યાં. હવે ‘તત્ત્વનિષ્ઠા’માંથી પ.પૂ. યોગીજી મહારાજ સંપ અને ધર્મ તથા સુહૃદયપણું –‘સંઘનિષ્ઠા’ પ્રવર્તાવી અનેકને અનાદિ મુક્તોનું પરમસુખ, પ્રાપ્તિ અને અહર્નિશ આનંદ મળી શકે, તે માટે માર્ગ ખુલ્લો મુક્યો છે. આવા મુક્તો વચ. પ્ર. ૪૦, ૪૩, મધ્ય ૪૫, લોયા ૧૨, પ્ર.૫૧, કા. ૧, ૭ મુજબ તૈયાર થતા જ જાય છે.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતનંદસ્વામીનો સમાગમ કરવામાં કેટલાક સાધુઓ અવળા પક્ષે આડખીલી કરતા ને છેલ્લો છઠ્ઠો ‘નિર્વિકલ્પ નિશ્ચય’ દૃઢ કરવામાં વચ. લોયા ૧૨ મુજબ અંતરાય કરતા. તેને જ **‘મુક્તની માયા’** કહેવામાં આવે છે. મહારાજનો સંબંધ તો સર્વને છે, પણ (જ્યાં સુધી) સ્વરૂપને વિષે કલ્પના ટળી નથી, સંકલ્પો વિકારો મટયા નથી, ત્યાં સુધી છતી દેહે જ ધામનું સુખ પણ મળતું નથી. બાકી વચ. સા. ૧૦ મુજબ ને કા ૧૧ મુજબ ધામ અણુમાત્ર છેટે નથી અને મહારાજ પણ આંખનું મટકું મારીએ તેટલા દૂર નથી. મ્હારી દૃષ્ટિએ અત્યારે જે કહેવાતા ગુરુઓ, સાધુઓ કે ભક્તો અવળા પક્ષે આવા સાચા સાધુનો સમાગમ કરવામાં અંતરાયરુપ વર્તે, તે સર્વેએ અણસમજણ દૂર કરવાની જરૂર છે. તે માયાના સર્વભાવથી મુકાઈ અક્ષરબ્રહ્મના તુલ્યપણાને પામી, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનું પ્રગટ સુખ પ્રાપ્ત કરવામાં આડે આવતી સત્સંગની જ આ **‘મુક્તની માયા’** દૂર કરવાની ખાસ જરૂર છે. માયાથી પર હોય તે જ માયા પર કરી શકે. બંધનમુક્ત જ બંધનમુક્ત કરે. હિમાલય પર પહોંચેલ જ અનુભવનું વર્ણન કરી શકે.

કેટલાય મુક્તો ભગવાનરૂપ વર્તી સાધુ ને સંતને ગૌણ કરી પોતાનું

જ જ્ઞાન વર્તાવે છે. મહારાજ હતા ત્યારે કેટલાય ભગવાન થયા હતા અને હાલમાં પણ કેટલાય પૂજાય છે. આ પ્રકાશના ભેદો વડતાલ ૧૧ મુજબ બ્રહ્મસ્થિતિને પામેલ હોય તે જ જાણે. વચનામૃતોમાં પામર, વિષયી, મુમુક્ષુ ને મુક્તને માટે મહારાજે જુદાં જુદાં વચનો સમય, સ્થાન, કક્ષા ને સ્થિતિને અનુસરીને ફક્ત સમાસ માટે જ કહ્યાં છે. તે સર્વ, અરધી રાત્રે ઉચ્ચારેલાં પરાવાણીનાં મૂળસ્વરૂપોને અર્થે, ફક્ત વડવાનળ અગ્નિસમા પ્રગટ ગુરુહરિ થકી જ સમજવાં જોઈએ. તે જ સ્વરૂપ કારિયાણી ૧૨ મુજબ ધ્યાનમાં ઉતારી, વચન ગ્રહણ કરી પ્રકાશમાં ય ન લોભાતાં, આત્માની અતિ ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત કરી લેવી અને સ્વામીસેવકપણે નિર્ભયતા, નિડરતા, નમ્રતા ધારણ કરી, સ્વાધીનપણે અલિપ્ત રહીને સ્વામિશ્રીજીના રહસ્ય, અભિપ્રાય, મરજી ને સિદ્ધાંત અખંડ જાણપણે રાખી ભજન કર્યા કરવું ને બીજાને પ્રગટમાં જોડવા. આને જ 'પરાભક્તિ' કહે છે અને આ જ સર્વોપરી ભજન ગણાય છે. અહીં કાળ, કર્મ, માયા ને સ્વભાવ નડતા નથી ને આડે આવતા નથી. સત્પુરુષ વિષે જ આત્મબુદ્ધિ ને પ્રીતિ દૃઢ થઈ જાય છે. વચ. પ્ર. ૫૧ મુજબ 'જ્યાં જુએ ત્યાં રામજી ભાસે' તેમ ચૈતન્યને વિષે મહારાજને અખંડધારી, હરિભક્તોની તથા સંતોની સેવા ને ભક્તિ કર્યા કરે છે.

પ્ર. બ્ર. ગુરુહરિશ્રી યોગીજી મહારાજ સર્વે હરિભક્તોને આવી એકાંતિકી ભક્તિવાળી અલૌકિક ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરાવે. ખોટો પક્ષ, મહત્તાનો લોભ તથા વાસના ને મહામોહ ને પરમ અજ્ઞાન દૂર કરાવી ધામ, ધામી ને મુક્તો તરફ સ્વરૂપ-સ્વરૂપીભાવે બ્રહ્મની જ સાક્ષાત મૂર્તિઓ રૂપે નિરંતર જાણપણું ને સમજણની દૃઢતા કાયમ રખાવે ને કોઈનો ય અભાવ, અવગુણ ને પ્રકૃતિનું કાર્ય માત્ર નજરમાં જ ન આવે તેવા કરે એ જ અભ્યર્થના.

— મે, ૧૯૫૪



17

# 'અનાહત ચક્ર'માંના ધબકારા

માનવજાત અનાદિ કાળથી મહાસત્યોનાં રહસ્યો શોધતી આવી છે. છતાં સાક્ષાત્ પ્રતીતિરૂપે છતી દેહે જ તેનાં નિરાકરણ થયેલાં જણાયાં નથી. ફક્ત એકાદ ગુણનું, ઐશ્વર્યનું, સત્તાનું, સામર્થીનું, અગર વિભૂતિ, અવતાર કે કોઈ દૈવીશક્તિનું પૃથ્વી ઉપર અવતરણ કરીને માનવજાતને સત્યમ્, શિવમ્ ને સુંદરમ્ તત્ત્વોના મહાપાઠો શીખવ્યા છે અને તે મુજબ સર્વાંગ સંપૂર્ણ જીવન જીવવા, અને તેનાં રહસ્યો સમજી પરમપદની પરમ પ્રાપ્તિ કરવા પ્રેરણા આપી છે; છતાં ય, સ્વભાવ ને વાસના ટળ્યાં નહીં અને પરમ મોક્ષ છતી દેહે જ અનુભવાયો નહીં.

જીવનનું આ રહસ્ય જેટલી સરળતાથી શ્રીજીએ સમજાવ્યું છે, તેવું ક્યાંય નજરે પડતું નથી. મહારાજે જ પ્રથમ 'કારણ શરીર'ની વાતો ઉપાડી અને છતી દેહે જ ચિત્તનો લક્ષ્ય અને લય તથા એકાંતિક ધર્મ સ્થાપિત કર્યો અને વેદોમાં વર્ણનરૂપે જ હતું એવું જે જીવન, તેવું ધામ, ધામી અને મુક્તોને મૂર્તિમાન પૃથ્વી ઉપર લાવીને સાકાર રૂપે કર્તાપણું સિદ્ધ કરીને પુરવાર કરી ગયા અને કલ્યાણનો માર્ગ ખુલ્લો મૂક્યો.

આમાં પ્રથમ એકડો ધબકારનું જ્ઞાન સ્વરૂપ, લક્ષણ અને તેને જીત્યાબાદ તેનું રહસ્ય તથા ફળનો આનંદ સમજાવ્યો. સનાતન અક્ષરબ્રહ્મના સાધર્મ્યથી જ ચેતના પ્રાણવાયુથી- અહમ્‌ના ભાવથી જુદી પડીને, સાકાર બ્રહ્મ સાથે જોડાય છે અને પરબ્રહ્મને પ્રકાશમાં સાક્ષાત્ નિહાળે છે. હૃદયમાં જ્યાં લાગણી થાય છે, જ્યાં રડવું આવે છે ત્યાં લિંગદેહના આશ્રયે, અણું સરખા પ્રકાશે યુક્ત જીવાત્મા સાથે 'અનાહત ચક્ર' સંકળાયેલું છે. તેનું મહાકાર્ય- તે ધબકારો, જીવનનો ધબકારો અને ચેતનાનો પ્રાણવાયુ સાથેનો સમન્વય છે. આમ સ્ત્રી કે પુરુષ, નાનાં-મોટાં પ્રાણી માત્ર આ ધબકારા ઉપર જ ટકે છે અને તેના પ્રકાશક, નિયંતા મધ્ય ૩૧ મુજબ ભગવાન જ અને સત્પુરુષ જ છે– તેવું જ્ઞાન તે જ 'આત્યંતિક મુક્તિ'નો માર્ગ છે.

ચૈતન્યને ચોંટવાનો સ્વભાવ; તે કાં તો લિંગદેહ માયામાં ચોંટે કે ભગવાનમાં ચોંટે. સત્પુરુષનો સમાગમ કરે એની સાથે આત્મબુદ્ધિને પ્રાપ્ત કરે, તો લિંગદેહથી છોડાવી ભગવાનમાં ચોંટાડી દે. પોતે તે જીવાત્માને પોતા જેવા કરી દે. પોતે અખંડ ભગવાન સાથે જોડાયેલા-તદાત્મકપણાને પામેલ છે, એટલે તે આશરાવાળા જીવાત્માને પણ છતી દેહે તદાત્મકપણું પમાડી દે.

ભગવાન સાક્ષી
કર્મ, ફળ પ્રદાતા રૂપે છૂપા રહે છે.

ચૈતન્ય + લિંગદેહ પ્રાણવાયુ તત્ત્વોનો દેહ ધબકારો, અહંરૂપધારી, નામધારી, પોતાને માની તેને સત્ય માને એટલે આધિ, વ્યાધિ, ઉપાધિ, કાળ, કર્મ, માયાનો ભોગ બને.

સંતની પ્રાપ્તિ થાય એટલે (તેનો આશરો કરે તો) ચૈતન્યને લિંગદેહથી તે ધબકારાને છૂટો પાડી ભગવાનમાં જોડે છે. તે જ ધબકારો ભગવાનના સંબંધે સત્તા, સામર્થી, ઐશ્વર્યવંતો બને છે. કાળ, કર્મથી પર બને છે. તેને મગન, છગન, જે પોતાની જાત મનાતી તેને બદલે સંત સ્વરૂપ પોતે છે એમ મનાઈ જાય છે.

ભગવાન + ચૈતન્ય
ધબકારો-સત્તા, સામર્થી
સત્-ચિત્ત-આનંદ રૂપ વરતે,
છતી દેહે દિવ્ય દેહ થઈ જાય.

લિંગદેહનો ધબકારો
નબળો પડી જઈ, ખરી પડે,
જગત ખરી પડે, નાશવંત-તુચ્છ મનાઈ જાય.

બંધન અવસ્થામાંથી ધબકારો છતી દેહે મુક્તદશા અનુભવે, ભોગવે ને પ્રાપ્ત કરે.

— ઑગષ્ટ, ૧૯૫૪



18

# આજ્ઞાનું તારતમ્યપણું ને રહસ્ય

શ્રીજી મહારાજે જનકલ્યાણ માટે કેવળ કરૂણાએ કરીને, આ ભરતખંડમાં ધામ, ધામી ને મુક્તો સહિત પધારી, સર્વોપરિ કલ્યાણ છતી દેહે જ મનાઈ જાય, તેવો સ્પષ્ટ સરળ માર્ગ મૂર્તિમાન બતાવ્યો. ઇંદ્રિયો-અંતઃકરણના સીમાડાઓ તપાસીને શિક્ષાપત્રી, ધર્મામૃત અને પરાવાણી રૂપે અનુભવ રહસ્યો (આપી) અક્ષરધામનો અર્ચિમાર્ગ સદાને માટે ખુલ્લો મુક્યો. તે મુજબ વચ. વડતાલ ૧૦, ૧૯, ૧૧ મુજબ ને પ્રથમ ૨૭, છેલ્લા ૨, ૨૬ મુજબ જે અખંડ ભગવાનને જ સર્વ પ્રકારે ધારી રહ્યા હોય, તેવા સાચા પ્રગટ સત્પુરુષ-પરમ એકાંતિક ભાગવત સંત થકી છતી દેહે જે મોક્ષનું દ્વાર ને એકાંતિક ધર્મ, ચારે વેદો ને પાંચમો બ્રહ્મજ્ઞનો બોલતો વેદ-એના ચરણોમાં વચ. પ્રથમ ૫૪, મધ્ય ૫૪ મુજબ પ્રતીતિરૂપે બતાવ્યા અને સર્વ કોઈ સત્સંગી નિયમ-ધર્મ મુજબ વર્તી, આજ્ઞા પાળે અને છેલ્લા ૨૧ મુજબ એકાંતિક ધર્મ સિદ્ધ કરે, તો ધામનું સુખ જરૂર જ અનુભવે, ભોગવે ને પ્રાપ્ત કરે તેમ સાબિત કરી બતાવ્યું. કરવાનું આપણે છે અને વચ. સારંગપુર ૧૦, ૧૧, કારિયાણી ૧૧, ૧, ૭ ને મધ્ય ૩૦, ૪૫, ૬૬ મુજબ 'નિર્વિકલ્પ નિશ્ચય'ની જ્ઞાનસમાધિ અને નિર્વિકલ્પ સ્થિતિ દેહ છતાં જ પામી શકે-તે સરળતાથી કરાવી દીધું. આવા સંત આપણને મળ્યા છે. તે પ્રગટ સ્વરૂપ પ.પૂ. ગુરુવર્ય યોગીજી મહારાજ થકી સર્વને આજ્ઞામાં ટૂક ટૂક વર્તાવી અખંડ દિવ્યભાવ રાખી, તેની સર્વ ક્રિયા ગમે ને હરિજન પ્રત્યે દિવ્યભાવ કાયમ રહે, તેમ સ્વધર્મયુક્ત વર્તી, નિષ્કપટપણે અંતર્દૃષ્ટિ કરી પ્રાર્થના કરવી, તો સ્થિતિ થતી જાય, તેવી પ્રતીતિ બતાવી છે-તે સિદ્ધ કરી લેવી. સ્વામિશ્રીજીએ આજ્ઞામાં તારતમ્યતાપણાનાં રહસ્યો નીચે મુજબ બતાવ્યાં છે. તે સ્થિતિવાળા જાણે છે, અનુભવે છે ને વર્તે છે-તે તપાસી લેવાં. આપણો સત્સંગ દર્પણ તુલ્ય છે. સર્વેનાં વાસના ને સ્વભાવ ખુલ્લાં જ દેખાઈ જાય, જેથી વર્તવાનું સુગમ પડે. માટે સૌ સૌના ગુરુ બની પરમ ગુરુ તરફ જ નિરંતર દૃષ્ટિ રાખી વર્ત્યા કરવું ને કોઈનું જોવામાં જરાય મન પરોવવું નહીં.

તો, તત્કાળ પ્રીતિની ખબર પડશે. બોલવાનું જ બંધ થઈ જશે.

**આજ્ઞાની તારતમ્યતાનું રહસ્ય :–**

(૧) પ્રગટ સૂર્ય વગર પ્રકાશ ન મળે, તેમ પ્રગટ ભગવાન કે સંત વગર કલ્યાણ ન થાય. માટે તે મળે, આપણા જ્ઞાન, અનુભવને કર્તૃત્વ પ્રમાણે આજ્ઞા કરે તે પાળીએ એટલે સંસ્કાર દૃઢ થાય ને મુમુક્ષુતા પ્રાપ્ત થાય. ઉપર ઉપરની શાંતિ દેખાય, આશરો દૃઢ થતો જાય ને વ્યવહારિક સેવાભક્તિમાં જ મન રમતું રહે; પણ અંતઃકરણમાં ઘાટ ઊઠે. અભાવ-અવગુણમાં લેવાઈ જવાય, પ્રકૃતિ નડે અને સત્સંગમાંથી એકલા થવાનું, છોડી દેવાનું પણ મન થઈ જાય; છતાં સત્પુરુષ સાચા છે તે માન આપીને, હેતે કરીને, સંકલ્પો થોડાક પૂરા કરીને જાળવે છે. છતાં સાચી આજ્ઞા શું છે તે સમજાતી નથી. પણ નિયમમાં રહી ત્યાગી ને ગૃહસ્થના ધર્મેયુક્ત વર્તે છે તેથી, ને ઉપાસના દૃઢ હોઈ, આશરાથી જ કલ્યાણ કરે છે. પણ મૂર્તિનું સુખ કે એકાંતિકપણું સિદ્ધ થતું નથી. માટે મનુષ્યદેહના પચાસ-પચાસ વર્ષના પટ્ટાના ધબકારાઓ સ્વામિશ્રીજી બક્ષે છે ને તપ અને અનુવૃત્તિમાં રાખી પ્રગટમાં જોડી, ભીડામાં લઈ આત્યંતિક કલ્યાણ કરે છે.

(૨) આશરો દૃઢ થતાં, સગાં વ્હાલાં છે તેવું હેત પ્રગટમાં થતાં, દોષ દેખાય તોય ચલાવી લઈએ છીએ. બબડાટ ચાલુ હોય, પણ સ્પેશિયલ ટ્રેનમાં થયું તેમ વાયુ મંડળ આવે, માયા પ્રવેશે ને તત્કાળ સત્પુરુષની દૃષ્ટિને સમીપતા હોવાથી ઊડી જાય તે દેખાય ને દિવ્યદૃષ્ટિ કેળવાતી જાય. આમાં 'निजात्मानम् ब्रह्मरूपम्' પ્રમાણે સત્પુરુષ વર્તાવે છે. જેટલું ખમાય, જેટલી સવિકલ્પ ઈચ્છાઓ હોય, તેટલી જ આજ્ઞા કરે અને તેટલી જ અંતરમાં શુભ સંકલ્પોની પ્રેરણા થયા જાય. છતાં ય એકાંતિકપણું સિદ્ધ થતું નથી, સમગ્ર સત્સંગ આપણો મનાતો નથી, અખંડ દિવ્યભાવ ટકતો નથી અને સ્વામિશ્રીજીનો મહિમા-સર્વેશ્વરપણું, અંતર્યામીપણું, સર્વજ્ઞપણું મનાતું નથી. ચૈતન્યને વિષે સમીપપણું રહેતું નથી, ફકત સાક્ષીરૂપે બળજબરીથી સંત વર્તાવે છે. કેટલાક સંકલ્પો પૂરા કરે છે, જેને અંગે જોડાઈ રહેવાય છે. પણ વધુ બળની-સગાંવ્હાલાંને ગણકાર્યા વિનાની ધન, ધામ, કુટુંબ દેહાભિમાન મરડીને આજ્ઞા કરે તો અંતરે દુઃખ થાય, પણ પરાણે કરાવે છે. કારણ કે 'કારણ શરીર' ટાળવાનું ઑપરેશન કરવાનો હવે વખત આવ્યો અને ધામના સાક્ષાત્ સ્વરૂપ

વગર બીજાથી થાય નહીં. સીતાજી, રાધાના તથા ઋષિઓના પાશ ગયા નહીં. નિર્ગુણ થવાય જ, પણ સ્વભાવ ન છોડાય. ઘોડાનું ચરણામૃત પીવાનું તથા સ્ત્રીઓ હોય ત્યાં ભેળું દર્શન કરવાની આજ્ઞા મહારાજ કરે તો ય વિવેક વાપરતાં આવડે નહીં, જેથી જીવ દુ:ખિયો રહે છે અને સાચું સ્વરૂપ પામવા ઝંખે છે. મમતા મહારાજ કે સંત છતી દેહે જ ઉડાવી દે છે અને આપણને જે વ્હાલામાં વ્હાલું હોય, તે પ્ર. ૪૪ મુજબ-તેના સિવાય બીજે પ્રતીતિ જ ન રહે, માટે ઉડાવી દે છે, લઈ લે છે અને સાથે સાથે બળ આપે છે, લક્ષ્યાર્થ સ્વરૂપ દૃઢ કરાવે છે. પણ અહંતા જતી નથી, મહિમા દૃઢ રહેતો નથી ને દિવ્યપણું, જાણપણું ને સ્વામિજીનું સમીપપણું (જીવમાં) અખંડ રહેતું નથી.

(૩) દેખાતા રાગો, આશાઓ, ભાવનાઓ, સેવા કરવાની તમન્નાઓ, ઊર્મિઓ, શુભ કે અશુભ સંકલ્પોનો સદાય વિરામ કરવા, અવ્યક્ત રાગો ઉડાવી દેવા, આ આજ્ઞામાં સત્પુરુષ અહમ્‌ભાવને ઉડાડે છે. દોષો મૂર્તિમાન દેખાડે, મનની કોઈ જ ઇચ્છા પૂરી ન કરે અને બ્રહ્મદર્શન કરાવી, એકાંતિકપણું સિદ્ધ કરાવી દે; જેથી સત્સંગમાં દિવ્યભાવ અખંડ રહે. આવો ભક્ત આત્મનિષ્ઠા ને સ્વામિજીનો અપાર મહિમા અંતરમાં ને જીવમાં સમજે છે ને જીવતદાશ્રિત અનુભવ જ્ઞાન વચ. લોયા ૭, કારિયાણી ૭, પંચાળા ૭ મુજબ થયું છે; તેથી ધીરજથી, શાંતિથી સત્સંગમાં વધતો જાય છે. ધ્યાન ને પતિવ્રતાપણું આજ્ઞા પ્રમાણે સિદ્ધ કરે છે. છતાં ય 'મહાકારણ'ના ભાવ, પ્રકૃતિ-પુરુષનું જાણપણું કે હું સ્ત્રી છું, પુરુષ છું, તેવો ભાવ ટળેલો અખંડ રહેતો નથી. જાગ્રતમાં જાય તો 'મહાકારણ'માં રહે છે. પ્રત્યક્ષ આત્માનું જાણપણું રહે છે. અખંડ સાક્ષીપણે, જાણપણે વર્તે છે છતાં ય સ્વરૂપ-સ્વરૂપી ભાવે, બ્રહ્મરૂપે પરબ્રહ્મના પ્રગટ સ્વરૂપમાં સમ્યક્‌ભાવે જોડાવામાં, ધામરૂપ બની લોયાનો છેલ્લો નિશ્ચય સિદ્ધ કરવાનો રહે છે. તે વચ. અમદાવાદ બીજા પ્રમાણે પ્રગટ સંત ઉપશમમાં લઈ જઈ, દેહ ને આત્માને સદંતર છૂટા પાડી દઈ કરાવે છે; જેથી સર્વ દિવ્ય બની જાય છે. ઈયળની ભમરી દેહ છતાં જ થઈ જાય છે. આજ્ઞા ને ઉપાસનાની બે પાંખો દૃઢ થતાં તે નિર્બંધ, નિર્લેપ બને છે ને સ્વાધીન થકો સ્વતંત્ર વર્તે છે ને માયિકભાવ ટાળી ભજન કરે છે.

(૪) છેલ્લી કક્ષામાં પાંચેય શાસ્ત્ર કરીને પ્રગટ સ્વરૂપમાં જોડાવાય છે.

માયિકભાવ માત્ર ઊડી જાય છે. અખંડ જાણપણું, નિર્વિકલ્પપણે સર્વોપરી પ્રગટને સમજી જોડાઈ જાય છે. સ્વરૂપ બની સ્વરૂપીના મૂર્તિમાન સ્વરૂપને અખંડ ધારી રાખે છે. ત્યારે જ આજ્ઞા કરવાની રહેતી નથી. વિધિનિષેધ અડતા જ નથી. નિર્ગુણમૂર્તિ ભક્ત છે, છતાં સમર્થ થકા ઝરણા કરવાની, ઉપશમના ચૈતન્યને ઠારીને દિવ્ય સ્વરૂપ બનાવી, તે ભક્ત મનુષ્યરૂપે જ વર્તે છે અને સ્વામિજીની મરજી, રહસ્ય, સિદ્ધાંત ને અભિપ્રાય મુજબ જ ક્રિયા કરે છે ને બીજાંને પણ તે મુજબ ભજાવે છે.

આમ, આજ્ઞામાં તારતમ્યપણાનું રહસ્ય વગર વિચારે કોઈએ સમજી લેવું ન જોઈએ; પણ પ્રગટ સંતની મહિમા સહિત અપાર સેવા કરે તો જ જણાય. અને, કૃપાદષ્ટિ વિના હૃદયગ્રંથિ ટળતી જ નથી. માટે આજ્ઞાનો છેવટનો લય હૃદયગ્રંથિ, પ્રકૃતિ-પુરુષનો ભાવ ટળે, ત્યાં સુધી થતો નથી. તે દરેકે સમજી રાખવું ને વચ. કારિયાણી ૧૨ મુજબ સ્મૃતિ સહિત ધ્યાન ને પ્રગટનું વચન દિવ્ય સમજીને મંડયા રહેવું ને નામી સ્વામિનારાયણ ભગવાન જ એક સર્વોપરી છે ને ગુણાતીત મૂળબ્રહ્મ અનાદિ સ્વરૂપ છે તેમ દૃઢ કરી, આજ્ઞા-ઉપાસનારૂપી પાંખો સિદ્ધ કરવી; જેથી દેહ છતાં જ વિદેહીમુક્ત, અક્ષરમુક્તની પંક્તિમાં ભળાય.

માનવ જીવનનો આ જ અંતિમ આદર્શ છે ને તે પ્રગટ સત્પુરુષ વગર મનોમય, પ્રાણમય, અન્નમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષો કેવળ આત્માના જ્ઞાને કે ઉપરની ભક્તિએ સિદ્ધ થતાં જ નથી કે ઓળખાતા ય નથી, ને સમ્યક્ દર્શન પણ વચ. છે. ૩૬ મુજબ થતું નથી – તેમ મહારાજે કહ્યું છે તે વિચારી લેવું. પ્રગટ ગુરુ યોગીજી મહારાજ સર્વને આવું અલૌકિક સુખ બક્ષે એ જ પ્રાર્થના છે.

—જાન્યુઆરી, ૧૯૫૫



19

# નિર્વાસનિક થવાના ઉપાયો

## ભક્તિ અને મુક્તિ

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના શ્લોક ૧૧૬માં ભક્તિ કરવાની રીત બતાવી છે. ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ થકી ન્યારૂ પોતાનું સ્વરૂપ 'બ્રહ્મ' સમજીને જ ભક્તિ કરવાની કહી છે. એવી રીતે બ્રહ્મરૂપ થકો સ્વામિશ્રીજીની સેવા નિરંતર કરે, તેને જ 'મુકત' ગણેલ છે (જુઓ શ્લોક ૧૨૧). આવી આત્યંતિક મુક્તિ પામવા માટે દરેક જીવાત્માને બ્રહ્મરૂપ તો થવું જ પડે છે – એમ સનાતમ સિદ્ધાંત શ્રીજી જણાવે છે. માટે બ્રહ્મરૂપ થવા પ્રગટ નિર્વાસનિક અને ભગવાનને અખંડ ધારણ કરનારા એવા સંતની જરૂર પડે છે. આવા વડવાનળ અગ્નિસમા બ્રહ્મસ્વરૂપ સંત વચ. વડ. ૧૯-૧૦ મુજબ જરૂર જરૂર ભરતખંડમાં વિચરણ કરી રહેલા હોય છે જ. તેની ઓળખાણ થાય તો જ જીવ 'ભકત' બને છે અને આત્યંતિક મુક્તિને દેહ છતાં જ પ્રાપ્ત કરે છે.

હવે બ્રહ્મરૂપ થવા માટે પ્રથમ પગથિયું નિર્વાસનિકપણાનું છે; તે સિદ્ધ થાય, ત્યાર બાદ એકાંતિકપણું સિદ્ધ થાય અને ત્યાર પછીથી આત્માને વિષે પરમાત્માને ધારણ કરવાની શક્તિ આવે છે, જે છેલ્લા પ્રકારનો સત્સંગ પ્રાપ્ત થયો ગણાય છે. માટે વચ. અમદાવાદ-૨ મુજબ જ્ઞાનપ્રલય કરવા અને બ્રહ્મ-પરબ્રહ્મના પાંચમા ભેદની રહસ્ય વાત સમજવા માટે એકાંતિકના લક્ષણે યુકત બનવું જ પડશે. અનન્ય ભકત થયા બાદ નિર્વાસનિકપણું સિદ્ધ થાય, ત્યારે જ એકાંતિક ભકત થવાય છે, જે માટે પ્રગટ સત્પુરુષની અગત્યતા અને અનિવાર્યતા ગણાઈ છે. શ્રીજી મહારાજે પણ એવા બ્રહ્મસ્વરૂપે વર્તતા સંતમાં જ અસાધારણ પ્રીતિ અને વચનમાં વિશ્વાસ કરવાનું વચ. વડતાલ ૧૧માં જણાવ્યું છે. તો, વચ. પ્ર. ૨૭, છે. ૨૬ વિગેરે વિચારી જોવાં.

મહારાજે અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ 'વચનામૃત' તથા 'સ્વામીની વાતુ'માં તથા 'વેદરસ'માં નિર્વાસનિક થવાના મહામોટા ચાર ઉપાયો બતાવ્યા છે. પ.પૂ. સદ્ગુરુ શાસ્ત્રીજી મહારાજે તથા પ્રગટ ગુરુવર્ય

યોગીજી મહારાજે સરળમાં સરળ પાંચમો માર્ગ બતાવ્યો છે જે સર્વેએ વિચારવો અને ગ્રહણ કરવા પ્રયત્ન કરવો ; કારણ કે પ્રગટ સંતના વચન થકી જ વિષયોના અવ્યકત રાગ ટળે છે (વચ.પ્ર. ૬૦) અને નિર્વાસનિક થવાય છે, જેથી બ્રહ્મરૂપે ભકિત કરતાં આવડે અને શિક્ષાપત્રી શ્લોક ૧૨૧ મુજબ દેહ છતાં જ આત્યંતિક મુકિત પામી શકાય છે.

**મુખ્ય પાંચ ઉપાયો :–**

(૧) આત્મનિષ્ઠા અને ભગવાનનું અતિશય માહાત્મ્ય; વચ. પ્ર. ૭૩, પ્ર. ૬૦, ૧૧, છે. ૧૮ વિચારવાં,

(૨) પંચવિષયમાં અત્યંત અરૂચિ, આત્મનિષ્ઠાની અતિશય દઢતા અને ભગવાનનો અપાર મહિમા સમજવો.

આમાં સર્વોપરી ઉપાસના સમજી આજ્ઞા પાળવાની વાત મુખ્ય છે. સત્પુરુષની આજ્ઞામાં ટુક ટુક રહીને દઢ નિષ્ઠા રાખી ભજન કરે, તો વિષયો ઊડી જાય છે.

(૩) ધ્યાન અને વચન: અવ્યકત રાગો ટાળવા માટે કારિયાણી ૧૨, છેલ્લા ૩૯ (મુજબ) સંતની સ્મૃતિ સહિત સ્વામિશ્રીજીનું ધ્યાન અને વચન ધારવાં પડે, જેથી કારણ શરીર ઊડી જશે અને વચ. મધ્ય ૩૧ તથા છેલ્લા ૩૯ મુજબનો બ્રહ્મનો મનન દ્વારા સંગ કરી, અંતર્દષ્ટિ કરી, વિચારને પામી આત્મા પરમાત્માનો વેગ લગાડી દે અને વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી મંડી પડે, તો તત્કાળ નિર્વાસનિક થઈ જવાશે; તેમાં જરાય સંદેહ નથી.

(૪) પ્રગટ સંતની ક્રિયા ગમે, તેનું સ્વરૂપ નિર્દોષ સમજાય અને તે કહે તેમ કરે તો પણ વાસના સરળતાથી જીતાય છે. તપ, ત્યાગ, વ્રત, દાન કે ગમે તેટલા પ્રયત્નો કરે, નિર્વિકલ્પ સમાધિ થતી હોય, છતાંય વિષયોના અવ્યકત રાગો ગયેલા હોતા નથી ને વાસનાએ કરી(ને) જીવ દેહમાં આવે છે. તે પ.પૂ. યોગીજી મહારાજ જેવાં પ્રગટ સંતના સ્વરૂપને નિર્દોષ સમજતાં અને તેમની સર્વ કોઈ ક્રિયા ગમે ને વચન મનાય, તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય અને દેહ છતાં જ વાસના રહિત થઈ જાય. પણ, આવા સંતમાં અખંડ દિવ્યભાવ રહેવો અતિ દુર્લભ વાત છે. બાકી સ્હેજમાં જ વગર સાધને વાસના જીતાડી દે.

(૫) સરળમાં સરળ માર્ગ, મૃત્યુલોકમાં કળીકાળમાં થોડાકાળ જીવવું અને નિર્વાસનિક થઈ ભજન કરતાં આવડે તે માટે, પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે અને ગુરુવર્ય યોગીજી મહારાજે આપણને નિર્દોષબુદ્ધિ અને હરિભક્તોમાં દિવ્યભાવ, 'સત્સંગ'માં સત્પુરુષમાં આત્મબુદ્ધિ રાખવે કરીને, બતાવ્યો છે. તે સર્વને સુગમ પડે તેમ છે.

ફક્ત એક શ્રીજીનો જ આશરો રાખીને પ્રગટ સંતમાં અખંડ નિર્દોષબુદ્ધિ રાખી, અતિશય સેવા કર્યા કરે અને તેને વિષે નિષ્ઠાવાળા હરિભક્તોમાં દિવ્યભાવ જોઈને ફક્ત તેમના ગુણો જ ગાયા કરે, એટલામાં જીવ નિર્વાસનિક બની જાય છે ને બ્રહ્મરૂપ થઈ જાય છે.

આ ઉપાયોમાંથી કોઈ જ અંગમાં આપણને સુગમતા પડતી ન હોય, તો છેવટનો એક માર્ગ બાકી રહ્યો છે, જે વચ. પ્ર. ૫૮, મધ્ય ૭ મુજબ ગ્રહણ કરવો કે 'હું તમારો જ છું' અને 'તમે મ્હારા છો'. આ અતિશય દૃઢપણે માનીને પોતાના દોષો જોતા રહીને ગુલામની માફક સેવા કર્યા કરે, તો પણ જીવ નિર્વાસનિક થઈ જાય.

માટે સર્વેએ આ સરળ માર્ગો સત્પુરુષ થકી સિદ્ધ કરવા અને દેહ છતાં જ બ્રહ્મરૂપ બની, સર્વોપરી ઉપાસના દૃઢ કરીને સ્વધર્મેયુક્ત જીવન જીવવું; જેથી નિર્ગુણ સુખ અનુભવાશે, ભોગવાશે અને પ્રાપ્ત થશે. સૌ રાજી રહેશો, ભૂલચૂક માફ કરશો.

— ડિસેંબર, ૧૯૫૫



20

# સત્સંગની પારાશીશી

વેદોમાં, ઉપનિષદોમાં અને અનેક બીજાં ધર્મશાસ્ત્રોમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન આવે છે અને તેના સંતોનાં, હરિભક્તોનાં, મુક્તોનાં, ભીડો ખમનારાનાં, અનુવૃત્તિ પાળનારાનાં ચરિત્રો પણ ઘણી અલંકારિક અને વિશેષણોથી ભરપૂર એવી ભાષાઓમાં લખાએલાં છે. આવાં ધાર્મિક પુસ્તકોનું, જેમકે– ગીતા અને ભાગવતનું શ્રાવણ માસમાં પારાયણ પણ ઘણાં કરે છે. છતાં કલ્યાણની પ્રતીતિ આવતી નથી અને અંતઃકરણની કાયમી શુદ્ધિ થતી નથી ને દેહ છતાં જ વાસના ટળીને, પ્રકૃતિ બદલાઈ, બ્રહ્મરૂપ થઈ ભગવાનનો સાક્ષાત્કાર પણ થતો લાગતો નથી. અનેક વાર કથાઓ, ભજનો, કીર્તનો કરવા છતાં, ભગવાનના સ્વરૂપનાં સુખ, શાંતિ કે આનંદ પણ અનુભવાતાં નથી. ઉપર-ઉપરની સાત્ત્વિક સુખ કે મન, પ્રાણ, અન્ન, વિજ્ઞાન કે આનંદમય કોષોની શાંતિને સાચી માની લઈ અપરિમિત અનંતગુણે, ઐશ્વર્યેયુક્ત એવા સર્વોપરિ ભગવાનની ઝાંખી સરખી પણ થતી લાગતી નથી. આ બધાંનું મૂળ કારણ સાચા જ્ઞાન અને સાચા સત્સંગનો અભાવ છે. માટે ભગવાનને ધારણ કરનારા નિર્વાસનિક સંત થકી જ સત્શાસ્ત્રનું સેવન થાય, તો જ સાચો સત્સંગ દૃઢ થાય અને દેહ છતાં જ ઈયળની ભમરી બની આજ્ઞા અને ઉપાસનારૂપી બે પાંખો દૃઢ કરી, અક્ષરધામનું અલૌકિક સુખ પ્રાપ્ત કરાય અને નમ્રભાવે સમગ્ર સત્સંગને દિવ્ય સમજી, નિર્દોષબુદ્ધિ કેળવી સેવા થતી જાય. આપણને સાક્ષાત્ દિવ્યમૂર્તિ સંત પ.પૂ. યોગીજી મહારાજરૂપે સાંપડ્યા છે ને દિવ્યસુખ આનંદ નથી લઈ શકાતાં, તેથી અંતર્દૃષ્ટિ કરીને સત્સંગની પારાશીશી જરૂર સૌ કોઈએ–આપણે માપવી જોઈએ; જેથી આપણી આધ્યાત્મિક ભૂમિકા અને દેહ છતાં જ ધામનું નિર્ગુણ સુખ લેવાની સ્થિતિનું ભાન થઈ જાય અને જાણપણું રહેતું જાય. આવી અંતરની તપાસ શુદ્ધભાવે કરનારને સ્વામિશ્રીજી ને સંતો પ્રગટપ્રમાણ પ્રતીતિ કરાવી દે છે જ ; તેની સૌએ ખાત્રી રાખવી ને ગુરૂમુખી બનીને કહે તેમ કરવા મંડી પડવું.

કલ્યાણ તો પ્રગટ સંત અને સ્વામિશ્રીજીનો આશરો થયો છે, તેથી નિશ્ચિત જ છે; પણ સુખ લેવાની વાત આવે, સ્થિતિ પ્રાપ્ત કરવાની વાત આવે, ત્યાં તો જેમ શ્રીજી મહારાજે સદ્‌ગુરુ પ્રેમાનંદસ્વામીને મૂર્તિનું વર્ણન સાંભળ્યા પછીથી પણ કહેલું કે 'અંતરનો રાજીપો' મેળવવો હોય, તો તો સાચા સંતને સેવી તે માટેનાં સાધન કરવા પડશે ને તો જ દિવ્યમૂર્તિ સિદ્ધ થશે અને અખંડિત રહેશે ને જાણપણું નિરંતર રહીને સદાય સુખ અને અહોહોપણું વર્ત્યા કરશે. માટે આપણે સર્વેએ આવા મહાન ગુરુ મળ્યા બાદ આપણા નિશ્ચયમાં, આશરામાં, સત્પુરુષની આજ્ઞામાં કે અખંડ અનુસંધાનમાં કેટલું ઉત્થાન થયા કરે છે, કેટલું જાણપણું ભૂલાઈ જવાય છે ને સંતો અને નિષ્ઠાવાળા હરિભક્તોમાં કેટલો મનુષ્યભાવ પરખાઈ જાય છે તે અવશ્ય તપાસી લેવાની આવશ્યકતા છે; જેથી પ્રગટ સંત પાસે નિષ્કપટ થઈ, નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવ દૃઢ કરવા માટે નડતી કસરો અગર પ્રગટ સંતમાં સર્વોપરિપણે અસાધારણ હેત ને પ્રીતિથી જોડાઈ જવાની કસરો દૂર કરવાનું સુગમ પડે ને જીવ બળને પામી જાય. વાણિયા જેમ પાકુ નામું રૂડા અક્ષરે રાખે છે, તેમ નાનામાં નાની ઊર્મિ, પ્રેરણા, ભાવ, વૃત્તિ કે વેગની તીવ્રતા સર્વ બાજુથી તપાસવી જોઈએ, જેથી મધ્ય-૪૫ મુજબનાં ૫૧ ભૂતડાં કે માયિકભાવોને દૂર કરવાની કળા સાધુ પાસેથી સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.

વિષયો સુખ દુ:ખરૂપ જ છે એમ જાણવા છતાં ય અવ્યક્ત રાગો ખેંચી જાય છે. આવી તીવ્ર વાસના કે પ્રકૃતિને સદંતર દૂર કરવા માટે જ સ્વામિશ્રીજીએ અને ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજે પીરસેલી થાળીરૂપે, બહુ જ સરળતાથી સુગમ પડે તેમ ગુણાતીત જ્ઞાનની વાતો આપણા અંતરમાં મૂકી દીધી છે ને અતિશય હેતે કરીને અને અંગત સંબંધ રાખીને આપણને જાળવ્યા છે; જેથી તેવા સબીજ જ્ઞાનનાં ઝાડ થવા પામે ને સુહૃદ્‌ભાવે સર્વ કોઈ તેનાં અમૃતરસ સબરસરૂપે ભોગવે ને અન્યને આપી શકે.

આવી સર્વોપરિ પ્રકૃતિપુરુષથી પરની સબીજજ્ઞાનની વાતો મોટા-મોટા પંડિતો કે શાસ્ત્રજ્ઞો પણ સમજી શકે તેમ નથી, તે ભલાભોળા ગામડાંના હરિભક્ત સહેજે જ પચાવી શક્યા છે અને સ્વરૂપનિષ્ઠા પરિપક્વ કરીને હવે સંઘનિષ્ઠારૂપે, સુહૃદ્‌ભાવરૂપે, નિર્દોષબુદ્ધિરૂપે આવા જ્ઞાનની સૌરભ સૌ કોઈને પમાડી શકવા સમર્થ બન્યા છે તે આપણાં મહામોટાં અહોભાગ્ય જ ગણાય અને તે સર્વ

પ્રગટ ગુરૂવર્ય યોગીજી મહારાજની દૃષ્ટિ વડે જ થઈ રહ્યું છે અને થતું જાય છે, તેટલું જ સમજવાનું છે. તેમાં જરા પણ ભૂલથાપ ન થાય, તે સૌ કોઈને તપાસી લેવા વિનંતી છે. આ જ્ઞાનની છેવટની કક્ષામાં આત્મા અને પરમાત્મા જ રહે છે અને ધામ, ધામી ને મુક્તોની દિવ્યભાવે નિર્દોષભાવે જ સેવા થયા જાય છે, જ્યાં અખંડ અલૌકિક આનંદ, સુખ ને શાંતિ દેખાય છે ને પરમપદ, પરમ કલ્યાણની દેહ છતાં જ પ્રતીતિ આવે છે.

અહોહો ! કેવા મહાન સંત મળ્યા છે કે જેના સાચા પ્રસંગ થકી જ વાસનાનો ક્ષય અને પ્રકૃતિનું પરિવર્તન દેહ છતાં જ અનુભવાય ! સર્વ શાસ્ત્રોનું અને ધર્મોનું અંતિમ રહસ્ય અને ફળ આવા સત્સંગથી જ પ્રાપ્ત થાય છે. માટે પ.પૂ. યોગીજી મહારાજ અને સંતોનો સમાગમ કરી લેવા ઉપર તાન રાખવું. તેમની વાતો ઉપર વિચાર કરવો ને એકાંતમાં બેસી અંતરમાં ધારવી અને ઊંડું નિરીક્ષણ કરવું; તો જવાબ તરત જ મળી જશે અને આપણી વાસના, સ્વભાવ કે પ્રકૃતિ તરત જ દેખાઈ પણ જશે. આપણે કઈ કક્ષા તરફ જઈ રહ્યા છીએ અને પ્રગટ સંત થકી અંતિમ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવામાં શું આડે આવે છે, તે નોંધ કરી દૂર કરવા પ્રયત્ન કરવો.

(૧) પ્રથમ કક્ષા મુમુક્ષુની છે ને **આશરો** જ પ્રધાનતત્ત્વ છે. જેવું જગતમાં, તેવું મંદિરની ક્રિયામાં ને સત્સંગમાં. સ્વભાવો પોષાય ત્યાં સુધી નભે જવાય, નહીં તો દુઃખ થાય.

(૨) **આજ્ઞા**–મધ્ય ૫૧ મુજબ ટુક-ટુક પાળે તો દેશકાળ લાગે નહીં અને વિષયના ઘાટ નડે નહીં. આમાં ધર્મ, નિયમ અને સ્વરૂપનિષ્ઠા સમાઈ જાય છે, પણ અખંડ વૃત્તિ રહેતી નથી.

(૩) **અનુસંધાન**–અખંડ ધ્યાન અને ભજન જીવમાં થયા કરે. અવ્યક્ત રાગો ટળતા જાય છે, તેમ-તેમ મૂર્તિનું દિવ્ય સુખ મળ્યા કરે છે. એકાંતિકપણું સિદ્ધ થાય છે અને કોઈનો ય અભાવ-અવગુણ કે દ્રોહ આવતો નથી.
કાં તો હેતે કરીને આવું અખંડ અનુસંધાન પ્રાપ્ત કરવું પડે છે, જેથી દોષો નડી શકે નહીં. અપાર હેતવાળા ભક્તો દેહના ચુરા કરીને પણ ગુરૂજીની આજ્ઞા મહિમાએ સહિત પાળે, તેથી તેમને નિશ્ચય કે નિષ્ઠાએ કરીને પણ અખંડ અનુસંધાન 'કૃપા' થકી સિદ્ધ થઈ જાય છે.

(૪) **એકતા**—સાધર્મ્યપણું : ફક્ત આત્મા ને પરમાત્મા બે જ રહે તેવી છેલ્લી બ્રાહ્મીસ્થિતિ કહેવાય છે. આમાં અખંડ જાણપણું રહે છે. દાસભાવે, નિષ્કામભાવે સમગ્ર સત્સંગની સેવા થયા કરે છે. જરા ય અહંતા કે મમતાનો ભાર, કર્તવ્યનો ભાર, ઐશ્વર્યનો રાગ કે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યનું જરા પણ અભિમાન જણાતાં નથી. સર્વ ક્રિયા નિર્ગુણ બની જાય છે. મધ્ય-૬૬, મધ્ય-૩૦, અમદાવાદ-૨, છેલ્લા-૧૧, ૩૯ વિગેરે મુજબની સમાધિ (વચ.) પ્રથમ ૨૪ મુજબ અખંડ રહે છે.

સ્વામિશ્રીજી સૌ હરિભક્તોને દેહ છતાં જ આવી અલૌકિક સ્થિતિ પ્રાપ્ત કરાવે અને નિર્દોષબુદ્ધિ દૃઢ કરાવી, સમગ્ર સત્સંગ દિવ્ય મનાય તેવી દૃષ્ટિ કરે એ જ પ્રાર્થના છે.

પળે-પળે, પ્રસંગે-પ્રસંગે, સ્થિતિ બદલાતાં ચારે ય યુગના ધર્મ (એક) દિવસમાં જ દેખાય છે અને ઘણો જ સમાગમ કરવા છતાં મનની, અહમ્‌ની પારાશીશી સ્હેજ-સ્હેજમાં જ વધતી-ઓછી થઈ જાય છે ને સ્થિતપ્રજ્ઞતા કે સ્થિરતા કે એક જ ભાવ સત્પુરુષ અને સ્વામિશ્રીજીને વિષે નથી રખાતો તે જ ખામી છે. તે સૌએ ગુરુજીને પ્રાર્થના કરી દૂર થાય તેમ પ્રયત્નો કરવા ને અખંડ જાણપણું સિદ્ધ થાય, તેવી કૃપા કરે એ જ વિનંતી છે.

— **જાન્યુઆરી, ૧૯૫૬**



21

# અંતરનું કુરુક્ષેત્ર અને બળતાં ઘર

શ્રીજી મહારાજે સર્વ શાસ્ત્રોનું રહસ્ય અને સાર બહુ જ ટુંકામાં સરળતાથી વચનામૃતો, શિક્ષાપત્રી અને ભક્તચિંતામણિ જેવા ગ્રંથોમાં મૂકી દીધો છે, જે જીવનમાં પ્રગટ સત્પુરુષની સેવા અને સમાગમ થકી મૂર્તિમાન કરી શકાય છે. માટે દરેક જણે કુરૂક્ષેત્રની બાહ્ય અને અંતરની લડાઈનો, સાચો સત્સંગ કરીને, વેળાસર જ અંત લાવવો જેથી અંતરે સુખ, શાંતિ અને આનંદ કાયમ રહ્યા કરે.

પુરુષ અને પ્રકૃતિનાં આવાં રમખાણો દરેકના જીવનમાં ઉપસ્થિત થાય છે જ. વળી ઇંદ્રિયો, અંતઃકરણના સીમાડાઓ તપાસીને સ્વામિશ્રીજીએ સરળ માર્ગો નિર્વાસનિક થવાનાં બતાવ્યાં છે, જેથી દેહ છતાં જ વિક્ષેપો, કલેશો, રાગો અને સ્વભાવો ટળીને સાક્ષાત્ જ્ઞાન પ્રાપ્ત થાય ને ધામનું સુખ લેવાય.

વિષયોનું બાહ્ય સુખ અને રમણીય ખોટા વિષયોના અવ્યક્ત રાગો માટેની અંતરની સદાની લડાઈ અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે. આવાં કરુક્ષેત્રો સત્સંગ કરતાં ટળતાં જાય છે અને જીવ શુદ્ધ બનતાં પ્રકાશરૂપ બની, જાણપણે રહે છે અને નિર્માનીપણે સેવા-ભક્તિ કરતો થઈ જાય છે.

સુખ અને દુઃખ, માન અને અપમાન, હર્ષ અને શોક, જીવન અને મરણ, અહંતા અને મમતા તથા અનેક મનમુખી ક્રિયાઓના ક્લેશોનો અંત સાચા સત્પુરુષ જ લાવી શકે છે. માટે આવા સંતને પ્રગટપણે સર્વોપરીપણે માનીને, ગીતાના અર્જુન બનીને, શ્રદ્ધા રાખી વળગી પડવું, જેથી અંતરની આવી સનાતન લડાઈનો જલ્દીથી અંત આવી જાય. આધિ, વ્યાધિ, ઉપાધિ અને અધ્યાત્મ, અધિભૂત તથા અધિદૈવ આપત્તિઓમાં ભીંસાતાં અનેક જીવનોરૂપી બળતાં ઘરોને સાચી શાંતિ આપનાર, અંતરની હોળીઓ શમાવનાર ગુરુજી (પ.પૂ. યોગીજી મહારાજ) આપણને સાક્ષાત્ મળ્યા છે. પ્રકૃતિ-પુરુષથી પરનું આવું ‘ગુણાતીતજ્ઞાન’ બક્ષીસ આપી અંતરને શાંત પાડી, સાચા સંત દીવે દીવો પ્રગટાવે છે અને આવાં જાગતાં મંદિરો-ચૈતન્ય મંદિરો પ.પૂ. પ્ર.બ્ર. યોગીજી મહારાજ અને સંતો

તૈયાર કરી રહ્યા છે. તેમાં, આપણે તેમની આજ્ઞા મુજબ વર્તી શકીએ, તેવી સર્વ કોઈ શુદ્ધભાવે પ્રાર્થના કરે, તો જરૂર પ્રગટપણાની પ્રતીતિ થઈ જશે; દિવ્યાનંદ અનુભવાશે અને 'કારણ શરીર'ની ભઠ્ઠીમાંથી શુદ્ધ થઈને સફળતાપૂર્વક બહાર નીકળી જવાશે. જન્મમરણના ફેરા ટળી જાશે અને ચૌદેય ઇંદ્રિયોનાં બળતાં ઘરો જીવને સાંપડયાં છે, તે સર્વને કુરુક્ષેત્રની લડાઈ આળસી જશે. માટે સંપૂર્ણ મહિમા સમજીને સંતોનો સમાગમ અને સેવા સર્વેએ કરી લેવાં અને કોઈનો ય અભાવ-અવગુણ લેવા નહીં, જેથી તેવી સ્થિતિ અખંડ રહે.

— ફેબ્રુઆરી, ૧૯૫૬



22

# ધ્યાનની સમજણ

અનંત પ્રકારના ધ્યાન શાસ્ત્રમાં, અનુભવમાં અને વર્ણનમાં આવે છે. પણ મહાભારતના મોક્ષધર્મમાં કહેલ છે, તે 'ચમત્કારિક ધ્યાન'ની વાત શ્રીજી મહારાજે સમજાવી છે. તેને પરોક્ષવાળા માટે ઉત્તમ ગણાવેલ છે. કારણ કે તે થકી 'સિદ્ધદશા' તત્કાળ પ્રાપ્ત થાય છે. યોગમાર્ગની એક ભૂમિકા 'ધ્યાન'ને ગણવામાં આવે છે, જેમાં એકાગ્રતા, પ્રાણનો નિરોધ, વૃત્તિનું એકીકરણ વિગેરેનો સમાવેશ થાય છે. પાતંજલ યોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ એટલે (કે) લયાવસ્થા– કોઈ સદ્‌ગુણમાં, સદ્પ્રવૃત્તિમાં, પ્રતિમામાં કે સ્વરૂપમાં કરવા માટે ભાર મૂકેલ છે; જ્યારે ગીતાનો કર્મયોગ અને રાજયોગ દિવ્ય સ્વરૂપના ચિંતવને કરીને ચિત્તવૃત્તિનું શુદ્ધિકરણ સૂચવે છે અને કર્મયોગીની કુશળતાથી વિધિસરનાં કર્મ પૂર્ણ થતાં 'બ્રહ્મજીજ્ઞાસા' પ્રગટ થાય છે, ત્યારે ચિત્તની શુદ્ધિ થતાં પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે અને દિવ્ય સુખ અનુભવાય છે. પ્રાણના નિરોધથી અગર ચિત્તના ચિંતવને કરીને ગુણ, શકિત કે સ્વરૂપ સાથે એકતા સાધવાના મોટા સાધન તરીકે 'ધ્યાન'નો ઉપયોગ કરાય છે અને આવા ધ્યાનના ફળરૂપે આત્માનું દર્શન અને અવ્યકત રાગો ટાળી ભગવાનમાં જોડાવાપણું સુગમ થાય છે.

ટુંકમાં 'ધ્યાન' એટલે એકાગ્રતા, સતત મનન અને ચિંતવન; પછી તે કોઈ ગુણનું હોય, કોઈ પ્રતિમાનું હોય, સ્વરૂપનું હોય કે પોતાના મનગમતા પદાર્થનું કે શકિતનું હોય, પણ વૃત્તિનું એકીકરણ અંતર્દષ્ટિ કરીને જે થકી થાય છે, તેને 'ધ્યાન' કહેવામાં આવે છે. આવા ધ્યાનના અનંત પ્રકારો છે અને તેની પદ્ધતિઓ પણ જુદી જુદી બતાવેલી છે.

વળી સાંખ્યના મતે ધ્યાનની રીત તત્ત્વદર્શન રૂપે વર્ણવી છે, જેમાં તત્ત્વચિંતન મુખ્ય ભાગ ભજવે છે. નિર્ગુણબ્રહ્મનું ચિંતવન કરતાં ચિત્તની લયાવસ્થા પ્રાપ્ત થાય છે અને આનંદમય કોષ સુલભ દઢ થાય છે, જેથી સાત્ત્વિક શાંતિ, આનંદ ને સુખ અનુભવાય છે. પણ અવ્યકત રાગો દેશકાળે દેખાઈ આવે છે. માટે સાકાર બ્રહ્મની જરૂર પડે છે; જેથી, જનકરાજા માફક યોગ અને સાંખ્યે કરીને

ભગવાન કે તેના અવતાર કે તેના સ્વરૂપનું ધ્યાન ને વચન સિદ્ધ કર્યા હોય, તો 'સ્થિતપ્રજ્ઞતા' અખંડ રહે છે અને જીવનમુક્ત દશામાં દેહ છતાં જ માયાથી અતીતપણે જળકમળવત્ રહી શકાય છે. આમાં ગુણના ધ્યાન કરતાં સનાતન તત્ત્વોનું ચિંતવન મુખ્યત્વે ગણાય છે. માયિક આકારના દોષાધ્યાનથી નિરોધાવસ્થા પ્રાપ્ત કરીને નિર્ગુણપણામાં જવાય છે. યોગમાં વૃત્તિનું જોડાણ સ્વરૂપ સાથે થાય છે અને સાંખ્ય ધ્યાનથી વૃત્તિનો નિરોધ પ્રાપ્ત કરીને ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણથી છૂટા પડી તટસ્થપણે આત્મારૂપે ભગવાન કે તેના સ્વરૂપનું ચિતંવન કરાય છે ને 'નિર્વિકલ્પ સમાધિ' પ્રાપ્ત થાય છે; જેથી નિર્વાસનિક થવાય છે અને સો જન્મની કસર એક જ જન્મે નીકળી જાય છે. આ સર્વમાં પરોક્ષ ભાવે વૃત્તિનું કે તત્ત્વોનું ધ્યાન કરવા તરફ ભાર મુકેલ છે, જેથી મધ્ય ૧૭ મુજબ સ્વરૂપનો સ્થિતપ્રજ્ઞ થવાથી, દેહ છતાં અનંત જન્મોના પાસ ટળી જઈ 'નિર્વિકલ્પ સ્થિતિ' સરળતાથી પ્રાપ્ત થાય છે.

ધ્યાન માટે વડતાલ ૮, ૪, ૫, પ્રથમ ૫, છે. ૩૧, અમદાવાદ ૧, વાંચવા. આપણે તો ભગવાન ને તેના પ્રત્યક્ષ સ્વરૂપની ઓળખાળ કરી, તેની અખંડ સ્મૃતિ રાખી શ્રીજી મહારાજનું ધ્યાન કરવાની રીત મુખ્ય રાખવી. ભકતે સહિત જ ભગવાનનું ધ્યાન મહારાજે વચ. પ્રથમ ૫માં કહેલ છે, તે ગુણાતીત એવા અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને બ્રહ્મરૂપે પરબ્રહ્મનું ધ્યાન કરવાનું છે, જે માટે મૂળ બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવો પડશે. વચ. મધ્ય ૩૧, ૩૦, અમદાવાદ ૨, પ્રથમ ૨૧, ૨૩. માટે, સાધ્ય સ્વરૂપમાં જુદા જુદા અંગોમાં મૂર્તિ કે સ્વરૂપને ધારવાની અઘરી રીતને છોડી દઈ, પ્રત્યક્ષ સ્વરૂપમાં દિવ્યભાવ દૃઢ કરવા જેવું જ્ઞાન પ્રાપ્ત કરવું તે 'જ્ઞાનસમાધિ' સર્વોત્તમ ગણાય છે. વૃત્તિના સાક્ષાત્કારવાળા સંતદાસજી, સિદ્ધાનંદસ્વામી અને સ્વરૂપાનંદસ્વામી કરતાં ય મુકતાનંદસ્વામી, કૃપાનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામીની સમજણને મહારાજે અત્યંત વખાણી છે અને પરોક્ષ જેવી પ્રત્યક્ષની-પ્રગટની સમજણ સંત થકી દૃઢ કરવા ઉપર જ તાન રખાવેલ છે. જુઓ વચ. વડતાલ ૧૧ અને છેલ્લા ૨. (આથી) નિર્વિકલ્પ સમાધિમાં જેવું સુખ મળે, તેવું જ પ્રગટ સંતમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવાથી સુખ પ્રાપ્ત થાય છે ને સંતની સેવા થકી જ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, તેમ રીત બતાવી છે. માટે ધ્યાનનિષ્ઠા, યોગનિષ્ઠા, સાંખ્યનિષ્ઠા, અષ્ટાંગયોગ વિગેરે કરતા 'સ્વરૂપનિષ્ઠા'ને એકડો ગણાવી, સંત થકી વચ. પ્રથમ ૬૦ મુજબ નિર્વાસનિકપણું અને એકાંતિકપણું સિદ્ધ કરવાનો અતંરનો સિદ્ધાંત શ્રીજી મહારાજે બતાવેલ છે.

છતાં ય જેને ધ્યાનનું અંગ હોય, તેમણે ચાર પ્રકારના મુખ્ય ધ્યાનમાંથી એકને મુખ્ય રાખી અંતર્દૃષ્ટિ અખંડ રહે તેમ કરવું, જેથી મૂર્તિ ભૂલાય નહીં અને અખંડવૃત્તિ રહે. છતાં ય લીલાચરિત્રો સંભારી રાખવા શ્રીજી મહારાજે ઉપદેશ કરેલ છે; કારણ કે વૃત્તિનો અંત સમે, વેગ સમી જાય.દેશકાળ લાગી જાય તો મૂર્તિ ભુલાઈ જાય ખરી. એ માટે જ્ઞાનમાર્ગને ઉત્તમ ગણ્યો છે ને તે માર્ગે પ્રગટ સંતમાં આત્મબુદ્ધિ કરવી તે જ પ્રથમ પગથિયું ગણ્યું છે ને સંતદાસજી જેવા સિદ્ધ કરતાં ય મુક્તાનંદસ્વામી જેવાને ખેડાના કાઁપ સમા અતિ મોટા ગણાવ્યા છે. માટે ધ્યાનના પ્રકારમાંથી

(૧) લીલા ચરિત્રો સાથેનું

(૨) કેવળ મૂર્તિનું

(૩) ભક્તે સહિત ભગવાનનું

(૪) દિવ્ય સ્વરૂપનું અંગોઅંગમાં ધારવાપણું

જે પોતાને ફાવે તે અંગીકાર કરીને મૂર્તિ સિદ્ધ કરી લેવી.

ભજન કરતાં ધ્યાન વધે, ધ્યાન કરતાં ઉપશમ વધે ને તે કરતાં સ્મૃતિ વધે; પરંતુ તે તમામ કઠિન બાબત કરતાં અનુવૃત્તિ સુગમ પડે. માટે પ્રગટ સંતમાં જોડાઈ જવું; જેથી શ્રીમહારાજનું સ્વરૂપ જેવું છે તેવું ઓળખાઈ જાય ને યોગમાં જે જોડાવાપણાનું, જાણપણું કે ચેતન તત્ત્વનો ભાવ રહી જાય છે, તેનો ડર રહેતો નથી. સરળતાથી પ્રત્યક્ષ સંત થકી, તેમાં અસાધારણ પ્રીતિ કરવાથી, શ્રીજી મહારાજનાં સાક્ષાત્ દર્શન વચ. વડતાલ ૧૧, અંત્ય. ૨૧, ૧૮, ૩૮ મુજબ વેગ લગાડવાથી દેહ છતાં જ થાય છે ને વચ. મધ્ય ૬૩ મુજબ ધામનું સુખ અખંડ અનુભવાય છે. માટે વૃત્તિનો સાક્ષાત્કાર કઠણ છે, જ્યારે સ્વરૂપનો સાક્ષાત્કાર જ્ઞાનદશા સિદ્ધ કરી પ્રાપ્ત કરવો તે ઉત્તમ છે.

**વૃત્તિનો સાક્ષાત્કાર :**

**(૧)** વચ. વડતાલ ૪, ૮, અમદાવાદ ૧. યોગી જે રીતે મૂર્તિને પતંગ માફક બહાર અને અંદર ધારે છે, તે પ્રમાણે વૃત્તિઓનું શુદ્ધિકરણ પણ થતું જાય છે અને આવું એકાગ્રતારૂપી જે ધ્યાન અને તેવી વૃત્તિની સ્થિરતા- તેને 'ધારણા' કહેવામાં આવે છે. વળી ધારણા પછી વૃત્તિનો લય મૂર્તિમાં કે ગુણમાં કે પોતાની ઈચ્છીત કલ્પનામાં- આકારમાં થાય, ત્યારે તેને યોગ માર્ગમાં 'સમાધિ' કહેવામાં આવે છે અને ચિત્તનો લય નિરોધાવસ્થાથી પ્રાપ્ત થતાં **'નિર્વિકલ્પ સમાધિ'** અનુભવાય છે. આમ જુદા જુદા અંગોમાં જેમકે

ચૌદેય ઇંદ્રિયોમાં, આંખની કીકીમાં-કંઠમાં-નાશીકામાં બે ભ્રમરો વચ્ચે કે હૃદયમાં કે બ્રહ્મરન્ધ્રમાં મૂર્તિને ધારતાં ધારતાં સર્વ અંગોનો ન્યાસ થતો જાય છે અને વૃત્તિઓનું શુદ્ધિકરણ થતાં, અંતર શાંત થઈ જાય છે અને ભગવાનની મૂર્તિ સાથે એકતા અનુભવાય છે ને દિવ્યાનંદનું સુખ મળ્યા જાય છે

(૨) આમાં છેલ્લી દશા તે 'નિર્વિકલ્પ સમાધિ' ગણાય છે, જે સ્થિતિ પ્રગટના નિશ્ચયના બળે વચ. મધ્ય ૧૪, વડતાલ ૧, પ્રથમ ૨૫, ૨૬ મુજબ પ્રગટ સ્વરૂપના ચિંતવન અને સ્મૃતિ થકી સહજ રીતે પ્રાપ્ત થઈ શકે છે અને 'અષ્ટાંગયોગ' સાધવાની જરૂર પડતી નથી. આ માર્ગ અંત સુધી વચ. પ્ર. ૫૪, મધ્ય ૫૪, છે. ૨, ૧૧, ૩૯, વડતાલ ૫,૧૧ મુજબ આત્મબુદ્ધિ અને પ્રીતિનો છે. પ્રગટમાં જ નિર્દોષભાવે જોડાઈને શ્રીજીના ધ્યાનનો આ માર્ગ છે ; તે 'કૃપાસાધ્ય' છે. વૃત્તિનો માર્ગ 'ક્રિયાસાધ્ય' છે અને અતિ અઘરો છે. ધ્યાન કરવાની જુદી જુદી રીતમાં બે મુખ્ય રાખવી, જે મોટા મોટા મુક્તોએ અને મહારાજે પણ વચ. અંત્ય. ૩૧, પ્રથમ ૫માં આગ્રહપૂર્વક બતાવેલ છે. પ્રથમ તો તાત્ત્વિક ધ્યાન સિદ્ધ કરવા સંકલ્પરહિત થવું પડે. ઈચ્છારહિત બનવું પડે, નિર્વાસનિક થવું પડે. તો જ મૂર્તિ અખંડ રહે ને દેશકાળ લાગે નહીં. હવે સંકલ્પરહિત થવા કે આત્મસત્તારૂપે ધ્યાન કરવા સત્પુરુષની જરૂર પડશે. વચ. પ્રથમ ૬૦ મુજબ નિર્વાસનિક હોય અને ભગવાનને ધારણ કરનારા હોય, તે જ નિર્વાસનિક કરી શકશે. માટે અનાદિ મુક્તરાજ ગોપાળાનંદસ્વામી કહે છે કે સંકલ્પરહિત થઈ ધ્યાન કરવું તે માટે પ્રગટ સંતની જરૂર પડશે અને તેની સેવા કે તેમાં પ્રીતિ કરવાથી દોષો ટળતા જશે અને તેના વચને વચ. કારિયાણી ૧૧ મુજબ 'કારણ શરીર' ટળતાં મૂર્તિ સિદ્ધ થશે. તો, આવો સત્સંગીમાં આત્મબુદ્ધિ કરવાનો જ્ઞાનમાર્ગ સૌએ ગ્રહણ કરવો. ભક્તેસહિત જ ભગવાનનું ધ્યાન કરવું ; જેમ શ્રીજી મહારાજ કહે છે રાધાસહિત કૃષ્ણનું ધ્યાન કરવું ને તેવો આગ્રહ રાખવો. વચ. પ્રથમ ૫માં અંગેઅંગમાં મૂર્તિ ધારવા માટે આ પ્રથમ પગથિયું છે.

(૩) અને પછી અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી, 'સ્વરૂપ' બની 'સ્વરૂપી'માં અખંડ જોડાઈ રહેવું તે 'જ્ઞાન સમાધિ' ગણાય છે. દેહ છતાં જ મુક્તદશા છે ને 'જ્યાં જુએ ત્યાં રામજી જ ભાસશે' અને સમતા, સુહૃદ્ભાવ વિગેરેની પ્રતીતિ અન્યને પણ આવશે. તો નામીએ સહિત નામ લેવું એટલે

કે સંતની સ્મૃતિ ને વચન ધારીને, તેમને પોતાનું સ્વરૂપ માનીને શ્રીજી મહારાજનું ધ્યાન કરવું અને અંગેઅંગમાં તે મુજબ 'સ્વ'નો-પોતાપણાનો, મમત્વનો સર્વ ભાવ સદંતર ભૂલી જઈને શ્રીજી મહારાજની દિવ્ય મૂર્તિમાં સંત થકી જોડાઈ જવું. રાધારૂપ બની કૃષ્ણ ધારવા. વચ. લોયા ૧૧, સારંગપુર ૧૧ મુજબ ગુણાતીત બની-બ્રહ્મરૂપ બની પરબ્રહ્મ ધારવા ને સ્વામીસેવક ભાવે ઉપાસના દૃઢ રાખવી.

સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને પ્રીતિ દૃઢ કરવા તરફ જ તાન રાખવું અને વચ. છેલ્લા ૩૧ મુજબ પ્રત્યક્ષ સ્વરૂપ, વચ. પંચાળા ૭ મુજબ માયાના કપટરૂપ સર્ગ (સત્ત્વ, રજ, તમ ગુણો) જે સ્વરૂપે કાપેલ છે, તે સ્વરૂપને ઓળખીને તેની સ્મૃતિ રાખીને શ્રીજી મહારાજનું ધ્યાન કરવું. રાધારૂપ બની શ્રીકૃષ્ણ અખંડ ધારવા સારંગપુર ૧૧ તથા લોયા ૧૧ મુજબ આપણે ભગવાન કાં તેના અવતાર, વડતાલ ૧૦ મુજબ સાધુરૂપ અવતાર ત્રીસ લક્ષણવાળા જણાય, તેનું ધ્યાન કરાય અને શાસ્ત્રમાં દત્તાત્રય, કપિલજી વગેરે સાધુરૂપ અવતારનું ધ્યાન કરવાનું બતાવેલ છે. શ્રીકૃષ્ણ કે તેના અવતારોનું ધ્યાન થાય, પણ મનુષ્ય કે દેહ કે બ્રહ્મવેત્તા સંતદાસજી જેવા સિદ્ધ સંત હોય, તેનું ધ્યાન ન થાય; પણ સાધુરૂપે ભગવાનને અખંડ ધારણ કરનારા નિષ્કામી સંત, વચ. છે. ૨૬, પ્રથમ ૨૭ જેવા, અવતાર માફક જ ગણાય. તેમ શ્રીજી પોતે પ્રતિપાદન કરે અને ચોસઠ લક્ષણવાળા સંતને નિષ્કુળાનંદસ્વામી તો 'સ્વયં હરિની' ઉપમા આપી છે ને તેના જ સમાગમને વચ. છેલ્લા ૨માં 'પરમપદ' ગણાવેલ છે અને મરીને પામવાના દેહ છતાં જ પ્રાપ્ત થયા છે, તેમ પ્રતીતિ કરાવી દે છે. માટે સાધુરૂપે કે રાજારૂપ અવતાર જરૂર વિચરણ કરી રહેલ હોય છે. વચ. વડતાલ ૧૯ મુજબ. તો તે સ્વરૂપને ઓળખીને સ્વરૂપી શ્રીજી મહારાજને બ્રહ્મરૂપે અખંડ ધારણ કરવા અને નિરંતર સેવામાં રહેવું. માટે ભક્તે સહિત જ ભગવાનના ધ્યાનની રીત સર્વોત્તમ છે, શ્રેષ્ઠ છે અને તેવા સંતને પોતાનું સ્વરૂપ માનીને અક્ષરરૂપે-બ્રહ્મરૂપે-આત્મારૂપે રહી પરમાત્માને રાખવા તે જ કરવાનું છે અને તે જ 'જ્ઞાનદશા' છે. પ્રગટ મોટા સંત થકી જ ધ્યાનની રીત સમજવી અને નિષ્કામ ભક્ત બનવું અને આત્મા-પરમાત્મા બેને જ મુખ્ય રાખવા; એટલે સત્સંગ પૂર્ણ થયો ગણાશે અને નમ્રભાવે સમગ્ર સત્સંગની દિવ્યતા સમજાશે ને નિર્દોષભાવે જ સેવા થયા જશે.

— ઍપ્રિલ, ૧૯૫૬

***

23

# દૈવી અને આસુરી બુદ્ધિ

અનેક પ્રકારની બુદ્ધિ માનવ-માનવના કર્તૃત્વપણામાં દર્શાય છે અને તેનો જીવનના પ્રવાહમાં અનેરો પડધો પડે છે; તે સૌ કોઈની જાણમાં પણ આવે છે. અનાદિ કાળથી ગીતાજીમાં જેમ વર્ણન કરેલ છે, તેમ દૈવી અને આસુરી સંપત્તિનો આધાર સૌ-સૌની બુદ્ધિ ઉપર જ અવલંબેલો છે. જેવા સંસ્કારો તેવા શુભ આશીર્વાદો સંત થકી પ્રાપ્ત થાય છે અને નિર્દોષબુદ્ધિ દૃઢ થતાં સંતની કૃપા થઈને પોતાના દોષો, વિકારો, સૂક્ષ્મ અહંતાભર્યાં વલણો ને હઠ, માન, ઈર્ષારૂપી આસુરીભાવો મૂર્તિમાન દેખાઈને તે દૂર કરવાનું બળ મળે છે. **સાચા સંત કેવળ કરૂણાએ કરીને આપણે બાવળ વાવ્યા હોવા છતાં, કેરીનો રસ પાય છે અને સર્વ અનર્થોને - શૂળીનાં દુ:ખો કાંટે સારે તેમજ આ જીવનમાં જ સો સો જન્મોની કસર છતી દેહે જ, ભક્તે સહિત ભગવાનની ભક્તિ કરાવીને ટાળી નાંખે છે.**

આમાં મૂળતત્ત્વ 'નિર્દોષબુદ્ધિ' જ અગત્યનો ભાગ ભજવે છે; કારણ કે સર્વ જીવનનું મૂળ કલ્પના ઉપર અવલંબે છે, જેનો આધાર પ્રાણવાયુના યોગે કરીને ચેતનતત્ત્વને આશ્રયે છે. તે ચેતના બુદ્ધિને વિષે વ્યાપકરૂપે અખંડિત રહેલ છે એમ શ્રીજી મહારાજે જીવનું સ્વરૂપ અને જાણપણું ઓળખાવી, બુદ્ધિના જાણપણે જ જીવનું પણ જાણપણું આવી ગયું એમ અનુભવ જ્ઞાન આપ્યું છે. સંત થકી સર્વેએ એ પ્રાપ્ત કરી લેવું.

આપણી બુદ્ધિને વિષે જ કલ્પના રહેલી છે. નિર્ણયો અને સ્મૃતિમાં જ સર્વ દોષો– કામ, ક્રોધ, ઈર્ષા, કપટ, વિગેરે એકરસ થઈ ગએલા છે. તેથી જુદા-જુદા પ્રસંગોએ ને પરિસ્થિતિએ આપણી માન્યતાઓની દૃઢતા મુજબ જ પ્રકૃતિ, સ્વભાવ કામ કરે છે અને બુદ્ધિતત્ત્વનાં અનેક સ્વરૂપોનું અવલંબન કર્તૃત્વપણામાં દેખાય છે. જેમ કે નિશ્ચયાત્મકપણું, વ્યવસાયાત્મક બુદ્ધિ, શાપિત બુદ્ધિ, ગુણબુદ્ધિ, નિર્દોષબુદ્ધિ, દિવ્યબુદ્ધિ, વ્યાવહારિક બુદ્ધિ, કુશાગ્રબુદ્ધિ વિગેરે અનેક પ્રકારો તેનાં કાર્યો ઉપરથી જણાય છે.

**શ્રીજી મહારાજે બ્રહ્મની જીજ્ઞાસાવાળાને અને તેનું સ્વરૂપ ઓળખવા ઈચ્છનારને અગર સંતની સેવા કરનારને જ 'કુશાગ્રબુદ્ધિ' પામેલ ગણાવ્યો છે.** વ્યાવહારિક બુદ્ધિ ગમે તેટલી મોટપ, માન, સત્તા સામર્થી બક્ષીસ કરનારી હોય, છતાં મોક્ષમાર્ગમાં, **સંતની સેવામાં જે નિર્ણયો, જ્ઞાન કામમાં ન આવ્યું તે નિરર્થક જ છે** એમ સ્પષ્ટપણે સર્વ શાસ્ત્રોમાં બતાવેલ છે. માટે ભલે ગમે તેવા સંસ્કારો હોય, છતાં પણ પ્રગટ સંતોની સેવા ને સ્વામિનારાયણ ભગવાનને આશ્રયે રહીને, સ્વધર્મેયુક્ત શ્રીજીની ભક્તિ કરી લેવાની ટેવ પાડવી, જેથી જીવ સત્સંગી થઈ જાય.

સૂક્ષ્મ જ્ઞાનમાર્ગમાં શ્રીજી મહારાજે એક મોટામાં મોટી કલમ એ મૂકી છે કે ભજન તો સૌ કોઈ કરે છે, પણ ભગવાન જે થકી વશ થઈ જાય, સરળતાથી પ્રાપ્ત થાય, તેવો 'સાચો સમાગમ' કે સત્પુરુષનો સંગ કે 'સત્સંગ' નિર્દોષબુદ્ધિથી થતો નથી, તેથી અંતઃકરણ જીતાતું નથી. આવી દિવ્ય ભાવના સિવાયની 'ભક્તિ' પણ સગુણ કહેવાય છે અને અંતરે સુખ-શાંતિ કે આનંદ પ્રાપ્ત કરાવી શકતી નથી. સત્પુરુષનો પ્રસંગ તો ઘણો જ કરાય છે, સેવાઓ પણ થાય છે, છતાં ય દેહાત્મબુદ્ધિ સોતો સત્સંગ પારકા આકાર ને પારકી ક્રિયાની ગડમથલમાં જ પાડતો હોય છે. તેથી અંતરમાં રહેતા અંતર્યામી દૂર થઈ જાય છે અને તેથી જ અસંતોષ, અતૃપ્તિ, સૂક્ષ્મ આસક્તિઓ ને દૃઢ થએલી માન્યતાઓ કલેશ ઊભા કરતી હોય છે. માટે **અતિ સાચાભાવે જ સત્પુરુષનો સમાગમ કરવો, જેથી આવી માહાત્મ્ય જ્ઞાનેયુક્ત ભક્તિથી બુદ્ધિમાં ફેરફાર પડી જશે અને શુભ જ સંકલ્પો ઊઠશે ને સારા સત્કર્મો થયે જ જશે, જેથી અંતરે નિરંતર શાંતિ રહેશે.**

ટૂંકમાં સર્વ વિચારો, ભાવનાઓ અને વૃત્તિઓને સ્થૂળ આકારો પણ હોય છે, જેથી તેમને પણ હાથપગ હોય છે અને અન્યના હૃદયો ઉપર અસર કરે છે. આ ભૂંડા ઘાટો, ભૂંડા સંકલ્પો આપણને, અન્યને તેમજ ભવિષ્યની આપણી પ્રજાને પણ દુઃખરૂપ જ નીવડે છે ; કારણ કે આવી સંપત્તિ **'સંસ્કારવારસા'રૂપે** બાળકોમાં આસુરીભાવ જ ઉત્પન્ન કરે છે ને ખરાબ ટેવો પડતી જાય છે જે પાછળથી જડ ઘાલે છે ને અતિ પ્રયાસે પણ છૂટતી નથી. માટે **શુભ જ ભાવના અને વિચારો સત્સંગ કરતાં-કરતાં દૃઢ કરવા ઉપર તાન રાખવું.** તેવાં વચનો અંતરમાં ઊંડા ઊતરી વિચારવાં, ધારવાં અને અમલમાં મૂકવા પ્રયત્ન કરવો અને

ત્યારે જ મન,બુદ્ધિ અને ચિત્તનું સમૂળું રૂપાંતર થતું જશે. તેની પ્રતીતિ સારી ટેવો ને શુભ ભાવનાઓરૂપે અન્યને પણ લાગશે જ. આવો **સમતા ને સુહૃદ્ભાવવાળો સત્સંગ જ સાચું 'ગુણાતીત જ્ઞાન' દૃઢ કરાવી, શ્રીજી મહારાજની મૂર્તિનું દિવ્ય સુખ પ્રાપ્ત કરાવી શકશે.**

પરમ ભાગવત પ્રગટ સંતવર્ય શ્રી યોગીજી મહારાજ થકી સત્સંગી માત્રને આવી દિવ્ય બુદ્ધિ દૃઢ થાય એ જ અભ્યર્થના છે. સાચા સંતનાં ગુણગાન ગાવાં અને હરિભક્તનાં ગુણ જોવા ને સેવા કર્યે જવી; જેથી દિવ્યબુદ્ધિ, નિર્દોષબુદ્ધિ દૃઢ થશે. પોતાનું જ જોઈને અખંડ અંતર્દૃષ્ટિ રાખીને જાણપણે જ ભજન કર્યા કરવું, જેથી ધામનું નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત થશે. **સંતો ને હરિભક્તોના ગુણગાન ગાવામાં જ જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.** તો સરળતાથી એકાંતિકપણું સિદ્ધ કરવાની આવી મોટી પદવી સૌ કોઈએ પ્રગટ સંત થકી પ્રાપ્ત કરી લેવી એ જ નમ્ર પ્રાર્થના છે. શિક્ષાપત્રીના શ્લોક ૧૨૧ મુજબ બ્રહ્મરૂપ થઈને સ્વામિજીનું ભજન કરવું તેજ ભક્તિ ગણાઈ છે; તે આત્યંતિક કલ્યાણ દેહ છતાં જ પ્રગટ સંત થકી સૌએ દૃઢ કરી લેવું !

**— મે, ૧૯૫૬**



24

# સાધુનું જ્ઞાન

તત્ત્વે કરીને સ્વામિશ્રીજીના સ્વરૂપોનું જ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે જ આત્યંતિક મુક્તિને પમાય એમ શ્રીજી મહારાજે ભારપૂર્વક જણાવેલ છે. સર્વથી પર અક્ષર છે અને તે મૂર્તિમાન છે અને તેથી પર પુરુષોત્તમ છે. એમ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિ અને અક્ષરથી પર એવા પરાત્પર શ્રીજી મહારાજનો અપરંપાર મહિમા સમજવા, ધારવા અને અખંડિત કરવા સાધુના જ્ઞાનની અનિવાર્યતા ગણાય છે. વચ. પ્રથમ ૬૩ મુજબ તત્ત્વે કરીને અગર વચ. લોયા ૭, ૧૧, કા. ૧, ૭ વિગેરે મુજબ પ્રત્યક્ષ સ્વરૂપને વિષે સર્વોપરીપણાનો ભાવ જ્યારે દૃઢ થાય, ત્યારે જ આત્યંતિક પ્રલય, પ્રકૃતિના ભાવ ટળીને સિદ્ધ થાય છે – એમ મહારાજે વચ. મધ્ય ૩૦, અમદાવાદ ૨ વિગેરેમાં પ્રતિપાદન કરેલ છે. સાચા વડવાનળ અગ્નિસમા સંતવર્ય વડતાલ ૧૯ મુજબ આ ભરતખંડમાં જરૂર વિચરણ કરી રહેલા હોય છે જ એવાં મહારાજનાં વચન છે. તેવા સંતને ઓળખીને પ્રકૃતિ-પુરુષ, શકિત અને સંકલ્પથી પરનું પ્રથમ ૨૪ મુજબનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું; તો જ ધામનું સુખ દેહ છતાં જ અનુભવાશે અને મૂર્તિ સિદ્ધ થશે.

આવા પ્રગટ સંત અત્યારે પૂજ્યપાદશ્રી યોગીજી મહારાજ છે, જેમનામાં નિષ્કુળાનંદસ્વામીએ વર્ણવ્યાં છે, તે સર્વ સંતના લક્ષણો દેખાય છે અને વચ. વડ. ૧૦ ને પ્ર. ૨૭ મુજબ તેવા સંતમાં શ્રીજી અખંડ રહ્યા છે. અનંત બ્રહ્માંડોના કારભાર તેની દૃષ્ટિ વડે શ્રીજી ચલાવી રહેલા દર્શાય છે. માટે, આવા સત્પુરુષમાં અસાધારણ પ્રીતિ અગર મન, કર્મ, વચને અસાધારણ સેવા કરી લેવી, જેથી સાધુનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય ને દેહ છતાં જ ઈયળની ભ્રમરી, અહંતા-મમતાના ભાવ ટળીને બની જવાય. યોગમૂર્તિ ગોપાળાનંદસ્વામીએ ૪૦ સાધુને સ્વરૂપજ્ઞાન આપ્યું, ત્યારે ફકત છ જ મુકત થયા અને તેમાંથી ય ફકત ત્રણ જણા જ સાધુના જ્ઞાનને પામ્યા. માટે, મહારાજને જેવા છે, તેવા ઓળખવા માટે નિષ્કામી, નિર્માની સંતવર્ય પકડવા પડશે જ. તેવા સંત થકી જ નિર્વાસનિક થવાશે

અને પછી જ બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં દેહ છતાં જ જોડાવાશે. તો તે સર્વ મુમુક્ષુઓએ પ્રાપ્ત કરી લેવું.

'સાધુનું જ્ઞાન' થાય ત્યારે ધામ, ધામી અને મુક્તો જ સત્ય મનાય અને પ્રકૃતિ-પુરુષના કાર્યમાં મને સહિત માલ જ ન મનાય. દેહ છતાં જ માયાથી પર વર્તાય અને દોષો ટળીને, અંતરે અખંડ શાંતિ વર્તે. વળી પ્રત્યક્ષ કલ્યાણકારી તત્ત્વ જ્યાં પ્રગટ હોય, તેવા સંતની જ મરજી પ્રમાણે વર્તાય અને અખંડ ગુરુમુખી બની, સંકલ્પો રહિત થઈ, સમગ્ર સત્સંગને દિવ્ય સમજી નિર્માનીપણે સેવા થયા જાય છે. આવા સાચા સેવકો ઘણાં તૈયાર થયા છે, તે સર્વ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજનો જ પ્રતાપ છે અને 'સાધુનું જ્ઞાન' પૂ. યોગીજી મહારાજ અર્પી રહ્યા છે; જેથી નિર્દોષબુદ્ધિ દૃઢ થઈ, એકાંતિકપણું સરળતાથી સિદ્ધ થતું જાય છે. સંપ, સુહૃદ્‌ભાવ ને એકતા વધતાં જતાં દેખાય છે. માટે પૂ. યોગીજી મહારાજની મરજી, રૂચિ અને અભિપ્રાય પ્રમાણે જ ચાલવું ને મહારાજની આજ્ઞામાં રહી સેવા કરવી, જેથી સાધુનું ગુણથી પરનું 'ગુણાતીત જ્ઞાન' દેહ છતાં જ સિદ્ધ થઈ જશે.

—જુલાઈ, ૧૯૫૬



25

# આવરણ અને વિક્ષેપ

અનંત પ્રકારનાં દુઃખો, ક્લેશો, વ્યાધિઓ અને આવરણો તથા અંતરના વિક્ષેપો માનવજીવનના વિકાસક્રમમાં અનાદિ કાળથી જ જાણે ચાલ્યાં આવતાં હોય તેમ સર્વને લાગે છે. તેવું જ અનુભવાય છે અને તે સર્વના નિવારણાર્થે અનેક પ્રકારના ઉપાયો, ઉપચારો અને ઉપાસનાઓ પણ વેદ અને ઉપનિષદ કાળથી ચાલતી આવે છે. આમ છતાંય, હજી સુધી પણ એવો સરળ, સુગમ અને સર્વોપરિ રામબાણ ઈલાજ મૂર્તિમાન રીતે કોઈએ બતાવ્યો નથી, જેવો પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાને ખુલ્લો મુક્યો અને જેના પ્રતાપે કાઠી, કોળી, કણબી, દરજી, સોની, મોચી કે કોઈબી ઉતરતા સંસ્કારવાળી ભીલ, રજપૂત તેમજ લુટારુ જેવી જાતિઓમાંથી પણ રાગ, દ્વેષ, કલેષ અને વિક્ષેપો દેહ છતાં જ ટળી ગએલા દર્શાય, પરિવર્તનો માલૂમ પડે અને ઘણી જગ્યાએ તો થોરને કેળાં આવ્યાં હોય એવું જ આશ્ચર્ય સૌને ય જણાય.

આવી અતિશય સરળ અને સુગમ અને વળી નાના- મોટા, ભણેલા કે અભણ, તવંગર કે ગરીબ સૌને ય સ્પર્શતી અને સર્વોપયોગી રીત સ્વામિશ્રીજીએ પ્રત્યક્ષ સંત અને એકાંતિક સત્પુરુષ થકી આ ભરતખંડમાં સદાને માટે ખુલ્લી કરી છે અને ચાલુ રાખી છે. એના પ્રતાપે જ અને અનન્ય આશરાથી ગમે તેવાં આવરણો, કલેષો કે વિક્ષેપો દેહ છતાં જ ઊડી જાય, સમી જાય, લય થઈ જાય અને સદાને માટે જીવને સુખિયા કરી દે. અને દેહ છતાં જ બ્રહ્મરૂપ કરી ધામનું નિર્ગુણ સુખ પ્રાપ્ત કરાવી દે.

આવા પ્રગટ સંત હાલમાં પ.પૂ. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના જ સર્વોત્તમ શિષ્ય સંતવર્ય યોગીજી મહારાજ વિચરણ કરી રહેલા છે. તેમને વડતાલના ૫, ૧૧, ૧૦, ૧૯મા વચનામૃત મુજબ ભગવાનના સાક્ષાત્કારને પામેલા સાધુ માની, સમજી, મહિમા ગ્રહણ કરી મુમુક્ષુઓએ અંતરનાં આવરણો અને વિક્ષેપો

ટાળવાનો નિર્ગુણ માર્ગ સિદ્ધ કરી લેવો, જેથી શિક્ષાપત્રી શ્લોકો ૧૧૬ ને ૧૨૧ મુજબ આત્યંતિક મુક્તિને દેહ છતાં જ પામી શકાશે ને તેની પ્રતીતિ પણ સદા સમાગમ કરતાં થતી જશે. હવે આ આવરણો ને વિક્ષેપોનું સ્વરૂપ તપાસીએ; જેથી સાક્ષાત્ જ્ઞાન પ્રાપ્ત થાય ને દેશકાળ લાગે નહીં.

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ વિક્ષેપો અને આવરણોમાં મુખ્ય તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, દેહાભિમાન, પક્ષ અને પ્રકૃતિને ગણાવ્યા છે અને તેના મૂળમાં જીવાત્માના તથા પરમાત્માનાં સ્વરૂપોનું અજ્ઞાન અને અવિદ્યાને બતાવ્યા છે.

પંચવિષયોના રાગો, ભોગો અને આસક્તિઓ (સ્ત્રી, ધનની અને કીર્તિની) અપૂર્ણ થાય, ત્યારે ઉદ્ભવતા ક્લેશો, દોષો અને વિક્ષેપોને પ્રગટ સંતની કૃપા થકી જ નિવારવા પડે છે, કારણ કે અનેક સાધનો કરવા છતાંય અવ્યક્ત રાગો કે આસક્તિઓ ટળી શકતી નથી એમ શાસ્ત્રો પણ કહે છે. જુઓ મોટા મોટા ઋષિ-મુનિઓ જગંલમાં રહ્યાં છતાંય કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા વિગેરેમાં દેશકાળે લપટાઈ ગયા. ટૂંકમાં–

(૧) **આવરણ**–એટલે અજ્ઞાન અને અવિદ્યા કે જેને લીધે શુદ્ધ જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ તથા પરબ્રહ્મનાં સ્વરૂપોનું સાક્ષાત્ જ્ઞાન થઈ શકતું નથી અને પ્રકૃતિ-પુરુષના ચક્રાવામાં જ લેવાઈ જવું પડે છે. માટે સાચા સંત થકી જ આવરણ દૂર થાય છે - તે પ્રયત્નો આદરવા અને તેમની આજ્ઞામાં રહીને નિર્દોષબુદ્ધિ દૃઢ કરી સ્વામીસેવકભાવે ભજન કર્યા કરવું, જેથી વચ. મધ્ય ૭, ૬૩ મુજબ જીવ અતિશય બળને પામશે.

(૨) **વિક્ષેપ**–આમ છતાંય અંતરના વિક્ષેપો મટતા નથી. માટે, વચ. મધ્ય ૬૦ તથા છેલ્લા ૩૩ મુજબ પ્રગટ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને, અખંડ અનુસંધાન રહે તેવા વિચારો દૃઢ કરવા પડે છે. પોતાના સ્વરૂપનો, જગતના સ્વરૂપનો અને ભગવાનના મહાત્મ્યનો વિચાર કાયમ રહે, તો આપો આપ જ જગતના પદાર્થો, વ્યક્તિઓ અને આકાંક્ષાઓ આપણા સ્વરૂપથી તદ્દન જ જુદી ભાસશે, અસત્ય મનાશે અને એમાંના નરક ચૂંથણામાં જ પડયા છીએ, તેનું દર્શન સ્વરૂપની સાચી ઓળખાણ અને દૃઢ શુદ્ધ ઉપાસનાથી, આજ્ઞા પાળતાં પાળતાં, દેહ છતાં જ થઈ જશે, મનાઈ

જશે, વરતાઈ જશે. માટે, અંતરના દોષો અને આસક્તિઓ તો ઉપાસનાની દૃઢતા અને સ્વરૂપની ઓળખાણથી જ ટાળી શકાશે. તે સંતને સેવી લેવા ને દેહ છતાં જ નિર્વાસનિક થઈ ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જવું, જેથી સર્વ આવરણો અને અશુભ સંકલ્પો, કામાદિક દોષો અને આસુરી પ્રકૃતિરૂપી વિક્ષેપો, જીવ તત્કાળ વચ. મધ્ય ૬૩ મુજબ બળને પામતાં, આપોઆપ ટળી જશે.

આવો સરળ, સુગમ તથા સર્વોપયોગી માર્ગ સ્વામિશ્રીજીએ સર્વને માટે એકાંતિક પુરુષના પ્રગટપણા થકી સદાને માટે ખુલ્લો રાખ્યો છે. તે ઓળખાય એ જ 'પરમપદ' ને 'પરમકલ્યાણ' અને તે જ આવરણ અને વિક્ષેપોના અંતનો સર્વોત્તમ ઈલાજ છે.

—ઑક્ટોબર, ૧૯૫૬



26

# શ્રુતિ અને સ્મૃતિ

માનવજીવનનો સન્માર્ગે વિકાસ ફક્ત ધર્મભાવનાના અનુશીલનથી જ થતો આવ્યો છે, તે શાસ્ત્રો તેમજ સંતોનાં જીવનચરિત્રો ઉપરથી આધુનિક વૈજ્ઞાનિકો પણ કબુલ કરતા આવ્યા છે. આવા સત્ધર્મનું સ્વરૂપ મૂળમાંથી જ 'શ્રુતિ અને સ્મૃતિ' ઉપર રચાયેલ સદાચાર પર અવલંબેલ છે. જ્યાં જ્યાં શ્રુતિ-સ્મૃતિએ પ્રતિપાદન કરેલ સદાચારરૂપી ધર્મ પળાય છે, ત્યાં જ સાચી ભક્તિનું સ્વરૂપ દેખાય છે અને આ સનાતન કાયદો સર્વ ધર્મો અને સર્વ પ્રકારનાં શાસ્ત્રોમાં કે સત્પુરુષોનાં વચનોમાં એકધારો જ માલૂમ પડે છે. એ બુદ્ધિવાદી મનુષ્યોએ તટસ્થતાથી વિચારી લેવા જેવું છે. હવે તેના સ્પષ્ટ અર્થ તપાસીએ :-

**'શ્રુતિ'** એટલે પરાવાણી-પરમાત્માનાં વચનો; જેમ કે વેદો વિગેરે અને ભગવાને પોતે ઉચ્ચારેલાં સૂત્રો-વચનો.

**'સ્મૃતિ'** એટલે પરમાત્માના વચનો તથા વેદોમાંથી ને પરાવાણીના સૂત્રોમાંથી તારવેલા અર્થો, અભિપ્રાયો અને સિદ્ધાંતો કે જેના ઉપર જ માનવજીવનનું, તેના સંબંધોનું, ભાવનાઓનું, નિયમન તથા બંધારણ ઘડાયેલું હોય.

આવો જે સદાચાર તે જ સાચો ધર્મ અને તે જ સ્વધર્મેયુક્તે જીવન (જેને) શ્રીજી મહારાજે એકાંતિક ધર્મના પાયા તરીકે 'સ્વધર્મ' ગણાવ્યો છે. સત્પુરુષનાં વચનો ઉપર વર્તનારને માટે આવો સ્વધર્મ જ છેવટે એકાંતિક ધર્મ બની જાય છે કે જેના પ્રતાપે દેશકાળ ન લાગતાં આત્મસત્તારૂપે રહેતાં આવડે છે અને સંસારમાં અનાસક્તિયોગ સિદ્ધ થઈને શુદ્ધ સ્વરૂપમાં જ નિષ્કામ કર્મયોગ કરતાં કરતાં સચ્ચિદાનંદ અનુભવતાં જીવન પસાર થતું જાય છે. ધર્મ સાથે જ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંત સમાગમથી આપોઆપ આવી જાય છે અને જીવન અતિશય સમૃદ્ધ બનીને ભગવાનનું જ સુખ દેહ છતાં પ્રાપ્ત કરવાને લાયક બને છે. આવાં શ્રુતિ-સ્મૃતિનાં વચનોને ઉલ્લંઘનારાઓને ઘણાં જ કષ્ટો નડયાં છે, દુ:ખો પડયાં છે અને તેના નિવારણાર્થે અવતારોએ પણ ઘણા જ દાખડા કરેલા છે, તે સૌ કોઈ જાણે છે.

પ્રગટના ઉપાસકો માટેનાં 'શ્રુતિ-સ્મૃતિ' જુદા સ્વરૂપે દર્શાય છે; કારણ કે પુષ્ટિમાર્ગમાં સંશયો ને શંકાઓને ટાળનારૂં 'સ્વરૂપ' મોજૂદ હોય છે

અને તેવા સ્વરૂપમાં જ સ્વામિશ્રીજી પ્રગટ બીરાજેલા રહે છે જ, જેથી તેમનાં વચનો, આજ્ઞાઓ કેવળ પરાવાણીરૂપ જ હોય છે. આવી 'સ્વરૂપનિષ્ઠા'વાળાએ પણ સ્વધર્મયુક્ત જ જીવન જીવવું એમ શ્રીજી મહારાજે ભારપૂર્વક જણાવેલ છે; કારણ કે તે લાંબો ગાળો ટકે, બીજાને દાખલારૂપ બને અને ભગવાનની અતિશય પ્રસન્નતા થતાં દિવ્યાનંદનો અખંડિત વધારો જ થતો જાય. કેવળ 'સ્વરૂપનિષ્ઠા'વાળાનું કલ્યાણ તો થાય, પણ બીજાને ભગવાનનું સુખ લેતા અટકાવી દે અગર અભાવમાં પણ નાંખી દે. તેથી એક મુમુક્ષુ જીવ પ્રગટમાં જોડાવા ઈચ્છતો હોય તે ય ભાગી જાય. માટે પ્રકૃતિ-પુરુષથી પરનું સાચું 'ગુણાતીતજ્ઞાન' કે જે પરાવાણીરૂપે મૂર્તિમાન થઈ શકે છે ને દેહ છતાં જ અન્યને પણ તેની પ્રતીતિ કરાવી શકાય છે તેવું 'સ્વરૂપજ્ઞાન' પ્રગટ સંત થકી 'સ્વધર્મયુક્ત' વર્તનથી જ પ્રાપ્ત થઈ શકશે અને ટકશે એમ સ્વામિશ્રીજી ભારપૂર્વક જણાવે છે.

આવો સદાચાર, શિક્ષાપત્રી શ્લોકો ૯૭-૧૦૩માં યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ વિગેરેને ગ્રહણ કરવા રૂપી ધર્મ બતાવીને અનંત જીવોના આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણયોની સ્પષ્ટતા કરી દીધી છે અને 'એક નારી સદા બ્રહ્મચારી' જેવું, શ્રુતિ-સ્મૃતિમાં ય ન જડે તેવું, પરાવાણીનું સત્ય મહારાજે ગૃહસ્થ હરિભક્તો માટે ઉચ્ચારીને જનક તથા અંબરીષનું જ્ઞાન પર્વતભાઈ, દાદા ખાચર વગેરે મુક્તોના જીવનમાં સરળ કરી બતાવ્યું; જેથી સહજ રીતે જ સંસારમાં રહીને, ત્યાગીની માફક જ યોગ અને સાંખ્યનું ચોખ્ખા પાટલાનું મધ્ય ૨૪માં નિર્દેષ કરાયેલું જ્ઞાન, સરળતાથી સિદ્ધ થતું જાય અને અક્ષરધામનું નિર્ગુણ સુખ હિમાલયમાં ગયા સિવાય પણ પ્રાપ્ત થઈ શકે.

ટુંકમાં પ્રગટ સંત હોય કે તેમની ઓળખાણ થાય, ત્યારે શાસ્ત્રોનું શ્રવણ કે શ્રુતિ-સ્મૃતિના અર્થ તેમના થકી જ સમજીને તેમનાં જ વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ લાવી મંડી પડવું; જેથી એકાંતિક ધર્મ સરળતાથી સિદ્ધ થઈ જશે. પ.પૂ. યોગીજી મહારાજે 'નિર્દોષબુદ્ધિ અને અનુવૃત્તિ'રૂપી વચનો વારંવાર સમગ્ર સત્સંગમાં વહેતાં મૂક્યાં છે; તે જે જીવો ઝીલી શકે, ધારે અને જીવનમાં ઉતારે તો તેમના બળથી, કૃપાથી, સહેલાઈથી એકાંતિક ધર્મ સિદ્ધ થશે જ એ નિઃશંક વાત છે. માટે તેમના વચનોમાં અત્યંત દિવ્યભાવ લાવી સર્વ હરિભક્તોએ સ્વધર્મ સાધી અક્ષરધામનું સુખ દેહ છતાં જ પ્રાપ્ત કરી લેવું એ જ વિનંતી.

**– ઑક્ટોબર, ૧૯૫૬**

***

27

# સ્વધર્મ અને સર્વોપરીપણું

શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણોના કારણ છે અને અનંત કલ્યાણકારી-મંગળકારી ગુણો, ઐશ્વર્યોના ધારક, અન્યથાકર્તું શક્તિઓના નિયામક અને પ્રેરક છે તે સર્વ, તેમણે પ્રવર્તાવેલી 'સ્વરૂપનિષ્ઠા' કે જે 'તત્ત્વનિષ્ઠા' પણ ગણાય તે ઉપરથી અને તેમણે રચેલાં શાસ્ત્રો ઉપરથી શ્રેયાર્થી મુમુક્ષુને સાચા સત્પુરુષ થકી જરૂર આવા જ્ઞાનમાર્ગમાં ઊંડા ઊતરતાં, જણાયા વગર રહેશે જ નહીં. છતાં ય લક્ષાવધિ મનુષ્યો, ભક્તો અને પરોક્ષના ઉપાસકો માટે આવી સર્વોપરીપણાની સ્વરૂપનિષ્ઠાની પ્રતીતિ ફક્ત સાચા સંતના વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ જ રાખવાથી આવી શકે છે અને લાખ્ખો મુમુક્ષુઓને આવી તીવ્ર શ્રદ્ધા જ 'બ્રહ્મજિજ્ઞાસા' ઉત્પન્ન કરીને, સ્વધર્મને દૃઢ કરાવી, સાચી જ્ઞાનમાર્ગની સ્વરૂપનિષ્ઠા તરફ ખેંચી જાય છે. આવાં અનેક ચરિત્રો, ભૂમિકાઓ અને પ્રસંગો શ્રીજી મહારાજ અને તેમનું સનાતન ધામ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી થકી આપણને જાણવા-સાંભળવા માટે અને ૫૦૦ પરમહંસોનાં જીવનચરિત્રો જ આવી સર્વોપરીતા સર્વ કક્ષા માટેની પૂરવાર કરવા બસ થઈ પડે તેમ છે. ફક્ત કોઈ વિદ્વાન શોધક ગોઠવણ કરીને પ્રસંગોની વિશિષ્ટતા, એકાંતિક ધર્મની સ્થાપના, મુક્તોનાં અદભૂત ચરિત્રો અને ઐશ્વર્યો, તેમજ ગુરુપરંપરાથી ચાલી આવતી એકાંતિક ધર્મધારક સાક્ષાત્ સત્પુરુષોની હારમાળાને ગુંથણી કરી, સમાજ પાસે મૂકે, તો જરૂરથી શ્રદ્ધાવાળા અનેક ભક્તોને વિવાદભર્યા તર્કવાળા કહેવાતા-મનાતા પરોક્ષ જ્ઞાનમાર્ગોમાંથી સાક્ષાત્ પ્રગટ સર્વોપરી 'જ્ઞાનમાર્ગ'—જીવન પરિવર્તનનો, સ્વભાવ બદલાવાનો અને વાસના જીતવાનો 'નિર્ગુણમાર્ગ' દેહ છતાં જ હાથ આવી જશે અને વિતંડાવાદ ઊડી જઈ, અનુભવ જ્ઞાનવાળો સાચો 'અર્ચિમાર્ગ' દેહ છતાં જ દેખાઈ જશે, પ્રાપ્ત થશે અને અન્યને પણ આવા ગુણાતીતજ્ઞાનના સર્વોપરીપણાની વિશિષ્ટતા સંત સમાગમ કરતાં, સરળતાથી આવી જશે એ નિશ્ચિત વાત છે.

આવો એક જ પ્રસંગ ગીતાના 'સ્વધર્મ'નો લઈએ અને શ્રીજી મહારાજે પોતાનું ધામ અને મુક્તોનાં ચરિત્રો ઉપરથી કેવી સરળતાથી, સુગમતાથી, સુદંરતાથી ગીતાના આવા સર્વમાન્ય સર્વોપરી નિષ્કામ કર્મયોગરૂપી અર્જુનના સ્વધર્મને,

સામાન્યમાં સામાન્ય અભણ મુમુક્ષુ માટે પણ કેવો સરળ ને સુગમ 'એકાંતિક ધર્મ' બનાવી દીધો છે અને આત્યંતિક કલ્યાણનો-અંતિમ પરમાવસ્થાનો ધોરી માર્ગ સદાને માટે કેવળ કરૂણાએ જ કરીને ખુલ્લો મૂક્યો છે તે સમજાઈ જશે. ત્યારે જ આવા પ્રગટ સત્પુરુષ પ.પૂ. યોગીજી મહારાજ જેવા સંતવર્યના કાર્યનો વિચરણનો, સમાગમનો કંઈક ઝાંખો ખ્યાલ આપી શકશે. બાકી તો આવા સંત સર્વ છુપાઈને જ વર્તવાની ટેવવાળા રહ્યા, તેથી એકદમ ઓળખાય તેવા નથી જ અને રહસ્ય કે અભિપ્રાય કે તેમના વાંકાચુકા પત્રોમાં આવતાં દિવ્ય સુચનોને કે શબ્દોનું અંતર્હાર્દ તો ખબર જ પડે તેવું નથી. માટે સ્વધર્મ ને સ્વરૂપનિષ્ઠા સાથે જ દૃઢ કરવાં પડે છે ને તેનું પ્રથમ જ પગથિયું વચ. વડતાલ ૧૯, ૧૦, ૧૧ મુજબ, છેલ્લા ૨, ૨૭ મુજબ આવા સંત જ છે તે નિશ્ચય જીવમાં કરી રાખવો.

ગીતાનો 'સ્વધર્મ' મૂળમાં જ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને મંત્રરૂપે–જીવનરૂપે જ ભાર દઈને સમજાવ્યો છે અને તેનું ક્ષત્રિયપણું પોતાના ઉપયોગમાં લીધું. એમ, ફક્ત નિમિત્તરૂપે બનાવી છેવટે 'सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज' ઉપર ભાર મૂક્યો છે. જ્યાં સુધી 'અર્જુનભાઈપણા'નો ભાવ રહેતો હતો, ત્યાં સુધી મહા મોહ ટળ્યો નહીં અને વિરાટ રૂપમાં દર્શન પણ થયા નહીં. છેવટે પોતાની જ મરજી પ્રમાણે વર્તાવીને, 'સ્વધર્મ'નું–ક્ષત્રિયપણાનું અર્જુનભાઈમાં જે કાંઈ તેના અંગત મૂળપ્રકૃતિ કે સ્વભાવ મુજબનું 'અર્જુનભાઈપણું'–પોતાપણું મનાઈ ગયેલું હતું, તે સર્વને દિવ્ય કરી નાખ્યું, નિર્ગુણ બનાવી દીધું અને સમૂળું રૂપાંતર થતાં છેવટે પ્રકાશ પડયો, બળ આવ્યું અને અર્જુનને પોતા સાથે જ 'નર-નારાયણ'રૂપે ભજાવે છે–તે ભાગવત ને ગીતાના ઉપદેશો ઉપરથી સર્વ કોઈ સમજી શકશે.

સ્વધર્મ એટલે સ્વ-કહેતાં પોતાનું અને ધર્મ કહેતાં કર્મનો કાયદો, નિયમો, જીવન ઘડતરના શ્રુતિ કે સ્મૃતિમાંથી તારવેલા, સંતોએ નક્કી કરેલા આધારો, સદાચારો અને વર્ણાશ્રમધર્મની ગુંથણી કરી, તે મુજબ સૌ સૌને યોગ્ય જે કર્મયોગ કરવાનો શાસ્ત્રો સૂચવે છે, તે જ દરેક પુરતો તે મુજબનો 'સ્વધર્મ' બની જાય છે. આપણામાં 'આપણાપણું' સહજરૂપે ગુંથઈ ગયું છે, તેનું મૂળ આપણો 'અસલ સ્વભાવ' છે–મૂળપ્રકૃતિ જે કારણ શરીરમાં ખૂંપી ગયેલી છે, અવ્યક્તરૂપે જ બ્હાર દેખાય છે અને મૂળબ્રહ્મના સંગ વિના તેનું દર્શન જ થઈ શકતું નથી. કાં તો પ્રગટ ભગવાન બતાવે તો બને. માટે સોની, દરજી, કાઠી, કોળી, કડિયા, વેપારી, વિદ્યાર્થી, માસ્તર, સિપાઈ, ઈજનેર, ડૉક્ટર કે કોઈબી અંગત અભ્યાસનું દૃઢપણે જ્ઞાન પ્રાપ્ત કરી કે ગુણ દૃઢ કરી, તે મુજબ કર્મો કર્યે જવાં. તે જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે

શૂદ્રનો ગીતાનો વર્ણાશ્રમ ધર્મ, શરૂમાં આપણો 'સ્વધર્મ' રહે છે અને શ્રીજી મહારાજે વચ. છે. ૨૧માં ભારપૂર્વક જણાવ્યું છે કે ભગવાનના અવતાર આવા વર્ણાશ્રમના ધર્મ સ્થાપન કરવા થતાં નથી ને તેનું ફળ ફકત આ લોકમાં ખ્યાતિ મળે ને નાશવંત છે-તેમ જણાવ્યું. ભગવાનનો અવતાર તો એકાંતિક ધર્મ(નું) સ્થાપન કરવા જ થાય છે ને આવો ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિવાળો 'એકાંતિક ધર્મ' શ્રીજી મહારાજે તે વખતના યુગધર્મની અઢારમી સદીની પ્રણાલિકાઓ સ્થાપિત હિતો અને માન્યતાઓ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર વિગેરે-પણાના ચૈતન્યમાં ખૂંપી ગયેલા તીવ્ર ભાવોને જરા પણ તોડયા સિવાય, બદલાવ્યા સિવાય કે તેની સ્વરૂપનિષ્ઠા સાથે ગણતાં, અતિશય ગૌણતા હોવા છતાંય, તેમાં જરા પણ શિથિલતા આવવા દીધી નથી અને વચ. સારંગપુર ૧૧માં તો તેનું પ્રતિપાદન પણ કરેલ છે કે અક્ષરધામની પ્રાપ્તિ માટે શુદ્ધ વર્ણાશ્રમ ધર્મ પણ પાળવો પડશે જ. આમ 'એકાંતિક ધર્મ'ની સ્થાપના સર્વ માટે સુગમ બનાવી, સ્વરૂપનિષ્ઠાનો એકડો જ સર્વોપરી રાખીને, તે વખતના સર્વ યુગધર્મો કે વર્ણ અને આશ્રમનાં જૂથોને કે લોકવ્યવહારને માન્ય રાખીને જ સદાને માટે સાચા સંત થકી (એને) ખુલ્લો મુકેલ છે. ત્યાં જ સ્વધર્મ નું – સૌ સૌના સ્વભાવો મુજબના કર્મયોગોનું રૂપાંતર, એકાંતિક ધર્મમાં પ્રગટની આજ્ઞા પાળવી, મહત્તા સમજાવીને કરેલ છે તે જ સર્વોપરીપણાનો ભાવ છે. પ્રથાઓને તોડીને, ખંડન કરીને ગૌણ બનાવીને કાર્ય કરવું સરળ છે કે બની શકે તેમ છે, પણ તેવા સારા કે ખોટા પ્રવાહોને જરા પણ છંછેડયા વિના, તેમાં પડયા સિવાય, તેનું જ રૂપાંતર કરવું, તે તો અવતારીનું જ કાર્ય ગણાય. આવો વર્ણાશ્રમ ધર્મ પ્રગટ સ્વરૂપનિષ્ઠામાં આડે ન આવે તેટલું ખાસ જોવાનું કે જેથી સંતવર્ય કલ્યાણદાતા છે તેમાં મનુષ્યભાવ આવી જાય. શ્રીજી મહારાજ અને સર્વ મોટા સંતોનાં વચનો પરમપદનાં છે, તેથી વર્ણાશ્રમધર્મ રૂપી 'સ્વધર્મ' દૃઢ રાખીને જ આગળ વધવું અને વચ. મધ્ય ૧૬ મુજબ 'સ્વરૂપનિષ્ઠા' એકડો છે તે દૃઢ કરાશે, તો આપોઆપ જ 'સ્વધર્મ' આવી જશે ને ધર્મનિષ્ઠા દૃઢ થશે. જો ધર્મનિષ્ઠા એકલી બળવાન રહે, તો તેમાં જ કલ્યાણ મનાઈ જતાં એકડો રહી જાય; સ્વરૂપ ને તેનાં મળેલાં ગૌણ બની જાય અને અંતે દેવલોકનું સુખ ભોગવી પ્રકૃતિપુરુષના ચક્રાવામાં જ રહેવું પડે. માટે સૌ સૌના સ્વધર્મ યુક્ત જ ભક્તિ કરી, પ્રગટ સંતમાં અત્યંત દિવ્યભાવ રાખી, શ્રીજી મહારાજે સર્વોપરીપણું એકાંતિક ધર્મમાં બતાવ્યું છે – તે દૃઢ કરવું ને આવા પ્રગટ સંતને રાજી રાખવા એમાં જ સર્વ આવી જાય છે.

– ડિસેંબર, ૧૯૫૬

***

28

# સ્વધર્મ અને સ્વભાવ

ઘણું સ્પષ્ટીકરણ થયું કે સ્વધર્મ વિના એકાંતિક ધર્મ સિદ્ધ થતો નથી. શ્રીજી મહારાજે તેમજ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી તેમજ અનાદિ ભક્તો અને સંતોએ પણ પ્રથમ પગથિયા રૂપે સ્વધર્મને જ સ્થાન આપ્યું છે અને સૌ કોઈનું પોતપોતાપણું રાખીને, તેની માન્યતા આગળ લાવીને હેતથી, ભાવથી, પ્રેમથી સ્વરૂપનિષ્ઠા પાકી કરાવી છે. સર્વ દેવો અને અવતારોને નમન કરાવી, સેવવા યોગ્ય અવતારી મૂર્તિ દ્રઢ કરાવી છે- તેની સત્સંગમાં સૌનેય જાણ છે. માટે સ્વધર્મ રાખીને જ પરાભક્તિ સિદ્ધ કરવાની રહે છે ને માન્યતામાં હવે બે મત છે જ નહીં, કારણ કે કર્મયોગ એ જ સ્વધર્મ હોય છે ને તેના અંતને પામતાં સાચી 'બ્રહ્મજિજ્ઞાસા' પ્રગટે છે અને ત્યારે જ કર્મ, જ્ઞાન અને ભક્તિ એકરૂપ બને છે ને દૃષ્ટા, દૃષ્ય અને દર્શન પણ એક જ સ્વરૂપમાં દ્રઢ થઈ શ્રીજીમાં વિરામે છે.

વ્યક્ત અને અવ્યક્તરૂપે આવો સ્વધર્મ જીવમાં જડાયેલો જ હોય છે અને તેનું મૂળ 'કારણ' અને 'મહાકારણ' છે, જે સૌ સૌના સ્વભાવ કે મૂળપ્રકૃતિ રૂપે જીવનમાં દર્શાતું જાય છે અને સાચા સંત જ તે ટાળી શકે છે.

મહારાજના સ્વરૂપમાં જોડાવામાં આડે આવે તે સ્વભાવ ગણાય. મૂર્તિનું ધ્યાન કરવા બેસીએ, એકાગ્ર ચિત્તે ભજનમાં જ મન પરોવવા પ્રયત્ન કરીએ અને છતાંય મન ગોઠે નહીં, સ્થિર થાય નહીં અને સંકલ્પ-વિકલ્પોમાં તીવ્રપણે તણાઈ જાય ત્યારે સમજવું કે તે જ આપણો 'મૂળ સ્વભાવ' છે કે 'મૂળ પ્રકૃતિ' છે. તે, દેહ સાથે અવિદ્યા, અજ્ઞાન કે અસ્મિતાએ કરીને અનાદિ કાળથી જડાઈ ગયેલી હોય છે, જે દૂર થવી અતિશય કઠણ છે. વાસના કે જે ઈચ્છાઓ રૂપે, કામનારૂપે, વિષયો ભોગવવાની લાલસારૂપે બ્હાર દેખાય, તે તપ, ધ્યાન, વ્રત, દાન, યજ્ઞ કે અષ્ટાંગયોગ સાધીને પણ જીતી શકાય છે; પણ તીવ્ર વાસના જીવ સાથે જ સ્વભાવરૂપે જડાઈ ગયેલી હોય છે, તે તો પ્રત્યક્ષ વડવાનળ અગ્નિસમા-પ.પૂ. યોગીજી મહારાજ જેવા સંતવર્ય થકી જ ટળે છે અને વૃત્તિઓ નિર્ગુણ

બની ધામનું નિર્ગુણ સુખ પ્રાપ્ત થાય છે. સ્વભાવને જીત્યા વિના ‘એકાંતિક ધર્મ’ ટકતો નથી. માટે, મૂળ પ્રકૃતિને ઓળખવા અને તે જાણીને, ટાળવા માટે જ મુમુક્ષુએ સાચા સંતનો સમાગમ કરવાનો હોય છે. નિષ્કપટપણે સંત સાથે અંતરાય ટાળીને વર્તતાં દેહ છતાં જ અવયવો બદલાઈ જાય છે. કામ, ક્રોધાદિક દોષો ટળી જાય છે ને બળ, પ્રકાશ અને જ્ઞાન દિનાદિન પ્રત્યે વધતાં જાય છે.

સ્વધર્મ સ્વભાવ ઉપર જ અવલંબે છે. તેથી મૂળ સ્વભાવ મુજબ જ સૌ કોઈ પોતાનો કર્મયોગ ઘડે છે, રચે છે અને તેમાં ગુરુદ્રષ્ટિથી નિષ્કામ ભાવના પ્રગટતાં આસક્તિ ટળી જઈ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને નિર્દોષબુદ્ધિ રૂપી પરાભક્તિ ઉદય થાય છે; તેમજ પોતાનો ‘સ્વધર્મ’ મૂળ સ્વભાવ બદલાતાં જ ‘એકાંતિક ધર્મ’ બની જાય છે અને સ્વભાવ ટળતાં જ પ્રગટ સંત ને ભક્તોમાં પરભાવ-પરમભાવ થાય છે ને દિવ્યાનંદનું સુખ પ્રગટ સંતની આજ્ઞા પાળતાં જ આવતું જાય છે. માટે પ્રગટ સંત થકી કર્મ, અકર્મ, વિકર્મ અને નૈષ્કર્મ્યની રીત સમજી કર્મયોગ રૂપી સ્વધર્મની પાછળ ઊંડાણમાં કારણ ને મહાકારણમાં જે પોતાપણાની ભાવના દ્દઢ કરાવતી, ભ્રામિક જાણપણાની પ્રકૃતિ જડતત્ત્વરૂપે ચોંટેલી છે, તે તપાસીને બ્રહ્મદ્રષ્ટિ કેળવવી અને તે મુજબ જ નવીન-સંતમાર્ગનો સ્વધર્મ, આજ્ઞારૂપે- આત્મસત્તારૂપે વર્તવાનો અમલમાં મૂકીને, દેહ છતાં જ ‘એકાંતિક ધર્મ’ સર્વેએ સિદ્ધ કરવા પ્રયત્નો આદરવા. તો જ સંતને ઓળખ્યા કહેવાશે. નહીં તો સર્વ એળે ગયું અને દેહ છતાં સ્વભાવ બદલાઈ ‘બ્રહ્મરૂપ’ ન થયા, તો અતિસમર્થ ગુરૂજી મળ્યા છતાં ય કાંઈ પણ મેળવ્યું ગણાશે નહીં ને જીંદગી વ્યર્થ ગઈ કહેવાશે. તો સૌને ય આવું પ્રકૃતિપરિવર્તન સુલભ બને એ જ સ્વામિજીને પ્રાર્થના છે.

— જાન્યુઆરી, ૧૯૫૭



29

# સિદ્ધદશાના પ્રકારો

વેદ, ઉપનિષદો અને મોક્ષધર્મમાં અનેક પ્રકારનાં ધ્યાન અને યોગમાર્ગની ક્રિયાઓ વર્ણવેલી છે, જે મુજબ તેવા ધ્યાન અને યોગકળાથી જીવાત્મા દેહ છતાં જ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે અને મહાભૂતો ઉપર પ્રભુત્વ મેળવે છે. મહારાજે અનેક પ્રકારનાં ધ્યાનની વાત લક્ષ્યમાં લઈ, અમદાવાદના વચનામૃત ૧લામાં મોક્ષધર્મમાં વર્ણવેલા તત્કાળ સિદ્ધદશાને પામવારૂપી ધ્યાનની રીત બતાવી છે. વળી વચ. મધ્ય ૨૦માં ઇંદ્રિયો-અંતઃકરણની આવી અનેક શક્તિઓ તપ, નિવૃત્તિ ધર્મ અને વૈરાગ્યે કરીને દેહ છતાં જ વૃદ્ધિ પામે છે અને નારદ, શુક સનકાદિક જેવો સિદ્ધ થઈ શકે છે તેમ બતાવેલ છે. આ શક્તિથી સિદ્ધદશાવાળા ગમે ત્યાં ગમન કરી શકે, અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી મહાભૂતોને વશ વર્તાવી શકે છે.

સિદ્ધદશાનો બીજો પ્રકાર એકાંતિક ભક્તો માટેનો છે, જેને યોગ અને સાંખ્યનિષ્ઠા દૃઢ થતાં, જનક અને અંબરીષ રાજા માફક જ્ઞાનની સિદ્ધદશા વર્તે છે અને નિર્વિકલ્પ સમાધિનું નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત કરે છે. પાતંજલીના ક્રિયાવાળા અઘરા યોગ કરતાં મહારાજે એકાંતિક ભક્તને માટે ભગવાનની મૂર્તિનું ધ્યાન અને ઉપાસના વડે તત્કાળ સિદ્ધદશા પામવાનો સરળ માર્ગ બતાવ્યો છે. પ્રત્યક્ષ વડવાનળ અગ્નિસમા સંતના સમાગમ થકી આવા જ્ઞાનીને સારા-નરસા રમણીય પંચવિષયો સમ વર્તે છે, મોટી-નાની અને યુવાન સ્ત્રીને વિષે સમભાવ જ રહે છે અને અષ્ટાંગયોગ, જે પ્રાણના નિરોધે કરીને સધાય, તે ભક્તને પ્રાપ્ત કરાવે છે. તેમજ બહુ જ સરળતાથી પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપના અતિ સ્નેહે ચિંતવન થકી તેવું જ નિર્વિકલ્પ સમાધિનું નિર્ગુણ દિવ્ય સુખ પ્રાપ્ત થાય છે. તેવા એકાંતિક સિદ્ધ ઘણા જ થાય છે અને શ્રીજી મહારાજની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવે છે.

ઉપરની બન્ને પ્રકારની સિદ્ધદશાની સ્થિતિ કરતાંય સાક્ષાત્ સ્વરૂપના ચિંતવન, મનન અને સાક્ષાત્કાર થકી વચ. મધ્ય ૧૭ મુજબ અને પ્રથમ ૨૪ તેમજ છેલ્લા ૨૬ મુજબ જે જ્ઞાનની સ્થિતપ્રજ્ઞતા એકાંતિક ભક્ત પામે છે, તે અતિ અલૌકિક છે અને તેજ સાચી 'મુક્તદશા' છે કે જેને કારીયાણી ૭ તેમજ અમદાવાદ ૨ મુજબ આત્યંતિક મુક્તિ ગણવામાં આવે છે. પ્રત્યક્ષ સ્વરૂપનો

આવો સ્થિતપ્રજ્ઞ ગીતાના ગુણાતીત સ્થિતપ્રજ્ઞ કરતાં અત્યંત શક્તિવાળો અને અપાર અનિવર્ચયનીય ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ લેનારો ગણાય છે. માયિકભાવ માત્રને ટાળીને પ્રગટ સંત થકી જ આવી સ્વરૂપની સિદ્ધદશા પ્રાપ્ત થાય છે, જે અન્યને પણ નિર્ગુણ કરે અને અંતઃકરણ તેમજ જીવાત્માના સર્વભાવોને પણ શુદ્ધ કરાવી શકે છે. આવા ભગવત્ નિષ્ઠાર્થી ઉત્તમ ભક્તો પ્રત્યક્ષ સંતની કેવળ કૃપા થકી જ અને તેમની દૃષ્ટિ વડે જ પ્રથમ ૨૭ મુજબની અતિ ઉત્તમ પરમ એકાંતિક સ્થિતિ કરવા ભાગ્યશાળી થઈ શકે છે અને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જ અખંડ જોડાયેલા રહે છે ને સ્વામીસેવક ભાવ નિરંતર રાખે છે.

આપણા સદ્‌ભાગ્યે પ.પૂ. સંતવર્ય યોગીજી મહારાજે વડવાનળ અગ્નિ સમા પરમ એકાંતિક સંતવર્યની આવી જ અતિ ઉત્તમ સ્થિતિ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને અન્ય સંતોની અનન્ય સેવા અને પરાભક્તિ કેળવીને શરૂઆતમાંથી જ પ્રાપ્ત કરેલી હતી, પણ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની હયાતિમાં અતિશય જ્ઞાનગરીબી પકડીને પોતાનું સ્વરૂપ છુપૂ જ રાખેલું હતું. તે હવે આપણે સર્વેએ નિર્દોષભાવ કેળવીને ઓળખી લેવાની ખાસ જરૂર છે. આવાં સાક્ષાત્ સ્વરૂપો ઓળખવાં અને જેવાં છે તેવાં સમજીને, અનુવૃત્તિમાં વર્તવું એ જ જ્ઞાનદશાની અતિ ઉત્તમ સ્થિતિ અગર સિદ્ધદશા છે. આવું દિવ્ય જાણપણું જો અખંડ રહે, તો જ પરમાત્માના નિર્ગુણ સ્વરૂપોનો દેહ છતાં સાક્ષાત્કાર થાય અને પરમપદ, પરમ કલ્યાણ મનાઈ જાય અને જ્ઞાનયજ્ઞની, બ્રહ્મયજ્ઞની અવધિ આવી ગણાય ને છેલ્લો જ જન્મ મનાઈ જાય.

આવા સાધુનું સ્વરૂપ સર્વોપરી સમજીને શ્રીજી મહારાજની દિવ્ય મૂર્તિમાં જોડાવું તેમાં જ મહારાજે મધ્ય પ્રકરણમાં અને કારિયાણી ૭, મધ્ય ૩-૩૦ વિગેરેમાં આત્યંતિક કલ્યાણ બતાવેલ છે. છેલ્લા ૩૧ મુજબ તેમજ કારિયાણી ૧૨ મુજબ ધ્યાન અને વચનથી આ થઈ શકે છે અગર તેવા સંતની મધ્ય ૬૩-૭ મુજબ અસાધારણ સેવા કરવાથી અગર વચ. પ્રથમ ૪૪, કા. ૧૧, વડતાલ ૧૧ ૪-૫, લોયા ૩ વિગેરે મુજબ અસાધારણ પ્રીતિ વડે સરળતાથી પ્રાપ્ત થાય છે. સિદ્ધદશાના અનેક પ્રકારો હોવા છતાં, પ્રત્યક્ષ સંતમાં જ અખંડ દિવ્યભાવ માની શ્રીજી મહારાજના સ્વરૂપમાં દેહ છતાં જ બ્રહ્મરૂપે જોડાયેલા રહેવાનો આવો જ્ઞાનમાર્ગ અતિ ઉત્તમ છે. તે સૌએ તેમની અનુવૃત્તિમાં, ગમતામાં રહીને, તેમની રુચિ અનુસાર જ વર્તીને પ્રાપ્ત કરી લેવો એવી વિનંતી છે.

—માર્ચ, ૧૯૫૭

***

30

# જીવના રોગ

જીવના સ્વરૂપનું વર્ણન સર્વાંગ સંપૂર્ણ રીતે શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૦૫માં બહુ સરળતાથી બતાવેલ છે, જે જ્ઞાન વેદ ઉપનિષદમાં મોટા મોટા વિદ્વાનો પણ સમજી શક્યા નથી. અનાદિકાળથી આત્મા અને પરમાત્માનાં બે તત્ત્વો વિશે તત્ત્વજ્ઞોએ, મોટા-મોટા આચાર્યોએ મૂળ સ્વરૂપોના અસલ લક્ષણોની કલ્પના જ કરેલી લાગે છે, કારણ કે જીવાત્માનો ગમે તેટલો વિકાસ સાધવા છતાંય, તેની સાથે જ સંકળાયેલા અનાદિના રોગ નિર્મૂળ થયેલા લાગતા નથી. (જેમ કે સ્વર્ગમાં જય-વિજયને સનકાદિક સાથે ક્રોધ થયો, ગોલોક ધામમાં રાધિકાજી સાથે શ્રી દામાને વઢવાડ થઈ તથા સીતાજીએ લક્ષ્મણને વેણ માર્યા. એમ મોટા-મોટા પણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળનારા હતાં, છતાં ય સામ્યાવસ્થારૂપ માયામાં સપડાઈ ગયેલા જણાય છે.) આવા જે અવ્યક્ત જીવના રોગ, જેને કારણ - મહાકારણરૂપી માયારૂપે ઓળખાવવામાં આવે છે, તેનાં મૂળ પૂર્ણ પુરુષોત્તમ શ્રીજી મહારાજે કરેલ ગુણાતીત જ્ઞાન થકી જ નીકળી શક્યાં છે; એમ વચનામૃત અને સ્વામીની વાતો પરથી તથા સંતોના વિચરણ પરથી અને સ્થિતિ કરાવવાની રીત પરથી આપણને જરૂર અનુભવમાં લાગે છે. તેનું સ્વરૂપ હવે આપણે તપાસીએ.

આવા જીવના મહારોગ મૂળમાં સ્થૂળભાવે કરીને વર્ણવીએ તો તેમના નામ, માન અને કામ એ બે ગણાશે. જે વિશેષ સત્તાએ કરીને હૃદયમાં, બુદ્ધિતત્ત્વમાં અનાદિકાળથી ચોંટેલા માલુમ પડે છે. ઋષિ-મુનિઓ જંગલમાં ગયા, તો પણ દેશકાળે કરીને તેમની મતિમાં ફેર પડી ગયો. મોટા-મોટા અનન્ય ભક્તોમાં સર્વોપરી ઉપાસના અને બ્રહ્મરૂપે ભજવાની ભક્તિના અભાવે, ઉર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોવા છતાં ય, નાની-નાની સૂક્ષ્મ વાતો ઉપર માનને માટે લડવું પડયું. વારંવાર હઠ, માન, ઈર્ષ્યા, અસૂયા ને મત્સરના સૂક્ષ્મ અવ્યક્ત રાગો ચૈતન્યમાં એટલે કે જીવસત્તામાં અજ્ઞાને કરીને અથવા મૂળ સ્વરૂપો જેવા છે તેવા ન ઓળખવાને પરિણામે દટાઈ રહેલા છે, તે પ્રસંગે કરીને પરિસ્થિતિ બદલાતાં

અથવા ભયંકર દેશકાળનાં પરિવર્તનમાં બહાર આવી જાય છે, દેખાય છે, સ્થિતિમાંથી ડગાવી દે છે અને વૃત્તિઓને અનુલોમ કરી દઈને મુદ્દાની બાબતથી વિમુખ કરી દે છે. તેથી જ મહારાજે ભક્ત ચિંતામણિ પ્રકરણ ૭૧માં મોટા મોટા સંતોને પણ તેમના તપ, વ્રત વગેરે સાધનોની પ્રશંસા કરીને પણ, નીચે મુજબની મહા મોટી વાત સમજાવવા પ્રયત્ન કર્યો છે અને તે ઉપર ભાર મૂક્યો છે.

'એક વાત કહું માનો તેહ, આપણે આતમા નહીં દેહ ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુ:ખ રૂપ દેહ તેહ ન્યારું.'

વારંવાર સૂક્ષ્મ રીતે, અતિશય નિર્વાસનિક થઈને, બ્રહ્મરૂપ થઈને, આત્મસત્તારૂપે ભજન કરવા ઉપર ભાર મૂક્યો છે. પ્રગટ સત્પુરુષના પ્રસંગ વગર કદી પણ જીવનું એવું અનુભવ જ્ઞાન અને આત્માનું સમ્યક્ દર્શન સંભવે જ નહીં એમ શ્રીજી મહારાજે વચ. પ્ર. ૨૦, મધ્ય ૩૫ અને ૩૬માં ભારપૂર્વક જણાવ્યું છે.

સાંખ્યમતના મુનિરાજ કપિલદેવ તેમજ ભાગવતમાં સત્પુરુષને વિષે જે આત્મબુદ્ધિ-પ્રીતિ કરી, કામ અને માનરૂપી દોષો જે બુદ્ધિતત્ત્વમાં ઘર ઘાલી બેઠા છે, તેના નિવારણ માટે આ સરળમાં સરળ સાધન બતાવેલ છે. હજી પણ મહારાજના સાચા સંતો થકી જેવા કે-સંતવર્ય યોગીજી મહારાજ વગેરે મારફતે આવા જીવના રોગ કાઢવાનો માર્ગ, ગરીબ કે તવંગર, ભણેલા કે અભણ, બુદ્ધિવાળા કે બુદ્ધિવગરના માટે એટલો સુગમ છે. તે પ્રમાણે મહારાજની દિવ્ય મૂર્તિ સિદ્ધ કરી લેવી, તો અપરંપાર સુખ અનુભવાશે, ભોગવાશે અને પ્રાપ્ત થશે.

માન અને કામ બુદ્ધિતત્ત્વ થકી વ્યાપક સ્વરૂપ લઈને મનને વિષે અને ચિત્તને વિષે અનંત પ્રકારની ક્રિયાઓ કરાવે છે, જેના પાશ ચૈતન્યમાં અવ્યક્ત રીતે અને ઈન્દ્રિયોમાં વ્યક્ત રીતે સ્થૂળભાવે ભગવાનની ઉપાસનાના બળને લઈને આપણને દેખાય છે.

વાસનાની અને પ્રકૃતિની પંચભૂતરૂપેની કોથળીઓ એટલે સ્ત્રીઓ અને પુરુષો. સાંખ્યશાસ્ત્રની રીતે એજ પ્રકૃતિ ને પુરુષ અગર શકિત અને સંકલ્પ. વેદાન્તશાસ્ત્ર પ્રમાણે પ્રાણવાયુ ને ચેતનાનું મિશ્રણ-જે થકી માનવ જીવન પ્રવૃત્તિમાં રોકાઈ, પ્રકૃતિના ચક્રાવામાં વૃત્તિઓના પોષણરૂપે કે જગતરૂપે આપણને ભાસે છે. મૂળમાં દેખાતા, છૂપા રમણીય ભોગો ને વિષયો તરફ મન કામનારૂપે, ઈચ્છાઓ રૂપે, ઊર્મિરૂપે, ભાવનારૂપે, ઉલ્ટાઈને બહાર આવતું દેખાય છે. તેની પાછળ

સૂક્ષ્મ માન કે અહંકાર છે, જે આવરણને લઈને સત્યને અસત્ય માનીને ને અસત્યને જ સત્ય માનીને, દેહને પોતાનું રૂપ માની જીવન વ્યવહાર ચાલ્યા જાય છે.

સંસ્કારથી કે કોઈ પુણ્યપ્રતાપથી સાચા સંત મળતાં, આવું ભવ્ય સત્ય દર્શન અને વિષય ખોટા, જગત મિથ્યા અને ભગવાન સત્ય એમ પ્રતીતિ થાય છે અને એ પ્રમાણેનું વર્તન થાય છે. ત્યારે જ આવા મહારોગ દેહ છતાં ટળી ગયેલા અથવા સદંતર નિર્મૂળ થયેલા માલુમા પડે છે. હાલમાં આવું મન અને ચિત્તની ભૂમિકાનું રૂપાતંર અંતર્દૃષ્ટિ થતાં આપણાં દોષોની સાક્ષાત્ સભાનતારૂપે દર્શન થાય છે અને એજ એની મહદ્‌કૃપાનું ફળ છે. બુદ્ધિ તત્ત્વનું આવું રૂપાંતર એજ શાસ્ત્રનો સિદ્ધાંત છે. પછી ગમે તે ધર્મ હો, માન્યતા હો કે સિદ્ધાંત હો, પણ વાસનાનો સંપૂર્ણ ક્ષય અને પ્રકૃતિનું પરિવર્તન એજ આત્યંતિક મોક્ષ અને આવી વાત જ આ વૈજ્ઞાનિક યુગમાં રહી શકશે.

આ પ્રયોગ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીના વખતથી ચાલ્યો આવે છે જે એકાંતિકો તૈયાર થતાં દેખાશે. માટે આપણે પણ એવું એકાંતિકપણું પ્રાપ્ત કરવા ગુરુમુખી બની, અંતર્દૃષ્ટિ કરી, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી તથા પૂર્ણ પુરુષોત્તમનારાયણ સહજાનંદસ્વામી તથા તેને ધારણ કરનાર પ્રગટ સ્વરૂપને વળગીને મંડી પડવું.

મહારાજે આવા દોષ નિવારણના સરળ ઉપાયો - જે કાઠી, કોળી, કણબી કે અભણ વર્ગના કોઈ પણ મુમુક્ષુ માટે - લક્ષાવધિ મનુષ્યોના કલ્યાણ માટે ખુલ્લા કર્યા છે ને સંત થકી પ્રગટ રાખ્યા છે. તે અનુભવી મુક્તો કે પ.પૂ. યોગીજી મહારાજ જેવા પ્રત્યક્ષ સંત થકી સમાગમ કરીને દૃઢ કરી લેવા કાં તો અસાધારણ નિર્માનીપણાની સેવા કે અસાધારણ પ્રીતિનું અંગ ઉપશમરૂપે વધારી, દેહ છતાં જ આવી આત્મશુદ્ધિ પ્રાપ્ત કરી લેવી. તો વચ. મધ્ય ૬૬, સારંગપુર ૧૦ મુજબ ધામનું નિર્ગુણ સુખ દેહ છતાં પ્રાપ્ત થશે એમાં શંકા નથી.

—એપ્રિલ, ૧૯૫૭





તેમને આ બ્રહ્માંડની ય પડી નથી, મંદિરોની ય પડી નથી.
સર્વે છે તે ફક્ત એકાંતિક ભક્તો માટે.



દરેક સત્સંગી પ્રત્યક્ષ-પ્રગટની નિષ્ઠા જીવનમાં મૂર્તિમંત બનાવે
અને ધામનું દિવ્ય સુખ અનુભવે, ભોગવે ને પ્રાપ્ત કરે.

31

# વૃત્તિઓનું પિંડીકરણ

માનસશાસ્ત્ર એટલે મનના અને ચિત્તના આવેગો, ઊર્મિઓ, ભાવનાઓ, સંકલ્પ-વિકલ્પો વગેરેનું બારીકાઈથી પૃથકકરણ કરનારૂં શાસ્ત્ર. વૈજ્ઞાનિક સંશોધનો મુજબ આવી જુદી જુદી અનેક વૃત્તિઓ ઉપર ઢગલાબંધ પુસ્તકો લખાઈ ગયાં છે અને ફ્રૉઈડ તેમજ ઍડ્લર તથા આધુનિક માનસશાસ્ત્રીઓએ પણ વૃત્તિઓનાં મૂળ તપાસી, દેખીતી રીતે જુદા જુદા દર્શનોની વ્યવહારૂ સ્વરૂપમાં કલ્પના મૂકી છે. છતાં તે વૃત્તિઓના વેગ, અસલી સ્વરૂપો, સ્થળ, કાળ અને વાતાવરણને લઈને સદંતર બદલાઈ જતી વૃત્તિઓ વગેરે ઉપર સ્પષ્ટ નિર્ણયાત્મક ખ્યાલો અપાઈ શકયા નથી અને મનની ભૂમિકાથી પર આત્માનું સત્યસ્વરૂપ જાણી શકયા નથી. તેથી જ વૃત્તિઓનાં પિંડીકરણનો વિષય ખાસ કરીને આપણે વેદો અને ઉપનિષદોના આધારે જે મહાવાક્યો શાસ્ત્રોમાંથી મળી આવે છે, તે સમજી તેનું-યોગમાર્ગનું મુખ્ય શાસ્ત્ર તપાસવું પડે છે. પાતંજલના યોગ કરતાં રાજયોગ અને સાંખ્યમતનો અનાસકિત યોગ (એના) જુદા જુદા સ્વરૂપો, લક્ષણો અને ક્રિયાઓ સૂચવે છે, જેથી સામાન્ય મનુષ્યો માટે 'વૃત્તિઓનું પિંડીકરણ' ઘણોજ અઘરો ગહન વિષય બની જાય છે.

આવી વૃત્તિઓ જેવી કે મનની, કામનાની, ભૂખની, જીજ્ઞાસાની, વંશવર્ધનની, અહંતા-મમતાની, વગેરેનો નિરોધ ક્રિયાત્મક પ્રાણાયામ કે અષ્ટાંગ યોગની ક્રિયાઓથી જે સધાય છે, તે સામાન્ય જનસમૂહ માટે અતિ કઠણ અને દુર્લભ જેવો જ રહે છે અને મનની, ચિત્તની વૃત્તિઓનું શુદ્ધિકરણ સરળ બનતું નથી અને ઉલટો વિપર્યય થાય છે. સુખ, શાંતિ કે આનંદ બહાર શોધતા હોય છે, તે સર્વ જીવોને અંતર્દષ્ટિ કરી, પોતા ઉપર જ સર્વ વસ્તુ, માન્યતા કે સિદ્ધાંતનો દાખલો લેવાનું સરળતાથી થઈ શકતું નથી અને તેનું જાણપણું જ આવતું નથી. તો પછી વૃત્તિઓના નિરોધ પછી જે સાક્ષીભાવ ઉત્પન્ન થાય, તે તો સંસારમાં રહીને સુગમતાથી સિદ્ધ જ કેમ થઈ શકે ?

આવા અનહદ ક્રિયામાર્ગને શ્રીજી મહારાજે વચ. પ્રથમ ૫૪, મધ્ય ૭, ૫૪ અને છે. ૨, ૧૧, ૩૯ વગેરેમાં 'સંત માર્ગ'ની વિશિષ્ટતા બતાવી, સાચા સત્પુરુષના પ્રસંગ થકી અતિ સરળ બનાવી દીધો છે જે કૃપાસાધ્ય (હોઈ), સર્વ માટે સાચા સંત થકી સિદ્ધ થવો સુલભ બની જાય છે. શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસના સમજનાર માટે પ્રત્યક્ષ સ્વરૂપના ચિંતવને કરીને, સ્મૃતિએ કરીને અતિશય સરળતાથી નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરી શકાય છે, તે વચનામૃતોમાં ઠેર ઠેર મહારાજે બતાવેલ છે.

માટે સંકલ્પોનો મહારોગ ટાળવા અગર પિંડ અને બ્રહ્માંડ, અલ્પ અને મહત્ ગણાતી સર્વ વૃત્તિઓનું પિંડીકરણ જેણે સાધવું હોય, તેણે પ્રત્યક્ષ સત્પુરુષનાં ચર્ણાર્વિંદમાં જ પોતાના મનને નિમગ્ન કરવા પ્રયત્ન કરવો. આવો સમાગમ કરતાં સહેજે જ સંતની સ્મૃતિ થઈ જતાં અભ્યાસ પડી જશે અને તેવા એકાંતિક ભક્તને ચિત્તના ચિંતવને કરીને સર્વ વૃત્તિઓનો નિરોધ તત્કાળ થઈ જાય છે અને અખંડ નિર્વિકલ્પ સમાધિનું સુખ દેહ છતાં જ પ્રાપ્ત થાય. આવો સાક્ષીભાવ કાયમ રહે, માટે અખંડ સંતનો પ્રસંગ રાખવો જરૂરી બને છે. પ્રગટ સંતની મરજી સમજી તેમની અનુવૃત્તિમાં જ જીવન ગાળે, તો સંસારી હોવા છતાં ય ઉર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી કરતાં ય અતિ નિષ્કામ થવાય છે અને અક્ષરધામનું સુખ સહજ જ ભોગવાય છે.

આપણા સદ્‌ભાગ્યે આવા પરમ પૂજ્ય સંતવર્ય યોગીજી મહારાજ ઓળખાયા છે. તો, જેવા છે તેવા (જાણી), તેમનો સમાગમ કરી, મન, કર્મ અને વચને સેવા કરી લઈ અંતરનો રાજીપો મેળવી લેવો અને કોઈનું ય કંઈ પણ જોયા-સાંભળ્યા વિના પોતાનું અને પોતે સર્જેલા જગતનું પિંડીકરણ કરીને, કલ્પના ટાળી, 'સંત અને આપણે જ'—એમ દૃઢ મન કરી સ્વધર્મેયુક્ત નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવ કેળવવાનો જ અભ્યાસ પાડવો; જેથી મહારાજના સ્વરૂપના ચિંતવને કરીને તત્કાળ સિદ્ધદશા પ્રાપ્ત થશે અને નિર્વિકલ્પ સમાધિનું સુખ પ્રાણના ક્રિયાત્મક નિરોધ વિના કે અષ્ટાંગયોગ સાધ્યા વિના પણ દેહ છતાં પ્રાપ્ત કરી શકાશે.

આવો જોગ, આવા સત્પુરુષ ફરી ફરી મળે તેમ નથી. માટે તેમની જ મરજી મુજબ વર્તવું, જેથી તેમની કૃપા થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ વચ. વડતાલ ૩, ૫, ૧૧ મુજબ સુલભ થશે ને તત્કાળ એકાંતિકપણું સિદ્ધ થશે. સ્વામિશ્રીજી સર્વ સત્સંગીબંધુને આ પ્રાપ્તિ કરાવે એ જ અભ્યર્થના.

— મે, ૧૯૫૭

***

32

# કર્મયોગીને માયા

પશુજીવન અને માનવજીવન વચ્ચે મોટામાં મોટો ભેદ બુદ્ધિતત્ત્વથી પડેલો છે. વૃત્તિઓનું પોષણ કે ભાવનાવાળું જ પશુજીવન વિચાર વગરનું હોવાથી મનુષ્યત્વનાં દિવ્ય તત્ત્વો અને દૈવી સંપત્તિ, જે ચૈતન્યના મહાગુણો રૂપે આવિર્ભાવ થાય છે, તે સાચા મુમુક્ષુ વિના (અન્યમાં) જણાતાં નથી. બન્ને પ્રકારોમાં જગત હેત અને પક્ષ ઉપર જ રચાયેલું હોય છે; તેથી કર્મયોગીને (વળગેલી) અહંતા-મમતારૂપી પ્રાથમિક માયા તો સર્વત્ર દેખાય જ છે અને સર્વ જીવ-પ્રાણી જુદી જુદી ભૂમિકામાં, અવસ્થામાં દેશકાળને અનુરૂપ પંચવિષયોના આહારો લેતા માલુમ પડે છે. સૌ સૌનું પોતાનું જ જગત, પોતાના જ જ્ઞાન, અનુભવ અને કર્તાપણાની ભાવનામાંથી કર્મયોગ ચાલતો હોય છે. માન્યતાઓની છાપવાળું, તેવા જ કલ્પનાના ભગવાન ને માની લીધેલાં, સાંભળેલા, પોતાની રીતે જ ગ્રહણ કરેલા ધર્મના સિદ્ધાંત પ્રમાણે આવો અજ્ઞાનમય કર્મયોગ સતત જ ચાલ્યા કરે છે અને પ્રકૃતિ પૂરજોશમાં કાર્ય કરતી દેખાય છે.

આવા કર્મયોગીની ક્રિયા પૂરી થતાં જ માયાને રાગ, દુ:ખ, કલેશ, કંકાસ, વેરઝેર, અવિશ્વાસ, ડોળ, દંભ વગેરે રૂપે સંસારમાં સૌ કોઈએ અનુભવેલી હોય છે. તેને સાચા સંત અને સાચું શાસ્ત્ર સદ્‌વિચાર અર્પી નિર્ગુણ કરે છે અને કર્મયોગની ક્રિયાઓમાં રૂપાંતર થઈ જાય છે. એના એ જ જીવો, એ જ જગત અને એ જ આપણો સમાજ, સગાંવહાલાં, મિત્રો, સત્સંગીઓ પણ 'હું અને મ્હારી સ્ત્રી ને છોકરાં' પૂરતી કર્મયોગની ક્રિયાઓ વિશાળ દૃષ્ટિ થતાં આનંદમય, સત્યમ્, શિવમ્ ને સુંદરમ્ તત્ત્વો તરફ ભાવ પેદા કરે છે ને સાચો સત્સંગ પ્રાપ્ત કરાવે છે.

વચ. વડતાલ ૧૯, ૧૦, ૫, છેલ્લા ૨, પ્ર ૫૪ વગેરે મુજબ આવા સત્પુરુષ જરૂર ભરતખંડમાં વિચરણ કરતા હોય છે. તેમની સાચી ઓળખાણ થઈ એટલે જ કર્મયોગીને માયાનો અંત આવ્યો ! નવાં જ કર્મ, જ્ઞાન અને અનુભવ જીવનમાં દેખાશે. સંતસમાગમથી વૃત્તિઓ શુદ્ધ થતાં, દૃષ્ટિમાં અને જગત જોડેના

સંબંધોમાં સમૂળા ફેરફારો લાગશે. અંતર્દૃષ્ટિ થવા લાગશે અને પોતાની જ ભૂલો - ત્રુટિઓ જણાઈ આવશે. ત્યારે જ સાચા સત્સંગની શરૂઆત થઈ ગણાશે.

વચ. મધ્ય ૫૧, ૬૩ મુજબ, સત્પુરુષની આજ્ઞા (જેમ-જેમ) પળાશે, તેમ જીવ બળને પામશે ને દેહ છતાં જ એના એ જ કર્મો, ભકિતરૂપ બની જશે. કર્મયોગનો અંત આવતાં સંત કૃપા થકી સાચું જ્ઞાન આવશે અને જગત, સાચાં સગાં, મિત્રો જે દુ:ખમાં જ કે પ્રસંગે જ ઓળખાય છે, તે આપણને (સાચા સંત) તર્ત જ બતાવી દે છે.

આ સત્સંગ તો દર્પણતુલ્ય મહાવિષ્ણુરૂપ છે. ક્ષેત્રમાં કામ કરવા આવનારને કે ઉપશમમાં સંતની ધસારાબંધ સેવા કરનારને સર્વ વાસનાઓ ને સ્વભાવોનું પ્રતિબિંબ તરત જ દેખાઈ આવે છે. સાચા સંત ભક્તોની રક્ષા કરે છે અને કર્મ, જ્ઞાન અને ભકિતની ત્રિપુટીની પ્રવૃત્તિઓમાં ફેરફાર કરાવી દઈ, નિર્ગુણભકિત – જે ‘પરાભકિત’ કહેવાય છે, તેવું એકાંતિકપણું દેહ છતાં જ પ્રાપ્ત કરાવે છે ને ધામનું સુખ, શાંતિ ને આનંદ અખંડ અપાવે છે. કર્મયોગીને માયા, જગતમાંથી અહંતા-મમતા છોડાવી સત્સંગમાં અહંતા-મમતા ઊભી કરે છે. તેમાં સાચા સંત અંતર્દૃષ્ટિ કરાવી, પોતાનું જ તપાસવા જણાવી, કોઈનું ય કંઈ પણ ઘસાતું ન બોલવા દઈ દિવ્યદૃષ્ટિ આપે છે. તેથી એકાંતિકભાવ દૃઢ થાય છે ને પ્રગટનો મહિમા સમજી સંતની જ મરજી પ્રમાણે હઠ, માન, ઈર્ષા છોડી વર્તાય છે.

હાલ આવા સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજ સત્સંગમાં આવી ‘ગુણાત્મક માયા’ કાઢવાનું જ કાર્ય કરી રહ્યા છે. તો દરેક જણે તેમની જ મરજી પ્રમાણે, ગમતામાં વર્તીને ‘એકાંતિકભાવ’ દૃઢ કરી લેવો એ જ અભ્યર્થના.

—જૂન, ૧૯૫૭



33

# બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને લક્ષાવધિ મુમુક્ષુઓ માટેની કલ્યાણ રીતિ

ગીતા, ભાગવત, ઉપનિષદો અને અન્ય શાસ્ત્રોમાં
પરમ ભાગવત એકાંતિક સંતના લક્ષણો
અને એમના થકી સનાતન કલ્યાણનો સરળ માર્ગ દેખાડયો છે.
તેમજ મોક્ષનું અંતિમ દ્વાર ખુલ્લુ થવાનું રહસ્ય
શ્રીજી મહારાજે વચનામૃત પ્રથમ ૫૪, મધ્ય ૭-૨૮-૫૪,
છેલ્લા ૨, વરતાલ ૫-૧૧-૫૩ વગેરેમાં સ્પષ્ટપણે બતાવેલ છે.
આ અંગે ભાગવતના એકાદશ સ્કંધના તેમજ બીજાં મુદ્દાના શ્લોકો વિચારવા,
જેમાં નીચેના બે મુખ્ય છેઃ

1. प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः।
   स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्॥
   *(જીવને જેવો પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય, તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.)*
2. यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम इज्यधीः।
   यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः॥
   *(જેને વાત, પિત્ત અને કફરૂપ ત્રણ ધાતુમય શરીરમાં અને સ્ત્રીપુત્રાદિકમાં આત્મબુદ્ધિ છે, પાષાણાદિકની પ્રતિમામાં દેવબુદ્ધિ છે અને જળમાં તીર્થબુદ્ધિ છે; પણ જો એને એવી આત્મબુદ્ધિ ભગવાનના એકાંતિક જ્ઞાનીભક્તમાં નથી, તો તેને પશુઓમાં ખર જાણવો.)*

આ જ મુદ્દા ઉપર ભાર મૂકીને, 'પ્રત્યક્ષ ભગવાન કાં તેના અવતાર
અગર એકાંતિક સાધુ-પરમ ભાગવત સંતના પ્રસંગ થકી જ
**ભાગવત ધર્મનું-એકાંતિક ધર્મનું પોષણ,**
**તેમજ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે'** એ વાત

શ્રી કૃષ્ણ ભગવાને ઉદ્ધવને, કપિલદેવ ભગવાને દેવહૂતીને
તેમજ શ્રીજી મહારાજે ભક્તિમાતાને કરી છે.
તપ, ત્યાગ, વૈરાગ્ય અષ્ટાંગયોગ, આત્મનિષ્ઠા, સ્વધર્મ, બ્રહ્મચર્ય
કે
**બીજાં કરોડો સાધનો કરતાં ય 'સત્પુરુષના સમાગમને'** જ
શ્રીકૃષ્ણ ભગવાને ભાગવતમાં બ્રાહ્મીસ્થિતિ પામવા માટે
એકડારૂપે-મુદ્દારૂપે ભારપૂર્વક બતાવેલ છે.
સાચા સંતના પ્રસંગને જ **'સત્સંગ'** ગણાવ્યો છે, **'એકાંતિકી ભક્તિ'** ગણાવી છે.
વચનામૃત મધ્ય ૫૯માં એવા સંતની પ્રાપ્તિને જ
**'પરમપદ'** કે **'પરમ કલ્યાણ'** ગણાવ્યું છે.
**પ્રગટ સંતના યોગ વગર આ અંતિમ રહસ્ય સમજાતું જ નથી**
અને
દેહ છતાં બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામીના
દિવ્ય સ્વરૂપમાં જોડાઈ શકાતું જ નથી
તેમજ અંતિમ મુક્તિ કે પરમકલ્યાણ જે 'આત્યંતિક મોક્ષ'–એ સિદ્ધ થતો નથી.
અનંત પ્રકારનાં કલ્યાણ, આધ્યાત્મિક સ્થિતિઓ
અને તેનાં સુખોના વર્ણન શાસ્ત્રોમાં છે.
પણ, છેલ્લો જન્મ કે જ્યાં પ્રકૃતિ પુરુષના કાર્યમાં મને સહિત માલ જ ન મનાય
અગર
દેહ છતાં જ સર્વેય વાસનાઓનો સંપૂર્ણ ક્ષય થઈ, પ્રકૃતિ કે સ્વભાવ બદલાઈ જઈ,
બ્રહ્મરૂપે પરબ્રહ્મમાં જોડાઈ જવાય-**એ મોક્ષ** સાધી શકતો નથી.
માટે ભગવાન કાં પ્રત્યક્ષ સાચા સંત થકી જ
કારણ અને મહાકારણના ભાવો સદંતર ટાળીને જે મોક્ષ થાય,
તે **'સંતમાર્ગ'** કેવી રીતે સરળતાથી-સુગમતાથી
અભણમાં અભણ તુચ્છ જેવા લાગતા જીવને માટે પણ પરમ સુગમ બન્યો
ને
અનાદિ મહામુક્તરાજ પ્રાગજી ભગતે એ કેવી રીતે સિદ્ધ કર્યો તે સમજીએ.
પરમ ભાગવત એકાંતિક સંતની કલ્યાણ રીતિ અપૂર્વ ને અનોખી જ પડી

જાય છે.

**યુગ ધર્મને સાથે રાખી,**

લક્ષાવધિ મુમુક્ષુઓને ફક્ત પોતાના 'પ્રગટ' સંબંધથી જ, સેવા, સમાગમ

અને

પ્રસંગ થકી એકાંતિક ધર્મ કેવી રીતે સદાને માટે ખુલ્લો મુકાયો છે

તે ભગતજી મહારાજના જીવનમાંથી જ આપણને જણાઈ આવે છે.

ગીતા, ભાગવત અને વેદાંતના મહાવાક્યોનાં રહસ્યો કે જે ગૂઢ જ રહેતાં

ને

વિદ્વાન બ્રાહ્મણો કે આચાર્યો સિવાય કોઈને સમજાઈ શકાતાં નહિ,

તે ગુજરાત અને કાઠિયાવાડના અભણ ગણાતા સાદા, ભલા ગામડિયાઓ પણ

તેમના પ્રસંગમાં આવતાં જ, તદ્દન સરળતા ને સુગમતાથી જીવનમાં ઉતારી શકતા.

આત્મા-પરમાત્માના સ્વરૂપોનું ઊંચામાં ઊંચું સાક્ષાત્ જ્ઞાન, અનુભવ

અને

તેમને રાજી કરવાની રીતિ મૂર્તિમાન કરી ને તત્ત્વજ્ઞાનને જીવંત બનાવી,

સમતા, સુહૃદ્‌ભાવ અને નિર્માનીપણાના મંગળકારી ભાવો પ્રકટાવી

દેહ છતાં જ સિદ્ધ કરી, તેઓ અન્યને પ્રતીતિ રૂપે દાખલા રૂપ બનતા,

તે સર્વોપરિ સંતની અનોખી કલ્યાણ રીતિને જ આભારી છે.

બીજાં સંતોની રીત, જે અન્ય સાધનો ઉપર અવલંબે છે

કે

શ્રદ્ધા, તપ, યોગ, વગેરે કરાવી મોક્ષ પ્રાપ્તિનો માર્ગ

ગહન (ગૂંચવણ ભરેલો-અધરો-અકળ) બનાવે છે

ને

દેહ છતાં જ મોક્ષ થયાની પ્રતીતિ પણ આવતી નથી,

એ **'ક્રિયાસાધ્ય'** રીત કરતાં આ **'કૃપાસાધ્ય'** રીત

લાખ્ખો મનુષ્યોને માટે સરળ પડે છે.

ભગતજી મહારાજના પ્રસંગો-એમનું અંગત જીવન સર્વને માટે દાખલા રૂપ છે.

ખરેખર પ્રશંસનીય ને અદ્વિતીય એવી આ જ રીતિ પરંપરાગત પ્રગટ સ્વરૂપો

થકી

હજી પણ મોજુદ છે અને શક્ય છે.

પૂ. શાસ્ત્રીજી મહારાજ થકી એ રીતિ પ્રચલિત થઈ

ને

પ.પૂ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પણ હજી તે મુજબ જ

લક્ષાવધિ મુમુક્ષુઓ માટે તેવું જ આત્યંતિક મુક્તિ માટેનું-સર્વને બ્રહ્મરૂપ કરી,

ભગવાનમાં જોડવાનું કાર્ય કરી રહ્યા છે.

આપણા સર્વના અતિમોટા ભાગ્યની આ વાત છે.

આ પળ, આ જોગ અને પ્રગટનો પ્રસંગ સમજાઈ જાય તો

અનંત જન્મનાં પાપ ઊડી જઈ, જીવ દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ શકે છે.

મહાવિષ્ણુરૂપ આવો અલૌકિક સત્સંગ

સાચા સંતની કૃપા વિના અને અંતરની અત્યંત તીવ્ર અભીપ્સા વિના

સમજાતો જ નથી.

પરોક્ષદેવ, પ્રતિમાઓ ને મુક્તોમાં સર્વને પ્રતીતિ છે,

પણ પ્રગટમાં રહેવી કે ટકવી અત્યંત મુશ્કેલ છે.

પણ, જો–પ્રત્યક્ષ ભગવાન કાં પ્રત્યક્ષ સાચા સંતમાં અનન્યનિષ્ઠા થઈ જાય તો

કેવળ સંબંધે જ જેતલપુરની વેશ્યાનું

જેમ સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી જેવું **'કલ્યાણ'** થયું

અગર

શુકજી થકી જેમ પરીક્ષિતનો સાત જ દિવસમાં **'મોક્ષ'** થયો,

તેમ જ ભગતજી મહારાજે અનુભવેલ ને સિદ્ધ કરેલ

**'ગુણાતીત એકાંતિક ધર્મ'** સર્વ માટે સરળ બન્યો છે.

સૌ કોઈને એ દેહ છતાં જ સુગમ થાય છે

અને

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમારૂપી

કલ્યાણકારી ગુણો જીવનમાં પ્રગટ થઈ

અન્યને પણ પ્રતીતિરૂપે લાગે છે ને ધામનું નિર્ગુણ સુખ પ્રાપ્ત કરાવે છે.

દરજીના દેહમાં રહી, તદ્દન નિર્માનીપણે વર્તી,

અનાદિ મહામુનિરાજ ગોપાળાનંદસ્વામીનો તેર વર્ષ સમાગમ કરી,

તેમના કહેવાથી જુનાગઢ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીના
પ્રસંગ થકી આત્મા અને પરમાત્માનો, બ્રહ્મ અને પરબ્રહ્મનો,
અક્ષર અને પુરુષોત્તમનાં સ્વરૂપોનો સાક્ષાત્કાર ભગતજી મહારાજે કર્યો
અને
સંતવર્ય **શાસ્ત્રીજી મહારાજ** જેવાને
પોતાના જમણા હાથસમા
ઉત્તમ સેવક માની, જ્ઞાનવારસો અર્પ્યો
અને
સ્વામીશ્રીજીના સાક્ષાત્ સ્વરૂપમાં જોડી દીધા.
તે વારસો આજ લક્ષાવધિ મનુષ્યો માટે સરળ ને સુગમ પડેલ છે
તે જ આ સંતમાર્ગની વિશિષ્ટતા છે.
**'આશરે જ કલ્યાણ'** મનાવી, **'જીવનમુક્ત દશા'** પ્રાપ્ત કરવા
**ગુણાતીત જ્ઞાન** તેમણે સર્વ માટે સુગમ રીતે મૂક્યું.
આવા જ અનાદિ મુક્તરાજ આપણા જાગાસ્વામી પણ
સૌરાષ્ટ્રમાં એ જ ગાળામાં 'ગુણાતીત જ્ઞાન' ફેલાવી રહ્યા હતા.
તેમના થકી પણ અનેક મુક્તોએ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરેલ છે.
આમ શ્રીજી મહારાજની જ જાણે બે આંખો-પ્રાગજી ભગત અને જાગાસ્વામી
લક્ષાવધિ મનુષ્યોના કલ્યાણ માટેનો સરળમાં સરળ માર્ગ બતાવી ગયા.
આજે તેની પુષ્ટિ સંતવર્ય યોગીજી મહારાજ આફ્રિકા, વિલાયત
તેમજ દેશમાં ગામો-ગામ ફરી કરી રહ્યા છે ને અખંડિત રાખી છે.
આમ શિક્ષાપત્રીના શ્લોકો ૧૧૬, ૧૨૧* પ્રમાણેની
**(બ્રહ્મરૂપે વર્તતા થકાં સાધ્ય એવી) સાચી મુક્તિનો માર્ગ**
**આપણને વગર પ્રયત્ને, વગર દાખડે કે સાધને**
**કેવળ કરૂણાથી જ સંતની કૃપાથી સાંપડયો છે.**
તો, સર્વેએ તેની પુષ્ટિ જ કરવી અને ઊંચામાં ઊંચા આ તત્ત્વજ્ઞાનને સરળ બનાવી
તેમણે સૂચવેલ કલ્યાણની નિમ્ન રીતિ સર્વ સ્થળે પ્રગટાવવી;

---

* *પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહથી જુદો જાણી, શ્રી કૃષ્ણ ભગવાનની સર્વદા **'બ્રહ્મરૂપે'** ભક્તિ કરવી—૧૧૬*

*અમારો **'મત'** વિશિષ્ટાદ્વૈત છે, અમારૂં પ્રિય **'ધામ'** ગોલોક છે અને એ ધામમાં શ્રીકૃષ્ણ ભગવાનની **'બ્રહ્મરૂપે'** સેવા કરવી એને અમે **'મુક્તિ'** માની છે—૧૨૧*

જેથી સૌ કોઈ દેહ છતાં જ નિર્ગુણ સુખ પ્રાપ્ત કરી શકે.
આવા બ્રાહ્મીસ્થિતિવાળા સંતમાં સ્વામિશ્રીજી સમગ્રપણે પ્રગટ રહે છે.
શ્રીજી મહારાજ એમને સર્વ ક્રિયાઓ કરાવે છે.
તેથી તે સર્વ મંગળકારી અને કલ્યાણકારી જ લાગે છે.
**અંતરે શાંતિ, સુખ ને આનંદ અનુભવાય છે**
**ને દોષનું દર્શન થઈ, તે ટાળવાનું બળ મળે છે.**
સંતમાં અસાધારણ હેતે કરીને બ્રાહ્મીસ્થિતિ પામવાની
આ રીતિ સર્વને પ્રાપ્ત થાય એજ અભ્યર્થના છે.

૧. મહારાજ અને સ્વામીને અખંડ રાખનાર સાચા સંતને
**'મોક્ષનું દ્વાર'** દૃઢપણે માનીને,
**એમાં સર્વોપરિભાવ લાવી અનન્યપણે જોડાઈ જવું.**
**'હું સંતનો અને આ સંત જ મ્હારા જીવનપ્રાણ'**—એમ માની શ્રીજી મહારાજનું
સ્વધર્મે યુક્ત ભજન કરવું.
એવા સંતમાં અસાઘારણ પ્રીતિ અગર એમની અસાધારણ સેવા-
સંત કહે તેમ ને તેમની મરજી મુજબ મન, કર્મ, વચને કરવી.

૨. **સ્વામિનારાયણ ભગવાનનું નામ લેનારનો**
**કે**
**ભગવાનનું સ્વરૂપ 'સાકાર' માનીને ભજન કરનાર કોઈ પણ હોય,**
**તે સર્વનો ગુણ જ જોવો, ગુણ જ લેવો**
અને
**ઉદ્ધવજી જેવો દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ સમગ્ર સત્સંગીબંધુઓમાં કેળવવી.**
સમતા ને સુહૃદ્‌ભાવ દૃઢ કરવો.
આમ, નમ્રભાવે, અતિ સાચાભાવે બે હાથ જોડી સંત કહે તેમ કરનારને
અતિશય દુર્લભ એવું 'એકાંતિકપણું' વગર સાધને સરળતાથી
દેહ છતાં જ સિદ્ધ થઈ જાય છે.
આવું 'ગુણાતીત જ્ઞાન' ભગતજી મહારાજે
લક્ષાવધિ મનુષ્યોને સુગમ કરી આપ્યું,
તે બદલ તેઓને લાખો વંદન હજો, ધન્ય હજો, ધન્ય હજો.

**—જુલાઈ, ૧૯૫૭**

***

34

# સંપત્તિ-વિપત્તિ

પશુ જીવનમાંથી સંસ્કારના બળે જ્યારે માનવજીવનની પ્રાપ્તિ થાય છે, ત્યારે કેવળ ભાવના ઉપર જ જીવાતું જીવન (એટલે કે) - પેટનું જ પોષણ કરવાની ને વંશવર્ધનની ટૂંકી વૃત્તિઓ બદલાઈ જઈને, સાંસ્કારિક જીવન - બુદ્ધિતત્ત્વના નિર્ણયો, માન્યતાઓ, અનુભવો અને ગ્રહણ કરી રાખેલી ગ્રંથિઓની ટેવો મુજબ ધર્મ, અર્થ, કામ અને છેવટે મોક્ષાર્થે વ્યતીત થતું જાય છે. પણ આત્મતત્ત્વના બળને ધ્યાનમાં લઈ, પોતાના જે કોઈ માનેલા ઈષ્ટદેવ કે ભગવાન હોય તેની ઉપાસના વિના, તે સ્વરૂપના યથાર્થ જ્ઞાન અને મહાત્મ્ય વિના બુદ્ધિતત્ત્વ આત્યંતિક મુક્તિને પામતું નથી એમ સર્વે શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે અને સંતોની વાણી પણ તે ઉપર જ ભાર મૂકે છે, તે ખૂબ વિચારણા માગી લે છે.

આ સંતમાર્ગને તેના અસલી સ્વરૂપમાં જો શ્રેયાર્થી પિછાણી શકે, તો વ્યાવહારિક પ્રેમ, ભાવના, માન્યતા, આલંબન, મોટાઈ કે કોઈ પણ પ્રકારનો વાંચેલો, સાંભળેલો, અનુભવેલો પુરુષાર્થ જીવ કરતો હોય, તેમાં જરૂર સમૂળ રૂપાંતર થવા પામે છે અને જીવનમાં મૂળ તત્ત્વોની વ્યાખ્યાઓ, ધન, સ્ત્રી, છોકરાં, મોટાઈ, મહત્ત્વાકાંક્ષા, સાચું સુખ, આનંદ કે પ્રાપ્તિ – તેની સમજણમાં મહાન ફેરફાર થઈ જાય છે અને દેહ છતાં જ આધ્યાત્મિક જીવનની શરૂઆત કરી શકે છે. તે વખતે જૂની પ્રણાલિકાઓ, માન્યતાઓ અને ઘર કરી ગયેલી ટેવો બદલાઈને સાચી સંપત્તિનું - દૈવી શક્તિનું તેને જરૂર ભાન થાય છે અને અવનવા અનુભવો, અલૌકિકતાઓ તેને દેખાવા માંડે છે. આમ સાચી સંપત્તિ શું છે, તે પ્રત્યક્ષ સંત થકી કેટલી સુલભ બનેલ છે તે કોઈ એકાંતિકના પ્રસંગ થકી સમજાઈ જાય, તો મનના રોગના રાગ, ક્લેશો અને ઉદ્‌વેગ તથા વિક્ષેપો અને મૂંઝવણોનો દેહ છતાં જ અંત આવી જઈને જીવનમુક્ત દશા અનુભવાય છે. ત્યારે જ વિપત્તિ સારી છે, કેટલીક પરિસ્થિતિમાં જરૂરી અને અનિવાર્ય પણ છે, તેમ શ્રેયાર્થીનું બુદ્ધિતત્ત્વ જરૂર કબૂલ કર્યા

વગર રહેશે જ નહીં. માટે, ત્યાં સુધી સાચા સંતની વાણીમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો જરૂરી બને છે. જ્ઞાનનો સાક્ષાત્કાર થતાં જ સઘળા દ્વંદ્વો આપોઆપ જ વિલીન થઈ જશે. પછી કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન રહેશે નહીં. ત્યાં સુધી વડવાનળ અગ્નિસમા સાચા સત્પુરુષ પ.પૂ. યોગીજી મહારાજનો સમાગમ કર્યા કરવો. તો અંતરે શાંતિ, સુખ અને આનંદ દેહ છતાં જ પ્રાપ્ત થતો જશે. તે સર્વેએ કરી લેવો.

મનુષ્યજીવનની ત્રણ પ્રબળ વૃત્તિઓનું શુદ્ધિકરણ થતાં દૃષ્ટિ બદલાતી જશે. એનું એજ જગત, (એના) સ્વરૂપો ને સગાં મિત્રો વગેરે જુદા સ્વરૂપે અનુભવાશે ને નવા બંધનો અને પ્રારબ્ધ ટળી જશે. કર્મયોગનો અંત આવી, જ્ઞાન અને ભક્તિ વૃદ્ધિ પામતાં લાગશે. છેવટે કર્મ, જ્ઞાન અને ભક્તિ એકરૂપ બની જઈ સંત તે જ મારૂં સ્વરૂપ અને સ્વરૂપી પુરુષોત્તમનારાયણ મનાઈ નિર્ગુણ સુખ પ્રાપ્ત થશે ને અન્યને પણ પ્રતીતિ આપશે.

ઉપરની દૃષ્ટિએ પેટની, વંશવર્ધનની જાતીય વૃત્તિ અને જિજ્ઞાસા વૃત્તિઓનું પ્રત્યક્ષ સંતના સમાગમ થકી, તેનો ગુણ જ જોયા કરવાથી, નિર્દોષબુદ્ધિ દૃઢ કરતાં સાચી સંપત્તિ અને વિપત્તિઓની વ્યાખ્યાઓ બદલાઈ જશે. ત્યારે મનનાં ઊભાં કરેલાં સઘળાં દુ:ખો, આધિ-વ્યાધિ અને ઉપાધિઓનો અંત આવી જશે. કુંતાજીએ પણ તે માટે જ રાજ્ય કારભાર સોંપાયા પછી દુ:ખ જ માગીને લીધું. તેનું કારણ સાચી દૈવી સંપત્તિ વધારવાનો જ તેમનો હેતુ છે તે જણાઈ આવે છે. માટે બાવળ વાવ્યા હોય, છતાં સંત શૂળીનાં દુ:ખો કાંટે ટાળીને જીવને શુદ્ધ કરતા કરતા અમૃત રસ પાતા હોય, તો તેવા દેખાતાં દુ:ખો કે ઊભા કરેલા ચિત્રામણના વાઘોથી જરાય ન ગભરાતાં ખૂબ ધીરજ રાખે, તો જીવનમુક્ત દશાનું - સ્થિતપ્રજ્ઞ દશાનું અમૃતફળ સરળતાથી સિદ્ધ કરી શકાય છે.

કોઈ કરોડપતિ, કોઈ મીનીસ્ટર, રાજા, વિદ્વાન, સંગીતકાર, સાહિત્યકાર, સમાજસેવક કે ચક્રવર્તીને પૂછશો તો ઊંડે ઊંડે કંઈક ભય, ગ્લાનિ, કાર્યો કરવા છતાં ય અપૂર્ણપણું, અસ્થિરતા અને દેખાતાં સુખ, વૈભવ કે સંપત્તિની વિપુલતાની તુચ્છતા કે ક્ષણિકતા જરૂર જણાઈ આવશે. પ.પૂ. યોગીજી મહારાજ પાસે દુનિયાની દૃષ્ટિએ જગતના કહેવાતા ઘણાય માંધાતાઓ અંતરનું દુ:ખ,

શૂન્યતા, ખાલીપણું ટાળી, બ્રહ્મરસ પૂરવા આજીજી કરે છે, પ્રાર્થના કરતા હોય છે, વિનંતી કરી કૃપા મેળવવા કહે છે. તે સૌએ મુબંઈમાં સાંભળ્યા હશે.

* સંતની આજ્ઞા પળતી નથી,
* સભામાં બેસવાની ફુરસદ મળતી નથી,
* સમાગમ થતો નથી,
* વખત પર દર્શને ગોંડલ આવી શકાતું નથી,
* શાસ્ત્રનું કે એકાંતિકનું વચન ધરાતું નથી,

માયિક, ક્ષણિક પદાર્થો ને દેખાતા ઉપર-ઉપરના વૈભવોમાં દેહને વેડફી નંખાય તે બદલ બળાપો કરતા સંભળાય છે તે જાણ્યું.

(બીજી બાજુ) દુઃખિયા દેખાતા, બીજે દિવસે શું ખાઈશું તેની ચિંતા કરનારા, સલામતી જળવાતી નથી તેમ જણાવનારાં ગરીબ,વિપત્તિવાળા હરિભક્તોથી સંતની સેવા, સમાગમ, દર્શન અને મોક્ષાર્થે કરવાની પ્રવૃતિઓનો લાભ લઈ શકાય છે.

તો, કુંતાજીના વચનો સાચાં માનનારે કેટલું ગૌરવ લેવા જેવું છે ? જે કરવાનું જ છે તે એક દિવસ કરવું જ પડશે. વિપત્તિવાળાથી જ તે થઈ શકતું દેખાય ત્યારે (વિચારવું કે), (વિપરીત) દેશકાળે અનુભવથી પ્રાપ્ત થાય છે તે દૈવી સંપત્તિ સાચી કે દુનિયાની દેખાતી સંપત્તિ કે જેમાં પદાર્થો જીવને બાંધી લે તે સાચી ?

માટે અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદસ્વામીએ માગ્યું કે

*'મહારાજ ફરી જન્મ આપવો યોગ્ય લાગે, તો ગરીબમાં ગરીબ બ્રાહ્મણને ત્યાં આપશો જેથી ખાવાના સાંસા પડે અને કોઈ કન્યા આપે નહીં; જેથી વગર પ્રયત્ને જ જગત ખરી પડી, જગતની મોટાઈમાં ન લેવાતાં ફક્ત ભગવાનની જ દિવ્ય મૂર્તિનું અખંડ અનુસંધાન રહે. કર્તાહર્તા સર્વોપરી ભગવાન તો દાસના દુશ્મન (હોતા) નથી, માટે તે સર્વ સારૂં જ કરતા હશે એમ દૃઢ માની, મહારાજની જ રુચિ પ્રમાણે આત્મા ને પરમાત્મા બે જ રાખી, સાંખ્યે કરીને જગત વિસારી, ઉત્તમ પ્રકારનો સત્સંગ થઈ શકે.'*

આમ, સાચી સંપત્તિ, સારા ગુણો-નિર્માનીપણું, નિષ્કામભાવ, સેવકપણું, સંપ, સમતા ને સુહૃદ્‌ભાવ વધી નિર્ગુણ સુખ પ્રાપ્ત થાય. માટે, દુનિયાની

સંપત્તિવાળા જ મહાન વિપત્તિમાં છે અગર વિપત્તિઓમાં જ મોડો વહેલો આવનાર છે તે નિશ્ચિત્ છે. દેખાતી કે કૃપા થકી (ભગવાન કે સંતે) મૂકેલી વિપત્તિ કે દેશકાળ એ જ સાચી સંપત્તિ છે કે જેથી ભગવાન પમાય, અખંડ સુખ રહે. (એ) સંપત્તિનાં સુખ, પ્રકાશ ને બળ અન્યને પણ મળી શકે તેવી સાચી સમજણની ગેડ પાડી સૌ આનંદમાં રહે તો મહારાજ પોતાનું અક્ષરધામ બક્ષીસ આપી દે છે. બળીરાજા, રતિદેવ, હરિશ્ચંદ્ર, સીતાજી, નરસિંહ મહેતા, મીરાંબાઈ, કુંતાજી, ધ્રુવ, પ્રહ્લાદ વગેરે અને પર્વતભાઈ, જીવુબા, લાડુબા, નાથાભક્ત, નથુ પટેલ વગેરેના દાખલાઓ છે. પ.પૂ. સ્વામિજીની કૃપા થકી સર્વના દેશકાળ સુધરી જઈ, સાચી સંપત્તિ વધતી જાય એવી પ્રાર્થના છે.

સાચો સંત સમાગમ મળ્યો છે. હવે અંતર્દૃષ્ટિ કરી ખૂબ જ ઊંડા ઊતરી પોતાનો ભૂતકાળ તપાસી સાચી સંપત્તિ કે વિપત્તિનો વિચાર જે કોઈ કરશે તેને જરૂર પ્રકાશ મળશે અને સુખ, શાંતિ ને આનંદ વૃદ્ધિ પામશે. રોટલા મળે છે અને પુરુષાર્થના અંતે મળે તેવા સત્પુરુષનો સમાગમ થાય છે— તેથી મોટામાં મોટી બીજી કઈ દૈવી સંપત્તિ હશે ? તે જ પરમપદ છે, પરમ કલ્યાણ છે. નથી મનાતું તે જ મહા અજ્ઞાન છે ! તે સમાગમે ધીરે ધીરે ટળી જશે. માટે ધીરજ રાખવી, શાંતિ જાળવવી. અંતે સુખ ને સુખ જ છે. સૌ કોઈ તેમ અનુભવો એ જ સ્વામિશ્રીજીને વિનંતી છે.

**—સપ્ટેંબર, ૧૯૫૭**

***



35

# ચમત્કારો અને દિવ્ય ચેતનાનો અનુભવ

ધાર્મિક ઇતિહાસમાં પરચા અને ચમત્કારોને ઘણું જ મહત્વનું સ્થાન આપેલું છે. માનવજીવનમાં પણ દરેકને એમ જ રહે છે કે કંઈક ચમત્કાર દેખાય અગર પરચો પૂરે તો, તેવા ભગવાન કે સંતને વળગવું. એટલે આ લોકમાં તેમજ અંતકાળે પરલોકમાં દિવ્ય સુખ સાંપડશે.

આવી માન્યતાઓ દરેક ધર્મો અને સંપ્રદાયોમાં ચાલી જ આવે છે. મન તેમજ ચિત્તની ભૂમિકામાં રહીને બુદ્ધિતત્ત્વથી ન સમજાય તેવી ઘણી જ અતિ ઈન્દ્રિયતાની શક્યતાઓ, શ્રીજી મહારાજે સમાધિ પ્રકરણ ચલાવી સાક્ષાત્ દર્શનો દઈ, અવતારોનાં દર્શન કરાવી, વેદનું જ્ઞાન આપી લક્ષાવધિ મનુષ્યોને - અભણ ભકતોને પણ કરાવેલ છે.

આવી જ પ્રવૃત્તિઓ બીજાં ધર્મો અને સંપ્રદાયોમાં પણ ચાલતી હોય છે. માટે નિર્ભેળ સત્ય ઓળખાવું અતિ કઠિન થઈ પડે છે. દિવ્ય ચેતનાના અનુભવો તેમજ આવા અતિ ઈન્દ્રિયતાના પરચાઓ સત્ય જ છે. તેમ છતાં બનાવટ, ડોળ, દંભ કરનારા વધી પડવાને લીધે, સાચા સત્પુરુષોમાંથી પણ સર્વની શ્રદ્ધા ઊઠી જતી લાગે છે અને નાસ્તિકભાવ ઊભો થાય છે. માટે 'ગુણાતીતજ્ઞાન'માં સામાન્ય રિદ્ધિ-સિદ્ધિના આવા અનંત સિદ્ધોની પ્રવૃત્તિથી તદ્દન જુદી જ જાતના ચમત્કારો જોવામાં આવે છે, અનુભવવામાં આવે છે અને ઘણાંને સદાને માટે પણ પ્રાપ્ત થાય છે. તે જ આ સર્વોપરી ગુણાતીતજ્ઞાનની વિશિષ્ટતા છે. તે સર્વેએ વિચારી જોવી.

ભજન કરનારા ઉપાસકોમાંથી ગોપાળયોગી જેવા સિદ્ધ પુરુષો થતા હોય; શુક-સનકાદિક જેવા **'શક્તિઓના સિદ્ધ'** કરતાં **'એકાંતિક સિદ્ધ'** અતિ મોટા ગણાય. વળી, પંચવિષયને સમબુદ્ધિથી જોનારા, મોહ નિવારણ કરેલા, રાગદ્વેષ રહિત વર્તનારા વચ. મધ્ય ૧, ૨, ૨૦, જેતલપુર ૧, અમદાવાદ ૧, કારિયાણી ૭ વગેરેના આવા **'એકાંતિક સિદ્ધ'** કરતાંય, વડવાનળ અગ્નિસમા વચ. છે. ૨૬, પ્ર. ૨૭ મુજબના **'પરમએકાંતિક સિદ્ધ પુરુષ'** તો સાક્ષાત્ ભગવાનનું

સ્વરૂપ જ ગણાય. તેઓ અનેક એકાંતિક સિદ્ધો તૈયાર કરી શકે. પ્રકૃતિ-પુરુષ સુધીનું કાર્ય માત્ર રાખનાં પડીકાં સમ દેહ છતાં જ મનાવી દે એવો અતિ અલૌકિક પરચો કે ચમત્કાર તેઓ દરરોજ કરતા હોય છે. પણ તે બ્રહ્મદૃષ્ટિવાળાને દેખાય. આ કૂટપટ્ટી જ જુદી છે.

અંતર ઠંડુ કરે અને કામક્રોધાદિક દોષો જીતાડે તેવા એકાંતિકો તૈયાર થતા જાય તેવો આધ્યાત્મિક દિવ્ય ચેતનાનો અનુભવ અને પ્રતીતિ આજ વર્તમાનકાળે પ.પૂ. યોગીજી મહારાજે આફ્રિકામાં ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના સંકલ્પને બળે મૂર્તિમાન કરેલો સૌને દેખાય છે. દરેકને અવનવા દિવ્ય અનુભવો, દર્શનો, દોષધ્યાન, પ્રકૃતિનું પરિવર્તન તથા ચિત્તનો નિરોધ અને સાક્ષીવૃત્તિ અખંડ સિદ્ધ થઈ, નિર્દોષબુદ્ધિ વધતાં સંપ, સુહૃદ્ભાવ, એકતા, સમતા વગેરે સૌ મંડળોમાં પ્રવર્તેલ છે. તે ખરેખર **દિવ્ય ચેતનાના સાક્ષાત્ ધામના જ અનુભવો**, કરોડો પરચાઓ અને શકિતઓ (છોકરા આપવા, રોગ મટાડવા, કેસ જીતાડવા, નોકરી અપાવવી વગેરે) કરતાંય અનંતગણા દિવ્ય છે, સનાતન છે, સદાકાળ ટકશે અને **'આત્યંતિક મુક્તિ'** પણ તે જ અપાવશે.

દેશ તથા પરદેશ આ દિવ્ય ચેતનાના અનુભવોનો અખાડો અક્ષરમૂર્તિ પ.પૂ. યોગીજી મહારાજે શરૂ કરાવેલ છે. તેથી સર્વે દોષો ટળતા જાય ને નિર્વિકલ્પ સમાધિનું નિર્ગુણ સુખ સદાય અનુભવે છે અને અવયવો બદલાઈ ગયા, દૃષ્ટિ બદલાઈ ગઈ. તેની પ્રતીતિ અન્યને આપોઆપ જ થાય છે અને શકિત, શાંતિ, સુખ, પ્રકાશ ને બળ જીવન છતાં જ વધતાં લાગે છે. તે દિવ્ય ચમત્કાર સૌ કોઈ અનુભવે ને પ્રાપ્ત કરે એજ પ્રાર્થના છે.

**—ઑક્ટોબર, ૧૯૫૭**





આવો અમૂલ્ય અવસર-તક ફરી ફરી મનુષ્ય દેહે નહીં જ મળે.
માટે કરોડો કામો બગાડીને પણ આવો આત્યંતિક મોક્ષ, કલ્યાણ,
પામી લેવાની દરેક સત્સંગીની ફરજ છે.



સાચા સંત કે સાધુની 'દૃષ્ટિ' વિના
માયાથી અખંડ નિર્લેપપણું રહેતું જ નથી.

36

# સમતા અને સુહૃદ્‌ભાવ

શાસ્ત્રોમાં મનને જીતવાના, ચિત્તને નિર્મળ કરવાના અને છેવટે આત્માની શુદ્ધિ માટેના અનેક પ્રકારના ઉપાયો, વિધિઓ અને કર્મકાંડો જુદા-જુદા આચાર્યોએ બતાવેલ છે; તે સૌ કોઈ જાણે છે. પણ, તેવું શુદ્ધિકરણ મૂર્તિમાન થઈ શકતું નથી અને વર્ષોની ઋષિમુનિઓની તપશ્ચર્યા બાદ પણ ચિત્તની વૃત્તિઓનો નિરોધ દેશકાળે ટકાવી શક્યા નથી. તેની શાસ્ત્રો પુરતી કરે છે. માટે પ્રગટપણે સરળતાથી સંસારમાં રહો કે નહીં, છતાં પણ દૈવી સંપત્તિ આપોઆપ વધતી જાય અને આસુરી વાસનાઓ, સ્વભાવો અને પ્રકૃતિ ટળીને દેહ છતાં જ આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય, તે માટે સર્વોપરી સર્વોત્કૃષ્ટ સાધન શ્રીજી મહારાજે વડવાનળ અગ્નિસમા સાચા સત્પુરુષનો સમાગમ જ બતાવેલ છે. તે આપણે દૃઢ કરી લેવો. આવા સર્વ સદ્‌ગુણોનો રાજા આપણા અનાદિ ગુરુ ગુણાતીતાનંદજીએ એક જ લક્ષણમાં મૂકી દીધેલ છે અને એ જ સર્વ જીવાત્માઓનું, પ્રાણી માત્રનું અને સત્સંગનું પણ જીવનું જીવન ગણાય છે; જેનું નામ **'સુહૃદ્‌ભાવ'** (છે). ચાર વાતુ જીવનું જીવન છે. ઉપાસના, આજ્ઞા, એકાંતિકમાં પ્રીતિ અને સુહૃદ્‌ભાવ. એમાંથી જો સુહૃદ્‌ભાવ રહેશે તો બીજાં ત્રણેય આપોઆપ દૃઢ થતાં જશે, એમ પ્રગટ ગુરુજી પૂજ્ય યોગીજી મહારાજ વારંવાર ભારપૂર્વક કહી રહ્યા છે. તે આપણે અંતર્દૃષ્ટિ કરીને ખૂબ જ વિચારવા જેવી વાત છે, જે સિદ્ધ થતાં દેહ છતાં જ નિર્ગુણ સુખની પ્રાપ્તિ કરાવી મહારાજની દિવ્યમૂર્તિનું સુખ સર્વને અર્પી શકે છે.

જીવનું જીવન 'સુહૃદ્‌ભાવ' દૃઢ કરવા માટે ત્રણ તત્ત્વોનો વિકાસ અનિવાર્ય બને છે. પ્રથમ તો 'સત્સંગ'માં એટલે કે સાચા 'સત્પુરુષ'માં આત્મબુદ્ધિ અને પ્રીતિ. બીજું પ્રગટની નિષ્ઠાવાળા સર્વ હરિભક્તોમાં અને છેવટે સ્વામિનારાયણ ભગવાનનું શુદ્ધભાવથી નામ લેનારનો પણ અતિશય મહિમા સમજી, નિર્દોષભાવ, દિવ્યભાવ દૃઢ કરવાપણું. આ થવાથી સમગ્ર સત્સંગમાં મહારાજ ને સ્વામીનું કર્તા, સાકાર અને સર્વોપરી પ્રગટપણું મનાઈ જશે, જેના ફળરૂપે મહામોટો ગુણ **'સમતા'** રૂપી પ્રાપ્ત થશે. (અને) તો જ સાચો સુહૃદ્‌ભાવ દૃઢ કરી શકાશે. આત્મબુદ્ધિ અને નિર્દોષભાવને લઈને યોગના ફળરૂપની સમતા– સ્થિતપ્રજ્ઞતા જીવમાં આપોઆપ પ્રગટ થતી

દેખાશે, અનુભવાશે અને એકાંતિકપણું સિદ્ધ થશે. સમગ્ર સત્સંગ પોતાનો જ મનાય, એકમેકની ભૂલો પણ ચૈતન્યના આવિર્ભાવરૂપે મહારાજ ઉપયોગમાં લઈ રહ્યા હોય છે તેવું દર્શન થતાં, તે ભૂલો, દોષો પણ પોતા ઉપર લઈ શકાય. એકમેકને મહારાજની આજ્ઞામાં દેશકાળે શિથિલપણું આવેલ હોય, તો એકાંતમાં ટોકી શકાય, કહી શકાય. એવી દિવ્ય પ્રેમની ભાવના દૃઢ થાય, તેનું જ નામ સાચો 'સુહૃદ્‌ભાવ'. અને, સમતા દૃઢ થયા બાદ અંદરો અંદર 'સહિષ્ણુતા' કેળવતા આવો ભાવ સહજ રીતે પ્રાપ્ત થાય છે. પ.પૂ. સદ્‌ગુરુવર્ય યોગીજી મહારાજ પણ આવો જ 'સમતા' અને 'સહિષ્ણુભાવ' દેહ, મન અને બુદ્ધિથી કરીને સમગ્ર સત્સંગમાં દિવ્ય ભાવનાએ યુકત સંપ અને એકતાથી જીવનું જીવન જીવવા સમાગમ વખતે વારંવાર તેમની વાતુમાં પ્રદર્શિત કરે છે. તે જ આપણે કરી લેવાનું છે.

'સહિષ્ણુતા' વિના પ્રગટમાં જોડાવાઈ શકાશે નહીં. કોઈ ગરીબ, અભણ, અજ્ઞાનમય પ્રકૃતિવાળા જીવો હોય, પણ પ્રગટના સંબંધવાળા છે તેથી તેમના દેખાતાં દોષો, ભાવનાઓ, માન્યતાઓ તરફ આપણે નહીં જોતાં, તેઓનો પ્રત્યક્ષ સત્પુરુષ વિષેનો જે દિવ્ય પ્રેમ અને ભાવના છે, તે તરફ જ દૃષ્ટિ રાખી, તેમની માન્યતાઓ, ગ્રંથિઓ કે ત્રુટિઓને સહન કરી લઈ, ગમ ખાઈ જઈ, જે પ્રકારે કરીને સત્પુરુષમાં અતિશય હેત થાય, તેવા ઉપાયો યોજવા અને મહિમા ગાવો; જેથી સર્વ કર્તા સ્વામિશ્રીજી બાકીનું કામ અલૌકિક રીતે સંભાળી લેશે અને આપણને ધામની દિવ્યતાનું નિર્ગુણ સુખ પ્રાપ્ત કરાવશે. આવી 'સહિષ્ણુતા' દૃઢ થયા બાદ જ સાચો 'સુહૃદ્‌ભાવ' અંતરમાં પ્રગટ થઈ શકે છે અને ત્યાર પછી જ માન-અપમાનમાં, હર્ષ-શોકમાં કે દેશકાળે પણ મતિ ફરશે નહીં અને ચિત્તની વૃત્તિઓના નિરોધ વિના પણ, સ્વરૂપના ચિંતવન અને પ્રગટના મહિમારૂપી ધ્યાને કરીને નિર્વિકલ્પ સમાધિનું સુખ સહજ રીતે મળ્યા કરશે. બ્રહ્મરૂપ થએલાનાં ચિત્ત(ની) જેમ અતિશય પ્રસન્ન રહે છે અને રાગદ્વેષ રહિત બની, મૂર્તિ સિવાયની બીજી કોઈ પણ આકાંક્ષા વિનાનું નિષ્કામ ભકિતરૂપી જીવન જીવે છે. અને, તે જ સાચો 'સુહૃદ્‌ભાવ' સિદ્ધ કર્યાનું ફળ છે. તે પૂ. સ્વામિજી સર્વને સરળતાથી કરાવી રહ્યા છે. તો આપણે પોતાના જ ગુરુ બની અંતર્દૃષ્ટિ કરી, તપાસી લઈ, સાચી પ્રાર્થના સ્વામિશ્રીજીને કર્યા કરવી; જેથી આવા દિવ્ય ભાવો દેહ છતાં જ પ્રગટ થઈ જાય ને જ્યોતિ પ્રગટતાં અખંડ નિર્વિકલ્પ સમાધિનું સુખ મળ્યા કરે.

—જાન્યુઆરી, ૧૯૫૮

***

37

# વૃત્તિઓનો નિરોધ અને સંયમ

શાસ્ત્રોમાં તેમ જ મોટા-મોટા આચાર્યોએ મોક્ષને માટે જે જુદા-જુદા ઉપાયો બતાવેલા છે, તેમાં વૃત્તિઓનો નિરોધ મુખ્ય ભાગ ભજવે છે. અંતઃકરણની શુદ્ધિ વિના આત્મજ્ઞાન સુલભ નથી. આત્મારૂપે, બ્રહ્મરૂપે ભજન કર્યા વિના પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની દિવ્યમૂર્તિ સિદ્ધ થતી નથી અને આત્યંતિક કલ્યાણ પમાતું નથી, એમ શ્રીજી મહારાજે વચનામૃતો તેમ જ શિક્ષાપત્રીમાં વારંવાર જણાવેલ છે.

પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત એમ ચાર પ્રકારના મનુષ્યો સત્સંગમાં જણાઈ આવે છે. દરેકના શુદ્ધિકરણના પ્રકારમાં તે મુજબનો સ્વધર્મ યોગ્ય સ્થાન ભોગવે છે અને તેમના અંગ મુજબ સત્પુરુષનાં વચનો ગ્રહણ કરાઈને જીવ બળને પામતો જાય છે. દરેકના વિકાસમાં વૃત્તિઓનું શુદ્ધિકરણ તો કરવાનું જ રહે છે. તે માટેનો સરળ જ્ઞાનયોગ, પૂર્ણયોગ શ્રીજી મહારાજે સંતસમાગમ થકી સદાને માટે ખુલ્લો મૂક્યો છે, એ જ તેમની આપણી ઉપર મહાન કૃપા થઈ છે. એકાંતિક ધર્મ દેહ છતાં જ લક્ષાવધિ મુમુક્ષુઓને માટે આમ સરળ રીતે સિદ્ધ થતો દેખાડયો છે અને તેની પ્રતીતિઓ પણ અનાદિ મૂળઅક્ષર મૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ કરાવેલ છે તે આપણા સત્સંગમાં સર્વને વિદિત છે.

વૃત્તિઓના શુદ્ધિકરણના જૂદા-જૂદા માર્ગોમાં પાતંજલનો યોગમાર્ગ તેમજ સાંખ્યમાર્ગ સંસારી જીવને અતિશય અઘરો થઈ પડે છે. કેટલીક વખત તે માર્ગે સાધના કરનારને ગાંડપણ આવી જાય છે કે ચિત્તભ્રમ થાય છે. ઋષિ-મુનિઓએ અથાગ પ્રયત્નો કરી વિષયો છોડયા અને તપ કર્યું પણ મૂળ વૃત્તિઓ, (કામના, અહંભાવ, મમત્વભાવ વગેરે) જીતી શકાઈ નથી અને વિષયોનો રસ કે રાગ રહી જવાથી, દેશકાળે તેમની વૃત્તિઓ અનુલોમ થવા પામી છે. પરાશર, ચ્યવન, એકલશૃંગી વેગેરેના દાખલા પરથી સમજાય છે કે આવો તપમાર્ગ સંસારી જીવ કે ત્યાગી વર્ગને માટે આ જમાનામાં કામનો નથી; તેમજ સાધનામાં આડખીલીરૂપ નિવડે તેમ લાગશે.

વૃત્તિઓના નિરોધ તરફ જતાં, અવ્યક્ત ભાવનાઓ દટાઈ જાય છે

અને રમણીય પંચવિષયોના પ્રસંગમાં કે રૂપવાન સ્ત્રીઓ અને માન-મોટપના વાતાવરણમાં દબાઈ રહેલી વૃત્તિઓ બમણા જોરથી ગાંડપણ માફક વિષયોમાં લુબ્ધ બનાવી દે છે, તે આપણે અનેક પૂર્વ દાખલા પરથી જાણી શક્યા છીએ.

માટે નિરોધની જ કેવળ ક્રિયાઓ ઉપર ભાર મૂક્યા કરતાં, વિચારપૂર્વકના સંયમ ઉપર લક્ષ્ય અપાય તો સાધકને સાધના કરવામાં અતિશય સુગમતા થઈ પડે છે. પ્રગટના ઉપાસકોએ તો પ્રત્યક્ષ સંતના અનન્ય આશરા નીચે આજ્ઞા પાળતાં પાળતાં જ વૃત્તિઓનો સંયમ સરળતાથી સિદ્ધ કરી લેવાનો છે. આવું અહોભાગ્ય આપણને પ.પૂ. સંતવર્ય યોગીજી મહારાજના સમાગમથી પ્રાપ્ત થએલ છે. તેનો લાભ દરેકે કરોડો કામો બગાડીને પણ લઈ લેવા જેવો છે, જેથી અવ્યક્ત રાગો બહાર નીકળી જઈ, અંતઃકરણ શુદ્ધ બની દેહ છતાં જ બ્રહ્મરૂપ થવાય અને અંખડિત ભજન થયા કરે. આવો સંયમ એ જ એકાંતિકપણું સિદ્ધ કરવાનું મહામોટું સાધન છે. સૌ સૌના નિયમ ધર્મમાં રહીને સ્વરૂપનિષ્ઠા પકવ કરીને સેવા કર્યા કરે, તો નિર્વાસનિકપણું ટૂંક જ સમયમાં પ્રાપ્ત થતું જશે. મોટા મોટા ઋષિઓને તપ કરતાં જે પ્રાપ્તિ ય ન મળી, તે દેહ છતાં સંસારીને આવા સંત સમાગમમાં મળી શકે છે. સંતની જ આજ્ઞા પ્રમાણે ગુરુમુખી વર્તનારને તો જનક અને અંબરીષ જેવી અગર પર્વતભાઈ ને ગોરધનભાઈ જેવી અલૌકિક સ્થિતિ પણ પ્રાપ્ત થાય છે. માટે નિરોધ કે નિગ્રહ કે ઉપર-ઉપરના વિષયોના ત્યાગ કરતાં સ્વરૂપનિષ્ઠા રૂપી એકડો પ્રથમ દૃઢ કરી, આવા પ્રત્યક્ષ સંતની આજ્ઞામાં મંડી પડવું અને સ્વધર્મમાં રહી વ્યવહાર કરવો; તો જ્ઞાનયજ્ઞ સુલભ બની જશે અને ધામનું નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત થશે.

આવો સંયમ તત્કાળ સિદ્ધ થવા માટેનો **સંજીવની મંત્ર** છે – **'પ્રત્યક્ષ સત્પુરુષ વિષેનો અખંડ દિવ્યભાવ'**. પળે પળે મનમુખી ક્રિયાઓ જ થયે જાય છે અને સંતનો મહિમા જાણવા અને ગાવામાં ઓશિયાળા કરીએ છીએ, તે સૌએ અંતર્દૃષ્ટિ કરી વિચારી લેવા જેવું છે. કાં તો સંપૂર્ણ સાક્ષાત્ જ્ઞાન સિદ્ધ કરવું જોઈએ અને તે બને તેમ નથી, તો વડવાનળ અગ્નિસમા આવા સાક્ષાત્ સંતમાં સમગ્રપણે મન અને જીવ સોંપી જોડાઈ જવું જોઈએ. તો નિર્વાસનિક થઈ દિવ્ય મૂર્તિમાં જોડાવાશે ને અક્ષરધામનું સુખ પ્રાપ્ત થશે. આવા સંત વિષે દિવ્યભાવ હોય તેને સત્પુરુષની કોઈ પણ ક્રિયામાં મનુષ્યભાવ આવે જ નહીં અને આટલું જાણપણું રાખતાં મહામોટો મૂળ વૃત્તિઓનો સંયમ સરળતાથી દૃઢ થશે તે સર્વેએ અનુભવ કરી લેવો.

**–ફેબ્રુઆરી, ૧૯૫૮**

***

38

# સત્સંગીનો પુરુષાર્થ અને જળમાં લીટા

સાચા સંત ઓળખાયા પછી શ્રીજી મહારાજે અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ સર્વને જાણપણારૂપ દરવાજે રહેવાની આજ્ઞા કરી છે અને હઠ, માન તથા ઈર્ષા પ્રવેશે નહીં તે જોવા કાળજી રાખવી તેમ ભારપૂર્વક બતાવેલ છે. જેમ જેમ સત્પુરુષનો સમાગમ કરતા જઈએ છીએ તેમ તેમ આપણાં કર્મ, જ્ઞાન અને અનુભવોમાં રૂપાંતર થઈ, તેના તે જ કર્મો તથા અનુભવો જુદા સ્વરૂપે આ સત્સંગની પ્રવૃત્તિ કરવામાં દેખાય છે. સંતની જ આજ્ઞા મુજબ વર્તવાથી **આપણી બુદ્ધિએ કરેલા** નિર્ણયો અને માન્યતાઓ બદલાઈ જઈ, આપણા પુરુષાર્થનો અંત આવે છે અને નિર્ગુણભાવનાં અનાસક્તિવાળાં કાર્યો થયાં જાય છે અને વચ. છેલ્લા ૧૧, મધ્ય ૧૪ મુજબ દેહ છતાં જ નિર્વિકલ્પ સમાધિનું સુખ મળ્યા કરે છે. આમાં જેટલો ફેરફાર તેટલી મૂંઝવણ, કલેશ કે ઉદ્વેગ અંતરે રહે છે. માટે સર્વ સત્સંગીએ **પોતાની બુદ્ધિ પ્રમાણે**ના પુરુષાર્થનો વેળાસર અંત લાવી, સત્પુરુષને જ રાજી કરવાની ક્રિયાઓ તરફ અખંડ અનુસંધાન રાખવા પ્રયત્નો કરવાના રહે છે.

જેમ જેમ સત્પુરુષની જ મરજી પ્રમાણે સ્વધર્મયુક્ત સત્સંગ પ્રવૃત્તિઓ વધતી જાય છે, તેમ તેમ એકાંતિકપણાનું દિવ્ય સુખ અને સ્વામિજીની મૂર્તિનો અનિર્વચનીય દિવ્યાનંદ પ્રાપ્ત થતો જાય છે. આવા પુરુષાર્થમાં ત્રણ પ્રકારની સાવચેતી ખાસ રાખવી જ પડે છે જે નીચે મુજબ છે. તે અનુભવે વિચારી લેવી અને સંત પાસે નિષ્કપટ થઈ તે મુજબ વર્તવા પ્રયત્નો કરવા, જેથી નિર્ગુણ સુખ સુલભ બનતું જાય.

(૧) **લોખંડના લીટા–** આપણી પ્રકૃતિ જ્યારે જડ તત્ત્વો સાથે ગુણાત્મક બની સત્સંગની પ્રવૃત્તિ કરાવે છે, ત્યારે ઘણા પ્રસંગોમાં અંદરો-અંદર એકમેકનું ખંડન-મંડન અજાણતાં થયાં જાય છે અને છેવટે લોખંડના બે કટકાઓ કરીએ તે સંધાય જ નહીં, તેમ બે જણ વચ્ચે આંટી પડી જાય છે. સત્પુરુષ સમજાવે, જ્ઞાન આપે તોય આવી આંટી છૂટતી નથી. તેથી છેવટે આવા જીવો સત્સંગ મળ્યા છતાંય, કહે તેમ કર્યા છતાંય, આંટી ન છોડવાના

દોષથી પાછા પડી જાય છે અને છેવટે આવો અમૂલ્ય સત્સંગ પણ છોડી દે છે.

(૨) બીજા પ્રકારના જીવો **લોટમાં લીટા** કરીએ તેમ અંદરો-અંદર ઉપર ઉપરથી છૂટા જેવા મન ઊંચા થએલ વૃત્તિએ ઘડીભર વર્તતા લાગે છે. પણ સત્પુરુષનાં વચન સાંભળી વિચાર કરતાં અંતર્દૃષ્ટિ થાય છે અને છેવટે લોટના હાથ વડે સપાટી સમાન બનાવી દેવાય, તેમજ પ્રેમથી મિત્રતાના સંબંધ જાળવી રાખે છે અને સત્પુરુષ પણ તેને જાળવે છે, તેથી જાણપણું આવી જાય છે. અભાવ-અવગુણની ક્રિયાઓ ઉપર-ઉપરની હોય છે, લાગે છે પણ તે ટકતી નથી અને છેવટમાં સુખ, શાંતિ ને આનંદનું જ વાતાવરણ ઊભું થાય છે. **નિષ્ઠાવાળા હરિભક્તો** આ કક્ષામાં જાણપણું મેળવી લે છે અને એકાંતિકપણું સિદ્ધ કરે છે.

(૩) **જળના લીટા**—સત્પુરુષની જ આજ્ઞા મુજબ વર્તનારા **નિર્દોષબુદ્ધિવાળા ભક્તો** આ કક્ષાના હોય છે. સ્વધર્મેયુક્ત પોતાપુરતું જીવન જીવી સત્સંગની અનેક જાતની ક્રિયાઓ કરવા છતાંય, અન્ય આકારો કે તેમની ક્રિયાઓ ને સ્વભાવો તરફ જરા પણ ન જોતાં, ફક્ત સંત તરફ જ દૃષ્ટિ રાખી શ્રીજી મહારાજની જ અપરંપાર સર્વોપરી સત્તાને માન્ય રાખી, દૃઢ કરી કર્તા, સાકાર ને પ્રગટ સ્વરૂપને જ માથે ભાર નાખી દિવ્યભાવે વર્તે છે. મહિમાની દૃષ્ટિ દૃઢ થએલ હોવાથી, તે અંદરો-અંદર કદી પણ ભેદભાવ, અવિશ્વાસ કે અણગમો કોઈ પણ સત્સંગી તરફ દાખવતા જ નથી. તેમની બુદ્ધિમાં ફક્ત જળમાં લીટા સમાન આભાસ રૂપે જ ઉપરનો ભેદભાવ લાગે છે, પણ અંતરમાં જરા પણ સંશય હોતો નથી. 'જે કાંઈ બની રહ્યું છે, બનતું જાય છે ને બનશે તે પ્રગટ સ્વામિશ્રીજી જ કરી રહ્યા છે ને સત્પુરુષ સર્વજ્ઞ છે, તે સર્વ જાણે છે ને અતિશય સમર્થ છે'—તેથી સર્વને બ્રહ્મની જ મૂર્તિ સમાન માની વર્તે છે. તેની દરેક ક્રિયામાં અખંડ આનંદ, સુખ અને અપાર શાંતિ જ અહોનિશ વર્તતાં લાગે છે. મૂર્તિનું સુખ આવા ભક્તોને જ પ્રાપ્ત થાય છે.

આપણા પુરુષાર્થનો અંત આવી, બુદ્ધિની દૃઢ કરેલી માન્યતાઓ, કલ્પનાઓ છોડી પૂ. યોગીજી મહારાજ આપણને આત્મીયતાનો ભાવ કેળવાવી દિવ્યાનંદ બક્ષે એ જ અભ્યર્થના છે.

—માર્ચ, ૧૯૫૮

***

39

# ક્ષેત્ર સંન્યાસ

રાગ, વિરાગ, ત્યાગ ને વૈરાગ્યને એના સાચા સ્વરૂપમાં ઓળખીને પ્રગટ સ્વરૂપની આજ્ઞા પાળવામાં આવે, તો જ ભગવાનની દિવ્યમૂર્તિ સિદ્ધ થાય છે– એમ ગીતા, ભાગવત અને મહારાજના વચનામૃતમાં રહસ્ય બતાવેલ છે જે આપણે માટે દાખલારૂપ છે અને પ્રગટની નિષ્ઠાવાળા સર્વ ગૃહી કે ત્યાગી વર્ગ માટે દીવાદાંડી સમ છે. માટે સાધનોનું બળ, લક્ષણ, સ્વરૂપ અને ફળ જો તેનાં યથાસ્થાનરૂપે ન ઓળખાય, તો તેવો ત્યાગ કે તપ, વૈરાગ્ય કે વિરક્તિ બ્રહ્મરૂપ થઈ ભગવાનના દિવ્ય સ્વરૂપમાં દેહ છતાં જ જોડાવામાં અંતરાયરૂપ નીવડે છે તે સિદ્ધાંત શ્રીજી મહારાજે ભક્તચિંતામણિ પ્રકરણો ૭૧-૭૬ અને ૧૬૪માં સ્પષ્ટ બતાવેલ છે તે વિચારી જોવો.

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો વિવેક તો સાચા સંતના સમાગમ અને સેવાથી જ સમજાય છે. ઋષિમુનિઓએ ઘણાં જ તપ, ત્યાગ અને વૈરાગ્ય દૃઢ કરીને આત્મારૂપે વર્તવા પ્રયત્નો કર્યા હતા; છતાંય દેશકાળ, ક્રિયા અને સંગ બદલાતાં જ તેમની વૃત્તિઓ અનુલોમ થવા પામી છે, તેવું શાસ્ત્રોમાંથી ચ્યવન, પરાશર, સૌભરી વગેરેના દાખલાથી સમજાય છે. માટે જ સનાતન બ્રહ્મના કે તેવા બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય સાચા સદ્‌ગુરુ થકી આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન શિખાય, તો જ તે જ્ઞાનસ્વરૂપી અવિનાશી વિચાર મૂર્તિમાન સ્વરૂપ ધારણ કરીને જીવાત્માને 'ક્ષેત્ર' એટલે કે જગત અને 'ક્ષેત્રજ્ઞ' એટલે તેનો જાણનારો સાક્ષી-આત્મા તેનો વિવેક દૃઢ થાય છે અને રમણીય પંચવિષયો કે દેહાભિમાનમાં ભગવાનના બળથી જીવની રક્ષા થાય છે અને અખંડ નિર્ગુણ સુખ પ્રાપ્ત થાય છે. આવો આત્મા-અનાત્માનો વિવેક ભગવાન કે તેના મળેલા સંતમાં અસાધારણ હેત કરવાથી સ્થપાય છે ને સાચું નિર્વાસનિકપણું પ્રાપ્ત થાય છે. તે વિના જીવની વૃત્તિઓ અનુલોમ થયા વિના રહેતી જ નથી. માટે સાચા સંતની કૃપા કે અનુગ્રહ સહિતનો **'ક્ષેત્ર સંન્યાસ'** જ જ્ઞાનાંશનો વૈરાગ્ય દૃઢ કરાવી દિવ્યમૂર્તિનું તથા ભગવદ્‌ભાવનું દિવ્ય સુખ પ્રાપ્ત કરાવે છે તે ખાસ વિચારવા જેવું છે.

**'ક્ષેત્ર સંન્યાસ'** એટલે કર્મોનો, પદાર્થોનો કે પ્રસંગોનો ઉપર-ઉપરનો જ ત્યાગ નહીં, પણ અનાસક્તિવાળો યોગ છે, જેથી સર્વ કર્મો પ્રભુ પ્રીત્યર્થે જ થયે જાય છે અને સંસારમાં રહેવા છતાંય જનક તથા અંબરીષ તેમજ પર્વતભાઈ જેવી જ્ઞાનદશા સિદ્ધ થાય છે. એકાંતિકપણું દૃઢ કરવા માટે આવો **'ક્ષેત્ર સંન્યાસ'** આવશ્યક જ નહીં, બલ્કે અનિવાર્ય છે. કારણ કે વ્યવહાર અને એકાંતિકપણાને મેળ જ નહીં, માટે સૌએ પોતપોતાના સ્વધર્મમાં રહીને ખપ પૂરતો જરૂરી વ્યવહાર રાખી, સંતની આજ્ઞામાં ટૂકટૂક વર્તીને ધીરે ધીરે આવા આંતરિક **'ક્ષેત્ર સંન્યાસ'** માટે જ પ્રયત્નો કરવાના રહે છે, જેથી અંતરનું જગત ને તેના ભાવો ખરી પડશે ને દિવ્ય ભાવો પ્રગટ થવા માંડશે.

જગતનાં જડ તત્ત્વો તરફના સંબંધો તરફ અખંડ અરુચિ રાખીને, ધામ, ધામી અને પ્રગટ મુક્તોનાં સ્વરૂપો જ સાચાં માની, તેમને અર્થે બની આવતી સર્વ સેવા, પ્રવૃત્તિ કે પુરુષાર્થ જ અનાસક્તિ યોગ સરળતાથી સિદ્ધ કરાવી દેશે. જીવને પડેલી જૂની ટેવો એકદમ રૂપાંતર પામતી નથી. સત્પુરુષને ઓશિયાળા કરી ઘણીવાર સત્સંગ વધારવાના વેગમાં જ, અવ્યક્ત રીતે આપણે સૂક્ષ્મ રાગો પોષતા હોઈએ છીએ અને કારણ શરીરના ભાવો જ તૃપ્તિ પામતા હોય છે. જ્યારે ગુરુમુખી બનીને, તેની તે જ પ્રવૃત્તિઓ ભગવાન કે સંત રાજી થશે તેમ માની થાય, ત્યારે જ દુર્લભમાં દુર્લભ એકાંતિકપણું સિદ્ધ થાય છે.

પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતવર્ય યોગીજી મહારાજના સમાગમમાં રહીને, વિચારને પામીને અંતર્દૃષ્ટિ કરી, પોતાનું જ તપાસીને આજ્ઞા પાળવા માંડીએ, તો અરીસા જેવો તદ્દન નિર્મળ સત્સંગ આપણું અસલી સ્વરૂપ બતાવી દે છે અને રાગાત્મક કે દોષાત્મક ક્રિયાઓ સહજ રીતે જ બંધ થવા પામશે. માટે પ્રત્યક્ષ સ્વરૂપને યથાર્થ ઓળખી દિવ્યમુક્તિ સાધવા માટે આવો **'ક્ષેત્ર સંન્યાસ'** સર્વેએ પોતપોતા પૂરતો વિચારવાનો રહે છે અને ગુરુમુખી જ ક્રિયાઓ દૃઢ થતાં સત્યકામની માફક બ્રહ્મજ્ઞાન સહજ રીતે પ્રગટ થઈ જશે.

સ્વામિજી સૌ સાધકોને અને હરિભક્તોને આવી દિવ્યભાવના દૃઢ કરવાનું બળ આપે એ જ અભ્યર્થના છે.

—એપ્રિલ, ૧૯૫૮

***

40

# આધ્યાત્મિક જડતા

જડતાનું મૂળ અજ્ઞાનતા છે અને પ્રમાદરૂપે, આળસરૂપે અસ્થિરતા, અવિશ્વાસ, અગતિમાનપણું વગેરે ભાવોમાં આપણે તેનું દર્શન કરી શકીએ છીએ. બાહ્ય જડતા-સ્થૂળભાવે જેમ પત્થરો, સ્થિર પદાર્થો કે પર્વતો માફક કોઈ પ્રકારની પોતાની મેળે ચંચળતા કે ગતિ બતાવતાં જ નથી, તેમજ સૂક્ષ્મ જડતા માનસિક ગ્રંથિઓ રૂપે તેટલી જ સ્થિરતા અને નિશ્ચલતા દાખવે છે. તે આપણા નિત્યજીવનના પ્રસંગો, સામાજીક વાતાવરણો કે રાષ્ટ્રવ્યાપી આંદોલનોમાં કે કોઈ મહાન ક્રાંતિકારી યોજનાઓમાં દેખાઈ આવે છે. આવા જ પ્રકારની જડતા ધાર્મિક ક્ષેત્રોમાં પણ તત્ત્વજ્ઞાન સમજવામાં અને અનાદિ સનાતન તત્ત્વોનું પ્રગટપણે જેમ છે તેમ યથાર્થ સ્વરૂપ ઓળખી વર્તવામાં આપણને સ્પષ્ટ મૂર્તિમાન દેખાય છે, જેથી અંતરે સાચું સુખ, શાંતિ કે દિવ્યાનંદ પ્રાપ્ત થઈ શકતાં નથી. માટે સત્સંગ કરતાં-કરતાં સાચા સત્પુરુષ પાસે સમાગમના ફળરૂપે અખંડ દિવ્યપણાની જ ભાવના દૃઢ થાય તેવી કૃપા સર્વેએ ઈચ્છવી.

આધ્યાત્મિક જડતામાં જુદાં જુદાં સ્વરૂપો આપણા સંપ્રદાયમાં તેમજ અન્ય ધર્મો કે પંથો અને સમાજોમાં પણ જણાય છે. તે નીચે મુજબ અંતર્દૃષ્ટિ કરી સૌ કોઈએ પોતા પૂરતું વિચારી લેવું, જેથી સરળતાથી જાણપણું રહેવા માંડશે.

(૧) કોઈ પણ ધર્મ, સંસ્થા કે સમાજના વિકાસમાં બે પ્રકારનાં મુખ્ય તત્ત્વો આધારભૂત હોય છે જ, બલ્કે અનિવાર્ય બને છે. જેમ કે એક તો તેનું બાહ્ય સ્વરૂપ, આધારભૂત સ્વરૂપ, અગર સાંપ્રદાયિક પ્રણાલિકા, માન્યતા અને તે તે કાળની યુગધર્મની દૃઢ થઈ ગયેલી ભાવનાઓ. સંપૂર્ણપણે પ્રચલિત થએલો વર્ણાશ્રમ ધર્મ માન્ય રાખીને જ શ્રીજી મહારાજે 'એકાંતિક ધર્મ'નું સ્થાપન કર્યું છે અને તેમાં ખરેખર કોઈનાય ખંડનમંડન વિના જ સર્વોપરીપણું સિદ્ધ કરાવી દીધું છે ! આપણે મૂળભૂત સિદ્ધાંતો, તત્ત્વો કે ભાવનાઓ, ભૂલી જઈને, ગૌણ કરીને, ફક્ત બાહ્ય યુગસ્વરૂપને જ માન્ય

રાખીએ, તો સાચા સંતોનો દ્રોહ થઈ જાય. મહારાજ પણ નારાજ થાય અને અંતરે પણ અશાંતિ જ વર્તે. જાણવા છતાંય, દેખવા છતાંય આવા મહાન સંતો કે શાસ્ત્રો કે માન્યતાઓને (જેમ ગુણાતીતજ્ઞાનની ભાવનાને) અવગણીએ ત્યારે, આધ્યાત્મિક ક્ષેત્રમાં કામ કરતા હોય, મંદિરની સેવા, પૂજા, પાઠ, ભક્તિ સર્વ થતાં જાય, છતાં ચૈતન્ય સ્વરૂપનું સુખ જરા ય આવે નહીં અને ઉપર-ઉપરના બાહ્યોપચારોને જ સાચો ધર્મ માની લઈ, એક પ્રકારની જડતા જ ઊભી કરતા હોઈએ છીએ ને તેનું પોષણ કરવા પક્ષાપક્ષી પણ થવા દઈએ છીએ.સ્હેજ અંતર્દૃષ્ટિ કરી, મહારાજનું શુદ્ધભાવે ભજન-સ્મરણ કરતાં જ મુમુક્ષુ જીવને તો જરૂર સમજાઈ જાય છે અને મંદિરોની આચાર્યોની, કાર્યકર્તાઓની પાછળ જે પ્રેરણા, બળ સાચા સત્પુરુષો થકી મળતું જાય છે તે પ્રગટપણે દેખાઈ આવે છે ને ત્યારે સચ્ચિદાનંદ અનુભવાય છે ને પ્રતીતિ થઈ જાય છે, જેનો સર્વેએ પ્રગટ સંતવર્ય પૂજ્ય યોગીજી મહારાજની હાજરીમાં અનુભવ કરી લેવા વિનંતી છે.

(૨) આધ્યાત્મિક જડતાનું બીજું સ્વરૂપ અંતર્ગત માન્યતાઓ છે. એ વખતે જે માનસિક ગ્રથિ બંધાઈ ગઈ, તેને જ વળગી રહીએ અને સાચા સંતનાં વચનોમાં અવિશ્વાસ લાવીએ અને આજ્ઞામાં શિથિલપણું અગર ગૌણતા આવે–તે આવી જૂની ટેવોને આધારે જ બને છે. સેવાના, ભક્તિના, મંદિરોની ક્રિયાઓના બ્હાના નીચે સાચા ભક્તો અને સંતોનો દ્રોહ થઈ જાય છે. જેથી સ્વામિશ્રીજી નાખુશ થાય છે. માટે પ્રગટ સત્પુરુષનાં સર્વ વચનોમાં અને સર્વ પ્રકારની ક્રિયાઓમાં અખંડ દિવ્યભાવ જ રહે, તેઓ જે કાંઈ કરે છે, કરી રહ્યા છે, કરાવી રહ્યા છે, તે સર્વ સત્સંગના ભલા માટે જ છે–તેમ અખંડ મનાઈ જાય અને તો જ માનસિક જડતા સદંતર ટળે અને નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત થાય. બીજાનો ઉત્કર્ષ ખમતાં આવડે, સત્પુરુષને કદી ઓશિયાળા ન કરાય તેવું વર્તનમાં આવી જાય અને સેવા માટે, કોઈ પણ જરૂરી ક્રિયા માટે, આજ્ઞા થતાં સમૈયામાં હર્ષથી જવા માટે સત્પુરુષ પાસે વારંવાર આજીજીઓ કરાવવી ન પડે. આપ મેળે જ સમજાઈ જાય, કહ્યા વગર જ વર્તાય. ત્યારે જ સાચી આત્મબુદ્ધિ દૃઢ થઈ ગણાય ને નિર્વિકલ્પ સમાધિનું સુખ આવે.

(૩) જડ અને ચેતન, બંધન અને મોક્ષ, ભય અને અભય, સત્ય અને અસત્યના તમામ દ્વંદ્વો બંધ પડીને એક સત્પુરુષ જ મ્હારા આત્મા છે, તે જ ફક્ત સનાતન પરમ સત્ય સ્વરૂપ છે ને શ્રીજી સ્વરૂપ છે ને મ્હારા આત્મામાં અખંડ બિરાજમાન છે– તેવી માન્યતા, ભાવના પ્રગટપણે દૃઢ થઈ જાય અને 'માછલાને જળ જીવન'– તેમજ સાચા સંત જ મ્હારા જીવનપ્રાણ, સર્વસ્વ, એમ અંતરમાં મનાઈ જાય ને ક્રિયામાં વર્તાય, ત્યારે જ જડતા સંપૂર્ણપણે ગઈ ગણાય. આવી આધ્યાત્મિક જડતા વચ. મધ્ય ૬૩ (પ્રમાણે) અસાધારણ સેવા કે વચ. વડતાલ ૧૧ (પ્રમાણે) અસાધારણ પ્રીતિ કે પ્રગટ સ્વરૂપનું અખંડ ધ્યાન - ભજન કરવાથી તત્કાળ નાબૂદ થાય છે ને દેહ છતાં જ અખંડ ચેતનાનો, દિવ્યતાનો, પ્રભુતાનો જ કેફ અને અલમસ્તાઈ અનુભવાય છે. તે દરેકે પ્રાપ્ત કરી લેવો.

—મે, ૧૯૫૮



41

# તત્ત્વજ્ઞાન, કલ્યાણનાં સાધનો અને સત્પુરુષ

શ્રીજી મહારાજે સત્સંગમાં અનેક વાતુ પ્રવર્તાવી છે. તેમાં જીવનું જીવન સુહૃદભાવમાં બતાવી, પ્રત્યક્ષ સત્પુરુષ થકી તે સિદ્ધ કરવા ઉપર જ ભાર મૂક્યો છે. છતાં અનાદિ કાળથી વ્યવહારુ બુદ્ધિના પાસ પડેલા, તે એકદમ જતા નથી. કોઈને તત્ત્વજ્ઞાનમાં, કોઈને જુદાં જુદાં સાધનોમાં અને કોઈકને જ ફકત સત્પુરુષના પ્રસંગની અનુપમ કિંમત સમજાય છે, જેથી સમજણના ભેદો પડી જાય છે અને એકાંતિકપણું પ્રાપ્ત કરવામાં 'મુકતની માયા' આડે આવે છે.

તત્ત્વજ્ઞાન જાણનારને સેવાનો અભાવ રહે છે, જેથી ભીડો ખમાય નહીં અને મોટા હોય, ગુણવાળા હોય તેમને નમાય નહીં અને સ્તબ્ધપણું રહ્યા કરે. વળી દેખાદેખીથી સેવા કરે, પણ નિર્માનીપણે અંતરથી મહિમા સમજીને સત્સંગની સેવા થઈ શકતી જ નથી. મહારાજ પણ આવી કરોડો ગણી સેવા થાય, તો પણ નોંધતા નથી. ફકત સંસ્કાર પડે, સ્વભાવ ટળે નહીં. માટે સાચા વડવાનળ અગ્નિસમા સંતનો દિવ્યભાવે સર્વોપરી નિશ્ચય દૃઢ કરી, જીવમાં તે ઠરાવ નક્કી કરી, સમગ્ર સત્સંગ દિવ્ય માની શ્રીજી મહારાજની મૂર્તિ સાધવી. તો અક્ષરધામનું સુખ દેહ છતાં જ પ્રાપ્ત થશે અને બીજાંને પણ તેનો લાભ મળશે.

સાધનો કરનારને સાધનનું અભિમાન વધવાથી આત્યંતિક કલ્યાણની સાધના–પરબ્રહ્મના પરમ તત્ત્વમાં જ અખંડ નિમગ્ન રહી, સ્વામીસેવકભાવે સેવા કરવી અને દેહ છતાં જ પરમપદ મનાઈ જવું તે સર્વ સિદ્ધ થતું નથી. માટે તપ, ત્યાગ, વ્રત, દાન, યજ્ઞ, ધ્યાન, ભજન, અષ્ટાંગયોગ વિગેરે સાધનોના ફળરૂપે જ આ સત્સંગ એટલે કે આ સત્પુરુષ પ્રાપ્ત થયા છે, તો સર્વ સાધનોના પુરુષાર્થ છોડી, તે કહે તેમજ કરવું, તેમની જ મરજી પ્રમાણે વર્તવું. તે જ 'એકાંતિક ધર્મ' સિદ્ધ કરાવી શકશે એમ મહારાજે વચ. પ્ર. ૬૦, વડતાલ ૫, ૧૧, ૧૦, ૧૯, છેલ્લા ૨, મધ્ય ૫૪, ૭ વિગેરેમાં સ્પષ્ટ બતાવેલ છે.

આપણા સદ્ભાગ્યે સર્વગુણ સંપન્ન સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજ મળ્યા છે, જેથી સાધનો સુષુપ્તિમાં લય થઈ જાય છે – તેમ તેઓએ વાત કરી, તે ધ્યાનમાં રાખી, હવે તેમની મરજી પ્રમાણે, નિર્દોષભાવે મહિમા સમજી સંબંધ ઓળખી ભજન કરી લેવું, જેથી દેહ છતાં જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ સ્વરૂપમાં જોડાઈ જશે ને મુક્તદશા અનુભવાશે. તો વિચારવાળી જાણપણાની ભક્તિ સૌએ વધારવી એ જ પ્રાર્થના છે.

–જૂન, ૧૯૫૮



42

# જૂના - નવા, નવા - જૂના
# તથા
# મોટા - નાના, નાના-મોટા

જગતની દૃષ્ટિએ અને આધ્યાત્મિક દૃષ્ટિએ જૂના - નવા અગર નાનાની વ્યાખ્યા જુદી જુદી ગણાય છે. અનાદિ કાળથી વિચાર દ્વંદ્વો ચાલતાં આવ્યાં છે અને સૂક્ષ્મ દૃષ્ટિવાળા શ્રેયાર્થીઓ જ સ્વરૂપનિષ્ઠાના મહાન ઉપાસકોને સમજી શકે છે. ગૃહી કે ત્યાગી ઉપર - ઉપરની ક્રિયાઓ તરફ ન જોતાં, તેમના સમગ્ર જીવનની આરપાર દૃષ્ટિ નાખીને મૂળભૂત સિદ્ધાંતો ઉપરનું તેમનું જીવનકાર્ય તપાસી, મોટાઈની, મહત્તાની, અનુભવી તરીકેની વ્યાખ્યા કરે છે અને તે મુજબ રુચિવાળાં ભેગાં થઈ સાચો સત્સંગ કરતાં રહે છે. આવો જ દાખલો સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી પર્વતભાઈનો છે કે જેમને શ્રીજી મહારાજે, સ્વમુખે સભામાં પાછળ બેસવા છતાં, સૌ કરતાં મોટેરા હરિભક્ત ગણાવ્યા હતા અને આગળ બેસનારા કે વ્યવહારિક મોટા અને ઉંમરમાં મોટા અગર જૂના હતાં તેમને આધ્યાત્મિક કક્ષામાં નાના અગર નવા જ ગણાવ્યા છે. માટે જૂના - નવા, અગર નવા - જૂનાનો અગર મોટા - નાના કે નાના - મોટાનો ખ્યાલ ઉપર ઉપરથી નહીં બાંધતાં, લક્ષણો તપાસી, તેઓના જીવનમાં સાથે રહી, જાતે અનુભવ કરીને જ નિર્ણય કરવો અને પ્રગટ સંતવર્ય ગુરુની આજ્ઞા લઈ, તેમનો સમાગમ કરવો જેથી જીવ વૃદ્ધિને પામે.

કેટલાય જૂના એટલે ઉંમરમાં મોટા અને બાહ્યદૃષ્ટિથી સત્સંગમાં જોડાયેલા જીવો કરતાં નવા ઉંમરમાં નાના યુવકો આજ પ્રગટ સત્પુરુષને ઓળખીને શુદ્ધ ઉપાસના દૃઢ કરી સમાગમ કરે છે અને આજ્ઞામાં ટૂક ટૂક વર્તે છે. તેઓ ખરેખર નવા છતાં જૂના જ છે અને મહારાજના વખતના યોગભ્રષ્ટ આત્માઓ કસર ટાળવા આવા સાધુના જોગમાં સત્સંગ કરવા તીવ્ર વેગે મંડી પડે છે. તેથી નાના છતાં અનાદિ મુક્તરાજ પર્વતભાઈ જેમ સભાની પાછળ બેસે તો પણ મોટા જ

છે અને તેમની ખરી મોટાઈ એકાંતિક ધર્મ પાળવાની, આજ્ઞામાં ટૂકટૂકપણે સંતની જ મરજી પ્રમાણે વર્તવાથી છે. તેમનામાં નિર્દોષબુદ્ધિથી સત્સંગ કરવાનો જે ભાવ છે તે જ મોટાઈ છે; જેથી સત્પુરુષની દૃષ્ટિ પડી જશે અને ત્યારે જ વિકારી વૃત્તિઓ નિર્મૂળ થઈ શકશે.

શ્રીજી મહારાજ પણ વારંવાર કહેતા કે અહોહો ! આ નાનાં છોકરાં સામે જોઈએ છીએ ત્યારે જાણે મોટા મોટા ઋષિઓ અને અવતારો કરતાંય અતિશય બળ તેમનામાં દેખાય છે અને તેથી જ પૂર્વના મહાન સંસ્કારો કે આ જોગ, આ અક્ષરધામની વાતુ, આ દર્શન, આ લાભ ને સમાગમ તેઓને સરળતાથી સાંપડયો છે. પ્રકૃતિ - પુરુષ માંહીલા સર્વ ધામો અને તે ધામોના મુક્તોને જે પ્રાપ્તિ નથી, તે સ્હેજે સ્હેજે આ સભાજનોને, આ હરિભક્તોને મળી છે અને સર્વોપરી ભગવાનનાં દર્શન, વાતુ ને સમાગમનો લાભ લઈ શકે છે. તેથી આત્યંતિક કલ્યાણ વગર સાધને સુલભ બની ગયું છે.

કોટી તપે કરીને, કોટી દાને, યજ્ઞે કે કોટી ધ્યાને કે જપે કરીને પણ આ જોગ ન મળે, તે મહારાજ અને આ ગુણાતીત સાધુ અગર તેના મળેલા, સ્વામિશ્રીજી અખંડ ધારણ કરી રહેલા વડવાનળ અગ્નિ સમા પરમ એકાંતિક સત્પુરુષના સંબંધે, કરુણાએ કરીને જોગ થઈ ગયો છે ને આત્યંતિક મુકિતને પામી રહ્યા છીએ. અપૂર્ણપણું અને કલ્પના ટળી ગયાં છે અને દેહ છતાં જ અક્ષરધામની પ્રાપ્તિ મનાઈ ગઈ છે અને તેનું નિર્ગુણ સુખ પણ પ્રાપ્ત થયું છે.

માટે, સાચી મોટાઈ મેળવવા આવા ગુણાતીત સ્વરૂપ પરમ પૂજ્ય યોગીજી મહારાજના સમાગમમાં રહી સર્વ શ્રેયાર્થી મુમુક્ષુઓએ પ્રયત્ન કરવો, જેથી એકાંતિકપણું દૃઢ થઈ જાય અને અખંડ દિવ્યભાવ જ સમગ્ર સત્સંગમાં રહ્યા કરે. આવી ખરી મોટાઈ તો ગુણાતીત ગુરુ સેવીને પૂ. ભગતજી મહારાજ તથા પૂ. જાગાસ્વામીએ મેળવી હતી અને તેઓએ અનેક જીવોને માયા પર કરી, બ્રહ્મરૂપ કરી ભગવાનમાં જોડી દીધાં હતા અને આ લોક તેમજ પરલોકમાં સુખિયા કર્યા હતા. તેઓ ખરા મોટા હતા.

જનલોક, તપલોક, સૂર્યલોક, ચંદ્રલોક, સ્વર્ગ, વૈકુંઠ, ગોલોક, બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ કે બીજી અનંત ભૂમિકાઓ અને ધામોને તત્ત્વે કરીને તપાસીએ, તો જણાઈ આવશે કે ત્યાં એક જ વિશિષ્ટ તત્ત્વ પ્રધાનપણે હોય છે અને

વાસના લિંગદેહ સંપૂર્ણ નષ્ટ થતો નથી. જેથી કાળાંતરે વૃત્તિઓ અનુલોમ થવા પામે છે અને મોટા-મોટા મુક્તોમાં પણ મૂળ માયાનો પ્રવેશ, તમોગુણની ક્રિયાઓ વગેરે શાસ્ત્રોના દાખલા ઉપરથી જણાઈ આવ્યા છે. ફક્ત એકાંતિક પાસે અગર અક્ષરધામમાં જ સંકલ્પરહિત, આત્મસત્તા રૂપે, બ્રહ્મરૂપે, ચૈતન્યભાવે ભજન કરવાની રીત છે અને ત્યાં વાસનામય લિંગદેહ, જે સૂક્ષ્મતર ભાવે આસક્તિરૂપે સંકલ્પો ઊઠવાની ક્રિયારૂપે બીજાં ધામોમાં દેખાયો છે, તે સદંતર વિલીન થએલ હોય છે અને ભાગવતી તનુએ, બ્રહ્મમય તનુએ, આત્મસત્તારૂપે જ પરમતત્ત્વ પૂર્ણ પુરુષોત્તમ નારાયણમાં જોડાયેલ રહે છે. ગુણાતીત સ્વરૂપે મહારાજને અખંડ ધારણ કરી રાખી સમગ્ર સત્સંગ દિવ્ય માની, સ્વામી સેવકભાવે શ્રીજી મહારાજની મરજી પ્રમાણે સેવા કર્યા કરે છે.

અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય વચ. લોયા ૧૨ અગર પ્રથમ ૫૧ મુજબનું રૂપાંતર પામી, પ્રત્યક્ષ સ્વરૂપમાં જોડાઈ અન્યને પણ નિર્વિકલ્પપણે ભગવાનમાં જોડવા માટે તેવા મુક્તો વિચરણ કરતા હોય છે. પ્રત્યક્ષ સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય અને નિર્દોષભાવે (તેમની) આજ્ઞા પાળનાર જ જૂના છે અને ખરેખર મોટા છે. તેઓનો સમાગમ કરી લેવો.

પૂ. સ્વામિજી સર્વને એવી મોટાઈ અપાવે એ જ પ્રાર્થના છે, જેથી ડહાપણ કે ભોળપણ નડે નહીં અને ગૃહી-ત્યાગી સર્વને સ્વરૂપમાં જોડાતાં આવડી જાય ને સુગમતા પડે.

—જુલાઈ, ૧૯૫૮



43

# શ્રીજી મહારાજે પરમહંસોને કરેલી અતિરહસ્યની વાત

શ્રીજી મહારાજે કલ્યાણના સર્વ સાધનોમાંથી ફક્ત એક જ મુખ્યપણે રાખી લક્ષાવધિ મુમુક્ષુઓ માટે એકાંતિક ધર્મ ખુલ્લો કરી દીધો છે. તે સાધન એટલે સમજપૂર્વકનો અનન્ય આશરો. અનંતકાળથી જીવાત્માઓ કલ્યાણ પ્રાપ્તિના જુદા જુદા માર્ગો, સાધનો અને યૌગિક ક્રિયાઓ કરતા આવ્યા છે અને જીવસત્તા, બ્રહ્મસત્તા અને પરબ્રહ્મસત્તાની જાણ થતાં-થતાં ઉપાસનાના બળથી જ પરમપદને પામેલા છે તેવા દાખલા શાસ્ત્રોમાં અનેક સ્થળે મળી આવે છે. પણ, એક અતિશય રહસ્યની એકાંતની વા'લપની વાત મહારાજે મોટા-મોટા સિદ્ધ સંતોને 'ભક્ત ચિંતામણિ' પ્રકરણો ૬૪, ૭, ૧-૭૬ અને ૧૦૧ તથા ૧૬૪માં જણાવી દીધી છે. તે સૌએ મનન કરવા યોગ્ય છે. પરિપક્વ નિષ્ઠા માટે, ભગવાનને સદા સાકાર, દિવ્ય, સર્વોપરી અને પ્રગટપણે દૃઢ માનીને પ્રત્યક્ષ દિવ્યસ્વરૂપમાં જ જોડાવા માટે શ્રીજી મહારાજે અનંત વાતો, વિચરણો, પર્યટનો અને સમૈયાઓ કરી પ્રકરણો બદલ્યાં છે, જેથી ઇંદ્રિયોના આહાર ભગવાનમય બની પ્રગટના યોગથી જ મન અમન થઈ, કરેલા ઠરાવો, માન્યતાઓ સદંતર ફેરવાવી દઈ, સર્વને એકાંતિક બનાવી દીધા છે. તે વાત આપણે પણ જીવમાં ઉતારવાની રહે છે અને તો જ આત્યંતિક કલ્યાણ અગર છેલ્લો જન્મ સિદ્ધ થઈ શકશે.

મોટા મોટા પરમહંસોને ગામોગામ મોકલી, એકાંતિક ધર્મ સૌને માટે સુલભ બનાવ્યો અને વચ. લોયા ૧૨, મધ્ય ૩૦, ૪૫ વગેરે પ્રમાણે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય – બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં જોડાઈ જવા માટે સ્પષ્ટ સૈદ્ધાંતિક અતિરહસ્યની વાત કરી, જે કેટલાક સમજી શક્યા ને બીજાઓ માટે મહારાજે પોતાના બળથી તે રહસ્યની વાત-પરમ કલ્યાણની વાત મૂળ અક્ષરબ્રહ્મ થકી સિદ્ધ કરાવી. મુક્તાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી જેવાના દર્શનથી

મુમુક્ષુઓનાં કલ્યાણ કહ્યાં. પણ, આવા પરમહંસોને માટે છેલ્લો જન્મ સિદ્ધ કરવા માટે આત્મારૂપે વર્તવાની- બ્રહ્મરૂપે વર્તવાની વાત ઉપર મહારાજે ભાર મૂક્યો. પ્રકરણ ૭૧માં 'માનો ચૈતન્યરૂપ તમારૂં, આપણે આત્મા નહીં દેહ' આ વાત સૌને તર્ત જ સમજાઈ ન્હોતી. વચ. મધ્ય ૬૨માં ત્રણ અંગો સિદ્ધ કરે ત્યારે જ અતિઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ થાય– તેમ મુક્તાનંદસ્વામીને માટે સ્વરૂપના સર્વોપરિપણાનો નિશ્ચય કરાવી સમજાવી દીધી અને પ્રકરણ ૬૪, ૬૮ ને ૧૬૪માં પ્રગટ સ્વરૂપનું જ મુખ્યપણું બતાવ્યું. પોતાની મેળે જીવાત્મા ત્રણ દેહથી નોખો પડી જ શકતો નથી અને મહાકારણના અવ્યક્ત ભાવો અગર રમણીય વિષયો અને શુભ સંકલ્પો રૂપી સામ્યાવસ્થારૂપ મહામાયા મોટા મોટા પરમહંસોને પણ ભગવાનની મૂર્તિ ભૂલાવી દઈ, ઉતરતા જેવા ત્યાગી પણ ન રહે તેમ અભિપ્રાય બતાવી દીધો છે.

આ સર્વની પાછળ અતિ રહસ્ય વાત તે હતી કે જીવને બ્રહ્મનો સાકારસ્વરૂપે નિરંતર સંગ ન થાય, ત્યાં સુધી બ્રહ્મના ગુણ આવે જ નહીં અને બ્રહ્મરૂપ થયા વિના, આત્મારૂપે જ વર્ત્યા વિના વચ. લોયા ૭ મુજબ શ્રીજી મહારાજની સેવામાં કોઈ પણ મુક્તથી રહી શકાતું નથી અને તેથી પરમપદ મેળવી શકાતું નથી.

માટે 'માનો ચૈતન્યરૂપ તમારૂં' એ વાત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ દાખલો બેસાડી, સ્વામી-સેવક ભાવે વર્તીને ગુણબુદ્ધિવાળા ભક્તોને દૃઢ કરવી અને દેહ છતાં જ ઈયળની ભમરી બનાવી. શિક્ષાપત્રી શ્લોક ૧૧૬ મુજબની સર્વોપરી ઉપાસના અને આત્મારૂપે વર્તવાની આજ્ઞારૂપી બે પાંખો આપી, અર્ચિમાર્ગ ખુલ્લો કરી દીધો. આમ ભગવાન કે તેના મળેલા એટલે બ્રહ્મસ્વરૂપે મહારાજમાં જ જોડાયેલા પરમ ભાગવત વડવાનળ અગ્નિસમા પ્રત્યક્ષ સંતવર્ય થકી જ ચૈતન્યરૂપે વર્તવાનો સનાતન કલ્યાણકારી માર્ગ, મહારાજે 'અતિ રહસ્યની એકાંતની વા'લપની વાત' પોતાનામાં હેતવાળા હતા ને વિશ્વાસ હતો તેમને સમજાવી દીધી. પ્રથમના ૪૦-૨૪ મુજબ શુભ સંકલ્પો પણ પ્રકૃતિ-પુરુષની અંદરની ભૂમિકાના જ છે તેમ બતાવ્યું અને મધ્ય ૩૦ મુજબ સનાતન શુદ્ધ ચૈતન્યબ્રહ્મ જ એક સત્ય છે તેમ સ્પષ્ટ વાત કરી, પરબ્રહ્મમાં જોડાવાની સૈદ્ધાંતિક આજ્ઞા કરી અને તે જ એકાંતિક ધર્મ દૃઢ કરાવવા પોતાનો અવતારી તરીકે કરૂણાથી મનુષ્ય દેહ હતો તેમ પૂરવાર કર્યું. આ જ ગુરુ પરંપરા પરમ ભાગવત નિર્વાસનિક સંત થકી ચાલુ જ રાખી છે અને મહારાજે વચ. વડતાલ ૫, ૧૦, ૧૧ અને ૧૯

તથા છેલ્લા ૨૬ અને પ્રથમ ૨૭માં સ્પષ્ટપણે તેવા પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ સંતનો સમાગમ કરી, બ્રહ્મના ગુણ મેળવવા ભાર મૂક્યો છે. તે સર્વ સત્સંગી બંધુઓએ વાંચી વિચારી સમજી લેવાનું છે.

આપણા સદ્ભાગ્યે આવા સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજ આપણને ઓળખાયા છે, જેઓ ગામોગામ વિચરણ કરી જીવને બ્રહ્મનો ગુણ સરળતાથી કેમ પ્રાપ્ત થાય તે જ રહસ્યની વાત દૃઢ કરાવે છે ને તેમાં જ તેમને રસ છે ને ગમે છે. તેમની આજ્ઞામાં ટૂકટૂક વર્તી, સર્વ મનમુખી સંકલ્પો છોડી દઈ, આત્મારૂપે વર્તવાની ટેવ હવે સૌએ પાડવાની રહે છે. તે માટે મંડળોની મીટીંગ થાય છે. સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જ વર્તવું, તે જ આત્મસત્તારૂપે વર્તવું એમ મહારાજે વચ. મધ્ય ૫૧માં કહ્યું છે. માટે, કંઈ નહીં તો ય આ સાધુના સંગે સ્વરૂપાનંદસ્વામી જેવા તો જરૂર કરી દઈશું, તેમ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીની વાતમાં આવે છે.

તો, તેવા જ સાધુ પ્રત્યક્ષ મળ્યા છે, માટે અખંડ દિવ્યભાવ રાખી, નિર્દોષભાવે સત્સંગીની સેવા કરવી અને ગુરુમુખી જ ક્રિયાઓ રાખવી. આપણે સૌ માનીએ છીએ કે સંત રાજી થાય તેમ કરવું છે જ, પણ વર્તાય છે જૂનાં દૃઢ થયેલા સંકલ્પો અને માન્યતાઓ મુજબ અને ત્યાં સુધી આ અતિ રહસ્યની વાત વેગળી જ રહે છે ને ધામ પણ વેગળું મનાય છે. માટે પ્રત્યક્ષ સ્વરૂપનો દિવ્યપણાનો નિશ્ચય દૃઢ કરી સૌએ પરમપદ પ્રાપ્ત કરી લેવું જોઈએ.

—ઑગષ્ટ, ૧૯૫૮



44

# ખરેખર બુદ્ધિવાળા

ભગવાને જીવોના કલ્યાણને અર્થે જ ઇંદ્રિયો, અંતઃકરણ અને જીવસત્તાનાં કાર્યો સૃજી આપ્યાં છે. કેવળ બુદ્ધિતત્ત્વ તો જડ છે, પણ ચૈતન્ય સ્વરૂપો – જેવાં કે આત્મા અને પરમાત્માનાં સ્વરૂપો - એમના સંબંધે કરીને જ તે જડબુદ્ધિ ચૈતન્ય બુદ્ધિ બને છે, દિવ્ય રૂપાંતરને પામી, બ્રહ્મદૃષ્ટિને કેળવાવડે છે. અક્ષર તથા પુરુષોત્તમના, આત્મા તથા પરમાત્માના, બ્રહ્મ તથા પરબ્રહ્મના, ભક્ત તથા ભગવાનના, સનાતન દિવ્ય સ્વરૂપોના મૂળ જ્ઞાને કરીને જ જીવ બ્રહ્મરૂપ બની, નિર્ગુણ જ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ આ જગતમાં રહીને દેહે કરીને કરતો રહે છે.

તેમાં મૂળ ભાવના– ફક્ત સનાતન તત્ત્વોના જ્ઞાને કરીને જે જે જાણપણું દૃઢ થયેલું હોય છે, તે મુજબ જ ફક્ત તે તે કાળે ભગવાન કાં તેના અવતારો, જેમાં પ્રથમ ૨૭ મુજબ મહારાજ અખંડ નિવાસ કરીને રહે છે તેવા પરમ ભાગવત સંતવર્ય, તેમને રાજી કરવા જ ફક્ત સર્વ પુરુષાર્થ રહે છે અને તેઓ રાજી થાય તેવા જ ઉપાયો શોધે છે અને તેમની આજ્ઞામાં ટૂકટૂક વર્તીને, પારકા આકાર, દોષ કે ક્રિયાઓ તરફ કોઈ પણ પ્રસંગોમાં દૃષ્ટિ જ જતી નથી– એવી દિવ્યભાવના ભગવાનની જ સર્વોપરી સત્તાને જાણીને દૃઢ કરતો રહે છે. એ જ સાચો સત્સંગ છે અને તે જ સંતસમાગમનું સાચું ફળ મેળવ્યું ગણાય કે જેથી બ્રહ્મના ગુણો જીવમાં આવે ને સર્વોપરી પરબ્રહ્મમાં દેહ છતાં જ જોડાઈ જતાં આવડે.

આવા પરમ ભાગવત સંત પ.પૂ. યોગીજી મહારાજ આપણને સાંપડયા છે. સાચી તત્ત્વનિષ્ઠા, બ્રહ્મ અને પરબ્રહ્મના તત્ત્વોની સાચી સમજણ તેણે જ કરેલી ગણાશે કે જે વિચારને પામી, પ્રત્યક્ષ સત્પુરુષને વિષે જ દિવ્ય બુદ્ધિ દૃઢ કરતો રહી, અન્ય સમગ્ર સત્સંગ પ્રત્યે શ્રીજીના અપરંપાર માહાત્મ્યની તેમજ અનવધિકાતિશય સત્તાનાં લક્ષણો સમજી, પોતાના જ દોષો દૂર કરવાના પ્રયત્નો કરતો રહેતો હશે.

બાહ્ય જગત કરતાં છેક પ્રકૃતિ-પુરુષ સુધીનું આંતરિક જગત આપણને નડે છે. તે આવા પરમ ભાગવત સંતના અસાધારણ પ્રસંગથી જ અને સેવાથી જ દેહ છતાં નષ્ટ થાય છે ને ધામના દિવ્યસુખનો અનુભવ થઈ, (તેની) અખંડ પ્રાપ્તિ થવા માંડે છે.

એકાંતિકપણાની આ સર્વ મોટપ ખરેખરા બુદ્ધિવાળા માટે સુગમ બનાવી દીધી છે. સાચો બુદ્ધિવાળો તે જ ગણાય છે કે જેને આ સત્સંગમાં પ્રતીતિ આવી, વિશ્વાસ બેઠો અને પારકા દોષો, ક્રિયાઓ કદી પણ ન જોતાં અખંડ અંતર્દૃષ્ટિ કરતો રહી, સત્પુરુષ જેમ રાજી રહે, તેમજ ઉપાયો કરતો રહે ; જેથી તેની ઉપર મોટા સંતની દૃષ્ટિ પડતા, વિકારો તત્કાળ દૂર થઈ જઈ દિવ્યમૂર્તિનું નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત થવા માંડે.

માટે, શ્રીજી મહારાજે દિવાનજી મૂર્ખ અને નાથભક્ત બુદ્ધિવાળા ગણાવ્યા છે. તેમજ, જેને પોતાના જ દોષો દેખાય, તે દૂર કરવાના જ પ્રયત્નો આદરવાના દૃઢ સંકલ્પો ઊઠે અને સત્પુરુષ પાસેથી બળ મેળવી, તેમની મરજી પ્રમાણે જ વર્તવાનો દૃઢ ઠરાવ કરી, અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દેહ છતાં જ દૃઢ કરી લે, તે જ આ દેહ ધર્યાનું પ્રયોજન છે.

પ્રત્યક્ષ સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજના પ્રસંગમાં આવી, સમાગમ કરી સર્વેએ તે દૃઢ કરી લેવા વિનંતી છે.

—સપ્ટેંબર, ૧૯૫૮



45

# મનનું અમનપણું તથા સંકલ્પનાં સ્વરૂપો

પ્રાણ અને ચેતનાના મિશ્રણરૂપ જીવાત્માનું સ્વરૂપ શાસ્ત્ર થકી સૌ કોઈ જાણે છે ; પણ જીવસત્તાને આસરીને અનાદિ કાળથી જ મૂળ પ્રકૃતિને આધારે અજ્ઞાનમય, અવિદ્યામય અવ્યક્ત ભાવો, ટેવો, માન્યતાઓ અને સારા-નરસા પંચવિષયો સાથે ચોંટવાના સ્વભાવો સાચા સત્પુરુષના પ્રસંગ વિના ઓળખી શકાતા નથી અને શુદ્ધ બ્રહ્મજ્ઞાન પણ પ્રાપ્ત થઈ જ શકતું નથી. ગીતા, ભાગવત, ઉપનિષદો તેમ જ શ્રીજી મહારાજનાં વચનામૃતો તથા અન્ય ગ્રંથો વારંવાર રહસ્યરૂપે એ બતાવી દે છે.

દરેક ધર્મો, સંપ્રદાયો અગર આશ્રમો અને તેના મહંતો અગર ગુરુઓ પણ આ મૂળ પ્રકૃતિને ઓળખાવી, અંતઃકરણને શુદ્ધ કરાવી, સમગ્ર વાસનાઓનો ક્ષય કરી, ચેતનાને પરમચેતનાના દિવ્ય સ્વરૂપ ભગવાનમાં જોડાવા કહે છે, રસ્તાઓ બતાવે છે, ઉપાયો સૂઝાડે છે અને ભજન કરવાના માર્ગો સૂચવે છે. સૌ કોઈ આ પ્રકારનાં તત્ત્વજ્ઞાનો તથા તે માટેનાં કલ્યાણનાં જુદાં જુદાં સાધનો જેવાં કે તપ, ત્યાગ, વૈરાગ્ય, યજ્ઞ, વ્રતો, અષ્ટાંગયોગ, શ્રદ્ધા, તિતિક્ષા વગેરે સ્પષ્ટપણે જાણે તો છે અને સૌ સૌની રીતે પ્રયત્નો પણ કરે છે, છતાંય મન સરળતાથી અમન થતું નથી અને સંકલ્પ-વિકલ્પો, વિકારી તત્ત્વો પ્રસંગે કરીને, પરિસ્થિતિ બદલાતાં સ્થિતિમાંથી પાડી દે છે તથા વૃત્તિઓને કામનામાં, અહંકારમાં અને જગત પ્રધાન પ્રવૃત્તિમાં ચોંટાડી દઈ, ભગવાનના ચરણકમળ સેવવાની નિષ્કામ ભક્તિને ભૂલાવી દે છે. ઋષિ-મુનિઓએ આવા જ પ્રયત્નો આદર્યા હતા, જંગલો સેવ્યાં હતાં અને પ્રાણ તથા પ્રકૃતિને તેટલો વખત તો વશ પણ વર્તાવેલ હતાં, છતાં દેશકાળ, ક્રિયા અને સંગના બળથી સમગ્ર વૃત્તિઓનો નિરોધ ઊડી જઈ મહાન સંસારી પ્રવૃત્તિઓમાં પડી ગયા હતા અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ ભૂલી ગયા હતા, જેમકે ચ્યવન, પરાશર, એકલશૃંગી વગેરે. માટે જ મનને અમન કરવાનું સૌ કોઈ જાણવા છતાં તેનો સહેલો રસ્તો કોઈને સુગમ ન

બન્યો. તે શ્રીજીએ કૃપા કરીને ભગવાન કે તેના મળેલા સાક્ષાત્ સત્પુરુષ થકી સદાને માટે સરળ બનાવી દીધો. સાધનોથી નિર્વાસનિક ન થવાય, તે આપણાં સદ્‌ભાગ્યે ફક્ત આવા પ.પૂ. યોગીજી મહારાજના સમાગમ થકી, એકાંતિકના વચને કરીને પ્રથમ ૬૦ મુજબ વચ. વડતાલ ૧૧ મુજબ, મધ્ય ૫૧ મુજબ બ્રહ્મરૂપ થવાનો માર્ગ ખૂલ્લો મૂક્યો, તે જ આપણી ઉપર મહાન કૃપા કરી છે.

હવે આવી મોટી દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ હોવા છતાં અને તેમના પ્રસંગે સરળતાથી નિર્વાસનિકપણું સિદ્ધ થવા છતાં ય, આપણને ગાફલાઈ રહે છે અગર આવા સંતમાં મનુષ્યભાવ આવે છે, તેમની ક્રિયામાં, વિચરણમાં ડહાપણ કરવાનું મન થાય છે તે જ અતિશય મોટી ખોટ છે. સૌ કોઈ એમ માની લે છે કે આપણે તો સંતને રાજી કરવા, સત્સંગ વધારવા, સંસ્થાને ખાતર આ પ્રવૃત્તિ કે સેવા કરીએ છીએ, પણ ઊંડે ઊંડે આપણી માન્યતાઓ, આપણા અસ્તિત્વના ખ્યાલથી અહંપ્રેરિત સંકલ્પોનો તેમજ અવ્યક્ત છૂપી ભાવનાઓનો જ આપણે લાભ લેતા હોઈએ છીએ અને તે સંતોષાય ત્યારે જ આનંદ માનીએ છીએ.

સંતવર્ય યોગીજી મહારાજ તો આવા સંકલ્પો પૂર્ણ કરે છે અને ભક્તોને રાજી રાખે છે, પણ તેથી આપણું આંતરિક જગત ખરતું નથી અને મન અમન થઈ નિર્દોષબુદ્ધિ દઢ કરી શકતું જ નથી અને તેથી બ્રહ્મનો ગુણ જીવમાં આવતો નથી. માટે, આવા સંતની સર્વ ક્રિયામાં દિવ્યભાવ રાખી, તેમને જરા પણ ઓશિયાળા કર્યા વિના, તેમની પાસે જરા પણ મનના કોઈ ઠરાવ કે ઈચ્છાનો આગ્રહ રાખ્યા વિના, તેમની જ મરજી પ્રમાણે તેમના વાળ્યા વળી જઈ, તે મુજબ આજ્ઞામાં ટૂકટૂક વર્તી શકીશું, તો સરળતાથી જીવ બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં દેહ છતાં જ જોડાઈ નિર્ગુણ સુખ પ્રાપ્ત કરી શકાશે.

માટે આપણા સંકલ્પોનાં નીચેનાં ચાર સ્વરૂપો ઓળખી ફક્ત શુભ અને સત્ય સંકલ્પો પ્રમાણે વર્તવા પ્રયત્નો કરવા; જેથી અંતરે દિવ્યાનંદ વર્તશે અને વિકારી ભાવનાઓ દૂર થઈ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થશે. આમાં પ્રથમ દૃષ્ટિએ—

(૧) જગતના જ સંકલ્પો ઊઠવા માંડે છે, પછી સંત સમાગમ કરતાં કરતાં

(૨) જગતપ્રધાન સત્સંગના, મંદિરોના, મહત્ પ્રવૃત્તિઓના સંસ્કારિક સત્ત્વગુણાત્મક સંકલ્પો પ્રધાન બને છે.

આમ કરતાં કરતાં સંતનો સમાગમ ને સત્સંગનો ભીડો ખમી ગુણગ્રાહી જ બનાય ત્યારે પ્રથમ ૪૦ મુજબ ફક્ત શુભ જ સંકલ્પો–

(3) આત્મા-પરમાત્માનું જ્ઞાન સિદ્ધ કરવાના, તપ કરવાના, નિર્વાસનિક થવાના રહે છે અને છેવટમાં

(૪) અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામી લોયા ૧૨ મુજબ અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરવાના રહે છે. એટલે પ્રત્યક્ષ સત્પુરુષ તે જ મારો આત્મા છે, તે જ એક વચ. મધ્ય 30 મુજબ સત્ય સંકલ્પ છે અને તેની જ મરજી મુજબ તેની જ આજ્ઞા મુજબ જીવન વ્યતીત કરવાનો દૃઢ ઠરાવ રહે છે; જેથી જીવ દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ તેમની કૃપા થકી, દૃષ્ટિ થકી પરબ્રહ્મના સ્વરૂપમાં તે મુક્ત જોડાઈ શકે છે ને ભગવાનનું જ સુખ અનુભવી ભોગવી અખંડ પ્રાપ્ત કરે છે.

જ્ઞાનસમાધિ રૂપે મહારાજની દિવ્યમૂર્તિ, તેના આત્મામાં અખંડ જ રહીને, અખંડ આનંદ ને પરમ કલ્યાણની પ્રતીતિ કરાવી દે છે.

સૌ કોઈ આવી કૃપાના અધિકારી બને એ જ પ્રાર્થના છે.

—ઑક્ટોબર, ૧૯૫૮



46

# પ્રગટપણાનો ભાવ અને બુદ્ધિની જડતા

જીવસત્તા ઉપર અને ઈશ્વરસત્તા ઉપર ચાલી આવતી પ્રણાલિકાઓ અને દૃઢ થઈ ગયેલી માન્યતાઓ તથા પરોક્ષભાવનાં પૂજા, સેવા, ભજનો, કીર્તનો અને વ્યવહારિક ક્રિયાઓ પ્રકૃતિ-પુરુષ સુધીના મહાન ક્ષેત્રમાં દરેક જીવનાં જ્ઞાન, અનુભવ અને તે મુજબના જ કર્મયોગ ઉપર ચાલતાં રહે છે. અનાદિ કાળથી આવી જડ પ્રકૃતિવાળી ક્રિયાઓ પ્રગટ ભગવાન અગર તેમના મળેલા સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ સંત પાસે પણ તે મુજબ જ સૌ-સૌની દૃઢ થઈ ગયેલી ગ્રંથિઓ માફક જ જો ચાલ્યા કરે, તેમાં ફેરફાર કરી ન શકાય, અગર તેવા સાચા પ્રયત્નો કરી પ્રગટ સ્વરૂપને ઓળખી, અંતર્દૃષ્ટિ કરી નિષ્કપટભાવે વર્તવાના પ્રયાસો ન કરાય, તો પ્રગટપણાના ભાવને ઓળખાયો જ નથી, તેમ સ્પષ્ટપણે કહી શકાય. આવાં પ્રગટ સ્વરૂપો શ્રીજી મહારાજ પાંચસો પરમહંસો રૂપે સાક્ષાત્ દિવ્ય શક્તિઓ સહિત જ લાવ્યા અને વિચરણો કરી અનેક પ્રસંગો યોજી, સમૈયા-પારાયણો કરી-કરાવી લક્ષાવધિ મુમુક્ષુઓને પ્રગટ દિવ્ય સ્વરૂપોનો મહાયોગ કરાવી આપ્યો. છતાં ય કેવળ બુદ્ધિની જડતાને લીધે તે સ્વરૂપોમાં શુદ્ધભાવે જોડાવામાં કસરો રહી ગઈ અને પરિણામે જ દિવ્ય સ્વરૂપોના પ્રસંગોમાં રહેવા છતાંય, અનેક પરચાઓ શક્તિઓના અનુભવો કરવા છતાંય, હઠ, માન, ઈર્ષા અને કપટ જીવનના અંત સુધી પણ રહી જવા પામ્યા છે. તે અંતર્દૃષ્ટિ કરતાં સૌને દેખાઈ આવશે. આવી માયિકભાવની દૃષ્ટિ બુદ્ધિની જડતાને લીધે જ ટળતી નથી અને પ્રત્યક્ષ સંતના સમાગમનું દિવ્ય સુખ અનુભવી શકાતું નથી.

શ્રીજી મહારાજે અનેક પ્રકરણો ફેરવ્યાં અને જ્યાં બુદ્ધિ તત્ત્વ અટકી પડે, કોઈ જ રસ્તો ન જડે, કોઈ જ ઉકેલ ન સૂઝે તેવા પ્રસંગોમાં ઈદમ્ મહત્ કાર્યો સહજમાં જ કરી બતાવ્યાં, પ્રતીતિઓ કરાવી; છતાં ય પ્રત્યક્ષ દિવ્ય સ્વરૂપોને વિષેનો માયિકભાવ સંપૂર્ણ ટળી શક્યો નહીં. માટે જ સંત સમાગમ પર ભાર મૂકી, મહારાજે 'બ્રહ્મ'ના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સુલભ બનાવ્યું અને

'એકાંતિક ધર્મ' આવા પ્રત્યક્ષ સંતવર્ય થકી ખુલ્લો રાખી, સૌને ય માટે તેમના અસાધારણ પ્રસંગમાં જ સુલભ બનાવ્યો (વડતાલ ૫,૩,૧૧, છે. ૨ મુજબ). આપણા સદ્ભાગ્યે ભગવત્ સ્વરૂપ સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજ આપણને ઓળખાયા છે. તેમના પ્રસંગમાં રહીને અક્ષરધામનું નિર્ગુણ સુખ દરેકે પ્રાપ્ત કરી લેવા માટે જ હવે પુરુષાર્થ દૃઢ કરવાનો રહે છે. આત્યંતિક કલ્યાણના દાતા આવા સંતમાં અખંડ દિવ્યભાવ દૃઢ રહે તે જ પ્રયત્નો કરવાના રહે; જેથી જીવ બ્રહ્મરૂપ થઈ દેહ છતાં જ સ્વામિશ્રીજીના સ્વરૂપમાં જોડાઈ શકે ને ભગવાનનું દિવ્ય સુખ સરળતાથી પ્રાપ્ત કરી શકે. આપણે આવા સંતની મહત્તા, અનેક દિવ્ય મગંળકારી ગુણો, ચરિત્રો, પરચાઓ અને ભાવનાઓ જોઈ છે અને જ્યાં બુદ્ધિ કામ કરી શકે નહીં, મૂંઝાઈ જાય, ત્યાં તેમના સાન્નિધ્યમાં જ કેવળ દૃષ્ટિ માત્રથી જ અનેક મહા મુશ્કેલ કાર્યો ઉકલી જતાં જોયાં છે. તેથી હવે અતિ ઉત્તમ મુક્ત દશા પ્રાપ્ત કરી લેવા માટેનો આ અમૂલ્ય અવસર (છે.) તો, આ સંતની આજ્ઞામાં ટૂક ટૂક વર્તીને સૌએ દૃઢ ઠરાવ કરી રાખવો ને તે મુજબ વર્તવા પ્રયત્નો કરવા, તો જ પ્રગટપણું ઓળખ્યું ગણાય ને કુશાગ્ર બુદ્ધિવાળા ગણાય અને બ્રહ્મજ્ઞાન સુલભતાથી દેહ છતાં જ પ્રાપ્ત થઈ જાય.

સૌને આવી દિવ્યબુદ્ધિ પ્રાપ્ત થાય એ જ નમ્ર પ્રાર્થના છે.

— ડિસેંબર, ૧૯૫૮



47

# અતિ મોટા પુરુષનો અભિપ્રાય જાણવાની શરતો

પ્રગટના ઉપાસકોમાં સૌ કોઈ પોતપોતાની સમજ પ્રમાણે ભજન કરે છે અને કલ્યાણના સાધનોથી રાજી કરવા પ્રયત્નો કરે છે અને તે જ રીતે બીજાંઓને પણ આગ્રહ કરી સત્સંગમાં જોડે છે. આવાં ભજન, ભક્તિ ને સેવાથી સાત્ત્વિક સુખ અને ચિત્તની પ્રસન્નતા પણ અનુભવાતી હોય છે અને પોતે માની લે છે કે 'આપણું તો કલ્યાણ થઈ ચૂક્યું ને જે કાંઈ સત્સંગની પ્રવૃત્તિઓ કરી રહ્યા છીએ તે બરાબર છે.'

આમ છતાં ય ઘણીવાર પ્રસંગે-પ્રસંગે અકળામણ, મૂંઝવણ અને અંતરના વિક્ષેપ નડતા હોય છે અને ઘણી વખત વિપરીત દશામાં તથા દેશકાળે ઉપસ્થિત થતી નિર્બળ પળોમાં સત્સંગ મૂકી દેવાના અગર પોતાની મેળે જ એકલવાયા રહીને સત્સંગ કરવાના તથા મોટા મોટા હરિભક્તોના અભાવ અવગુણ લેવાના ભૂંડા સંકલ્પો પણ આવી જાય છે.

આ બધાના મૂળમાં એક જ વસ્તુ મુખ્ય લાગે છે અને તે એ કે મોટા પુરુષની રુચિ અને અભિપ્રાય જાણ્યા વિના, ગમે એટલા ભજન-ભક્તિ ને સેવા કે ભીડો વેઠીને સત્સંગ કરવાની ક્રિયાઓ હોવા છતાં, (એ) એકાંતિકપણું સિદ્ધ કરાવી શકતા નથી. આપણે બધાએ આશરો પણ અનન્ય કરેલો છે, ભગવાન અને પ્રત્યક્ષ સત્પુરુષને વિષે હેત પણ છે, પરંતુ અતિશય વિશ્વાસપૂર્વક એના વચનોમાં દૃઢતા રાખી સતત પોતાને વિષે જ અંતર્દૃષ્ટિ કરી, પ્રત્યક્ષ સત્પુરુષ વિષેનું નિષ્કપટપણાનું જોડાણ નથી. તેથી અંતરે બળતરા રહે છે, અપૂર્ણપણું રહે છે, કલ્પના રહે છે અને દેશકાળ ને સંગે કરીને નિષ્ઠારૂપી અચળ મતિને વિષે પણ શંકા અને સંશય ઉદ્‌ભવે અને સત્સંગમાં બેપરવાઈ થઈ જવાય છે, ગાફલાઈ રહે છે, મન પાછું પડી જાય છે ને અંદરોઅંદર અંતરપટ રહી ભેદભાવ ઊભો થાય છે. પરિણામે સૂક્ષ્મ રીતે હઠ, માન ને ઈર્ષ્યા વધતા જતા જાય છે.

એટલા માટે જ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી ભારપૂર્વક કહે

છે કે

*'હેતની નિષ્ઠા પછી જ્ઞાનનિષ્ઠા પરિપક્વ કરવી ને ભગવાન મળ્યા પછી અખંડ જાણપણારૂપ દરવાજે રહી આવા અલૌકિક સત્સંગમાં કોઈ પણ પ્રકારના હઠ, માન ને ઈર્ષ્યા આવવા દેવાં નહીં.'*

સત્સંગ એટલે 'સત્પુરુષ'. સાચી જ્ઞાનનિષ્ઠા સિદ્ધ કરવા માટે ભગવાન અને પ્રત્યક્ષ સંતનો અતિશય મહિમા સમજી, એના મળેલા નાનામાં નાના અલ્પ આશરાવાળા હરિભક્તને વિષે પણ દિવ્યભાવ કેળવવો પડે છે. આ માટે મનમુખી ક્રિયાઓ મૂકી ગુરુમુખી બનવું પડે છે અને સતત અંતર્દૃષ્ટિ કરી ખૂણેખાંચરે અંતરના અવ્યક્ત રાગ કે સ્વભાવ નડી રહ્યો હોય છે, તે સત્પુરુષ સન્મુખ દૃષ્ટિ રાખી શોધી કાઢવો પડે છે. બીજાંઓના ગુણગ્રાહક બની પોતાની પ્રકૃતિના દોષોનું નિવારણ કરવા માટે સત્પુરુષને ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવી પડે છે અને પોતાના ઠરાવો, ઈચ્છાઓ ને માન્યતાઓને સદંતર છોડી દઈ, સંતના જ ગમતા પ્રમાણે વર્તવાની ટેવ પાડવી પડે છે. તો જ અક્ષરધામનું નિર્ગુણ સુખ, પ્રત્યક્ષપણે ધામ, ધામી ને મુક્તોનો મહિમા સમજતા, આવી સાક્ષાત્ જ્ઞાનની નિષ્ઠા દૃઢ થઈ, તેવા શ્રેયાર્થીને તે દિવ્યાનંદનું સુખ સુલભ બને છે અને પ્રાપ્ત થાય છે. જીવ બ્રહ્મરૂપ થતાં ભગવાન વરણીય બને છે અને દેહ છતાં જ આવી અલૌકિક બ્રાહ્મીસ્થિતિ સત્પુરુષ થોડાક જ વખતમાં સિદ્ધ કરાવી દે છે.

આ માટે – દેહ છતાં જ સદાને માટે દિવ્યાનંદ પ્રાપ્ત કરવા- મોટા પુરુષની રુચિ, રહસ્ય ને અભિપ્રાય સમજવા પડે છે. મહારાજ પણ ભારપૂર્વક સચોટ રીતે કહે છે કે

*'મારી મૂર્તિનું સુખ હેતના અંગવાળાને જેમ પ્રેમાનંદસ્વામીને આપતા, તે કરતાં તેમના સૈદ્ધાંતિક રાજીપાવાળા ઉપર તેમની દિવ્યમૂર્તિનું સુખ, પ્રતાપ અને ઐશ્વર્ય તદ્દન જુદા જ પ્રકારનાં હોય છે.'*

અને તેવો સૈદ્ધાંતિક રાજીપો મેળવવા માટે અતિ મોટા પુરુષનો અભિપ્રાય જાણવો આવશ્યક બને છે; કારણ કે લોયા ૮ વચ. પ્રમાણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમનારાયણની સેવાના અધિકારી થવાતું નથી.

મોટા પુરુષના ગમતા પ્રમાણે વર્તવા છતા, તેમનો અંતરગત અભિપ્રાય જાણવા માટે નીચેની ત્રણ શરતો અનિવાર્ય છે; જે સૌએ વિચારી અમલમાં મૂકતા સૈદ્ધાંતિક રાજીપો દેહ છતાં જ થઈ, જીવ બ્રહ્મરૂપ બની ભગવાનના સ્વરૂમાં

જોડાઈ જશે અને મહારાજની મૂર્તિનું દિવ્ય સુખ પ્રાપ્ત કરશે.

(૧) **પ્રત્યક્ષ સત્પુરુષને વિષે અખંડ દિવ્યભાવનું જાણપણું** અને સર્વ ક્રિયાઓમાં તે સ્વરૂપનું જ અનુસંધાન અને તેના મળેલા ને સંબંધવાળા વિષે દિવ્યભાવ.

(૨) **અત્યંત શાંતિમય સમતા**–સંસારની તેમ જ સત્સંગની ક્રિયાઓમાં અને પ્રવૃત્તિઓમાં પળે પળે સત્ત્વ, રજ અને તમના વેગો તેમજ અહંતા, મમતાવાળા ભાવો દેખાવાના. વળી, પોતાની બુદ્ધિને માન્ય કરેલા મંતવ્યો પણ એકમેકની સાથે અથડામણમાં આવવાના. તે વખતે સત્પુરુષ સન્મુખ જ દૃષ્ટિ રાખી, મનની ને ચિત્તની સ્થિરતા પકડી રાખી, સંપૂર્ણ ધીરજ રાખી બાહ્ય વાતાવરણોથી જરા પણ ડગ્યા વિના, ભગવાને જે રીતે નિર્માણ કર્યું હોય તે પ્રમાણે થવા દેવું. શાંતિમય સમતા કેળવી, કોઈના તરફ ભાવ ફેર કર્યા વિના, આવે વખતે અંતર સન્મુખ જ દૃષ્ટિ રાખવી ; જેથી પ્રકૃતિનો બાહ્ય આવિર્ભાવ શમી જઈ, આપણા માટે જે ઉત્તમ હશે તે જ મહારાજ કરાવશે અને પાછળથી આપણને પણ તે વાતની ખબર પડશે અને અંતરે સુખ, શાંતિ ને આનંદ વર્તશે.

(૩) **નિષ્ઠાની દૃઢતા રાખી કર્તવ્ય કર્મો કરવાં**– 'સર્વ કર્તાહર્તા એક ભગવાન જ છે અને તે જે કાંઈ કરી રહ્યા છે તે મારા સારા માટે જ છે'–
એમ દૃઢતાપૂર્વક માની, પ્રત્યક્ષ સત્પુરુષના વચનમાં અતિશય વિશ્વાસ રાખી, સ્વધર્મેયુક્ત કર્તવ્ય કર્મો કરવાં. આમાં શૂળીનું દુઃખ કાંટે સરતું દેખાશે અને પ્રારબ્ધ કર્મો ભોગવાઈ જઈ, ભગવાનની મરજી પ્રમાણે મોટા પુરુષના ગમતા અને અભિપ્રાય પ્રમાણે જ નિર્વાસનિકપણે કર્તવ્ય કર્મો થતાં જશે. વચ. છે. ૧૮ પ્રમાણે તથા પ્ર. ૬૦ તથા છે. ૧૧ તથા મ. ૫૧ મુજબ આવા જ્ઞાનેયુક્ત કર્મયોગ થતો જશે, જેના પ્રતાપે એકાંતિકપણું સિદ્ધ થશે અને સૈદ્ધાંતિક રાજીપો મળશે.

સૌ શ્રેયાર્થી હરિભક્તોએ ઉપર મુજબ ધામ, ધામી ને મુક્તો વિષેનું દિવ્યપણું તથા શાંતિમય સમતા અને નિષ્ઠાએ યુક્ત કર્તવ્યકર્મોની ટેવ પાડી, મોટા પુરુષનો હૃદયગત અભિપ્રાય સમજી લેવો ; જેથી દેહ છતાં જ જ્ઞાનનિષ્ઠા દૃઢ થઈ મહારાજની મૂર્તિનું દિવ્ય સુખ પ્રાપ્ત થાય.

આપણા સદ્‌ભાગ્યે આવા અતિ મહાપુરુષ પ.પૂ. યોગીજી મહારાજ

પ્રાપ્ત થયા છે. તો, મહારાજને વિષે તેમજ આ સાધુને વિષે સર્વોપરી ભાવ દૃઢ કરી સાક્ષાત્ સ્વરૂપમાં નિર્વિકલ્પપણે જોડાવા પ્રયત્નો કરવા. આવી રીતે અસાધારણ પ્રસંગમાં આવતાં સત્પુરુષ જોડેનો અંતરાય ટળી જશે અને જીવમાં એકતા સ્થપાઈ જશે. 'સત્પુરુષ જ મારો આત્મા'—એમ મનાઈ જશે અને ભગવાન મારી સાથે અખંડ છે એવી રીતે વર્તાશે અને બીજાંના આત્માને વિષે પણ ભગવાન વિરાજમાન છે તે દેખાઈ જઈ. સ્વામીસેવક ભાવે દેહ છતાં જ માહાત્મ્યજ્ઞાને યુક્ત પરાભક્તિ સિદ્ધ થઈ જશે અને પરમપદની પ્રાપ્તિ થશે. નૈષ્કર્મ્યરૂપ આવી જ્ઞાનનિષ્ઠામાં કર્મ, ભક્તિ ને ઉપાસના એકરૂપ થઈ જાય છે તથા અસાધારણ પ્રીતિ એ જ જ્ઞાન બને છે તથા અનન્ય આશરો, હેત અને વિશ્વાસ સાક્ષાત્ જ્ઞાનની સમજણપૂર્વકની દૃઢતારૂપે એક બની જાય છે.

સ્વામિશ્રીજી સૌને તેમની રુચિ રહસ્ય, અભિપ્રાય અને સિદ્ધાંત સરળતાથી સમજાવે અને સાક્ષાત સ્વરૂપજ્ઞાન દૃઢ કરાવે એ જ નમ્ર પ્રાર્થના.

—ફેબ્રુઆરી, ૧૯૫૯



48

# કર્મયોગ અને સ્વરૂપજ્ઞાનેયુક્ત કર્મયોગ

ગીતાનો સર્વજીવહિતાવહ મહાન સંદેશો પ્રથમ કક્ષામાં કર્મયોગ માટેનો છે. એવા પ્રવૃત્તિમાર્ગમાંથી ભગવાનના સાક્ષાત્ સંબંધના પ્રતાપે આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન સહજ ઉદય થવા પામે છે અને જીવાત્મા પરમભક્તિનો અધિકારી બને છે, તેમ શાસ્ત્રોનો મત શ્રીજી મહારાજે પણ અપનાવ્યો છે; તે વચનામૃતોના અભ્યાસથી સમજાઈ જાય તેમ છે.

છતાં, એવી કર્મયોગની પ્રવૃત્તિ કરતાં કરતાં તેમજ વ્યવહાર કાર્યનાં અને જગતનાં કાર્યોમાં અહંતા મમતાએ યુક્ત જે શક્તિ વપરાતી હોય છે, તેવી જ સત્સંગનાં કાર્યોમાં પણ સેવા, ભક્તિ, તપ, જપ, સાંખ્ય, દાન વગેરે સાધનો કરવા છતાં, અંતરે અખંડ આનંદ, સુખ અને શાંતિ વર્તતાં નથી અને પળે પળે આવરણો, વિક્ષેપો તેમજ મૂંઝવણો આવ્યા કરતી હોય છે અને જીવ પાછો પડે છે. તેનું મુખ્ય કારણ સ્વરૂપનું જ્ઞાન જેવું થવું જોઈએ તેવું થએલ હોતું નથી અને કંઈક અવ્યક્ત રાગ કે સ્વભાવનું પોષણ ભેગાભેગું થતું હોય છે. સાચા સંતનો સતત સમાગમ કરીને તે સમજી લેવું અનિવાર્ય બને છે અને તો જ કર્મયોગ ભક્તિરૂપ બની સાચા જ્ઞાનની ભાવનાએ યુક્ત લાગે છે. તે માટે સમજુ મુમુક્ષુઓએ સ્વરૂપજ્ઞાને યુક્ત કર્મયોગ કરવાની ટેવ પાડવી પડે છે.

કર્મયોગમાં કર્તાપણું ભગવાન ઉપર જ રાખીને તેમનાં ચરણોમાં મન નિમગ્ન રાખી, સ્વધર્મેયુક્ત પ્રવૃત્તિ આદરવાની હોય છે, છતાં ઘણા જીવો અખંડ અનુસંધાન ભગવાનના ચરણાર્વિંદમાં રાખી શકતા નથી અને તેમને માટે સૌ-સૌના સ્વધર્મેયુક્ત ક્રિયાઓ કરવાનું સૂચન કરેલ છે અને સર્વ કર્મો ભગવાનને જ અર્પણ કરી, ફળની આસક્તિ સદંતર છોડીને સ્થિતપ્રજ્ઞ દશામાં વર્તવું પડે છે.

આ બંને વિભાગમાં ઘણા જીવો મૂંઝાય છે; તેથી શ્રીજી મહારાજે તદ્દન સરળ માર્ગ લક્ષાવધિ મુમુક્ષુઓના કલ્યાણ માટે ખુલ્લો મૂક્યો છે. આ માર્ગમાં પ્રત્યક્ષ ભગવાન કે તેમના મળેલા, એટલે કે ભગવાનનો સાક્ષાત્કાર કરેલા

વડવાનળ અગ્નિ સમા અતિ મોટા પુરુષોનો પ્રસંગ કરવો પડે છે. તેવા સત્પુરુષ નિર્ગુણ મૂર્તિ છે અને ગીતા-ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને, તેમજ કપિલજીએ પોતાના માતાને, તેમજ મહારાજે ભક્તિમાતાને આજ સરળ સુગમ અને સર્વજીવહિતાવહ માર્ગ બતાવેલ છે. તેવા સત્પુરુષના પ્રસંગમાં જે કંઈ ક્રિયાઓ થતી જાય છે – જાણે અજાણે, સમજીને કે વગર સમજીને ; પણ **તે સર્વમાં પ્રગટનો સંબંધ હોવાથી** મહાન કર્મયોગનો સંદેશો અને સાધનો કરતાંય સિદ્ધ ન થાય, તે સહજમાં અનુભવાય છે. ધીરે ધીરે સંસ્કાર બદલાતાં જીવાત્માને બ્રહ્મનું સાક્ષાત્ દર્શન સુલભ બને છે અને પરબ્રહ્મની સર્વોપરી ઉપાસના દૃઢ કરી આત્યંતિક મુક્તિનો અધિકારી બનાવે છે.

આવા જ્ઞાનમાર્ગમાં સત્પુરુષ વિષે નિર્ગુણભાવ રહે છે, પણ અખંડ દિવ્યભાવ, નિર્દોષભાવ રહેતા નથી ; તેથી અંતરે અવારનવાર આવરણો, મૂંઝવણ અને વિક્ષેપો આવ્યા કરે છે અને વૃત્તિઓનું શુદ્ધિકરણ થતાં છેવટે અંતર્દૃષ્ટિ થાય છે. પછી મોટા પુરુષની રુચિ, અભિપ્રાય અને સિદ્ધાંત સમજાય છે અને દેહાસક્તિ તેમજ વિષયોનો રાગ નાશ પામે છે.

આપણા સદ્‌ભાગ્યે આવા અતિ મોટા પુરુષ પ્રગટ સંતવર્ય યોગીજી મહારાજ આપણને મળ્યા અને તેમને વિષે જીવમાં દિવ્યભાવની દૃઢતા, સમાગમ કરીને સિદ્ધ થતાં, તેમની કૃપા થાય છે અને રાજીપો મળે છે, તેથી સર્વ કર્મો ભક્તિરૂપ બને છે અને જીવ અતિશય બળને પામી જાય છે ; તેથી પ્રત્યક્ષ સ્વરૂપના સ્વરૂપજ્ઞાનના પ્રતાપથી અહંતા, મમતા, તેમજ સત્ત્વ, રજ ને તમના વેગો જીવને નડી શકતા નથી. તેમજ અવ્યક્ત ભાવો, ગ્રંથિઓ સ્વભાવરૂપે-પ્રકૃતિરૂપે-મૂંઝવણ ઊભી કરતી હોય છે તે નાશ પામી જાય છે. સદ્‌ગુણો વધતા જાય છે. સ્વરૂપજ્ઞાને યુક્ત કર્મયોગ જ નૈષ્કર્મ્યરૂપ ગણાય છે. અગર, જેને પરાભક્તિ કહેવામાં આવે છે તે મહાન ફળની સિદ્ધિ દેહ છતાં જ પ્રાપ્ત થાય છે ને અક્ષરધામનું નિર્ગુણ સુખ ભોગવાય છે.

માટે આપણી સર્વ પ્રવૃત્તિઓ અગર કેવળ આત્મારૂપે વર્તી, નિવૃત્તિ પકડી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે કલ્યાણનાં સાધનો વધારવાની (પોતાની) વૃત્તિઓ ગૌણ કરી, પ્રત્યક્ષ સત્પુરુષને જ આગળ રાખી, તેમના સન્મુખ જ દૃષ્ટિ રાખી, તેમના ગમતા મુજબનાં સાધનો વધારતા જઈશું, તો ટૂંક વખતમાં જીવ

અતિશય બળને પામી જઈ સાક્ષાત્ સ્વરૂપજ્ઞાન દૃઢ થઈ જશે. બાકી ભગવાન કે પ્રત્યક્ષ સત્પુરુષ વિના સર્વ પ્રવૃત્તિઓને-સાધનોને તો શાસ્ત્રો અભદ્ર ગણાવે છે, કારણ કે તેથી કલ્યાણ તો થતું નથી ને જીવ બ્રહ્મરૂપ થઈ શકતો નથી. માટે પ્રત્યક્ષ સ્વરૂપના જ્ઞાને યુકત જ અખંડ સ્મૃતિ રાખી સ્વધર્મે યુકત કર્મયોગ કરતા રહેવું અને સંતના પ્રતાપથી મોટા દોષો સહજમાં જીતાઈ જશે અને ભગવાનની મૂર્તિનું દિવ્ય સુખ દેહ છતાં જ અનુભવાશે-ભોગવાશે અને પ્રાપ્ત થશે.

આપણી બુદ્ધિની માન્યતા, સમજણ અને ઠરાવો મૂકી દઈ, સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જ જીવનનો માર્ગ નક્કી કરી લઈએ, તો આ લોક અને પરલોકમાં સદાય સુખિયા રહી શકાય અને છેવટે આત્યંતિક મુક્તિના અધિકારી બનાય.

બુદ્ધિની જડતા તજીને સૌને ય આ રહસ્ય-આ વાત સરળતાથી સમજાય તેવી પ્રગટ ગુરુજીને નમ્ર પ્રાર્થના છે.

—માર્ચ, ૧૯૫૯



49

# મનમનામણાં અને આત્મછેતરામણ

સત્પુરુષના સમાગમરૂપે આપણને અલૌકિક સત્સંગ પ્રાપ્ત થયો છે. છતાં નિર્ગુણ સુખ અખંડ રહેતું નથી અને પળે પળે અંતરે ક્ષોભ, બળતરા અને મુંઝવણો થતી જાય છે. સત્ત્વ, રજ અને તમના વેગોમાં સાચા નિષ્ઠાવાળા હરિભક્તોનો અણગમો પણ થઈ જાય છે. તેનાં મુખ્ય કારણ આપણી બુદ્ધિની જડતા અને પ્રગટ સ્વરૂપ તરફના અસાધારણ હેતની ખામી છે. આપણને બાહ્યદૃષ્ટિએ જ સર્વ મૂલ્યાંકનો આંકવાની ટેવ પડેલી, તેથી અંતઃકરણના ભાવોમાં ખેંચાઈ જવાય છે અને સત્સંગની દિવ્ય પ્રવૃત્તિઓમાં કે ક્રિયાઓમાં કે સત્પુરુષની આજ્ઞા પાળવામાં મન ખોટી રીતે, આપણને ખબર પણ પડે નહીં તેવી રીતે, ઉપર ઉપરના વાતાવરણને અનુરૂપ બની જઈ મનમનામણાં ઊભાં કરી દે છે. છેવટે આપણા જીવને સત્ય જીવન જીવવામાં આત્મ છેતરામણરૂપી ગ્રંથિઓ નાખી, જકડી લઈ, અતિ મોટા પુરુષને ઓશિયાળા બનાવી અવ્યક્ત રાગ કે સ્વભાવો(નું) પોષણ તરફ જ પ્રયાસ કરાવે છે. આવી રીતે સ્વરૂપમાં સમજણના ભેદે મનુષ્યભાવ કલ્પાય છે અને અંતે જીવાત્મા સત્સંગમાંથી પાછો પડતો જાય છે, દુઃખિયો થાય છે અને પ્રસંગે વિમુખ પણ થવું પડે છે. માટે શુદ્ધ મુમુક્ષુ જીવોએ પ્રથમ સ્વરૂપનિષ્ઠા તો ચોકખી જ સમજવા પ્રયત્ન કરવો અને ગુણાતીતજ્ઞાનની સમજણ સાચા સંતના વચન થકી જ દૃઢ કરી લેવી; જેથી નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય સિદ્ધ થાય અને જીવ બ્રહ્મરૂપ બની ભગવાનના દિવ્ય સ્વરૂપમાં દેહ છતાં જ જોડાઈ શકે.

મનની રમત અને ખોટાં મનમનામણાં ઓળખવા માટે સત્સંગ થયા પછી ફક્ત અંતર્દૃષ્ટિ જ કરવાની ટેવ પાડવાની રહે છે, જેથી અલૌકિક સત્સંગના પ્રતાપે સર્વ દેખાઈ જશે. અરીસામાં જોવાથી જેવું રૂપ હોય તેવું દેખાઈ આવે છે, તેમ આપણી જાત અને અજ્ઞાનતાએ યુક્ત ઊભું કરેલું જગત તેમજ

બાહ્ય સંબંધોની ક્ષુલ્લકતા, અસત્યતા તરત જણાઈ આવશે. સાચા સંત ભજન કરનાર ભક્તને એવી જ આજ્ઞા કરતા હોય છે કે તેનું મૂળ અજ્ઞાન નાશ પામી, અસલી સ્વરૂપનું દર્શન કરાવી દે અને સ્વભાવો ઘસાઈ જઈને જીવ શુદ્ધ બને. આપણા સદ્ભાગ્યે અતિ મોટા પુરુષ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુવર્ય યોગીજી મહારાજ પ્રાપ્ત થયા છે, તો પ્રથમ પગથિયા રૂપે સર્વ સૂચનો-વાતો આપણા ઉપર જ લગાડી સતત્ અંતર્દૃષ્ટિ કરી, સમગ્ર સત્સંગમાં દિવ્યભાવની દૃઢતા કરી, સેવા કર્યા કરવાની ટેવ પાડવી; જેથી સરળતાથી આત્મસત્તા રૂપે વર્તાશે અને મહારાજની દિવ્યમૂર્તિનું સુખ, દેહ છતાં જ અનુભવાશે.

મંદિરોની, સંસ્થાની કે યુવક મંડળોની સર્વ ક્રિયાઓ ફક્ત સાત્ત્વિક આનંદ જ આપી શકે છે, તેમ શ્રીજી મહારાજે ભક્તચિંતામણિ પ્રકરણ ૧૬૪માં તેમજ બીજાં વચનામૃતોમાં સ્પષ્ટપણે સમજાવેલ છે. તેની તે જ ક્રિયાઓ, પ્રવૃત્તિઓ જો પ્રગટ સત્પુરુષની પ્રસન્નતાર્થે જ કરવામાં આવે, તો જ નિર્ગુણ સુખ, શાંતિ અને દિવ્યાનંદ પ્રાપ્ત થઈ શકે. આપણું મન, ચિત્ત તેમજ બુદ્ધિ, ઉપર ઉપરની સેવા, સમાગમ કે ભીડો ખમવાની ક્રિયાઓ કરતાં, ભ્રમાત્મક ખોટો અહંકાર ઊભો કરે છે અને બહાનાં બતાવી, મહત્તાઓ ગાઈ સૂક્ષ્મ દેહાભિમાન પોષી આત્મછેતરામણમાં નાખી દે છે; જેથી આપણને પ્રત્યક્ષ સત્પુરુષમાં મનુષ્યભાવ આવી જાય છે અને આજ્ઞાના બહાના નીચે આપણા રાગ કે સ્વભાવ જ પોષાતા જાય છે. માટે સત્પુરુષની જ અંતરની મરજી, રુચિ, અભિપ્રાય સમજીને સત્સંગની પ્રવૃત્તિ કરતા જઈએ, તો સર્વ પ્રકારે સૌને ય આનંદ આનંદ વર્તે અને પરધર્મીઓને પણ દાખડો બેસી જાય. આપણાં સાધનો, આપણાં મંતવ્યો અને દૃઢ થઈ ગયેલી આપણી ભાવનાઓ પ્રત્યક્ષ સત્પુરુષનો જેવો છે તેવો યથાર્થ મહિમા સમજી, તે મુજબ તેમને અંતર્યામી, સર્વજ્ઞ અને નિર્દોષ જ સમજી ક્રિયા કરવામાં આડે આવે છે અને હરિભક્તોમાં અંદરોઅંદર ભેદભાવ ઊભો કરે છે. માટે, આપણા સદ્ગુરુ પ.પૂ. યોગીજી મહારાજને જ મન સોંપી દઈ, જે કાંઈ અલ્પ સેવા બની શકે તે સ્વધર્મયુક્ત કરવાની ટેવ પાડનાર સરળ પ્રકૃતિના હરિભક્તને જીવમાં તત્કાળ જ બળ આવી જાય છે. તે હવે યુવકોના વર્તનો ઉપરથી અને તેમની જોડે ફરીને સમાગમ કરતા હોય છે તે

સ્વરૂપનિષ્ઠાની વાતો સાંભળીને આપણને જરૂર પ્રતીતિ થતી જાય છે.

તો, આપણે સૌ ગુરુમુખી જ બનીને એવી અનન્ય નિષ્ઠા દૃઢ કરીએ કે જેથી પ.પૂ. સ્વામિજીનો રાજીપો થઈ જાય. તેવા સંતનો અખંડ રાજીપો રહે એ જ છેલ્લો જન્મ, એમ પ્રતીતિ આવી જાય. આવો ઉત્તમ સત્સંગ કરવો કે કરાવવો એટલે કે આપણે કેવા સત્સંગી બની શક્યા છીએ, તેવી સતત્ અંતર્દૃષ્ટિની ટેવ પાડી નામું રાખવું; જેથી ટૂંક સમયમાં જ મનના ને બુદ્ધિના બહાનાં દૂર થઈ જઈ, દેહ છતાં જ અક્ષરધામનું દિવ્ય સુખ પ્રાપ્ત કરી શકાય. આવો યોગ, દર્શન, વાતુ ને સંતની પ્રાપ્તિ ફરી મળનાર નથી. માટે સંત સમાગમનો જ વેગ લગાડી દેવો. સૌને આવું જ્ઞાન પ્રાપ્ત થતું જાય એ જ નમ્ર પ્રાર્થના છે !

—ઍપ્રિલ, ૧૯૫૯



50

# જ્ઞાનગોષ્ઠિમાંથી તારવેલું

(૧) શરદપૂર્ણિમાનો અલૌકિક દિવસ હતો. રાત્રે ચાંદનીના સફેદ પટ પર પ.પૂ. સ્વામીજીનું મુખારવિંદ સૌનાય અંતરમાં દિવ્યભાવ યુક્ત મંગળકારી ભાવના પ્રસરાવતું હતું. સર્વ તેના તરફ જ એકાગ્રવૃત્તિથી ખેંચાઈને અક્ષરઘાટ પર જ્ઞાનગોષ્ઠિ સાંભળી રહ્યા હતા. મુખ્ય સાર પ.પૂ. સ્વામીજીએ જણાવ્યો કે – *'હે યુવાનો, તમે કટિબદ્ધ થાઓ. નિયમ ધર્મ પાળી દાખલો બેસાડો અને આ સમૈયાની સેવા નિર્માનીપણે ઉપાડી લો. તમારામાંથી જેઓ પતરાળાં ઊંચકતા હશે, વાસણો ઘસતા હશે, નીચા પ્રકારની સેવા કરતા હશે તેમને સ્વામી મહામોટું સેવાનું ફળ આપશે. આજ તમો ભણતા યુવાનો છો, નાના છો, પણ જ્યારે મોટા અમલદાર થશો, કોઈ ડૉક્ટર, કોઈ વકીલ, એન્જીનીયર કે મોટા મીનીસ્ટર સાહેબ થશો અને જ્યારે અક્ષરમંદિરે આવવાનું થશે, ત્યારે આ સાફસૂફીની સેવા યાદ આવી જશે. આપણે કેવા હતા, કેવા પતરાળાં ઊંચકેલાં, કેવી રીતે અક્ષરઘાટ પર દોરવણી અપાતી હતી, તે સર્વ સ્મૃતિ તાજી થઈ જતાં જ તમારો અહંકાર ગળવા માંડશે, અંતર્દષ્ટિ થતી જશે. તમોને આવી સ્મૃતિ દૃઢ થતાં, આ ગુણાતીત સ્થાનના પ્રતાપથી અત્રે કરેલી સેવાના ફળરૂપે અક્ષરધામના અધિકારી બનાવશે. અંતરે સુખ સુખ વર્તશે.'*

આમ સમૈયા વખતે નિર્માનીપણે કરેલી સેવાની મહત્તા પ.પૂ. સ્વામિજીએ બહુ જ સરળ રીતે, સૌના અંતરમાં સમજાઈ જાય તેવી રીતે, કહેલી. તે જે યુવાનો હાજર હોય તેમણે સ્મૃતિ તાજી કરી વિચારી લેવા વિનતી છે અને બીજાઓએ આવી સેવાનું મહત્ત્વ સમજી દેહાભિમાન ટાળવાનો આ કેવો રાજમાર્ગ ખુલ્લો મૂક્યો છે તે સમજીને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો.

(૨) વડોદરા જતાં મોટરમાં ત્યાંના એક શેઠ જે વૈષ્ણવ સંપ્રદાયના હતા, તેઓ ગાડી પુરજોશથી હંકારી રહ્યા હતા અને અટલાદરાથી વડોદરા

જતાં રસ્તામાં આવતાં મકાનો, રાજમહેલો વગેરે બતાવી રહ્યા હતા. શહેરની નજીકમાં ઈલેક્ટ્રીક પાવર હાઉસ આવ્યું. પ.પૂ. સ્વામિજી તથા પ.પૂ. મોટાસ્વામીને તે સંબંધી ઘણી રસમય વાત કરવા લાગ્યા અને વખત મળે તો ત્યાં જઈને નિરીક્ષણ કરવા માટે વિનંતી કરી. પ.પૂ. સ્વામિજીએ સઘળું શાંતિથી સાંભળ્યા બાદ માર્મિક વાત કરી કે, *આ જગ્યાએથી જ બધે વિજળી પહોંચી જાય છે ને પ્રકાશ મળે છે, માટે જરૂર જોવા જેવું ગણાય.* અમારી તરફ નિર્દેશ કરી જણાવ્યું કે–

*ગુણાતીત જ્ઞાન સર્વોપરી જ્ઞાન છે અને ગોંડલ 'અક્ષર મંદિરે'થી તે જ્ઞાનનો પ્રકાશ સર્વ જગ્યાએ પહોંચી જાય છે. તો સ્થાનનો મહિમા સમજી દરેકે જરૂર જોવા જવું જોઈએ. અક્ષરબ્રહ્મની અપાર, અનંત, દિવ્ય દૃષ્ટિ અને શકિતથી જીવનાં અજ્ઞાનમય કારણ શરીર ટળતાં જાય છે અને અંતરમાં સુખ, શાંતિ અને પ્રકાશ સૌને મળતાં રહે છે અને ભગવાનની દિવ્ય મૂર્તિનું અખંડ સુખ પ્રાપ્ત થાય છે. આટલું જ સમજવાનું છે અને જોવાનું તેમજ અખંડ જાણપણું રાખીને ભજન કરવાનું છે. તે સર્વ યુવકોને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનું સર્વોત્તમ સ્થાન છે. માટે, અમને તો આવાં પ્રકાશગૃહો જોવાની ઘણી મઝા આવે છે.*

શેઠ તો રાજી રાજી થઈ ગયા અને તેમને તો વિજળીઘર બતાવવાનું તાન હતું, તેથી 'ફરી વખત તે માટેની વ્યવસ્થા કરશે' તેમ કહી અમોને સ્ટેશને ઉતારી તેઓએ હસતે મુખે વિદાય લીધી.

અમારા અંતરમાં અનિર્વચનીય આનંદ એ જ લાગ્યા કર્યો કે–

'પ.પૂ. સ્વામિજી પાસે માયિક પદાર્થો, વ્યાવહારિક બાબતો મૂકવા છતાંય તેઓ કેવી અમાયિક દૃષ્ટિનું દર્શન અને જોવાની સનાતન અર્ચિમાર્ગની રીત સરળતાથી બતાવી દે છે.'

તેવી સ્મૃતિ અખંડ રાખનારને દિવ્યમૂર્તિનું નિર્ગુણ સુખ નિર્વિકલ્પ સમાધિ વિના પણ સહજ રીતે પ્રાપ્ત થતું જાય છે એ જ આવા મહાન સંતના સંબંધની મોટપ છે ; જે સર્વ યુવકોએ સમાગમ કરતાં ખાસ વિચારી લેવાની છે.

**–જૂન, ૧૯૫૯**

***

51

# અભિનિવેશ

જીવની અજ્ઞાન દશામાં પાંચ પ્રકારના ક્લેશ કહ્યા છે. તેમાંનો એક અભિનિવેશ ગણાય છે. મહારાજે વચનામૃતમાં પણ ભારપૂર્વક જણાવ્યું છે કે જીવને શિવ થવા માટે સાચા સત્પુરુષની જરૂર પડે જ છે ને તે વિના મૂળ અજ્ઞાન ટળતું નથી. માટે સાચા સત્પુરુષ જ અજ્ઞાન ટાળે છે ને ભગવાનના સ્વરૂપમાં જીવને બ્રહ્મરૂપ કરીને જોડે છે ને આત્યંતિક કલ્યાણ કરે છે. પોતાની મેળે પ્રયત્નો કરે તો સંસ્કાર પડે છે, પણ દેહથી જીવ જુદો પડતાં જ તેને ભ્રાંતિ પડે છે, ભ્રમણા થાય છે કે હું જ ઈશ્વર છું, બ્રહ્મ છું, પરબ્રહ્મ છું અને જ્ઞાનના, વૈરાગ્યના, ભક્તિના આવેગમાં બકયા કરે અને અભિનિવેશ થતાં જ ખોટી માન્યતા દૃઢ થઈ જાય છે ને મોટાના અભાવમાં પડીને છેવટે અસુરભાવને પામે છે. માટે સાચા સત્પુરુષને ઓળખવા બુદ્ધિનો સંપૂર્ણ ઉપયોગ કરવો ને તે અચળમતિ રાખી ઉપર-ઉપરના દેખાતા ત્યાગી, વૈરાગ્યવાળામાં નહીં ભરમાતાં, જીવનો મોક્ષ બગાડવો નહીં અને ચોક્ખી સમજણ જ દૃઢ કરતા જવું ને તપાસ કરીને જ સંત સમાગમ કરવો.

ચુડાના કરસનજી બ્રાહ્મણને કોઈએ કહ્યું કે *'તું તો વઢવાણ દરબાર પથાભાઈનો દિકરો છે, પણ કોઈ મારી ન નાખે તેથી અહીં રાખ્યો છે.'* તે સાચું માની લઈ લેંગ સાહેબને સરકારમાં અરજી કરી કે મને રાજ્યની ગાદી અપાવો. આમ આટલેથી જ ન અટકતાં મોટા સંત ગોપાળાનંદસ્વામીને પણ વાત કરી અને જ્યારે તે વાત ખોટી છે તેમ કહ્યું ત્યારે તેમનો અવગુણ લીધો અને બીજાંને પણ તેમાં ભેળવ્યા ને મોટા પુરુષની વાત માની જ નહીં. આમ જીવનું બગાડે છે. માટે, સત્સંગમાં સારધાર પાર ઉતરવું અતિ ભારે કામ છે.

સ્વામીશ્રીજીને ખાસ પ્રાર્થના કરવી કે

'આવો અલૌકિક સત્સંગ મળ્યો અને કુસંગના જોગમાં પાછા પડાય તે જેવી બીજી કોઈ ખોટ નહીં. માટે દેશકાળ લાગે જ નહીં અને ભગવાનની માયા પ્રવેશે નહીં, તેવું ચોખ્ખું જ્ઞાન સાચા સત્પુરુષ થકી જ સિદ્ધ કરવું. નહીં તો

સાધનનો રાગ રહી જાય અને તત્ત્વે કરીને જો સ્વરૂપ ઓળખેલ હોય નહીં, તો ભગવાધારીમાં કે બીજાં મહંતમાં ભરમાઈ જવાય ને જીવનો મોક્ષ બગડે.'

માટે માન્યતાના અભિનિવેશ જ્યાં દેખાય ત્યાંથી ડરીને ચાલવું અને નિર્માની, શાંત સ્વભાવ અને લક્ષણવાળા સંતનો જ સમાગમ યુવકોએ કરી લેવો. પ્રથમથી જ ચોખ્ખી પાટી હશે તો પાછળથી પસ્તાવું ન પડે. માટે અનાદિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદજીનું જ્ઞાન સાચા સત્પુરુષ થકી જ સિદ્ધ કરવું; જેથી જીવ બ્રહ્મરૂપ થઈ ભગવાનના સ્વરૂપમાં દેહ છતાં જ જોડાઈ શકે ને નિર્ગુણ સુખ પ્રાપ્ત કરી શકે. સર્વ યુવકોને પ.પૂ. સ્વામીજીનો સમાગમ મળ્યો છે તે દૃઢ કરી, અચળમતિ રાખી જીવન પર્યંત તે મુજબ જ સારધાર ઉતરવું એ જ પ્રાર્થના છે.

—જુલાઈ, ૧૯૫૯



52

# વચનનો ભીડો

તા. ૨૫.૧૦.૫૯ના રોજ આફ્રિકા દેશમાં આવ્યા બાદ પ.પૂ. સ્વામિજીએ જુદાં જુદાં સ્થળોએ અનેક વાતુ, રહસ્યો અને માંગલિક પ્રવચનો કર્યાં હતાં. મુખ્યત્વે પોતાના હેતવાળા હરિભક્તોને, મોડા સુધી રોકાયેલા હોય ત્યારે, અંતરના આશીષ અર્પીને બ્રહ્મસૂત્રો માફક કેટલીય માર્મિક વાતુ કરતા હોય છે. તેમાં ત્રણ મુખ્ય મુદ્દાઓ આવ્યા હતા.

(૧) વચનનો ભીડો ખમવો,

(૨) સમગ્ર સત્સંગમાં દિવ્યભાવ વૃદ્ધિ પમાડવો ને સુહૃદ્‌ભાવ એ જ જીવનું જીવન છે.

સર્વ મોટા પુરુષોએ તે ઉપર જ ભાર દીધો છે જેથી ઉપાસના, આજ્ઞા અને એકાંતિકમાં પ્રીતિ એમ ત્રણે ય પ્રાપ્ત થઈ જાય.

(૩) ભજન કરી લેવું. જીવને સત્સંગી બનાવી દેવો. ગમે તેટલો ભોગ આપવો પડે, તો પણ આવા સત્પુરુષ ફરી ફરી મળનાર નથી. માટે, જીવ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મના સ્વરૂપમાં જોડાઈ જાય તે જ કરી લેવાનું છે. માટે ઉત્તમ પ્રકારનો સત્સંગ કરી લેવો.

વ્યવહાર તો ચાલ્યા કરશે. ઝઘડા બધા વ્યવહારના છે, અધિકારના છે અને તેમાંથી કાંઈ જ કાઢવાનું નથી. માટે દિવ્યભાવના રાખીને, સંકલ્પો સદંતર મૂકી દઈને પ્રકૃતિપુરુષથી પરનું જ્ઞાન સિદ્ધ કરી લેવું. બધા ઠરાવ નક્કી કરીને આવે તેથી શી વાત કરવી ? માટે, સત્પુરુષના જ ઠરાવ મુજબનું જીવન કરી રાખવું. તો જીવમાં ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય અને આત્મા તથા પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ, દિવ્યાનંદ અખંડ વર્તે.

બધામાં સાધુ સમાગમની ખામી છે. માટે પૂ. સ્વામિજીએ અત્રેના હરિભક્તોને અતિશય બળમાં લાવી દીધા છે અને આશિષ આપ્યા છે; જેથી સૌ

કોઈ વચનનો ભીડો ખમવા મંડી પડયા છે અને હરિભક્તોમાં અંદરોઅંદર મહિમા વધારીને સુહૃદપણું દૃઢ કરી, સર્વોપરી ઉપાસના દૃઢ કરતા જાય છે.

પ.પૂ. સ્વામિજી કહે છે કે વચનનો ભીડો ખમે, સહન કરી લે ને સેવા કર્યે જાય તે ઉપર વગર કર્યું હેત થઈ જાય છે. પોતાનો જ દોષ જુએ, તો સત્પુરુષ દૃષ્ટિ કરે તેથી ન ટળે તેવી પ્રકૃતિ પણ સહેજમાં ટળી જાય. સ્વભાવ રાખવા છે તેથી રહ્યા છે. માટે, જેને ઈચ્છા હોય કે હવે નથી રાખવા તેમને પૂ. સ્વામિજીએ અંતર્દૃષ્ટિ કરાવી, નિર્દોષબુદ્ધિ રૂપી સેવાની આજ્ઞા કરી છે અને સૌનાય ગુણગ્રાહક બની પોતાથી બનતું સર્વસ્વ સ્વામિશ્રીજીને રાજી કરવા માટે કરી છૂટવું તેમ સમજણ આપી છે.

આપણે સૌ એટલી પ્રાર્થના કરીએ કે દિવ્યભાવવાળું અખંડ પ્રગટપણું સર્વને સમજાય અને મહાત્મ્યજ્ઞાને યુક્ત સેવા થયે જાય– એ જ અભ્યર્થના.

**–ડિસેંબર, ૧૯૫૯**



53

# મુક્તરાજ શ્રી દાદુભાઈનો આફ્રિકાનો પત્ર

...આપણે તો ઉત્તમ પ્રકારનું ભજન કરી લેવું. આ દેહે કરીને બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં જોડાવાય તેટલો જ અર્થ છે. બાકી શાસ્ત્રીજી મહારાજની કૃપાથી જ આ સંબંધ થઈ ગયો. તો ભગવાનની સમજણ દૃઢ કરી લેવી. 'નિર્દોષબુદ્ધિવાળું અનુભવ જ્ઞાન'– તે જ સાચી સમજણ છે.

હરિભક્તોમાં અંદરો અંદર મહિમા સમજી ભક્તિ કરવી, તો અંતરે શાંતિ રહે ને ધામનું સુખ પ્રાપ્ત થાય. સ્વામી-મહારાજ જેવા છે તેવાને તેવા જ અત્રે દેખાય, પણ તે જોવાની અલૌકિક દૃષ્ટિ જોઈએ. સંત સમાગમ કરીને (એ) સિદ્ધ કરવી, ભીડો ખમવો અને ભગવાન તથા સંત જે કરતા હશે તે સારું જ હશે, તેમ ધીરજ રાખી તેમના કાર્યના ગુણ જ લેવા ને આપણો જ દોષ જોવો. તેમ કરવાથી જાણપણાની ભક્તિ દૃઢ થતી જાય ને ભગવાનની મૂર્તિનું સુખ મળે. તેની પ્રતીતિ શું ? કે અંતરે અંખડ આનંદ રહે ને સૌને ય એકમેકમાં દિવ્યભાવ ને એકમના થઈ સર્વને રાજી કરતાં આવડી જાય. ખટપટ, ક્લેશ, વિક્ષેપ, ઉદ્વેગ ત્યાં હોય જ નહીં. ક્રોધ કરે ત્યારે ભગવાન છેટે જતા રહે છે. માટે જરા સરખો ય ક્રોધ કરવો નહીં.

મધ્યનું ૭મું વચનામૃત વંચાવી વાત કરી કે કોઈક મોટા સંત હોય તેમની અસાધારણ સેવા કરીએ, તો જ ભગવાન કૃપા કરે ને દોષોના વિકારો માત્ર તત્કાળ ટળી જાય. તેવી સેવા આપણને મળે છે, માટે હવે દરિદ્રી રહેવું નહીં. તે શું ? એ પ્રશ્ન પૂછયો. ત્યારે બધા કહે 'આપ જ ઉત્તર કરો.' તેથી તેઓશ્રી કહે કે સાધુતાના ગુણ ન આવે તે જ દરિદ્રપણું છે. માટે ત્યાગી થાય ને મોટા મહંત થાય કે અધિકાર મળ્યો, પણ જો સાધુતા ન શીખ્યા તો સત્સંગનું સુખ ન લેવાય ને દુઃખ રહે છે. માટે હવે દરિદ્ર રહેવું જ નહીં. જેની સમજણ મોટી તે મોટો. માટે સર્વોપરી પુરુષોત્તમની સ્વરૂપનિષ્ઠા દૃઢ કરી લેવી. ગુણાતીત જ્ઞાન દૃઢ કરી લેવું. તે

જો રોટલા ખાવાના હોય, વ્યવહાર જેટલું હોય, તો તો બાકીની જીંદગી ફક્ત ભગવાન ભજ્યામાં ને મૂર્તિ સિદ્ધ કરી લેવામાં ગાળવી ને બીજાને પણ સત્સંગ કરાવી, આ નિષ્ઠા પ્રવર્તાવવી. જીવનું રૂડું થાય તેવા ઉપાય લેવા...

—દ. દાદુભાઈ ના. પટેલના ઘણાં જ સ્નેહપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ

**ડિસેંબર, ૧૯૫૯**



54

# સમાસ બહુ થયો

કોઈ પણ પ્રવૃત્તિ, આદર્શ કે કર્તવ્યની સાધના માટે જે કોઈ પ્રયાસો થતા હોય છે, તે અંગે જુદા જુદા સમાજો પોતપોતાનાં મંતવ્યો પ્રમાણે તેની મહત્તા આંકતા હોય છે ને જાહેર જીવનમાં તો આંકડાની ગણત્રીઓ ઉપર સૌ મદાર બાંધતા હોય છે. વ્યાવહારિક મોટપ અને આધ્યાત્મિક મોટપમાં અત્યંત ભેદ અને ફેર છે. તે વિચારકો કે વિવેકીઓ તર્ત જ સમજી શકે છે અને તે મુજબ સત્સંગની પ્રવૃત્તિઓનો વિકાસ કે સત્પુરુષની સાચી મોટપ અને તે થકી થતા સમાસનો પણ સૌ કોઈ પોતપોતાના અંગ, જ્ઞાન ને અનુભવ મુજબ ખ્યાલ બાંધતા હોય છે, જે તે મુજબ રાચતા હોય છે ને અન્યને પણ દોરવતા જાય છે. આવી દૃષ્ટિઓ સૂક્ષ્મ બાબતોમાં સત્પુરુષના જ વચને થયેલા નિર્ણયો તે તે કાળે સર્વોપરી મનાયા છે ને તે સમાજો દિવ્યાનંદ પ્રાપ્ત કરવા સરળતાથી આગળ વધી ગયા છે. તેમ શ્રીજી મહારાજના સમાગમમાં આવનારાઓ અભણ, અજ્ઞાની, ગરીબ મુમુક્ષુઓમાં ટૂંક જ સમયમાં થયેલા ફેરફારો પરથી લાગે છે.

ઉપરની દૃષ્ટિએ વિચારતાં વ્યવહારુ બુદ્ધિવાળાને મોટા મોટા સમાજો ને રાજા-મહારાજાઓ સત્સંગી બને, ભવ્ય સમારંભો થાય, હજારો બ્રાહ્મણો યજ્ઞો કરતાં કરતાં મંત્રોની આહૂતિ આપતા હોય અને લક્ષાવધિ મનુષ્યોને જેમ ડભાણના યજ્ઞ વખતે મહારાજે અઢાર દિવસ સુધી સતત્ જમાડયા તેમ, ભોજન કરાવી વર્તમાન ધરાવી ભજન-ભક્તિમાં જોડે ત્યારે ખરેખરો સમાસ થયો, સત્સંગ ખૂબ જ વધી ગયો, 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું બન્યું તેમ સૌ બોલે, માને, વાતે(ચ) કરે અને અન્યને મનાવે. જયારે આધ્યાત્મિક દૃષ્ટિવાળાને મતે તો આવા કરોડો રાજાઓ, લક્ષાવધિ મનુષ્યો માને કે ન માને પણ સત્ય તે સત્ય જ છે ને તે શ્રેયાર્થી કોઈ પણ જીવને દેહ છતાં જ અનુભવી શકાય છે ને કાળાતીત, ભાવનાતીત ને ગુણાતીત ભાવવાળો લાગે ને સર્વકાળ માટે અબાધિત રહેતું હોય, ત્યારે આધ્યાત્મિક અનુભવ કરનાર સાધકો થોડાક પણ જોડાય, તેથી અત્યંત સમાસ થયો

ને જેમ છે તેમ તત્ત્વે કરીને આત્મા-પરમાત્માના સ્વરૂપોનું મૂળ જ્ઞાન થયું તેથી સત્સંગ અત્યંત વધી ગયો તેમ બોલે, માને, અને બીજાંને પણ તે મુજબ સમજાવે ને તેવી જ દૃષ્ટિ પ્રાપ્ત કરવા પ્રેરે. આમ બેય દૃષ્ટિબિંદુઓ જાહેર જીવનમાં પ્રચલિત હોય છે. પણ સવાલ એમ થાય કે ઍલેકઝાન્ડર રાજા ખરેખર મહાન હતો કે તેણે મોટા-મોટા દેશો જીત્યા, ખંડિયા રાજાઓ કર્યા, ઘણાઓને નમાવ્યા ને લાખ્ખો મનુષ્યોને કાબુમાં લીધા; કે પછી આવી મહત્તા હોવા છતાંય કાળ, કર્મ, માયાથી ડરતો રહેનાર ક્ષણિક જ જીવન જીવવાની ખાત્રી આપનાર અને આત્મજ્ઞાન માટે હજીએ કોઈ મહાત્મા પાસે યાચના કરનાર ઍલેકઝાન્ડર મોટો ? આમ વ્યવહાર અને સત્યજ્ઞાનની દૃષ્ટિઓ તદ્દન જ જુદી હોય છે. 'જગતના મોટા' સત્સંગમાં પામર હોય છે અને સાચા સંતના સેવકો ત્રિલોકીના જીતનારા કરતાં ય મહાન સત્તાવાળા ને ભાગ્યશાળી મનાય છે. તેમ શાસ્ત્રો અને સત્પુરુષોના સિદ્ધ વચનો છે. આપણે પણ વિચારપૂર્વક હવે સાચો સમાસ શું ને સાચો સત્સંગ કેટલો વધ્યો તે જેમ મુક્તાનંદસ્વામીને મહારાજે સવાલ પૂછ્યો હતો ને તેનો જેમ ઉત્તર – આપણે કેવા પ્રકારના સત્સંગી થયા છીએ, કેવી સમજણ કરી આપણે વર્તવાનું શરૂ કર્યું છે, બીજા કોઈનું જોવાનું જ નહીં તે મુજબ વર્તાય છે કે નહીં તેવો ઉત્તમ પ્રકારનો સત્સંગ સમજવા માટેનો જવાબ આપ્યો હતો. તે અત્યારે પણ આપણને લાગુ પડે છે અને સમાસ બહુ થયો તેનો અર્થ પૂ. સ્વામિજીએ શ્રી હરમાનભાઈને ત્યાં કોંગ્વામાં હતા ત્યારે શશિકાંતભાઈ, બેચરભાઈ વગેરેની હાજરીમાં સમજાવ્યો હતો. તે સૌએ વિચારી લેવા જેવો છે ; જે નીચે મુજબ જાણ માટે લખેલ છે.

પ.પૂ. સ્વામિજી કહે : *'સમાસ બહુ થયો' – 'સત્સંગ ખૂબ વધ્યો'*, તેનો સાચો અર્થ એટલો જ છે કે આપણે દેહભાવ, જીવભાવ કેટલો ટાળ્યો, કેટલીક જાતની આસક્તિઓ ટળી, કેટલું ભગવાનનું મનન-ચિંતન થાય છે અને કેટલુંક વ્યવહારનું વેપારનું વગેરે, તે તપાસી લેવું. કામ જરૂરી કરવું પડે, પણ તેનું મનન-ચિંતન થાય નહીં. પૂંછલેલ ઢોર માફક વ્યવહારમાં વર્તાય. માટે જેટલી સમજણ વધી, સ્વરૂપનિષ્ઠા દૃઢ થઈ ને સત્પુરુષની જ મરજી પ્રમાણે વર્તન કરતાં આવડી જાય, ત્યારે જાણવું કે સમાસ બહુ થયો, ખરેખરો સત્સંગ વધ્યો ને પાકી નિષ્ઠા થતાં જાળવવા ના પડે, ખોટું ન લાગે ને સૌ પોતપોતાની ફરજ સમજી સત્સંગના ધણી થઈને કામ કરતા થઈ જાય. જેટલી જ્ઞાનનિષ્ઠા દૃઢ થાય,

તેટલો સમાસ થયો ગણાય ને તો જ દેહાભિમાન ટળતું જાય. માટે જેટલો જીવભાવ ટળ્યો, તેટલો સત્સંગ વધ્યો. માટે તે મુજબ સૌએ મંડવાનું છે ને 'ગુણાતીતજ્ઞાન' સંપાદન કરી અમલમાં મૂકીને સૌને દાખલા રૂપ થવાનું છે. પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે જે દાખડો કર્યો છે, તેમાં સૌને ભીડામાં લીધા હતા અને અલ્પ જેવા જીવને બળને પમાડી દેતા હતા. માટે ભીડો ખમે, પણ આપે નહીં અને સત્સંગની સર્વ પ્રવૃત્તિઓમાં ગુણબુદ્ધિ રાખી પોતાની ફરજ અદા કરતા રહે, તે સમાસ ઘણો કરાવી શકે. માટે મોટા પુરુષની જ રુચિમાં ભળી, અભિપ્રાય જાણી તે મુજબ કાર્યક્રમ કરવો. તો જોતજોતામાં જ એકાંતિકપણું દૃઢ થતું લાગશે ને સૌને ય સંત પ્રત્યે સદ્‌ભાવ વધીને સ્વામિજીના આશ્રિત બનશે ને બ્રહ્મ તથા પરબ્રહ્મના સ્વરૂપનું સાચું જ્ઞાન દેહ છતાં જ પ્રાપ્ત કરતા જશે.

સ્વામિશ્રીજી સૌનેય ઉપર મુજબની દિવ્ય બુદ્ધિ આપે એ જ નમ્ર પ્રાર્થના.

**– ફેબ્રુઆરી, ૧૯૬૦**

આફ્રીકામાં શ્રી સી.ટી. પટેલ સાહેબે પ્રશ્ન પૂછેલ કે,

*'ગૃહસ્થાશ્રમમાં રહીને સરળતાથી આધ્યાત્મિક જ્ઞાન કેમ પ્રાપ્ત થાય ?'*

તેના ઉત્તરમાં પૂ. સ્વામિજીએ કહ્યું કે,

*'કળીકાળમાં અનન્યભાવથી કીર્તન-ભકિત કરવી અને તપ, ત્યાગ માટે દેહ બળવાળા રહ્યા નહીં, તેથી મોટા પુરુષના વચને 'હાં હાં ગડથલ' કરી સંતની આજ્ઞા મુજબ સત્સંગ કર્યા કરવો, જેથી ગણપતિજીનું જેમ કામ થઈ ગયું, તેમ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જનક અંબરિષ જેવું સ્થિતપ્રજ્ઞદશાનું જ્ઞાન સિદ્ધ થઈ જાય. માટે સત્પુરુષની કૃપા મેળવી આશરો દૃઢ કરી લેવો.'*

આ વાત શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ (બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે) વિસ્તારથી સમજાવી હતી; તેથી સૌ રાજી થયા હતા.

**– ઍપ્રિલ, ૧૯૬૦**

55

# અણમૂલો અવસર વહી જાય તે પહેલાં

સવારમાં 'આજ પ્રગટચા પૂરણ બ્રહ્મ રે' ગાતાં ગાતાં પ.પૂ. સ્વામિજી સમજાવતા હતા કે અણમૂલો અવસર વહી જાય છે. આ સમાની જેને ગમ છે, રહસ્ય જે જાણે છે તેનું કામ થઈ જાય છે. આજે 'ભલો બન્યો રે બનાવ' તે શું ? તો શાસ્ત્રોમાં છુપાઈ રહેલી, સત્ય જ હોવા છતાં, જાણવા છતાં પણ ઘણાં ત્યાગીઓએ 'અક્ષરબ્રહ્મ'ને ઓળખવાની વાત વિસારી દેવડાવેલી; તે અનાદિ મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામીના મુખ્ય શિષ્યોએ તથા અ.મુ. જાગા ભક્ત, અ.મુ. ભગતજી મહારાજ, ગુરુ કૃષ્ણજી અદા, બાળમુકુંદદાસસ્વામી તથા સંતવર્ય શાસ્ત્રીજી મહારાજ વગેરેએ તે મૂળ રહસ્યને પ્રગટ કર્યું અને ગુણાતીત જ્ઞાન, બ્રહ્મજ્ઞાન– અક્ષરબ્રહ્મ બની, આત્મારૂપ બની, બ્રહ્મરૂપ બની પરબ્રહ્મમાં જોડાવાની વાતને મૂર્તિમાન સ્વરૂપ આપી, મોટા મંદિરો કર્યાં અને અનેક કષ્ટો વેઠી, દુઃખો સહન કરીને સર્વોપરી ઉપાસનાનો ડંકો માર્યો.

અક્ષરબ્રહ્મની આ વાત ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને તેમજ ઉપનિષદોમાં ઠેર ઠેર ભારપૂર્વક સમજાવી છે. છતાં માયાના બળોના પ્રવાહમાં તે વાત પૂર્ણપણે ન સમજાઈ ને કેટલાક બુદ્ધિશાળી, વિદ્વાન, સમજુ, ડાહ્યા અને બ્રહ્મચર્ય વ્રત પાળનારા ભાવિકો પણ ભૂલા પડચા હતા. તેઓ સર્વને સ્પષ્ટ રીતે વૈજ્ઞાનિક રીતે અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે દૃઢ કરાવી દીધી. હવે પ.પૂ. સંતવર્ય યોગીજી મહારાજ ઠેર ઠેર તેજ નિષ્ઠાને પાકી કરાવી, સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી રહસ્યજ્ઞાન, વેદોક્ત જ્ઞાન, શાસ્ત્રોક્ત રીતે સર્વને માટે સદાને માટે ખુલ્લું મૂકતા જાય છે. સૌ કોઈ સરળતાથી સમજે ને બ્રહ્મના ગુણો પ્રાપ્ત કરતા જાય તે માટે સંપ, નિર્દોષબુદ્ધિ અને સુહૃદ્‌ભાવ ઉપર જ ભાર મૂકી, છતી દેહે જ બ્રહ્મરૂપ થઈ, ભગવાન વરણીય બને ને ધામનું નિર્ગુણ સુખ અખંડ મળતું થાય તેમ કરવા ઉપર જ નિશાન રાખી, જીવાત્માને, અત્યંત દિવ્યહેતના પ્રસંગોમાં લાવીને નિર્વાસનિક બનાવી, આત્માને વિષે પરમાત્માના સ્વરૂપને

ધારણ કરી શકે તેવા બનાવતા જાય છે. નવા યુવકો તૈયાર કરે છે અને દિવ્ય જાણપણાનો સ્વરૂપનિષ્ઠાનો પૂર્ણયોગ દેહ છતાં જ પ્રાપ્ત કરાવવા ભાર મૂકે છે.

વિનુ ભગત, અરૂણ દવે જેવા સાધકો એકાંતિકપણાના રહસ્યજ્ઞાનના અધિકારી બની, ગુરુકૃપાથી પ.પૂ. સ્વામિજીની જ કેવળ દયાદૃષ્ટિથી સરળતાથી દિવ્ય ગુણો પ્રાપ્ત કરતા જાય છે. સમાગમમાં આવતાં અવયવો બદલાતાં જાય છે તે સૌ કોઈને હવે પ્રતીતિ થવા માંડી છે ને બીજાં પણ ઘણાં જ યુવકો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા ઉત્સુક બન્યા છે, તાલાવેલી લાગેલી છે ને આ સંતવર્યને કલ્યાણદાતા પુરુષ માની, તેમના જ સમાગમમાં ને સેવામાં જ આખું જીવન અર્પણ કરવા તૈયાર થયા છે. તે જ સ્વામિશ્રીજીનો સર્વજીવહિતાવહ સર્વમાન્ય સરળ ને સર્વોપયોગી કલ્યાણમાર્ગ સત્પુરુષ થકી સદાને માટે ખુલ્લો થએલો પૂરવાર થતો લાગે છે. આવો બ્રહ્મરૂપ થવાનો, દેહ છતાં જ નિર્વાસનિક બની ભગવાન પામવાનો, આત્મા-પરમાત્માના જ્ઞાનનો સાક્ષાત્કાર કરવાનો અણમૂલો અવસર ફરી ફરી આવનાર નથી જ. તો સર્વેએ, આફ્રિકા દેશમાં તેમજ ભારતમાં, પ.પૂ. યોગીજી મહારાજ જેવા સંતવર્યની અનુવૃત્તિમાં જ રહી જીવન ગાળવાનો દૃઢ ઠરાવ કરી લેવા વિનંતી છે.

...સૌ કોઈ ભૂતકાળના મતભેદો કે ગ્રંથિઓ, માન્યતાઓ કે સમજણો ભૂલી જઈ, આ સંતપુરુષ થકી જ નવીન દૃષ્ટિ મેળવી, નવીન ભાવનાથી દિવ્ય સ્વરૂપો સમજીને સત્સંગનું કાર્ય ઉપાડી લે તે જ વિનંતી છે. ફરી ફરી આવો અણમૂલો અવસર નહીં મળે.

પ.પૂ. શાસ્ત્રીજી મહારાજને રાજી કરી લેવાના રહી ગયેલા, તે હરિભક્તો હવે પ.પૂ. યોગીજી મહારાજને તથા પ્રમુખસ્વામી, મોટાસ્વામી, સંતસ્વામી ને પ્રગટના સર્વ સંતોને અંતરથી રાજી કરી લે અને અક્ષરધામનું દિવ્ય સુખ સુલભતાથી પ્રાપ્ત કરે.

પ.પૂ. સ્વામિજી જ્યારે હરિભક્તોના આગ્રહને વશ થઈ પ્રસાદ ગ્રહણ કરતા હોય છે, ત્યારે 'અન્નમયબ્રહ્મ' મૂર્તિમાન જ લાગે છે. તેમજ સર્વ ક્રિયાઓમાં, શ્રીજી મહારાજ ને મૂળ અક્ષરમૂર્તિના અખંડ ધારક આ સંત હોવાથી, તેમનામાં બ્રહ્મ-પરબ્રહ્મની એકતાનાં દર્શન થઈ આવે છે કે વચ. પ્રથમ ૨૭ મુજબ સાક્ષાત્ મહારાજ ને સ્વામી તેમના થકી સર્વ વસ્તુઓ દિવ્ય સ્વરૂપે ગ્રહણ

કરે છે. હરિભક્તોના લાડકોડ પૂર્ણ કરે છે, તે જ તેમની આપણા સર્વ માટે અનહદ અપાર કૃપા, દયા ને પ્રેમની લાગણી છે તે બતાવી આપે છે.

તો હવે વ્યવહારનાં કાર્યો તો ચાલ્યા કરશે, પણ આપણે તેમને ખરેખર દિવ્ય ગુણાતીત બ્રહ્મસ્વરૂપ માનતા જ હોઈએ, તો આ અણમૂલો બ્રહ્મરૂપ થવાનો અવસર વહી જાય તે પહેલાં નીચે મુજબની અંતરથી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી લઈએ કેઃ—

(૧) અમારા સર્વ દોષો, ગુન્હા કે ત્રુટિઓ તરફ ન જોતાં, કેવળ માતાના દિવ્ય પ્રેમની માફક, અમારા જીવને જાળવી લેજો, માયાથી ઉગારી લેજો અને સત્સંગમાં અખંડ દિવ્યભાવ જ રહે તેવી દૃષ્ટિ આપશોજી, જેથી કોઈના ય અવગુણમાં પડવાનું મન જ ન થાય.

(૨) અત્યાર સુધીનાં અહંતા-મમતાથી કરેલાં પ્રારબ્ધ કર્મો ને નવાં ક્રિયામાણો સદંતર દૂર થઈ જઈ, ભોગવાઈ જઈ, આત્યંતિક જ્ઞાનપ્રલયના કાયદાથી નવીન જ્ઞાનમાર્ગનો જન્મ આપી, તમારી જ મરજી મુજબનું જીવન બની જાય ને અખંડ તેવી દિવ્ય ભાવનાથી જ જીવાય તેવી કૃપા કરશોજી.

જૂનાં કાર્યો સદંતર ઉકલી જાય છે, નવાં પ્રકૃતિ પુરુષની અંદરનાં થઈ જ ન શકે તેવી જ્ઞાનદૃષ્ટિ અર્પણ કરશો, જેથી એકાંતિકપણું સિદ્ધ થાય.

(૩) જે જ્ઞાન વારસો અમોને પ્રાપ્ત થયો છે, તે પ્રથમ તો અમારા જીવનમાં ઉતરે અને અન્યને પણ તેની પ્રતીતિ થતી જાય ને સહજ રીતે જ જ્ઞાનનિષ્ઠા પ્રવર્તતી જાય તેવી કૃપા કરશો.

(૪) આપનો રાજીપો થતાં, વચ. મધ્ય ૪૫-૬૩, છેલ્લા ૨-૧૧-૩૯, કારિયાણી ૯ અને મધ્ય ૨૮ કે વડતાલ ૧-૧૧ વગેરે સિદ્ધ થતા જાય તેવી વિનંતી છે.

નિર્દોષબુદ્ધિ અને સુહૃદ્‌ભાવ અત્યંત દૃઢ થાય એ જ છેવટની માગણી છે.

તો હે દયાળુ ! સર્વ ભૂલો ત્રુટિઓ માફ કરીને પણ આટલી અમીદૃષ્ટિ કરશો જેથી સર્વને ગુણાતીતજ્ઞાન સુલભતાથી દૃઢ થાય.

અણમૂલો અવસર વહી જાય છે તે પહેલાં આટલું અગત્યનું જરૂર સૌ કોઈ કરી લે તે જ વિનંતી છે.

—જૂન, ૧૯૬૦

***

56

# ઓળખ્યા હોય જેમણે સ્વામિજીને !

આપણે પ્રગટ ગુરુશ્રીના ઉપાસકો કહેવડાવીએ છીએ. નગારાં વગાડી વગાડી પૂજ્ય સ્વામિશ્રીનો ભગવાન તુલ્ય મહિમા સ્વયં ગાઈએ છીએ. આપણે માની લીધું છે કે આપણે બરાબર સાચી રીતે પ્રગટનું ભજન કરીએ છીએ, સેવા કરીએ છીએ, શરીર ઘસી નાખીએ છીએ, માટે અમારું તો કલ્યાણ થઈ ચુક્યું છે. પણ વાસ્તવિકતામાં નજરે શું પડે છે ? પ્રથમ એકડો જ હજી તો લાગતો નથી. આ તો એકડા વગરનાં મીંડાં ચઢાવીએ છીએ અને રાજી થઈ આપણા વ્યવહારમાં, વિષય તૃપ્તિમાં ગુલતાન થઈ જઈએ છીએ અને સહેજ દુઃખ આવતાં પૂ. બાપાને માથે નાખીએ છીએ ; પણ તેમની કૃપાદૃષ્ટિ, આશિષ ક્યાંથી ફળે ? તેમને તો રક્ષા જ કરવી છે, તે જ તેમનો તો મૂળ સ્વભાવ છે ; પણ નગુણા આપણે તેમનો મહિમા ખરેખરો નથી જાણતાં. ઉપર ઉપરથી જ ઇંદ્રિયગમ્ય, આપણી જાતને છેતરીને જ વર્તીએ છીએ. આપણા જીવમાં પૂ. સ્વામિશ્રીની અનુવૃત્તિ પાળવાની ધગશ, ડૂબતા માણસ માફકની તાલાવેલી જેવી લાગતી નથી. ત્યાં સુધી પ્રગટનું સુખ પણ ન અનુભવાય અને કૃપા કે આશિષ કે વચન પણ ફળે નહીં. અમૃત પરાવાણી તો રાજા કે રંક, મોટા કે નાના સર્વ માટે છે. પણ તેમનાં વચન ધગધગતા લોઢા પર જેમ પાણી પડે કે રણમાં છાંટા થાય કે પત્થર પર પ્રસરે અને ઊડી જાય, એવું જ આપણા દેશના સત્સંગીઓમાં પ્રવર્તી રહ્યું છે. વરસાદ તો સર્વ જગ્યાએ એક જ છે, પણ કાલુ નામની માછલીમાં એક ટીપું પડતાં મોતી થાય, તેમ આપણામાંથી કહેવાતા મોટેરાઓમાં પણ અને ઊંચે સાદે બુમાટા પાડીને ભજન કરતા હોય તેવામાં પણ એનો લેશ જણાતો નથી. આપણે પૂ. સ્વામિજીને ખરેખર ઓળખ્યા છે ? સરવૈયું કાઢીએ, અંતર તપાસીએ તો જરૂર જવાબ મળી જશે. પૂ. સ્વામિશ્રીને ખરેખરા ઓળખી, પ્રગટ અક્ષરપુરુષોત્તમની ઉપાસના દૃઢ કરી, આપણે છતી દેહે જ બ્રહ્મભાવને પામીએ તો જ તેમને ખરેખરી શાંતિ થાય. બાકી તે તો અતિ દયાળુ છે, આપણા કરોડો ગુનાઓ માફ કરે છે, રક્ષા કરે છે,

નરકચોરાશીમાંથી ફક્ત દર્શનના પ્રતાપથી જ બચાવે છે. છતાંય અંતરચક્ષુઓ હજી આપણાં ખૂલ્યાં નથી. દરિયાની તળીએ જઈએ ત્યારે જ મોતી મળે, કિનારા પર નહીં. માટે આપણા ખ્યાલો, ભ્રમો અને કુસંગીપણાથી અજાગ્રત માનસ પર પડેલી પ્રણાલિકાઓ દૂર કરી, જાતને તપાસી સરવૈયું કાઢીએ અને અન્ય સત્સંગીઓને પણ આ આંતરિક શુદ્ધિના માર્ગે દોરીએ તો જરૂર પૂ. સ્વામિજી સાજા જ થઈ જશે; કારણ કે તેમને તો આ જ દુ:ખ છે અને સારા ભક્તો એ જ તેમનું જીવન અને પ્રાણ. પછી તેમની તાકાત નથી કે આપણને દગો દઈ પ્રગટનું સુખ બંધ કરી દે. માટે નીચેના પ્રશ્નો તપાસી, જેટલું વહેલું નિરાકરણ આપણે કરીએ તેટલી શુદ્ધિ અને તો જ તેમને ઓળખ્યા ગણાય. બાકી બધી વાતો જ ઉપર ઉપરથી અને છેતરપિંડી જ કરતા ગણાઈએ. આથી તો આફ્રિકાના સત્સંગીઓ અને અત્રેની સ્ત્રીવર્ગની વિધવા બાઈઓ આપણાથી ચઢી જાય છે. માટે હવે તપાસીએ ને પૂ. સ્વામિજી પાસે નિષ્કપટપણે અંતરાય રાખ્યા વિના વર્તીએ, તો અત્રે જ ઘેર ઘેર અક્ષરધામ થઈ જશે. આ તો પ્રગટનો મહિમા અને સત્તાની સાબિતિ છે.

**મુખ્ય બાબતો :**

- આપણે લખાવેલી રકમો આપી દીધી છે ?
- આપણે દસમો અગર વીસમો ભાગ નિષ્કપટપણે પૂ. બાપાને સર્વજ્ઞ અંતરજામી જાણીને આપીએ છીએ ?
- આપણાં પવિત્ર ધામોની જમીન, આવકો, મંદિરની ઉપજો બરાબર સાચવીએ છીએ ?
- આપણાં મંદિરો સ્વચ્છ, નિર્મળ ભાવનાઓથી ભરપૂર રખાય છે ?
- આપણે જમવામાં, સુવામાં, સગવડતા માટે, આપણાં જાતિ, વર્ણ-કુળનાં અભિમાનો આગળ કરી, લડીએ છીએ કે પ્રગટ પ્રભુ પાસે શુદ્ધ હૃદયે ફક્ત આત્યંતિક કલ્યાણ માટે જ જઈએ છીએ.
- આપણે નિયમો, આજ્ઞા અને ઉપાસનામાં દૃઢ છીએ? ભૂલો થાય, વર્તમાન તોડાય, તો પ્રભુ પાસે માફી માગી વર્તન બદલીએ છીએ ?
- આપણને માન, ક્રોધ, ઈર્ષ્યા, અદેખાઈ અને કુસંગના શબ્દો લાગે છે ?

* આપણે પ્રગટના ભક્ત તરીકે પૂ. બાપાની મરજી પ્રમાણે વર્તીએ છીએ ? તેમના કહેવા મુજબ, તન, મન, ધનથી, મંદિરમાં અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો જ્યાં ડંકો વગાડવા આપણા ધણીએ નક્કી કર્યું છે, ત્યાં સર્વસ્વ નિષ્કપટપણે આપણે ફાળામાં, સેવામાં બનતું બધું કરીએ છીએ ?

કે

ઉપકારવૃત્તિ, માનવૃત્તિ અને મોટાઈમાં તણાઈએ છીએ ?

ખરેખર જ પૂ. સ્વામિજીને ઓળખ્યા હોય તો ઉપરનું ન જ બને. માટે પ્રગટ અક્ષરધામ અત્રે છે, ધામી અને મુક્તો પણ છે. ક્યાં છે ? ક્યારે ઝળકશે ? તે જ હવે આ વિનંતી પછી જોવાનું છે. આ તો અમૃતનો દરિયો છે. લૂંટો, લૂંટાય તેટલો. બાકી છેતરપિંડીમાં રહી જવાશે, જેથી પત્થરમાં માથાં કૂટવાં પડશે. તો સર્વ સત્સંગી તન, મન, ધનથી સર્વસ્વ પોતાથી બનતું પૂ. સ્વામિજીની મરજી પ્રમાણે જ વર્તે અને જૂની જવાબદારીઓમાંથી તત્કાળ મુક્ત કરે, ત્યાં સુધી તેમની કૃપા ન જ થાય તે મારો સ્વાનુભવ છે.

— ડિસેંબર, ૧૯૬૦



57

# દેશકાળ અને પ્રારબ્ધ

આપણો દેહ, સમાજ, દેશ અને બાહ્ય સંયોગો જીવાત્માને પૂર્વના સંચિત, પ્રારબ્ધ અને ક્રિયામાણો ઉપર નિર્ભર રહીને જુદી જુદી ભૂમિકાઓમાંથી પસાર થતો બતાવે છે. તેમાં જે સુખ-દુઃખ, માનાપમાન, હાણવૃદ્ધિ, ભય-શોક, આનંદ-પીડા, શાંતિ અનુભવાય, ભોગવાય અને પ્રાપ્ત થાય તેને દેશકાળ અને પ્રારબ્ધના નામે ઘણુંખરું માનવસમાજ ઓળખાવે છે.

પણ, પ્રગટની નિષ્ઠા અને અનન્ય આશરો શું કરી શકે છે, તે શ્રીજીએ મૂર્તિમાન બતાવ્યું છે અને પરમ પૂજ્ય શાસ્ત્રીજી તથા પ્રગટ ગુરુહરિરૂપ યોગીજી મહારાજ થકી આપણે જાણીએ છીએ. અતિશય ભૂંડાં પ્રારબ્ધ રૂડાં થઈ, રૂડા દેશકાળ છતી દેહે જ પ્રવર્તે છે તેવા અનેક દાખલાઓ આપણા સત્સંગમાં સર્વ સાંભળતા, જોતા, અનુભવતા આવ્યા છીએ તેથી અત્રે પિષ્ટપેષણ કર્યું નથી. પણ **આવી પ્રકૃતિ-પુરુષથી, દેશકાળથી, માયાથી પરની દૈવીક્રિયાઓ સ્વામિશ્રીજી ફક્ત તેમના અનન્ય ભક્તો, સત્સંગીઓ – જે પરિપક્વ નિષ્ઠાવાળા હોય અને એકાંતિકના લક્ષણે યુક્ત બની સંતનું અને સત્સંગીનું અતિશય માહાત્મ્ય સમજતા હોય તેમને જ બતાવે છે. તેવાઓ માટે ગમે તેવા કાળ, કર્મ, માયાનો પણ જરાય ભાર નથી.** તે વચ. પ્ર. ૭૦, પ્ર. ૭૨, મધ્ય ૪૫, પ્ર. ૫૮, મધ્ય ૬૨ મુજબ મૂર્તિમાન પુરવાર કરેલ છે અને મારા પોતાના તેમજ મોટા-મોટા મહારથીઓ, કરોડપતિઓના જીવનમાંના પણ કેટલાક અસાધારણ પ્રસંગો છે જ. પણ તે થકી બ્રહ્મજ્ઞાનની ને ગુરુની મહત્તા આંકવાની નથી. આ તો જગત માટેના તેમના લક્ષ્મી, કીર્તિ, સત્તા ને વૈભવનાં ત્રાજવાએ જોખાતાં ને સ્થિત થયેલાં મધ્યબિંદુઓને ઉર્ધ્વગામી પ્રગતિકારક બનાવવા માટે છે. ત્યારબાદ 'સારો દેશકાળ ને ભૂંડાં પ્રારબ્ધ' શું ગણાય તે સમજાશે. તે આપણે હવે જોઈશું.

ભૂંડો દેશ – જ્યાં મારફાડ હોય, લડાઈ હોય, ચોરી, લૂંટફાટ અને નિર્દોષો ઉપર ગોળીબાર થતા હોય અને ન્યાય તથા નીતિ સદંતર અલોપ થઈ

ગયાં હોય તેને ગણવામાં આવે છે. મહારાજ તથા મોટા સાધુની આજ્ઞા છે કે આવા ભૂંડા દેશમાંથી ભાગી જવું, બીજે જતાં રહેવું, જેથી સ્વામિશ્રીજીની શાંતિથી સેવા-ભકિત થયા કરે. મહારાજ ભકતોની રક્ષા તો જરૂર કરે, પણ પ્રકૃતિના તેમ જ ભૂંડાં કર્મોના થરો આવે ત્યારે મહારાજની અંતર્યામી શકિત સંહારલીલા ચલાવી પાપીઓને જે શિક્ષા કરતી હોય, તેમાં આપણે આવી ન જઈએ, તેથી આવી સલાહ માનવા આગ્રહ કરેલો. વળી ભૂંડો કાળ એટલે કુદરતી બળો વિફરે, મહાભૂતો જળરૂપે તાણે, અગ્નિરૂપે બાળે, વાયુરૂપે ઉછાળે, તીડો પડે, દુકાળ પડે, વીજળી પડે, રોગચાળો ફાટી નીકળે, પાણી બગડે અને અનંત આધિ, વ્યાધિ, ઉપાધિઓ ઉપસ્થિત થાય, તેને 'ભૂંડો કાળ' ગણવામાં આવે છે. કળીયુગની તમોગુણી જ ક્રિયાઓ થયા કરે. કયાંય શાંતિ, આનંદ, સુખ, પ્રેમ, દયા, સ્નેહ, લાગણી, સહિષ્ણુતા, ધૈર્ય, ક્ષમા, અહિંસા વગેરે સદ્‌ગુણો દેખાય નહીં. કાળ, ભૂંડા પ્રારબ્ધના થરો અને માયાનું જોર, સામ્રાજય ચાલતું હોય છે. માટે જયાં રૂડા દેશકાળ પ્રવર્તતા હોય ત્યાં ચાલી જવું.

સદાય સદાકાળ માટે રૂડા દેશકાળ ને રૂડા જ પ્રારબ્ધ ફકત સાચા સત્પુરુષોના સાન્નિધ્યમાં જ છે, જયાં કાળ, કર્મ, માયા થર-થર કંપે છે. ત્યાં સનાતન શાંતિ, આનંદ, સુખ અને અનુપમ પ્રાપ્તિનો અનુભવ થાય છે. માટે તેવા સત્પુરુષ જયાં વિચરતા હોય અગર જયાં જવા માટે અંતરથી તેઓ આજ્ઞા કરે, તે મુજબ વર્તવાથી દેશકાળ સારા થઈ જાય છે. આ અનુભવની, અજમાવેલી અને છતી દેહે જ પ્રાપ્ત કરેલી, શાસ્ત્રોકત-ગીતા, ઉપનિષદ, ભાગવત અને વચનામૃતોમાંથી મળતી વાતું છે. માટે શ્રદ્ધા અને વિશ્વાસથી સત્પુરુષની આજ્ઞા પળાય, તેટલા આત્મસત્તા રૂપે વર્ત્યા કહેવાઈએ અને તેટલા જ ભૂંડા દેશકાળ ખરી પડયા ગણાય. જુઓ વચ. મધ્ય ૫૧, કા. ૧૧, સા. ૧૦-૧૧, જેતલપુર ૫—'ઊગર્યાનો ઉપાય પણ ન હોય તોય મહારાજ ને સ્વામી રક્ષા કરે છે.'

જેવા ભૂંડા દેશ ને કાળ, તેવું જ ભૂંડો દેહ ને ગુણમયી દેહની, ઇંદ્રિયોની, અંતરની ક્રિયાઓનું છે. સત્, ત્રેતા, દ્વાપર ને કળીયુગ આપણા દેહમાં જ ચોવીસ કલાકમાં પ્રવર્તે છે. વૃત્તિઓ અનુલોમ થઈ જઈ, સ્ત્રી, સ્વભાવ, દેહાભિમાન ને ધનની કામનાઓ, લાલસાઓ, અતૃપ્તિઓમાંથી જ ભૂંડા દેશકાળ પ્રવર્તે છે ને મનની, ચિત્તની, અહમ્‌ની પીડાઓ, આધિ, વ્યાધિ, ઉપાધિઓ અને

સત્પુરુષનો આશરો છોડી આજ્ઞા લોપતાં, દૈવી કોપ, અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ રૂપે સર્વને હેરાન કરે છે. માટે આજ્ઞા પામીને, આશરો એક જ અનન્ય દૃઢ રાખી અંતરના ભૂંડા દેશકાળ સુધારી લેવા. 'દાસના દુશ્મન હરિ કદી હોય નહીં, જેમ કરશે તેમ સારું જ થાશે.' આ થયું સૂક્ષ્મ દેશકાળ અને પ્રારબ્ધનું વિવરણ.

હવે આધ્યાત્મિક દેશકાળ ને પ્રારબ્ધના દેહનું રૂપ ને ફળ જોઈએ, જેથી સત્સંગમાં કેટલીક ગેરસમજુતી પ્રવર્તે છે તે દૂર થઈ જશે એવી આશા છે.

સત્પુરુષ મળ્યા છે. અનન્ય આશરો પણ છે અને એકાંતિકના લક્ષણે યુક્ત પણ છીએ; છતાં ય ભૂંડા દેશકાળ અને પ્રારબ્ધના કર્મના થરો સત્સંગીને કેમ નડે છે? વચ. જેતલપુર ૫, મધ્ય ૪૫, પ્ર. ૫૮માં કહ્યું છે કે
'ગમે તેવાં ભૂડાં પ્રારબ્ધ રૂડાં થાય, રંકનો રાજા થાય અને ઉગર્યાનો આરો ન હોય તો પણ રક્ષા કરે અને કાળ, કર્મ ને માયાનો જરાય ભાર મારા અનન્ય ભક્ત નિષ્ઠાવાળા હોય તેને માથે નહીં.' વચ. પ્ર. ૭૨માં કહે છે કે કાળ ને કર્મ ભૂંડું કરવા ઈચ્છે તોય કરી શકતાં નથી, જો નિષ્ઠા પરિપક્વ હોય તો.

માટે, સત્સંગીને 'ભજન કરવામાં જેટલી કસર, પ્રગટ સ્વરૂપ ઓળખવામાં જેટલી ખામી અને ગરીબ જેવા ઉપરથી સામાન્ય લાગતા હરિભક્તો પ્રત્યે અભિમાનની લાગણી, મોટાઈનો દેખાવ અને અભાવ, અવગુણ કે દ્રોહની મનથી અજાણતાં પણ ક્રિયા થઈ ગઈ હોય, તો ત્યાં સ્વયં શ્રીજી પણ નિરૂપાય છે. દાદાખાચર, ઝીણાભાઈ તથા મોટા-મોટાને જરાક દેશકાળ લાગ્યા, ત્યાં સર્વનાં અતંર મપાઈ ગયાં. **આવાઓને દેશકાળ હોતા જ નથી. પણ, ખુદ મહારાજ પોતાનું સ્વરૂપ સર્વોપરી ઓળખાવવા અને સંતનો તથા સત્સંગીઓનો પ્રગટ દિવ્ય મહિમા, સંબંધની મહત્તા સમજાવવા જ કરતા હોય છે.** ત્યારે ખૂબ જ ધીરજ રાખી, ચિંતા મહારાજ ઉપર જ છોડી દેવી. તેથી તે જરૂર-જરૂર જીવના સનાતન હિતમાં હશે, તેમ રક્ષા કરશે ને કરશે જ. માટે કાંઈ પણ વિક્ષેપ, પીડા કે ઉપાધિ, અસાધારણ – જીરવાય નહીં તેવી આવી પડે ત્યારે નીચેની બે બાબત તપાસવી :–

(૧) 'દૃષ્ટા અગર સત્પુરુષ એ જ મારૂં સ્વરૂપ છે' – સમજણ દૃઢ કરવામાં કોઈ રાગ, અભિમાન, લોક, ભોગ, દેહ કે સત્સંગીનો અભાવ, અવગુણ, તિરસ્કાર તો નથી કર્યો ને? કેટલું દેહભાવે વર્તાયું? કઈ વાસનાઓની અતૃપ્ત વૃત્તિઓ પોસાઈ? કોને અંતરમાં સંતોષ

આપ્યો ? ચૈતન્યના પ્રકાશક મહારાજ આત્મમંદિરમાં નિર્ગુણ અંતર્યામી શક્તિએ વ્યાપક છે, તે મૂર્તિમાન પણ છે; તે તમારી ક્રિયા, કહેવાતી સેવા અને ભક્તિથી ખરેખર અંતરમાં રાજી થાય છે ? શાંત ચિત્તે એકાંતે બેસશો ને નામીએ સહિત નામ અડધો કલાક લેશો તો જવાબ ને પ્રેરણા જરૂર મળી જશે જ. આ અનુભવની વાત છે; માટે, પ્રગટ વિચરતા સ્વરૂપના અનુસંધાને સહિત ભજનથી અજમાવી જોશો.

(૨) મહારાજને તો પોતાનું સ્વરૂપ ખુલ્લું કરીને, જીવને મૂર્તિમાન દિવ્ય સુખ-છતી દેહે જ વચ. કા. ૧,૭,૧૧, વ. ૧૧, લોયા ૭, ૧૨ મુજબ બ્રાહ્મીસ્થિતિ કરાવી, ભગવાનના આકારે ઈયળની ભમરી બનાવવી જ છે. માટે હેતે કરીને, અનન્ય નિષ્ઠાએ કરીને જ્યારે ખૂબ જ ભજન કરવા માંડશો, ત્યારે મહારાજ ને સંત રાજી રાજી થશે ને રાજીપો એટલે – દેહ ને આત્માને, તરવાર મ્યાનમાં ખખડે તેમ, તદ્દન જુદા પાડવા અને સત્પુરુષના ગુણો અર્પીને દિવ્ય આકાર – છત્રીસ ચટકાઓ મારી બ્રહ્મજ્ઞાનનો અમૃત રસ ગરમ સીસારૂપે નાખીને મૂર્તિ બનાવવી ને છતી દેહે જ ભગવાનનું સુખ, મૂળ સ્વભાવ, પ્રકૃતિ ને વાસના છોડાવી અનુભવાવે, ભોગવાવે ને અખંડ પ્રાપ્ત કરાવે ને પ્રકાશ પાડી અન્યને પણ પ્રાપ્તિ કરાવે છે.

અનહદ, અપાર સુકૃત ઉદય થયું હોય, રાજીપો અપાર થયો હોય, અખંડ કૃપા ને દૃષ્ટિ જે જીવ ઉપર રહેતી હોય તેને જ આવું પાત્ર બનાવે, 'સેમ્પલ' બનાવે અને અધિકાર સોંપે. પછી પોતાની મૂર્તિનો અપાર મહિમા સમજાવે ને પ્રત્યક્ષ યોગમાયા, બ્રહ્મરૂપે પ્રકાશના ભેદો જોવાની અલૌકિક ક્રિયા સાક્ષાત્કાર – જેવો પૂ. ભગતજી મહારાજને, પૂ. જાગાસ્વામીને અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ કરાવેલો, તેવા જ રૂપમાં પૂ. શાસ્ત્રીજી (મહારાજ) હેત કરાવી, તત્ત્વનિષ્ઠા દૃઢ કરાવી અક્ષરપુરુષોત્તમની સર્વોપરી ઉપાસના સમજાવી ગયા.

હવે બ્રહ્મજ્ઞાનનું પ્રકરણ ચાલે છે ને નવો રાજા છે. નવી બ્રહ્મકલમો શીખનાર પોતાનાને મારીઝૂડીને પણ મધ્ય ૪૫-૩૦ મુજબ બ્રાહ્મણી કરશે જ. તો સમજીને કરી લેવું; જેથી ચટકા ખાવા ન પડે. આ તો પોતાનાં ઐશ્વર્યો, સુખો, સત્તાઓ અને સર્વોપરી માયાથી પરાભવ ન પમાય ને જરા ય દેશકાળ ને પ્રારબ્ધ જ

ન લાગે, તેવો અધિકાર આપવા અનહદ કૃપાનું પરિણામ છે. જે '(અક્ષરધામના) મુક્તો' હશે તે જ ઓળખી શકશે ને જાણીને તત્ત્વાભિમુખ બની રાજી થઈ, સહન કરી જીવતદાશ્રિત અનુભવ સાથેનો દિવ્ય આકાર, નિર્બંધ, નિર્વિકાર, નિર્લેપ અને નિર્ગુણ બની સ્વામી સેવકપણે વચ. મધ્ય ૬૬, કા. ૧,૭, લોયા ૭ મુજબ છેલ્લા ૨૮, ૧૧ ને ૩૯ મુજબ દિવ્ય સુખ અખંડ પ્રાપ્ત કરશે ને છતી દેહે જ અક્ષરધામની પ્રાપ્તિ, બીજાને પણ અનાદિ મુક્તરૂપે વર્તીને ભજન કરતાં, સર્વોપરી મહારાજ ને મૂળ અક્ષર ગુણાતીત-તેની નિષ્ઠા કરાવી, તેવી રીતે સમજાવશે, દાખલા રૂપ બનશે.

વાસનાનો ક્ષય ને પ્રકૃતિનાં પરિવર્તન માટે છતી દેહે બ્રહ્મરૂપ કરવાનો વેપાર પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિશ્રી યોગીજી મહારાજ મૂર્તિમાન કરી રહ્યા છે ને ગોંડલ અક્ષરદેરીનાં આવાં ગુણાતીત સેમ્પલો–પૂ. શ્રી નંદાજી, વિનાયકરાવ સાહેબ, ચંપકલાલભાઈ, ખેંગારજીભાઈ, સી.ટી. પટેલ, અંબાલાલભાઈ, ડાહ્યાભાઈ ભાદરણવાળા, હર્ષદભાઈ, બાબુભાઈ, છગનભાઈ, ચંદ્રકાંત તથા હરમાનભાઈ, ધીરૂભાઈ, અજાગીઆ સાહેબ, અર્જુનભાઈ, શંકરલાલભાઈ વગેરેને તૈયાર કરી રહ્યા છે અને બ્રહ્મજ્ઞાનના અધિકારી બનાવ્યા છે. દેશકાળ તેમના માથે નથી જ; માટે સૌ તેવા બને એ જ પ્રાર્થના.

–માર્ચ, ૧૯૬૧

માનવીએ જેમ જેમ જ્ઞાનનો વિકાસ સાધ્યો, તેમ તેનું મધ્યબિંદુ બદલાતું ચાલ્યું અને તે મુજબ જ લક્ષ્ય પણ ફેરવાઈ ગયું.

અંતિમકક્ષાનું દરેકનું મધ્યબિંદુ 'અનાદિ મૂળ બ્રહ્મ' છે અને તે રૂપ થઈ તેના સાધર્મ્યને પામી, તેની સાથે એકત્વને અનુભવી, ભગવાનની મૂર્તિનો અખંડ ભાવ રહે અને સાક્ષાત્કારપણે પામી રહેવાય, ત્યારે જ છેવટનું લક્ષ્યબિંદુ સધાયું ગણાય. આવા ગુરુહરિશ્રી પ્ર.બ્ર.સ્વ. યોગીજી મહારાજ સાક્ષાત્ મળ્યા છે, તો અક્ષરધામનું સુખ છે.

સ્વામિશ્રી સર્વને આવી પ્રેરણા અને અંતર્દૃષ્ટિ અર્પે એ જ અભ્યર્થના.

– માર્ચ, ૧૯૬૧

58

# વૃત્તિઓના વેગો અને ગઢપુર સમૈયો

માનસશાસ્ત્રીઓએ અનંત પ્રકારના વૃત્તિઓના વેગોનાં, સ્થિરતાનાં અને શુદ્ધિકરણનાં વર્ણનો, નિયમમાં લાવવાની રીતિઓ વૈજ્ઞાનિક રીતે બતાવેલી છે, પણ તે બધાંનું સાક્ષાત્ દર્શન અને ખરેખરું અનુભવ જ્ઞાન તો ગઢપુર કળશ જયંતી મહોત્સવ જેવા કોઈક મોટા ભવ્ય સમૈયા પર જ થઈ શકે છે. ભાવના, કર્તવ્ય અને સ્પષ્ટ વિચારસરણીનાં દર્શન સમૂહ જીવનમાં જ થતાં હોય છે. વળી પ્રસંગો, પરિસ્થિતિઓ સ્હેજ પણ બદલાય, સંજોગોમાં પરિવર્તન થાય અગર કાંઈક દેહભાવને ઘસારો આવે, ત્યારે વૃત્તિઓના વેગો રુંધાતાં પ્રચંડ પ્રકૃતિ સ્પંદનો, ગુણમય સ્વરૂપે પ્રગટ થઈ આવે છે; પળવાર સ્વભાવ ભૂલીને કાંઈનું કાંઈ કહેવાઈ જાય છે અને જ્યાં ન બોલવાનું હોય ત્યાં પણ દોષારોપણ કરાય છે. આ બધા જ વાસના, સ્વભાવ કે પ્રકૃતિના જ દોષો છે અને તે સર્વ ઉપર કાબુ મેળવવો, અખંડ જાણપણું દૃઢ કરવું અને સ્વસ્વરૂપનું જ્ઞાન દૃઢ કરી, ભગવાનને પ્રાપ્ત કરવા એ જ સાચા સત્સંગનું ફળ છે, એ જ પરાભક્તિ છે ને એકાંતિકપણું પણ તેવા ગુરુમુખી સત્સંગથી જ પ્રાપ્ત થાય છે. તે વાત નિરંતર યાદ કરી, દૃઢ કરવાની જરૂર રહે છે.

કેટલાક સત્ત્વગુણી મુમુક્ષુઓ સમૂહજીવનના કપરા કસોટીવાળા પ્રસંગોમાં અત્યંત તમોગુણી બનેલા દાખલા આપણે શાસ્ત્રોના આધારે જાણીએ છીએ. વળી પાંચ માણસો માનતા થાય કે શ્રીજી મહારાજ જણાવે છે તેમ જીવ વૃદ્ધિને પામે, મોટપને પામે, ત્યારે તેનું સ્વરૂપ જ જૂદી જાતનું બની જાય છે ને પ્રસંગ પત્યા બાદ કે અધિકાર છૂટતાં, હતો તેવો નમ્ર ગરીબ બની જાય છે. વળી અસત્ય, પાપમય જીવન જીવનારા લૂંટારુઓ કે ધનપતિઓ તેમના ગર્વમાં કાંઈક કરતા હોય છે, પણ જ્યારે કોઈ ખુરશી પર બેસી સભામાં પ્રમુખપણે બોલતા હોય છે, ત્યારે ન્યાય અને નીતિની જ વાત ભારપૂર્વક કરતા જણાય છે. આવાં 'જાત છેતરામણાં' અગર પ્રકૃતિવશ જીવનો સમૂહમાં જ પ્રગટ થઈ આવતાં તરત જ દેખાઈ આવે છે.

વળી,

(અ) કેટલાક ભીડો ખમે છે અને આપે છે.

(બ) કેટલાક કેવળ ભીડો જ આપે છે.

તો,

(ક) કેટલાક ભીડો જ ખમતા રહે છે.

આમ ભીડો ખમવો ને ગુણગ્રાહક જ રહેવું– તે દિવ્યજીવનની કળા, આવા સમૂહજીવનમાં સમૈયામાં આપણને શીખવાની મળે છે. આપણાં મન ને ચિત્તની કેટલી બધી ચંચળતા, અસ્થિરપણું, વિવશપણું છે તે સાક્ષી તરીકે, તટસ્થતાથી અંતર્દૃષ્ટિ કરી પાછી વૃત્તિ વાળી તપાસીએ તો તત્કાળ દેખાય છે. અંતઃકરણને ઊંડે ઊંડે દૃઢ થઈ ગયેલી માન્યતાઓ, ટેવો ને ગ્રંથિઓ, અવ્યક્ત રાગના આવિર્ભાવરૂપે જરૂર બ્હાર આવી જાય છે. આવા પ્રસંગોમાં અત્યંત ધીરજ રાખી, શાંતિ જાળવી બે દિવસ ભીડો ખાઈ લઈએ, તો મોટાપુરુષની કૃપાનું પાત્ર બનાય છે. વ્યવસ્થા કરનારાઓએ જરૂર આમંત્રણ મુજબ વ્યવસ્થા જાળવી, બનતી સગવડતા કરી આપવી જોઈએ, છતાં પણ 'સાધક' તરીકે આપણે–

(૧) કાંઈક મેળવવા (૨) સેવા કરવા (૩) દેહાભિમાન ટાળવા

ને

(૪) જીવને બળ પમાડવા સમૈયામાં હાજર રહીએ છીએ.

પરોક્ષનાં સ્થાનકોમાં તપાસીએ તો જાતે જ બંધું કરી લઈ, ઉતારા - પાગરણ કે જમવા કરવાની પણ સગવડો ન હોય, છતાં હિમાલય તરફ ને બર્માના સ્થાનોમાં ફરનારા પણ તપ કરી, દુઃખો વેઠી, તીર્થયાત્રા કરનારાઓને આપણે જાણીએ છીએ.

તો આપણા ગુરુવર્ય સાચા **સંતપુરુષનાં દુર્લભ દર્શન, સુખ, સમાગમનો અલભ્ય લાભ મેળવવામાં આપણે શું તકલીફો વેઠીએ છીએ ? કાંઈ જ નહીં.** માટે સર્વ હરિભક્તોએ જાતે જ સેવારૂપ બનવા આવા સમૈયામાં ભીડો પડે તો વેઠી લઈ, ભૂલો થતી હોય તે પોતાની જ છે તેવી આત્મબુદ્ધિ કેળવી ભવિષ્યમાં સુંદર સગવડતાવાળું વાતાવરણ સર્જી શકાય તેમ કરવા કટિબદ્ધ થવાની અનિવાર્યતા છે.

વૃત્તિઓના વેગોને રોકીએ ત્યાં મૂંઝવણો થાય છે ને પાછળથી પસ્તાવો પણ થાય છે. સ્થિતપ્રજ્ઞતા દૃઢ કરવામાં જાણપણું કેળવાય, તો ગુરુજી રાજી થઈ અનુગ્રહ કરે. તેથી દિવ્ય સુખ દેહ છતાં જ પ્રાપ્ત થાય છે. વળી જે અહંતા-મમતા સંસારમાં વ્યવહારમાં વપરાતી હતી, તે સત્સંગમાં અહંભાવ ને ખોટાં મમત્વોમાં ન વપરાય ને આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરવામાં ને આત્મારૂપે વર્તી ભગવાનને અખંડ ધારણ કરવામાં સુલભતા થાય તેમ સ્વામીશ્રીને પ્રાર્થના કરી, સેવામાં ટૂક-ટૂક મંડી પડવાની જરૂર છે. તો જ સંતવર્ય યોગીજી મહારાજની દૃષ્ટિ પડતાં માયિકભાવ ટળી, જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં દેહ છતાં જ જોડાઈ શકાશે.

સ્વામિશ્રીજી સૌ હરિભક્તોને દિવ્યજીવનની પ્રાપ્તિ ને એકાંતિકપણું દૃઢ કરાવે એ જ નમ્ર અભ્યર્થના છે.

***

–જૂન-જુલાઈ, ૧૯૬૧

59

# ભીડો ખમવો-આપવો

[...શ્રીજી મહારાજે દાદાખાચરને એટલા માટે વખાણ્યા કે 'ભીડો' ખમતા.
તેમ, સ્વામિશ્રી કહેતા કે વર્તમાન કાળે ભક્તની ટૂંકી વ્યાખ્યા છે – **'ભીડો વેઠે તે ભગત.'**
શ્રીજી જ્યાં પધારતા ત્યા સત્સંગસમૂહ હોય જ, સત્સંગીઓની અવરજવર ખૂબ.
આ વખત જ ભક્તને ન્યાલ કરી દેવાનું ટાણું ! તે ભીડાની પરીક્ષા પસાર કર્યા બાદ જ.
એ રીતે સ્વામિશ્રીનું પણ સમજવું.
આમ છતાં, એ વાત પર વધુ પ્રકાશ પાડતો – બ્રહ્મરૂપ થવાની કરામત બતાવતો લેખ
'સ્વામિનારાયણ પ્રકાશ' માટે શ્રી દાદુભાઈએ મોકલેલ છે;
તે વાચકોને વધુ પ્રેરણાદાયી થઈ પડશે.

– સંપાદક]

ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે અને ગુણાતીત બાગના સર્વે સંતોએ **મહારાજના મળેલા** અને **સંતના મળેલાનાં** લક્ષણો તથા સ્થિતિનાં વર્ણન તથા તે મુજબ ભગવાનની મૂર્તિનું અલૌકિક સુખ ભક્તોને પ્રાપ્ત થતું રહે છે તેની સ્પષ્ટતા કરેલી છે.

હાલમાં સંતવર્ય યોગીજી મહારાજ પણ તે જ સનાતન સિદ્ધાંત **'નિર્દોષબુદ્ધિ એ જ પરાભક્તિ'** – તે રૂપે આપણને વારંવાર ભારપૂર્વક સમજાવી રહ્યા છે. તેવી દિવ્ય ભક્તિ સિદ્ધ કરવાનું પરમ સાધન ભગવાનના ભક્તોની સેવા અને પ્રસંગ છે – તેમ મહારાજે પણ વચનામૃતોમાં જણાવ્યું છે. વળી વચ. મધ્ય ૨૮ અને છેલ્લા ૨, વડતાલ ૫,૧૧,૩, મધ્ય ૬૩ વગેરેમાં પણ ભગવાનના ભક્તોનો જ અપરંપાર મહિમા બતાવી **'અમે સત્સંગીના સત્સંગી છીએ'** તેમ મહારાજે સૌને પર્વતભાઈનો મહિમા સમજાવી દાખલો બેસાડયો હતો.

આપણને હાલમાં સંતો તથા નવા યોગેશ્વરોનો તેવો જ મહિમા સંતવર્ય યોગીજી મહારાજ સમજાવી રહ્યા છે. તેઓ માટે તેમ જ સમગ્ર સત્સંગ માટે આપણને ખરેખરી આત્મબુદ્ધિ ને પ્રીતિ થશે, તો જ આધ્યાત્મિક ક્ષેત્રે આપણો વિકાસ થઈ શકશે તે સિદ્ધાંત વાત છે. આવી રહસ્યની વાત પ્રાપ્ત કરવા માટે સૌએ સ્વધર્મેયુક્ત ભીડો ખમવાની જરૂર પડે છે ને ત્યારે જ મોટા પુરુષની દયા થાય છે.

કેટલાક જીવો કેવળ ભીડો આપવાની જ ટેવવાળા હોય છે, તો કેટલાક મનમુખી ક્રિયાઓ કરીને ભીડો ખમે, પણ ગુરુમુખી જ રહીને સત્સંગનો ભીડો ખમનારા વિરલા જ હોય છે.

પ્રથમ ૭૬ મુજબ વચનનો ભીડો ખમાય, તો જ મોટાની દૃષ્ટિ પડે છે ને ત્યારે જ **પાકા સત્સંગી** થવાય છે. ત્યાં સુધી નિશ્ચય હોવા છતાંય, સંતમાં હેત ને શ્રદ્ધા હોય તો પણ, હઠ, માન ને ઈર્ષ્યા આવતાં જ રહે છે ને એકાંતિકપણામાં મોટી ખોટ આવી જાય છે. આપણને પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ **'સુહૃદભાવ'**નું મહાન બ્રહ્મસૂત્ર પળેપળે શીખવી રહ્યા છે ; પણ તે સિદ્ધ કરવા દરેકે સત્સંગનો ભીડો ખમી ગુણ જ લેવાની ટેવ પાડવાની જરૂર રહે છે. તો જ અંતરનો ખરેખરો રાજીપો મળે છે. માટે સૌએ પોતાના ગુરુ બની અંતર્દૃષ્ટિ કરવાની રહે છે કે–
'આપણે કેટલો ભીડો ખમીએ છીએ ને તે અંગે ઉદ્વેગ, ઉકળાટ ને વ્યથા ન અનુભવતાં કેવળ ગુણગ્રાહી જ રહીએ છીએ કે નહીં તે જ જોવાનો મુખ્ય હેતુ રહે છે.'

મનમુખી ભીડો ખમનારાય ઘણા હોય છે ને તેમને બીજબળ થાય છે. પણ, ભીડો ખમતાં ગુણ જ લેનારા હોય છે, તેમને કરોડગણું ફળ સ્વામિશ્રીજી અર્પે છે–તેમ આપણા ગુરુજી ભારપૂર્વક કહે છે. તો, સૌએ બ્રહ્મરૂપ થવાની આવી સરળ કરામત સિદ્ધ કરવા નમ્ર પ્રાર્થના કરવાની રહે છે.

દેહ છતાં જ અક્ષરધામનું સુખ ગુરુજી જરૂર આપી શકે છે તેની પ્રતીતિ પૂ. યોગેશ્વરોના વિકાસ ઉપરથી હવે સૌને જરૂર લાગવા માંડશે ને તેમ બને તે માટે આપણે સૌ સ્વામિશ્રીજીને પ્રાર્થના કરીએ એ જ અભ્યર્થના.

**–ઑગષ્ટ, ૧૯૬૧**



60

# અસૂયા

શ્રીજી મહારાજે અનેક વાતુ જીવના જીવન માટે પ્રવર્તાવી છે; પણ તેમાં ચાર વાત જીવનું જીવન છે તેમ બતાવી, તેમાંય 'સુહૃદપણું' એ તો સર્વોત્તમ વસ્તુ છે ને બીજાં ત્રણ પણ તેમાં આવી જાય ને તે રાખતાં ગમે તેવી પ્રકૃતિ હોય તે પણ ટળી જઈ, દેહ છતાં જ અક્ષરધામનું સુખ પ્રાપ્ત થાય છે—તેમ ભારપૂર્વક જણાવ્યું છે. વળી સ્વામીની વાતુમાં—

*'ભગવાન મળ્યા પછી જાણપણારૂપ દરવાજે રહેવું અને હઠ, માન અને ઈર્ષ્યા ત્યજવાં'* તેમ કહ્યું.

*''મોટા-મોટા પરમહંસોમાં પણ માનરૂપી દોષ નડેલો છે અને તેમાંથી જ **'ઈર્ષ્યા'**, ક્રોધ, મત્સર અને અસૂયા ઉત્પન્ન થાય છે''*—આ વાત મહારાજે વચનામૃતમાં જણાવેલ છે.

*સત્સંગમાં રહેવા છતાં, તીવ્ર શ્રદ્ધા અને અતિશય ધર્મનિષ્ઠા હોવા છતાંય આવા સૂક્ષ્મ દોષો રહી જાય છે, તેના મૂળ કારણોમાં 'દેહાભિમાન' જ હોય છે અને 'સગાંવહાલામાં પ્રીતિ'*—તેમ શ્રીજી મહારાજ બતાવે છે.

*આવાં અનેક વિકારોનો રાજા **'મત્સર'** છે અને તેથી ય ભયંકર **'અસૂયા'** છે*—તેમ સંતવર્ય પ.પૂ. યોગીજી મહારાજે વચ. સા. ૮નું વચનામૃત સમજાવતાં વાત કરી હતી.

તો, આપણે સર્વેએ સંતસમાગમ કરીને આવા સૂક્ષ્મતર દોષો ટાળવા પ્રયત્ન કરવાની જરૂર રહે છે. તેનાં સ્વરૂપ ને લક્ષણો તપાસીએ.

માનમાંથી ક્રોધ અને ઈર્ષ્યા ઉદ્ભવે છે અને ઈર્ષ્યામાંથી મત્સર તેમજ અસૂયા ઉત્પન્ન થાય છે. શ્રીજી મહારાજે 'ઈર્ષ્યા'નું રૂપ અને લક્ષણ વચ. પ્રથમ ૭૧માં માતરા ધાધલના પ્રશ્નમાં તેમ જ વચ. સા. ૮માં ચૈતન્યાનંદસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ જણાવેલ છે કે—

*'જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહીં અને*

*તેનું ભૂંડુ થાય ત્યારે રાજી થાય.' વળી, 'પોતાથી જે મોટા હોય તો પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહીં અને યથાર્થ ઈર્ષ્યાવાળો જે હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે નહીં.'*

વળી 'મત્સર'નો અર્થ વચ. કારિયાણી ૬માં સમજાવતાં વાત કરી કે–

*'મત્સરવાળો તો કોઈ સેવા કરે અને કોઈ ગ્રહણ કરે તેમાં વગર લેવાદેવા ઠાલો બળ્યા કરે અને કોઈનો ય ઉત્કર્ષ ખમી શકે નહીં. કાંઈક સારી પ્રવૃત્તિ થતી હોય તોય બળ્યા કરે. માટે મત્સરવાળો 'સ્ત્રી, ધન ને રસાસ્વાદ' નિમિત્તે અભાવ અવગુણ લીધા કરે અને આ ઝીણો દોષ છે.'*

ઈર્ષ્યાવાળાની ખબર પડી જાય, તેથી સત્સંગમાં બધાં ચેતીને ચાલે ને ઓળખી રાખે. પણ મત્સરવાળાની ખબર પડે નહીં અને **'અસૂયા'** તો તેથી પણ ભયંકર દોષ છે કે જેની ખબર જ પડે નહીં અને સત્સંગમાં સેવા કરે, ભેળો રહે, ગુણ પણ ગાય અને છેવટમાં ગુણમાં દોષ દેખાડી દે અને નવા હરિભક્તને પાછો પાડી દે અને મોટા પુરુષનો સમાગમ કરવા ન જવા દે. આમ અસૂયાની ખબર પડતી નથી. જાણેઅજાણે એ સત્સંગમાં કુસંગરૂપે વૃદ્ધિ પામે અને છેવટે મોટા પુરુષ તેનું સ્વરૂપ ખુલ્લું પાડે ત્યારે જ સૌની જાણમાં આવે.

માટે, તેવા ઘસારાના શબ્દો બોલનારાથી ખૂબ ચેતતા રહેવું જોઈએ અને આવા કુસંગથી ભેળા રહી પાછા પાડી દે. તેથી બચવા માટે મોટા સંતને પ્રાર્થના કરવી કે જેથી ખરેખરાનો જ જોગ કરી આપે ને સત્સંગનું દિવ્ય સુખ પ્રાપ્ત કરાવે ને કોઈનાય અભાવમાં પડવા દે નહીં.

અસૂયાવાળા સંતો જૂનાગઢ મૂ.અ. મૂ. ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા (જતાં) ઘણા જ મુમુક્ષુઓને જવા દેતા નહીં. વળી સંતવર્ય શાસ્ત્રીજી મહારાજનો સમાગમ કરવા આવનારને પણ કહેવાતા ધર્મી અને ઉપર- ઉપરથી જ શિક્ષાપત્રીનું પાલન કરનારા ત્યાગીઓ, આવા સાચા સાધુતાના ગુણથી ભરપૂર મહાન સંતના (પહેલાં) ગુણ ગાઈ (પછી) દોષ દેખાડી દેતા ને કહે કે તેઓ બહુ સારા, પણ નોખા છે; તેથી જવાય નહીં. ભગવાનની પ્રસાદીની મૂર્તિઓ અહીં છે તે જ આપણે તો પકડી રાખવી ને સાધુને માનવા નહીં. વળી કોઈ કહે કે તેમની પાસે હજારો જાય છે ને બધાંને શાંતિ પમાડી, દોષો ટાળી ભગવાનની મૂર્તિનું દિવ્ય સુખ અપાવે છે. તો બહારના કહે કે તેઓ તો ઐશ્વર્ય બતાવે છે.

આમ, મોટા સાચા સંતોના ગુણ ગાઈ, બતાવી, દોષારોપણ કરી સમાગમ કરવા જવા દે નહીં, તે જ **'અસૂયા'**રૂપી દોષ કહેવાય છે. વળી મોટા હરિભક્તોમાં પણ અવગુણ પરઠાવી દે અને એકાદ દોષ હોય તે બહાર લાવી બીજા અનેક સદ્‌ગુણો હોય તેને ઢાંકી દેવરાવે અને પાછા પાડી દે.

* આપણા સત્સંગમાં આવા સૂક્ષ્મ દોષો અને વિકારો ટાળવા સરળ માર્ગ ગુરુવર્ય યોગીજી મહારાજે **'નિર્દોષબુદ્ધિ'** દૃઢ કરી ભગવાન ને સંતોના ગુણ ગાવામાં બતાવી દીધો છે. એમાં કાંઈ જ દાખડો પડે નહીં અને દેહ છતાં જ જીવ બ્રહ્મરૂપ થઈ ભગવાનની પ્રાપ્તિ કરી શકે.
* આવા અતિશય દયાળુ અને કૃપાળુ **'સંતવર્યને યથાર્થ સમજી, ઓળખી અને સેવી લઈએ'**, તો તેમની દૃષ્ટિથી વિકાર માત્ર વચ. મધ્ય ૭, ૬૩, ૨૮, અંત્યં ૨, પ્ર.૫૮ વગેરે મુજબ તત્કાળ ટળી જઈ એકાંતિકપણું દૃઢ થઈ જશે. તો સૌને એવી દિવ્ય ભાવના દૃઢ થાય એ જ સ્વામિશ્રીજીને નમ્ર પ્રાર્થના છે.
* અસૂયાને ટાળવા સંતને માર્ગે ચાલવું પડે અને **'કેવળ સંતની જ અનુવૃત્તિ'** પ્રમાણે દિવ્ય ભાવનાથી જીવન જીવે, તો મોટા સૂક્ષ્મ દોષો તત્કાળ ટળી જતા દેખાય છે.

તે, યોગેશ્વરોના દાખડા ઉપરથી હવે આપણને અંતર્દૃષ્ટિ કરવાનો મોકો મળ્યો છે ને નમ્રભાવે ગુરુ ચરણે બનતી સેવા કરી લઈ, આત્યંતિક કલ્યાણ સાધી લેવાનું છે. તો આવો સરળ, સુગમ અને સર્વોપરી માર્ગ સૌ કોઈ ગ્રહણ કરશે એ જ અભ્યર્થના.

* વળી, ઉદ્ધવજી માફક **'હરિભક્તોનો અપાર મહિમા'** સમજનારને પણ અસૂયા નડી શકતી નથી. તો, તે સાધન પણ સંતની કૃપા મેળવી સિદ્ધ કરી લેવું, જેથી જીવ અતિશય બળને પામી દિવ્યભાવ જ દૃઢ કરતો થઈ જાય છે.

આ સરળ ઉપાયો ગુરુજીએ બતાવેલા છે, તે દૃઢ કરવાનું બળ સૌને મળે એ જ પ્રાર્થના !

**—સપ્ટેંબર, ૧૯૬૧**

***

61

# યુગધર્મ, સ્વધર્મ અને બ્રાહ્મણત્વ

ભક્તપણું, સાધુતા કે નિર્માની સંતની સ્થિતિ એ દિવ્ય આધ્યાત્મિક ભૂમિકા છે અને માયિક દૃષ્ટિએ સમજાતી જ નથી. યુગપુરુષો પૃથ્વી પર વારંવાર પ્રગટ થઈ યુગધર્મો સર્જે છે. સમયાનુસાર સાચું બ્રાહ્મણત્વ પ્રગટાવી શકાય ને ભાગવત ધર્મ સિદ્ધ કરી શકાય, તે માટે સમૂળા ફેરફારો સૂચવી દરેકના સ્વધર્મો નક્કી કરી આપે છે, જેથી બ્રાહ્મીસ્થિતિ સુલભતાથી દેહ છતાં જ પ્રાપ્ત થઈ શકે.

આવી રીતે જ વર્ણાશ્રમધર્મ ને અતિથિધર્મને મોક્ષ સાથે કે આત્યંતિક કલ્યાણ સાથે જરાય સંબંધ નથી અને શ્રીજી મહારાજે પણ ભાગવતધર્મ પાસે આવા યુગધર્મોને તુચ્છ, અતિશય દુબળા અને આ લોક પુરતા જ ગણેલા છે. તે વચ. મધ્ય ૨૧, ૪૬, છેલ્લા ૨૧ વિચારી જોવાથી સ્પષ્ટ સમજાય તેમ છે. વળી અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ પણ પ્રકરણ ૧ની વાત-૧૮૬માં સોમવલ્લી પીનાર સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ હોય, છતાંય ભગવાનનો ભક્ત શ્વપચ હોય તેને અધિક ગણ્યો છે. શાસ્ત્રમાં યજ્ઞનો અધિકારી પણ તેવા ભક્તને જાતિ, વર્ણ કે આશ્રમને ગણ્યા સિવાય ઉત્તમ જ લેખ્યો છે. વળી શબરીના દ્રોહથી પાણીનું લોહી થવાથી, વર્ણાશ્રમધર્મના મહા અભિમાની ઋષિઓને રામચંદ્ર ભગવાને પોતે સરોવરમાં ચરણ બોળ્યા છતાંય ભક્તનો મહિમા બતાવવા નિરૂપાય થઈ શબરીની માફી મંગાવી, પ્રાર્થના કરાવી તેને રાજી કરી બોલાવી, ત્યારે લોહીનું પાણી બનેલ બતાવ્યું. પ.પૂ. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ તેમ જ ગુરુ કૃષ્ણજી અદાએ પણ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ અનાદિ મહામુક્તો પૂ. ભગતજી મહારાજ અને પૂ. જાગાસ્વામીમાં જાતિભાવ પરઠનારાને વચનદ્રોહી-ગુરુદ્રોહી ગણાવી, નરકના અધિકારી થશે તેમ સ્પષ્ટ જણાવ્યું છે ને તેમનામાં કેવળ દિવ્યભાવ જ કરવો ને શ્રીજી મહારાજને સર્વોપરી સમજી બ્રહ્મરૂપે ભજન કરવું. તેવો 'એકાંતિકધર્મ' સૌને માટે સુગમ કરી આપ્યો છે.

આવો અમૂલ્ય વારસો જાળવી, 'ગુણાતીત જ્ઞાન' સિદ્ધ કરી લેનારને ગુરુકૃપાથી સાચું 'બ્રાહ્મણત્વ' દેહ છતાં જ પ્રગટે છે. દિવ્યતા પ્રાપ્ત થાય છે ને ભગવાનનું જ સુખ અનુભવે છે. આ મંતવ્યોનું સમર્થન શાસ્ત્રો તેમજ યાજ્ઞવલ્કયની મીતાક્ષરા ટીકાના દાખલા નીચે મુજબ આપેલા છે; તે વધુ સ્પષ્ટતા કરી આપશે તો વિચારી લેવા વિનંતી છે.

યાજ્ઞવલ્કય સ્મૃતિ-મીતાક્ષરા ટીકાના આધારે જ આચાર વ્યવહાર અને પ્રાયશ્ચિત્તના આખરી નિર્ણયો કરવા તેમ શ્રીજી મહારાજે 'શિક્ષાપત્રી'માં ભારપૂર્વક જણાવ્યું છે. વળી શ્લોક ૧૨૦માં પણ દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય- એટલાને અનુસારે નિર્ણય કરવા કહેલ છે. જ્યારે જ્યારે સ્મૃતિઓનાં મંતવ્યો અને તે મુજબના સ્વધર્મોમાં શંકા ઉપજી, ત્યારે શ્રુતિના જ આધારે તેમજ મોટા પુરુષનાં વચનો જ માન્ય રખાય છે ને તેને જ સાચો 'ધર્મ' ગણેલો છે. ભાગવતધર્મમાં આવા સ્વધર્મો આડા આવે તો વચ. મધ્ય ૨૬માં તેને છોડી દેવા, ગૌણ કરવા કહીને, મહારાજે વચ. છેલ્લા ૧૧માં આત્મબુદ્ધિવાળા ભક્તને નિર્વિકલ્પ સમાધિ જેવો સુખિયો કરી દીધો છે ને સીતાજીની ગુણગ્રાહી બુદ્ધિને વખાણી છે. તેમ જ વચ. મધ્ય ૨૮, કારિયાણી ૯, છેલ્લા ૨ વગેરેમાં પણ પરોક્ષ જેવી પ્રત્યક્ષ સંત ને ભક્તોમાં દિવ્ય સુખ અને નિર્દોષબુદ્ધિને જ 'પરાભક્તિ' ગણાવી છે.

યાજ્ઞવલ્કયની મીતાક્ષરા ટીકા મુજબ ૩૦ સ્મૃતિઓ તથા અન્ય ઉપસ્મૃતિઓ મળી ૧૫૧માંથી મનુ, અગ્નિ, વિષ્ણુ, હરિત, ઉસનસ્, અંગીરા, યમ, કાત્યાયન, પરાશર, વ્યાસ, શંખ, દક્ષ, ગૌતમ, વિગેરેની ધર્મશાસ્ત્રની વ્યાખ્યાઓ સર્વમાન્ય પ્રતિપાદન થઈ છે. જુદા-જુદા અર્થો, રહસ્યો, ભાવાર્થો, તાત્પર્યાર્થો તેમ જ ટીકાઓ મુજબ છેવટી નિર્ણયો શ્રીજી મહારાજે યાજ્ઞવલ્કયની મીતાક્ષરા ટીકા મુજબ ધર્મશાસ્ત્ર માટે નક્કી કરવું તેમ જણાવેલ છે.

આ તો પરોક્ષની વાત. આપણે તો મહારાજ, સ્વામી અને પ્રગટ સંત કહે તે જ સાચો નિર્ણય અને તે મુજબ જે નિર્દોષભાવ દૃઢ કરે, તો બ્રાહ્મીસ્થિતિ જરૂર થાય તે નિર્વિવાદ છે. માટે ગુણના કે સાધનોમાં કે કર્તવ્યનાં ખોટાં અભિમાનો છોડી, પ્રગટ ભગવાન કે સંતમાં અત્યંત દિવ્યભાવ દૃઢ કરી, વિશ્વાસ

રાખી પોતાનું પાકું કરી લેવાની જરૂર છે. જીવને સત્સંગી બનાવી દેવાનું તાન રાખીએ, તો ગુરુ તો તત્કાળ દિવ્ય દૃષ્ટિ આપવા બેઠા જ છે. પણ ત્યાં જાતિનાં, ગુણનાં, દેહનાં અભિમાનો નડે, સગાંવહાલાંની પ્રીતિ નડે; તેથી માયિકભાવ ટળતો નથી ને ભક્તોના અભાવ અવગુણમાં પડી જવાય છે ને કામ પૂર્ણ થતું નથી.

શાસ્ત્રોમાં તો આધ્યાત્મિક પુરુષોને ચેતનાના પ્રવાહો ને નિર્ગુણ ભાવવાળા ગણ્યા છે. યાજ્ઞવલ્કય અને મનુએ 'બ્રાહ્મણ'ની ૧૫ જુદી જુદી જાતની વ્યાખ્યાઓમાંથી નિર્મત્સર ભક્તને સાચો 'બ્રાહ્મણ' ગણાવી વેદનો અધિકારી, યજ્ઞનાં ફળ આપનારો કલ્યાણકારી ગણાવ્યો છે; કારણ કે જન્મથી બ્રાહ્મણ હોય તેને અને બ્રાહ્મણત્વને કોઈ જ સંબંધ નથી. સ્મૃતિઓએ યુગધર્મો મુજબ બ્રાહ્મણની વ્યાખ્યા કરેલી છે, પણ શ્રુતિએ તેમ જ મોટા પુરુષોને રાજી કરનારા ગુણવાળા ભક્તોને પણ સાચા 'બ્રાહ્મણો' ગણ્યા છે. જેમ કે નારદ, વશિષ્ઠ, વિશ્વામિત્ર તથા વ્યાસને બ્રાહ્મણ ગણ્યા છે જ્યારે ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુરના પિતા બ્રાહ્મણ હતા છતાં ક્ષત્રિયો ગણાવ્યા છે. આમ વર્ણધર્મ, આશ્રમધર્મ, વર્ણાશ્રમધર્મ, ગુણધર્મ, નિમિત્તધર્મ અને સાધારણધર્મ વગેરેમાં પાપ-પુણ્યના, યોગ્યાયોગ્યના ઝઘડા થયા ત્યારે, યાજ્ઞવલ્કયે ને મનુએ શ્રુતિનો તેમજ આધ્યાત્મિક પુરુષનો અગર કોઈ ત્રણ વેદના જાણનારા કે ચાર ડાહ્યા બુદ્ધિશાળી શાસ્ત્રજ્ઞોની 'પરિષદ' ગણાવી, તેઓ તે પળે તે યુગને અનુરૂપ જે કહે તે વચન તે જ સાચો ધર્મ ગણાવ્યો છે. તે વાત આચારધર્મ શ્લોક ૯માં તેમ સુતપુરાણ ૩૦ તથા ૧૧મા અધ્યાય ૧૨ શ્લોકો ૧૦૮થી ૧૧૪માં સ્પષ્ટ જણાવેલ છે. હજારો બ્રાહ્મણો ન માને તો પણ, જે નિર્ણય પરિષદ કરે તે જ શ્રુતિના આધારે અને ભાગવતધર્મ કે મોક્ષના અધિકારીએ ગ્રહણ કરવો તેમ અનેક જગ્યાએ મિતાક્ષરી ટીકામાં ને મોક્ષધર્મના પુસ્તકમાં જણાવેલ છે. તો, બ્રહ્મરૂપ થવાની નિર્દોષબુદ્ધિની આવી સર્વમાન્ય ઉત્તમ વાત સિદ્ધ કરવમાં જે જે ગુણના માન, સાધનોના માન કે કર્તવ્યનાં માન અંતરાયરૂપ થતાં હોય, તેને સદંતર છોડી દઈ સાચા સંતને મન સોંપી જીવનો સત્સંગ કરી લેવાનો છે. કોઈનાય અભાવમાં ન પડતાં, આપણા જ દેહનો, જાતિનો ને સ્વભાવનો જ અવગુણ લઈ અંતર્દૃષ્ટિ કરી, ગુરુવર્ય પૂ. યોગીજી

મહારાજની સાચી અનુવૃત્તિ પ્રમાણે વર્તી લેવાનું છે ને તે જ સાચો સમાસ ગણાશે ને તે જ ખરેખરો સત્સંગ વધ્યો સૌ ગણશે.

આ અલૌકિક વાત આધ્યાત્મિક છે ને અનુભવી જ્ઞાનીઓ તત્કાળ સમજી શકે છે. તો, ગુરુમુખી બની તેવો જાણપણાનો– દિવ્યતાનો યોગ સર્વને સુલભ સ્વામિશ્રીજી બનાવે એ જ નમ્ર પ્રાર્થના છે.

–ઑક્ટોબર, ૧૯૬૧

જીવને અનાદિ કાળના અજ્ઞાનથી એવા પાશ પડયા છે કે તત્કાળ મત બાંધી ઉતાવળથી અભિપ્રાય આપી દે અને તેમાં વિચાર કે વિવેકને સ્થાન હોતું નથી. એટલે, અનંતગણું નુકશાન આપણને અને બીજાંઓને પણ થાય છે.

માટે કોઈ પણ બાબતમાં કોઈનું સાંભળીને, ઉપર ઉપરથી જોઈને કે કોઈના કહેવાથી પૂરી તપાસ કર્યા વિના, જરા પણ અભિપ્રાય આપવામાં ઉતાવળ કરવી જ નહીં અને ખોટો મત બાંધવો નહીં. તેમાં આપણી જ ભૂલભરેલી માન્યતાઓનું, ગ્રંથિઓનું કે અણસમજણનું જ પ્રતિબિંબ હોય છે.

જે કાંઈ મત કે અભિપ્રાય બાંધવો તે મોટા પુરુષના જ વચને અને સમાગમ કરીને પછી જ બાંધવો, તો જીવ અતિશય વૃદ્ધિને પામી જાય ને દેહ છતાં જ અક્ષરધામનું નિર્ગુણ સુખ પ્રાપ્ત કરે અને બીજાને પણ તે માર્ગે દોરી શકે. તેવું સર્વોપરી આ ગુણાતીત જ્ઞાન પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સર્વને અર્પવા તૈયાર થયા છે. તો તે માટેના અધિકારી બનવું એ જ સાચો સ્વધર્મ અને પુરુષાર્થ ગણાશે ને તો જ પરમપદના અધિકારી દેહ છતાં જ બનાશે.

સૌને પોતાના જ્ઞાન, અનુભવ અને ક્રિયા ઉપરથી, ઉપર- ઉપરનું જોઈને તત્કાળ મત બાંધવાની ટેવ પડેલી હોવાથી સાક્ષીભાવે, તટસ્થભાવે નિરીક્ષકભાવે જોવાની દૃષ્ટિ કેળવવી પડે છે ને તે મોટા સંતની કૃપા વગર બનતી નથી. તો સાચા સત્સંગીએ નિષ્કપટપણે કરીને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી લેવાની રહે છે.

–ડિસેંબર, ૧૯૬૧

62

# અર્જુન અને સુધન્વા

પ્રગટના ઉપાસકો માટે સ્વરૂપનિષ્ઠાની કરામત સમજવાનું કાર્ય અનિવાર્ય ગણાય છે. પરોક્ષ ભક્તિમાં સાધનોની પુષ્ટિ થતાં, સત્ત્વગુણનાં અહમો, ભાવનાઓ અને ગ્રંથિઓ ઘણી જ નડતી રહે છે. નિર્ગુણભાવમાં જવા માટે સાક્ષાત્ ભગવાન કે ભગવાનના મળેલા વડવાનળ અગ્નિસમા સંતની જરૂર પડે છે જ અને ત્યારે જ તેમના અનન્યભાવના આશરાથી અને સેવનથી સમાગમ કરતાં, 'કારણ તેમ જ મહાકારણ'ના અવ્યક્ત રાગો અને સ્વભાવો નષ્ટ થઈ શકે છે. સાધનો તેમ જ કર્તવ્યના રાગવાળા ભક્તો ઉપર-ઉપરથી ધર્મી અને મહાત્યાગી દેખાય, પણ જ્યારે અંતર્ગત વાત તપાસાય છે કે કોઈ દેશકાળ આવી પડે છે, ત્યારે સૌનાં સ્વરૂપો ખુલ્લાં થઈ જાય છે અને સર્વને ખુલ્લે ખુલ્લું દેખાઈ આવે છે કે દેખાતા ને કહેવાતા ધર્મીઓ, ત્યાગીઓ, તપસ્વીઓ કે ભક્તો સત્સંગમાંથી મોટાનો દ્રોહ કરતાં, છેવટે જતા રહેલા માલૂમ પડે છે. કોઈ વખત તો ભગવાન જ કે પ્રગટ સત્પુરુષ જ તેમનાં સ્વરૂપને ખુલ્લાં પાડી દે છે અને તેવો જ દાખલો અર્જુન તથા સુધન્વાની બાબતમાં પણ, પ્રગટના અભિપ્રાય પ્રમાણેની જ ભક્તિ ન સમજવાથી સુધન્વાનું માથું ઉડાડવાનો પ્રસંગ બને છે અને અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન સાથે ભજાવતા દેખાડે છે.

સ્વરૂપનિષ્ઠાની સાચી દૃઢતાની આ કરામત પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ પાસેથી સમાગમ કરીને શીખવી જ પડે છે, નહીં તો નિષ્ઠાવાળા ભક્તો કે જ્ઞાનીઓ કહેવાતા છતાં ય (તેમના) અંતરે સુખ, શાંતિ કે આનંદ વર્તતો લાગતો નથી અને વિક્ષેપોની પરંપરા દેખાઈ, બીજાંને પણ તેઓના પ્રસંગ કે વાતુથી જરા પણ સમાસ થતો નથી. તે કેવળ વાચ્યાર્થ જ્ઞાનમાં જ પરિણમે છે અને છેવટે સત્સંગનો ભીડો ન ખમાતાં અંદરોઅંદર અભાવ આવતા જીવ પાછો પડી જતો લાગે છે.

પરોક્ષમાં મહાન ભક્તો જેવા કે-નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતવાળા ભીષ્મપિતામહ મહાજ્ઞાની હોવા છતાં ય શ્રીકૃષ્ણ ભગવાનને ઓળખી શકયા નહીં અને

મહોબત નડવાથી જ્ઞાનમાં અજ્ઞાન આવી ગયું ને લડાઈમાં સામા પક્ષમાં ઊભા રહ્યા. વળી અતિશય ધર્મવાળા ધર્મરાજાને પણ પ્રગટ ભગવાનના આશીર્વાદ મળવા છતાં ય, કલ્યાણની પ્રતીતિ થઈ નહીં અને સંશય રહ્યા કર્યો ને ધર્મ અધર્મરૂપ બની ગયો. તેમ જ સુધન્વાની મહાન ભક્તિ વખણાતી - સૌ કોઈ તેને માન આપતા, પણ શ્રીકૃષ્ણ તથા અર્જુનનો અભિપ્રાય ન સમજી શકયા; તેથી ભગવાને પોતે જ તેમનું માથું ઉડાવી દેવરાવ્યું. **અર્જુનની આબરૂ લોકમાં બહુ હતી નહીં અને કોઈ તેમને સદાચારી પણ કહેતા નહીં, છતાં ય પ્રગટ ભગવાનનો અભિપ્રાય સમજી તેમના ખરેખરા થઈને રહ્યા, તો સર્વ ભયો, ત્રુટિઓ દૂર કરીને ભગવાને સાથે રાખી ભજાવ્યા** અને આપણને તેમના જેવા થવા જણાવ્યું અને તેમની સ્થિતિનાં વખાણ પાછળથી સૌ કરવા લાગ્યા.

આ કરામત મોટા સંતના સમાગમ થકી જ શીખી લઈએ, તો જ મોટાની કેવળ કૃપા થકી જ, અનુગ્રહ થકી જ સ્વરૂપનિષ્ઠા સિદ્ધ થાય છે, પણ સાધનોથી નહીં. નિર્દોષબુદ્ધિ પણ ત્યારે જ થાય છે ને દેહ છતાં જ જીવ બ્રહ્મરૂપ બની સાક્ષાત્ ભગવાનનો અખંડધારક નિર્ગુણ ભક્ત બને છે, જીવનમુક્ત થાય છે અને ભગવાનની જ અનુવૃત્તિ પ્રમાણે સૌને ભગવાનની પરાવાણી સમજાવી સૌને આત્યંતિક કલ્યાણના માર્ગે દોરી શકે છે.

આજ પણ પ્રગટ સત્પુરુષનો અભિપ્રાય સમજીને જે કોઈ હરિભક્તો સંતને અંતરથી રાજી કરી લેવાના દૃઢ સંકલ્પો કરી સમાગમ કરવા મંડે છે, તેઓ ઉપર સહેજ જ સંતનો રાજીપો થઈ, દેહ ને દેહનાં સગાંમાંથી પ્રીતિ તૂટીને પંચવિષયો ગૌણ બની જઈ, અંતરનું જગત સરળતાથી ખેરવી શકે છે અને મોટાની દૃષ્ટિ પડી જતાં કારણશરીરના ભાવો સદંતર ટળી જઈને દેહ છતાં જ પરમ સુખિયા થઈ જાય છે.

ઘણા સંતો ને હરિભક્તોએ આ માર્ગે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના પ્રસંગમાં આવી, ભીડો ખમી, તેમાં ગુણ જ લઈને મહાન પદવી પ્રાપ્ત કરેલ છે અને અત્યારે પણ નવા યોગેશ્વરોએ પણ સંતવર્ય યોગીજી મહારાજની આજ્ઞાથી તેમના વચને જ ત્યાગાશ્રમ પ્રેમથી સ્વીકાર્યો છે. તેઓના પણ જગતના ભાવો સરળતાથી ખરતા જાય છે, તે હવે નજરોનજર દેખાતું જાય છે. અભિપ્રાય પ્રમાણેની - મોટાની અનુવૃત્તિ પ્રમાણેની જ ભક્તિ કરવાની આ કરામત તેઓને જીવમાં દૃઢ

થતી ગઈ છે; તેથી દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ ભગવાનના દિવ્ય સુખના અધિકારી થવાને યોગ્ય બનતા જાય છે અને એકાંતિક ધર્મ પણ સિદ્ધ કરીને હજારો મુમુક્ષુઓને 'ગુણાતીતજ્ઞાન' સમજાવી સુખિયા કરશે, તેવા રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે.

તો સૌ કોઈ સંતવર્ય યોગીજી મહારાજની અનુવૃત્તિ પ્રમાણે અંતરનો અભિપ્રાય સમજી, તે કાર્યમાં કેવળ ટેકારૂપ જ બનશે તો ય સ્વામિશ્રીજી ને ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અત્યંત રાજી થઈ જશે ને પુરુષોત્તમનારાયણની દિવ્ય સેવાના અધિકારી બનાવશે.

આવી નિર્દોષબુદ્ધિ ને સુહૃદભાવ તે જ સાચું વર્તન ને તે જ સાચો પુરુષાર્થ સૌને દૃઢ થતો જાય એ જ પ્રાર્થના છે.

—જાન્યુઆરી, ૧૯૬૨



63

# જ્ઞાન અને વ્યવહાર

સવારે કથામાં બેસારતા અને આરતી થયા બાદ જુદા-જુદા કામોની વહેંચણી કરતા, જેથી સવારની વાતુનું ભાથુ મળી જાય ને મંદિરનું કામકાજ પણ ચાલુ રહે અને કોઈ ગમે તેટલી ક્રિયા કરે પણ તેમાં બંધાઈ જાય નહીં.

કેવળ સેવા કરે ને કથાવાર્તામાં ન બેસે, તો કોઈક પ્રસંગે શબ્દ લાગે અને દેશકાળે મતિ બદલાઈ જાય અને અભાવ અવગુણમાં પડવું પડે.

વળી જો કથાવાર્તા કરે અને ધ્યાનમાં બેસી રહે ને સેવામાં લાગુ ન થાય તો પણ દેહાભિમાન નડે અને નમ્રભાવે નાનામાં નાના હરિભક્તની સરભરા કરવાની આવે, ત્યારે મન પાછું પડે અને ક્ષોભ થઈ જાય.

માટે, જ્ઞાને યુક્ત સેવા અને ભક્તિ મહારાજ તેમજ સ્વામીએ ભારપૂર્વક જણાવ્યાં છે. તેવી મહાત્મ્યજ્ઞાને યુક્ત સેવાથી સર્વ પ્રકારે સત્સંગ વધતો જ જાય અને બધાંને જ અક્ષરધામનું દિવ્ય સુખ પ્રાપ્ત થતું જાય. મોટા પુરુષ પણ આવી મહિમાવાળી ભક્તિથી જ રાજી થાય છે અને તેમની કૃપાથી દોષોનું દર્શન થતાં, તેની ન્યૂનતા રહેવા માંડે ને સેવા કરતાં દોષો પણ ટળતા જાય. માટે બન્ને ય રીતોની કરામત કોઈક અનુભવી સત્પુરુષ પાસેથી સમાગમ કરીને શીખવી જ પડે છે ને તો જ દેહ છતાં અક્ષરધામનું સુખ પ્રાપ્ત થાય છે.

કોઈ ગામમાં પાણીની તંગી હોય ને ત્યાં વધુ વપરાય, તો બીજી વખત બોલાવે નહીં. વળી એકદમ જ આત્મજ્ઞાનની જ વાતો કરવા માંડે, તો જગત પ્રધાન જીવો પાછા પડી જાય ને સમૂળગા સત્સંગ મૂકી દે. માટે જેવો વાયરો ને વાતાવરણ તથા સમાજ, તેમ મહારાજે સૌની ય પુષ્ટિ થાય તેમ આ સત્સંગ સ્થાપ્યો છે. તે હવે આપણે તો જાળવી રાખવાનો છે. પણ જો બેદરકારી રાખીએ અગર ઉતાવળમાં વધારવાના પ્રયોગો કરીએ, તો પાછા પડવું પડે.

માટે, શાંતિથી ધીરજથી મોટા પુરુષના વચને જ તેમની રુચિ-અભિપ્રાય સમજી, પ્રથમ આપણે જીવને પાકો સત્સંગ કરાવી, ભગવાન કે સંતનો

મહિમા ગાઈએ, તો તેમના જ શુભ સંકલ્પના પ્રતાપે જ અનેક ગણો સત્સંગ વધી જાય. પણ, તે માટેની મોટી શરત 'નિર્દોષબુદ્ધિની' છે, તે શીખી લેવી પડે છે ને પછી સૌને ય દિવ્યાનંદ પ્રાપ્ત થતો રહેશે.

તો, આ વાત સુલભતાથી સિદ્ધ થાય એ જ સ્વામિશ્રીજીને પ્રાર્થના છે.

—ફેબ્રુઆરી, ૧૯૬૨

***

64

# શ્રી દાદુભાઈ પટેલે પ્રવચન કરતાં કહ્યું –

આજે શ્રીનગરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બેઠા. નવા રાજા, નવી ગાદી. અત્યાર સુધી કર્યું–કારવ્યું આ ભગવાન માફ કરે છે. ભારતે મુસ્લીમ સંસ્કૃતિ અને પારસી સંસ્કૃતિ સમાવી લીધી. ૧૭૫ વર્ષ ઉપર ભગવાન સ્વામિનારાયણે જ્ઞાન ફેલાવ્યું. આ જ્ઞાન ખૂબ ઊંચું છે. અનુભવસિદ્ધ વાત છે. આ જ્ઞાનનો અખતરો કરી જુઓ. પૂ. યોગીજી મહારાજ સાથે મન મૂકીને માથું તેમને સમર્પીને ૭૨ કલાક રહી જુઓ. અનુભવ કરાવી દેશે. પૂજ્ય યોગીજી મહારાજ આ જ્ઞાન ફેલાવી રહ્યા છે. આપણું જ્ઞાન સર્વવ્યાપક છે. ત્રણ તત્ત્વોનો સુમેળ આપણે ત્યાં છે. પૂ. યોગીજીએ નૈષ્ઠિક બ્રહ્મચારી જેવા ૫૧ યોગેશ્વરો કર્યા. પૂ. નંદાજી ભારતનું આયોજન કરી રહ્યા છે, તેમની પાસે મીનિસ્ટરો છે, અમલદારો છે. યોગીજી મહારાજની કલ્યાણ યોજનામાં ૫૧ યોગેશ્વરો છે. તેમની યોજનામાં આપણે ખરા દિલથી–તન, મન, ધનથી સહકાર આપવો પડશે.

આપણે બધાં એક જ મા-બાપના છીએ. આપણી પાસે ૭૦૦ મંડળો છે. સાહિત્ય પ્રચારમાં આપણે પાછળ છીએ. આપણો પ્રતાપ તથા મોટપ સ્વામિજીને લીધે જ છે. ગુણાતીત જ્ઞાન ફેલાવવાનું આવું એક મહાન આંદોલન પૂ. યોગીજીએ શરૂ કર્યું છે. આ જ્ઞાન થોડાક વર્ષોમાં આ યોગેશ્વરો દ્વારા પશ્ચિમમાં ફેલાશે. મોટા-મોટા રૅંગ્લરો સ્વામિજી પાસે શાંતિ માટે આવે છે. આવી શાંતિનો અનુભવ કરવો હોય, તો બાપા કહે તેમ કરવું.

–જુલાઈ, ૧૯૬૨

***

65

# સદ્‌ગુરુ સત્સંગી

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ ચાર પ્રકારના સત્સંગી બતાવ્યા છે. તેમાં છેલ્લા ૩૯(મા) વચનામૃત પ્રમાણે ઉત્તમ પ્રકારના સત્સંગી મોટા પુરુષનો પ્રસંગ રાખીને આત્મા-પરમાત્માના સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન દેહ છતાં જ સિદ્ધ કરે છે અને પ્રકૃતિપુરુષના કાર્યમાં મને કરીને માલ ન મનાય તેવો સાંખ્ય ગુરુકૃપાથી જીવમાં દૃઢ કરતા હોય છે ને અક્ષરધામનું દિવ્ય સુખ પ્રાપ્ત કરે છે. આવો ઉત્તમ સત્સંગ કરવા આ સાધુનો સમાગમ મળ્યો છે, જેમાં સ્વભાવ ટાળીને, મન-કર્મ-વચને સત્પુરુષની સેવા કરતાં સ્વરૂપજ્ઞાન જીવમાં ઉતરે છે અને સાધુતાના ગુણો પ્રાપ્ત થતાં, કદીય દેશકાળ લાગતો નથી અને મોટાના અભિપ્રાય પ્રમાણે જ સેવા-ભક્તિ થયે જાય છે. તે સદા સુખિયો બને છે. નિરંજનાનંદસ્વામીની જેમ બીજાંને પણ તે શાંતિ પમાડે છે.

સદ્‌ગુરુ હોય, પણ જ્ઞાની થાવું ને સાધુતા રાખવી, તે મોટાના અનુગ્રહ વિના બનતું નથી. ચૈતન્યાનંદસ્વામીનું મહારાજ રાખતા ને ક્રોધ ઘણો ; તેથી જાળવવા પડતા ને એક વખત મહારાજે પદાર્થ રાખવાની ના પાડી, તે મરવા તૈયાર થયા ને વગડામાં જતા રહ્યા. પણ જ્યારે બાળમુકુંદસ્વામીની વાતુ સાંભળી ત્યારે બોલ્યા જે–

*'હું બાર વરસ ગુરુ રહ્યો ને બાર વરસ સદ્‌ગુરુ રહ્યો, પણ સત્સંગી તો આજ થયો.'*

તેમજ અક્ષરાનંદસ્વામી વડતાલની મહંતાઈ કરતા પણ મનધાર્યું ન થયું તેથી ખૂબ મૂંઝાયા અને જૂનાગઢે ગયા ત્યારે સ્વામીની વાતુ સાંભળીને બોલ્યા કે–

*'સત્સંગ તો આજ સમજાયો અને અહીં આવીને હવે સત્સંગી કે સાધુ થયો ને ખરેખરી શાંતિ થઈ ગઈ.'*

વળી સાધુ સમાગમ પણ વિચાર્યા વિના કરે તો સ્વભાવ નડયા કરે ;

તે વૈરાગ્યાનંદને હરિયાનંદ ટકયા નહીં. વિશુદ્ધાત્માનંદસ્વામી વિદ્વાન ને સભાજીત હતા, પણ માનભાનું અપમાન કર્યું. તે સ્વામીએ એટલું જ કહ્યું કે 'એમ ન કહેવું'; એટલામાં તો ન કહેવાય તેવાં અપાર વચન કહ્યાં, પણ સ્વામીએ તે ગણ્યાં નહીં ને પછી તેમને ઘણો પશ્ચાતાપ થયો ને ગઢડે વયા ગયા. મોટા-મોટા હરિભક્તો ને શિવલાલ શેઠ તથા અભેસિંહ દરબાર સંત સમાગમમાં રહેતા. તેમને પણ સ્વામી સ્વભાવ ઉપર વાતો કરીને જીવને શુદ્ધ કરી, ઉત્તમ પ્રકારના સત્સંગી-જ્ઞાની બનાવતા. જે કાર્ય કોટિ કલ્પે પણ બની શકે તેવું ન હતું, તે સાચા સત્પુરુષ જોતજોતામાં કરી દેતા એવો અલૌકિક પ્રભાવ સમાગમમાં રહેનારાને જણાઈ આવ્યો છે. તેવો દિવ્ય જોગ આજ પણ આપણને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય યોગીજી મહારાજના સમાગમનો મળ્યો છે. તેથી વ્યવહાર ખપ પૂરતો કરીને આવા ઉત્તમ જ્ઞાનને સિદ્ધ કરવા પ્રસંગમાં આવી જવાની જરૂર છે. પાત્ર બનતાં આશીર્વાદ થઈ જાય છે, ત્યારે સાચું રહસ્ય સમજાય છે ને ત્યારે જ મોટાના અભિપ્રાય પ્રમાણેની પરાભક્તિ થઈ શકે છે ને પરમાનંદ પ્રાપ્ત થાય છે.

શ્રીજી મહારાજને બુદ્ધિવાળા ઉપર હેત થતું ને તેમને વિચારવાળી સમજણની દઢતા કરવાનો સમાગમ સાનમાં સમજાવી દેતા. પણ મંદિરોની ક્રિયાઓમાં ઘણા બંધાઈ જતા. તેથી અતિ મોટા પુરુષનો સમાગમ કરવા એક માસ દરેકને જુનાગઢ જવાની આજ્ઞા કરેલી, જેથી મોટાના પ્રસંગમાં સ્વભાવનું દર્શન થતાં, જીવની કસરો નીકળી જઈ શકે.

આજ પણ તેવા દિવ્ય પુરુષ પૂજ્ય યોગીજી મહારાજનો સમાગમ સહેજે સાંપડયો છે ને તેઓએ કેવળ દયા કરીને આપણને મોજ આપી છે. તો આત્યંતિક કલ્યાણ આ દેહે સિદ્ધ થઈ જાય તેવો ઉત્તમ પ્રકારનો અક્ષરપુરુષોત્તમના સાચા જ્ઞાનનો સત્સંગ કરી લેવાનો છે ને મોટાના અંતરના રાજીપા વિના બીજરૂપે રહેલા સૂક્ષ્મ દોષોના ભાવ કે પાશ જતા જ નથી ને તેથી જીવ બ્રહ્મરૂપ થતો નથી. માટે, આજ સુલભતા કરી આગ્રહ કરીને મુક્તાફળ આપે છે, તો અખંડ ટકી રહેવાની પાત્રતા આપણામાં આવે એ જ નમ્ર પ્રાર્થના છે.

મહારાજે વચ. મધ્ય ૪૫ ને લોયા ૭માં સર્વેને જણાવ્યું છે કે

*'આચાર્ય હોય, ભગવાનના દીકરા હોય કે સદ્‌ગુરુ હોય, પણ બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મની સેવાના અધિકારી બનાશે નહીં.'*

**સ્વામીએ જુનાગઢમાં બસો જણાને બ્રહ્મવિદ્યા સિદ્ધ કરાવી હતી, તેથી તે બધા સમાગમમાં આવનારાને શાંતિ કરી દેતા ને પોતે મૂર્તિનું સુખ લેતા. તે જ વારસો ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે આપણને પણ વગર દાખડે આપ્યો છે. તો હવે, તેવા જ્ઞાનના અધિકારી થવાના રૂડા આશીર્વાદ સૌને સાંપડે એ જ અભ્યર્થના !**

**—ઑગષ્ટ, ૧૯૬૨**



66

# અમૃતસમા સત્સંગસાગરમાં ભરતી અને ઓટ

આ સત્સંગ જેવો છે તેવો ઓળખાય નહીં અને ઓળખાય તો કોઈ કરે નહીં. કોઈ શૂરવીર સત્સંગ કરે, તો જેવો સત્સંગ છે તેવો થાય નહીં અને કોઈને થાય તો જાળવવો અતિ કઠણ પડે. તે તો મોટા પુરુષની દૃષ્ટિ હોય તો જ અલૌકિક સત્સંગ જળવાય, નહીં તો ગાંડો થઈ જાય કે બહેકી જાય.

શ્રીજી મહારાજે પણ વચ. છેલ્લા ૩૯માં આવા ઉત્તમ પ્રકારના સત્સંગીનું લક્ષણ સ્પષ્ટ બતાવ્યું છે. આત્મા તથા પરમાત્માના સાક્ષાત્ સ્વરૂપજ્ઞાનના અનુભવીને જ વચ. લોયા ૧૨ મુજબ તેવો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ થાય છે ને તે પણ સાચા પ્રગટ સત્પુરુષની કેવળ કૃપાથી જ શક્ય બને છે. તે સનાતન સિદ્ધાંત અને મજકૂર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ તેમજ મહારાજે વચનામૃત તેમજ સ્વામિશ્રીની વાતુમાં સમગ્ર શાસ્ત્રોના સારરૂપે અને રહસ્યોના પરમ રહસ્યરૂપે પ્રતિપાદન કરેલ છે. તે સમજાય ત્યારે જ જીવ બ્રહ્મરૂપ બની, પરબ્રહ્મસ્વરૂપમાં સદાને માટે દિવ્યરૂપે જોડાઈ શકે છે અને ત્યારે જ ભરતી અને ઓટ સમી જઈ, સાગરની ગંભીરતા, ગહનતા, વિશાળતા અને મધ્યમાં ઊંડે ઊંડે રહેલી અખંડ સ્થિરતા તથા સ્થિતપ્રજ્ઞ દશા પ્રાપ્ત થાય છે.

આવી ગુણાતીત સ્થિતિમાં કોઈ જ દ્વંદ્વો, વિષમતાઓ, વૃત્તિઓના વેગો, ગુણોના પ્રવાહો કે કુસંગ કે અવળા પક્ષના અગર ભૂંડા પ્રારબ્ધોના થરોને લેશમાત્ર સ્થાન મળતું નથી અને અખંડ પરમાનંદ અનુભવાઈ પળેપળે ઊભરાતા પ્રવાહો અને દેશકાળાનુસારનાં ભરતી કે ઓટ સદંતર બંધ થઈ જાય છે. નદીઓ દરિયાને મળે ને ધુધવાટા શમી જાય છે તેમ જ, કર્તવ્યનાં કે ભાવનાનાં પૂર સાચા સત્પુરુષને યથાર્થ ઓળખતાં સદાને માટે વિલીન થઈ જાય છે અને છેવટમાં ગુરુકૃપાથી અક્ષરધામના નિર્ગુણ સુખની પ્રાપ્તિ સિદ્ધ થાય છે.

સત્સંગસાગરના આવા ભરતી અને ઓટના પ્રવાહોના સ્વરૂપનાં લક્ષણો વિચારીએ તો દેશકાળે આવી જતી મૂંઝવણો કે ઉપાધિઓમાં પણ

અચળમતિ રહીને અખંડ આનંદ, સુખ ને શાંતિમાં ફેરફાર પડતો નથી અને જીવાત્મા કસોટીમાંથી પસાર થઈને, તેમાંથી તવાઈને શુદ્ધ સ્વરૂપે બહાર આવી, પરમાત્માનો ધારક બની જાય છે અને નિર્વિકલ્પ સ્થિતિમાં અખંડ રહી શકે છે.

ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કે નિરૂત્થાન નિશ્ચય તથા મહિમાનો જે દિવ્યવિગ્રહપણાનો કે પ્રગટ સ્વરૂપની ઓળખાણનો ઠરાવ જીવમાં દૃઢ થયો હોય છે, તે નીચેનાં જુદાં જુદાં બળો કે પ્રવાહોના કારણે બદલાવા પામે છે, હચમચી જાય છે ને ભરતી કે ઓટ રૂપે જીવનમાં દેખાય છે. ત્યારે, મોટાપુરુષના સમાગમમાં રહેનારને તેની જાણ થતાં સત્સંગમાં નિષ્ઠાની રક્ષા થતી જાય છે અને સાચા સંત તે જીવાત્માને ભગવાનના સંબંધમાંથી કદીયે પડવા દેતા નથી. પણ જો મોટાપુરુષને વિષે જ સતત મનુષ્યભાવ લેતો જાય, તો છેવટે તે જીવ અસુરભાવને પામી જાય છે ને ભગવાન પણ તેની રક્ષા કરતા નથી. માટે પ્રગટ સ્વરૂપને વિષે નિષ્ઠાની ખીલી તો પાકી જ કરવી પડે છે ને તો જ સત્સંગમાં સારધાર પાર પડી શકાય છે.

(૧) **આશરો અને ગુલાબી સત્સંગ :** શુરૂઆતમાં આ સત્સંગ ગુલાબી લાગે છે. મનોરથો પૂર્ણ થવાથી આનંદ આવે છે ને ઉત્સાહ અને વેગ ઘણા જ રહે છે; પણ ઈંદ્રિયોમાં જ નિશ્ચય હોઈ આશરો દૃઢ રહેતો નથી,
તેથી સંકલ્પો પૂર્ણ ન થાય ત્યારે ભગવાન કે સંતમાં મનુષ્યભાવ આવે છે અને તે જીવ પાછો પડી જાય છે.
પરચા ઉપર જ નભનાર સત્સંગીનું આવું બને છે. જો આશરો દૃઢ હોય તો જ નભી જાય છે. કથાવાર્તાનું અંગ ન હોવાથી મનના કુતર્કોનું સમાધાન શક્ય બનતું નથી અને પતિવ્રતાભક્તિની દૃઢતા જળવાતી નથી; તેથી કાળ, કર્મ ને માયાના થરમાં લપટાઈ જાય છે.

(૨) **નિષ્ઠાની ખીલી અને અલૌકિક સત્સંગ :** દૃઢ આશરાવાળા ભક્તોની કસોટી દેશકાળે થતી જાય છે અને ભગવાન કે સંત તેમની અખંડ રક્ષા કરતા હોય છે, તેથી સત્સંગમાં નભાય છે. પણ, પ્રારબ્ધના થરોમાં કે કુસંગના જોગમાં અચળ મતિ ડગી જવાથી હઠ, માન, ઈર્ષા, મત્સર, અસૂયા વગેરે વિકારો નડે છે અને અભાવ-અવગુણમાં પડી જવાય છે ને સત્સંગ છોડી દેવાનું-શુષ્કતા જેવું વાતાવરણ ઊભું થવા પામે છે. નિષ્ઠાવાળા ભક્તોના મનોરથો ભગવાન પૂર્ણ કરે છે ને અલૌકિક ઐશ્વર્ય પણ અર્પે છે; પણ, મનધાર્યું

ન થાય ત્યારે અંદરોઅંદરના સત્સંગના અભાવ-અવગુણને લઈને અમાવસ્યા જેવું અંતર થઈ જાય છે. હજી જગતના ભાવો, ગુણોના વેગો ને સ્વભાવો દેશકાળે નડતા હોય છે; તેથી ભરતી ને ઓટ આવી જાય છે ને માનરૂપી દોષ જો નડે, તો સત્સંગ પણ મૂકી દે છે. તેવા ઘણા દાખલા મહારાજના વખતમાં બનેલા સૌની જાણમાં છે. આવા પ્રસંગે મોટાના પ્રસંગવાળા જ પાર ઊતરે છે અને તેથી જ મહારાજે **'સંતનો કે સાચા ભગવદીનો પ્રસંગ તે જ ખરો સત્સંગ છે'** તેમ ભારપૂર્વક જણાવ્યું છે, જેથી દેશકાળે કે કુસંગ ને પ્રારબ્ધના થરમાં પણ રક્ષા થઈ જાય છે ને જીવ પાછો પડતો નથી. અંતઃકરણમાં નિશ્ચય હોય છે તે હવે દૃઢતાને પામી, જીવમાં થાય છે ને ભરતી ને ઓટ સમી જાય છે.

(૩) **આત્મબુદ્ધિ અને પ્રીતિ :** મોટા-મોટા પરમહંસોને તથા નિષ્ઠાવાળા મહાજ્ઞાનીઓ, તત્ત્વજ્ઞો અને સદ્‌ગુરુઓને મૂંઝવણો અને વિક્ષેપોરૂપી ભરતી ને ઓટ દેશકાળે આવી જાય છે. તેનાં મુખ્ય કારણો તો ભગવાનનો અપરંપાર દિવ્ય મહિમા સમજવાની ખામી અને તેમના સંબંધવાળામાં મનુષ્યભાવ આવી જાય છે તે છે. જેમ – બ્રહ્માનંદસ્વામીએ પ્રથમ ૨૪ ને પ્રથમ પદમાં જ્ઞાની, ભક્તિવાળો કે ત્યાગીને મહારાજ વશ વર્તતા હોય ને નિશ્ચય પણ પૂર્ણ હોય ને મન પણ સ્થિર થએલ હોય, છતાં ય હૈયું સુનું રહે છે અને અખંડ અહોહોપણું નથી રહેતું તે વાત સ્પષ્ટ વર્ણવી છે. તે વિચારવા જેવી છે. ગુણના માનને લઈને એક જ કોશનું પાણી માંડ માંડ થાય છે, પણ નિર્માની ભક્તની જેમ પાતાળ કૂવા જેવી સ્થિતિ થતી નથી.

મહિમાની ખામી અને સંબંધવાળામાં દિવ્યભાવ જોવાતો નથી, તેથી નિષ્ઠાનું બળ વધતું નથી. માટે જ વચ. મધ્ય ૨૮, ૬૩, ૭ ને છેલ્લા ૨, ૭, ૧૧, ૩૯ વગેરેમાં પ્રગટ સ્વરૂપને વિષે દિવ્યભાવ દૃઢ કરી, મહાત્મ્ય જ્ઞાનવાળી ભક્તિ સિદ્ધ કરવા ને આત્મબુદ્ધિ ને પ્રીતિ દૃઢ કરી નિર્વિકલ્પ સમાધિનું અખંડ સુખ લેવા ઉપર જ મોટા પુરુષ દોરવણી આપતા હોય છે

અને

લોક, ભોગ, દેહ ને અવળા પક્ષે પ્રગટની ભક્તિમાં કોઈ જ વિઘ્ન નડે નહીં તેવી ભજનની રીત શીખવી દે છે. તેથી આવા ભક્તોને

ઉપર ઉપરથી ભરતી ઓટ આવતા હોય, પણ અંતરે તો અખંડ સુખ, શાંતિ ને આનંદ જ અનુભવાતાં હોય છે ને તેના એકાંતિક ધર્મની રક્ષા ભગવાન જ કરતા હોય છે.

સાધનોથી આવી નિર્દોષબુદ્ધિ દૃઢ થતી જ નથી,
પણ મોટા પુરુષની સેવા ને પ્રસંગથી જ કૃપા થતા
દોષો ટળતાં જાય છે ને સત્સંગ દિવ્ય મનાય છે
ને
ત્યારે જ સમગ્ર આવરણો, વિક્ષેપો ને મૂંઝવણોનો અંત આવી જાય છે
અને
ભગવાનની ઈચ્છા એ જ તેનું પ્રારબ્ધ બને છે
અને
અખંડ દિવ્ય સુખ જ ભોગવે છે ને પ્રાપ્ત કરે છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ આવી બ્રાહ્મીસ્થિતિ સૌને કરાવવા જ ગામોગામ વિચરે છે ને નિર્દોષભાવે સેવનારને કૃપાદૃષ્ટિથી તત્કાળ બળ અર્પી, ભગવાનના અલૌકિક સુખના અધિકારી બનાવે છે.

આવી અક્ષરધામની મોજ આવા દયાળુ પુરુષ સૌને ય અર્પણ કરવા તત્પર થયા છે, તો તેમનામાં દિવ્યભાવ દૃઢ કરી અક્ષરપુરુષોત્તમની સાચી નિષ્ઠાનો ઠરાવ પાકો રાખી, અનુવૃત્તિ પ્રમાણે વર્તી લેવાનું બળ મળે
ને
સૌ આ લોક પરલોકમાં સદા સુખિયા થાય એ જ સ્વામિશ્રીજીને પ્રાર્થના છે.

—સપ્ટેંબર, ૧૯૬૨



67

# દિવ્યતાનો સ્વાનુભવ અને 'અક્ષરમત'ની સર્વોપરીતા

શ્રીજી મહારાજે વચનામૃતમાં સાચા સંતનો જ અપરંપાર મહિમા સમજાવ્યો છે. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીને વચ. મધ્ય ૭ તેમજ મધ્ય ૬૩, વડતાલ ૫,૧૦,૧૧, છેલ્લા ૨,૩૯ વગેરેમાં તથા છેલ્લા ૨૬ અને પ્રથમ ૨૭માં વડવાનળ જેવા પરમ ભાગવત સત્પુરુષને જ બતાવ્યા છે કે જેથી સર્વ વિકાર માત્ર **'તત્કાળ'** ટળી જાય અને જીવ અતિશય બળીયો થઈ, નિર્વાસનિક બનીને દિવ્યતાનો, પ્રભુતાનો, પ્રગટ સ્વરૂપના અંતર્યામીપણાનો-સર્વજ્ઞપણાનો સ્વાનુભવ કરીને, દેહ છતાં જ પરમપદનો અધિકારી બની શકે. આ માટેની અનિવાર્ય શરત, સર્વ સાધનોના અંતિમ સર્વોપરી સાધન તરીકે, અતિ મોટાપુરુષનો શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકનો સમાગમ અને કૃપા જ બતાવ્યાં છે. વળી ધામ, ધામી અને મુક્તોનાં સ્વરૂપને જ સનાતન સત્યસ્વરૂપો માની, મધ્ય ૨૪ મુજબ ચોખ્ખો પાટલો કરનારને જ આવા દિવ્યાનંદની પ્રાપ્તિ સરળતાથી થઈ શકે છે અને તે માટેનો સર્વમાન્ય સર્વશ્રેષ્ઠ વેદોક્ત માર્ગ, વચ. પ્રથમ ૨૧, ૭૧ અને ૬૩ તેમ જ મધ્ય ૩૦, ૩૧ વગેરે વચનામૃતોના સિદ્ધાંત રૂપે, ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે તેમ જ ગુણાતીત બાગના મહાન સંતોએ ખુલ્લો મૂકી 'અક્ષરમત' મૂર્તિમાન સ્વરૂપે બતાવી દીધો છે.

તે જ આ ગહન રહસ્યોનું રહસ્ય 'અક્ષરબ્રહ્મ'ની પ્રગટપણાની વાત માનવજીવન માટેની સર્વોત્તમ બક્ષીસ છે

અને

તે જ રહસ્ય શ્રીજી મહારાજે સંતોને પણ ભક્ત ચિંતામણિમાં પોતાનું સ્વરૂપ ચૈતન્યરૂપ માની ભજવા પર ભાર મૂકીને જણાવ્યું છે ને શિક્ષાપત્રીમાં પણ ૧૧૬ શ્લોકમાં બ્રહ્મરૂપ થઈને જ પરબ્રહ્મની સેવા કરવાનો સિદ્ધાંત બતાવ્યો

છે. તે જ દિવ્ય જીવનના સ્વાનુભવો સરળતાથી જીવનમુક્તોના આ સંપ્રદાયમાં સૌને થતા રહ્યા છે ને સંતવર્ય યોગીજી મહારાજ થકી થતા જ રહે છે. તે વાર્તા હવે સૌએ પ્રેમથી, વિવેકથી પોતે પાકી સમજી લઈને, અન્યને પણ સમજાવી સદા સુખિયા થવા તરફ દોરવાના છે ને તે જ 'પરમ સેવા' ગણાશે તેમ ગુરુ પણ કહે છે.

આપણા સર્વેના જીવનમાં દિવ્યતાના અતિ મોટા પુરુષના અંતર્યામીપણાના, સર્વજ્ઞપણાના ને શ્રીજી મહારાજ અખંડ તેમના થકી દિવ્ય કાર્યો કરતા જ રહે છે તેવા સ્વાનુભવો સૌ સૌની શ્રદ્ધા અને વિશ્વાસ મુજબના થતા જ રહ્યા છે ને થયે જાય છે. જીવાત્મા તે બળને પણ પામતો લાગે તેવા દિવ્ય અનુભવો અને પ્રગટપણાની પ્રતીતિ અન્ય મુમુક્ષુને પણ સરળતાથી કેવી રીતે થઈ શકે અને આ સર્વોપરી 'અક્ષરમત'ના તત્ત્વજ્ઞાનનો લ્હાવો જીવનમાં કેવી રીતે માણી શકે તે રહસ્યવાર્તા સંતવર્ય યોગીજી મહારાજે સંતમંડળને કથાવાર્તામાં સમજાવેલી છે.

તે મુજબ બહારના મુમુક્ષુઓ પણ આ 'ગુણાતીતજ્ઞાન'નો લાભ લઈ શકશે ને દેહ છતાં જ અક્ષરધામનું નિર્ગુણ સુખ પ્રાપ્ત કરી શકશે ને તેવી નિષ્ઠાની પ્રવૃત્તિ કરવામાં ગુરુજીનો પણ રાજીપો મેળવી શકશે. તો, તે સૌને ય સુલભ બને તે જ નમ્ર પ્રાર્થના છે.

—ઑક્ટોબર, ૧૯૬૨



68

# દિવ્યતાનો અનુભવ અને અક્ષરમત (૧)

સામાન્ય દિવ્ય અનુભવો અને અમાયિક આધ્યાત્મિક અનુભવો તદ્દન જુદી જ પ્રકારના હોય છે અને તે બન્નેમાં ફળભેદ પણ ઘણો જ છે. જેમ સાધનાત્મિકા ભક્તિ અને સાધ્યાત્મિકા ભક્તિ અગર ચતુર્ધામુક્તિ અને સધમુક્તિમાં ઘણો જ તફાવત છે, તેમ જ સામાન્ય કક્ષાના સાંખ્યના, યોગના, તપના, વૈરાગ્યના, ભક્તિના અનુભવો અને સનાતન દિવ્ય સ્વરૂપના માયા પરના આધ્યાત્મિક અનુભવોમાં અતિશય ફેર છે અને ફળભેદ પણ ઘણો જ છે. માટે તે બન્નેને એક જ કક્ષામાં ઘણાં સમજી લે છે તે અજ્ઞાન છે.

સાચા સત્પુરુષના સમાગમથી જ તેવી કસરો અને ક્ષતિઓ સરળતાથી દૂર થઈ શકે છે. સ્વપ્રયત્ને ગમે તેટલા સાધનો કરીએ, તો પણ માયા પરનું જીવતદાશ્રિત અનુભવ જ્ઞાન જે વચ. લોયા ૭, પંચાળા ૭, પ્રથમ ૨૪ વગેરેમાં જણાવેલ છે, તે સિદ્ધ થઈ શકતું જ નથી. માટે જ, સામાન્ય અનુભવોને આવા અતિ ગહન ગુરુગમ્ય જ જ્ઞાન સાથે સરખાવવા તે મહાન ભૂલ છે – તે પ્રગટના ઉપાસકો પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સાન્નિધ્યમાં તત્કાળ સમજી જાય છે. 'સાચા સત્પુરુષ વિના માયા પરની વાત જીવમાં ધારી શકાતી નથી', એ સિદ્ધાંત સત્ય સમજીને સાચા સત્સંગી નીચેનાં સામાન્ય અનુભવોથી દિવ્યતાનું કે ભગવાનનું પ્રગટપણું માન્ય રાખતા નથી.

(૧) **જડતાના સ્થૂળ અનુભવો :** તામસી પ્રકૃતિવાળા શક્તિના ઉપાસકો બળ મેળવે અને અવનવા બાહ્ય ઉપચારો કરી બતાવે, અગ્નિ પર ચાલે, પાણી પર ચાલે, જમીનમાં દટાઈ રહે, ભૂખ્યા રહે, વગેરે સ્થૂળ તપના પ્રકારો ઇંદ્રિયોના નિગ્રહથી ઊંચી કક્ષાના નથી.

આવા પ્રકારોમાં વહેમી માણસો લલચાઈ જાય છે. જાદુગરો, ભૂવાઓ અને તપસ્વીઓ 'મહાક્રોધી રહી' શ્રદ્ધાળુ ભાવિકજનોને ઊંધે રસ્તે જ દોરી જાય છે ને કલ્યાણ તો થતું જ નથી.

**(૨) મનોમય અને પ્રાણમય કોષોના બૌદ્ધિક અનુભવો :** કેટલાક દેવોની ઉપાસનાથી કર્મકાંડી ભક્તો સંકલ્પ સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય છે અને મોટા-મોટા બુદ્ધિશાળી સમુદાયને પણ આંજી નાખતા લાગે છે અને વ્યવહારિક કાર્યો તત્કાળ સરળ બનાવતા લાગે છે. પણ આમાં સત્ત્વગુણ સુધી જ પ્રાપ્તિ કરી શકાય છે અને ઐશ્વર્યોમાં લોભાવાથી ભગવદ્‌નિષ્ઠા થઈ શકતી નથી. એકાંતિક ધર્મ સિદ્ધ થતો નથી. ઉપાસના જેટલી હોય તેટલી પ્રાપ્તિ થાય છે, પણ ભગવાનના આશરા વગર 'પરાભક્તિ'ના અધિકારી થતા નથી.

**(૩) અલૌકિક આશ્ચર્યો અને ઐશ્વર્યોના અનુભવો :** ભગવાન કે તેના અવતારોના સંબંધવાળાઓને જેમ શ્રીરામ કે શ્રીકૃષ્ણના પ્રસંગોમાં અર્જુન, સુદામા, જસોદામાતા, અક્રુર, દ્રૌપદી, કુંતાજી, હનુમાન, ગોપીઓ, જનક, શુકજી,ઉદ્ધવજી વગેરેના જીવનોમાંથી અવનવા અનુભવો જાણવા મળે છે ને નિર્ગુણ ભાવનાઓ પ્રગટ થતી દેખાઈ છે. તેમાં સનાતન ધર્મનું, ભાગવત ધર્મનું, અનુભવ જ્ઞાનનું બીજ સમાયેલ છે.

તે શ્રીજી મહારાજે સર્વને માટે આધ્યાત્મિક અનુભવોની પરંપરા રૂપે પાંચસો પરમહંસો થકી સદાને માટે સરળ બનાવી દીધેલ છે ને તેવા દિવ્ય સ્વરૂપનું અખંડિત પ્રગટપણું પણ આત્યંતિક કલ્યાણને માટે ખુલ્લું કરી દીધેલ છે કે જ્યાં દિવ્યતાના સાચા અનુભવો સરળતાથી થઈ શકે છે.

તે જ આ **'અક્ષરમત'**ની સર્વોપરિતા સિદ્ધ કરવામાં એક વિશિષ્ટ લક્ષણ છે, જેથી કલ્યાણનો, પ્રભુને દેહ છતાં જ પામી બ્રહ્મને પરબ્રહ્મના સાક્ષાત્ જ્ઞાનનો અનુભવ સૌ કોઈ શ્રેયાર્થી મુમુક્ષુ કરી શકે અને અન્યને પણ તે માર્ગે ગુરુ કૃપાથી દોરી શકે.

**—નવેંબર, ૧૯૬૨**



69

# દિવ્યતાનો અનુભવ અને અક્ષરમત (૨)

મૂળમાં આવા અનુભવજ્ઞાનીને બ્રહ્મ તેમ જ પરબ્રહ્મના સ્વરૂપજ્ઞાનમાં અગર માહાત્મ્યસહિત ભક્તિથી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરનારમાં મતભેદ હોતો જ નથી અને તેવા જ્ઞાનમાર્ગની સ્થિતિ સાચા સત્પુરુષ થકી જ સિદ્ધ થઈ શકે છે, તે સિદ્ધાંતમાં પણ ફેર પડતો નથી. બાહ્યસ્વરૂપે તે અંગેનાં કલ્યાણનાં સાધનો તેમ જ રીતિઓમાં ફરક રહે, પણ હેતુ અને આત્યંતિક કલ્યાણનું સ્વરૂપ ને સાધનાનો માર્ગ એક જ છે અને તે સ્વરૂપજ્ઞાનનો અનુભવ પણ એક જ રીતનો-સાધુતા સિદ્ધ કરાવી જીવને બ્રહ્મરૂપ કરી પરબ્રહ્મમાં નિર્વિકલ્પપણે જોડનારો જ હોય છે. તેવો અનુભવ કોઈ પણ શ્રેયાર્થી મુમુક્ષુ સરળતાથી કેવી રીતે કરી શકે તે અહીં જણાવેલ છે.

જેને આત્યંતિક કલ્યાણનો ખપ છે, અગર જેને ચિત્તની અખંડ પ્રસન્નતા જોઈએ કે સાચી શાંતિ, સુખ ને અખંડ આનંદ પ્રાપ્ત કરવાં જ હોય, તો તેવી તીવ્ર જિજ્ઞાસાવાળા શ્રેયાર્થીને ઈશ્વરી સંકેતાનુસાર કોઈ સાચા અનુભવી સંતનો કે ભગવાનના અવતારનો જરૂર જોગ થઈ જ જાય છે અને જેમ-જેમ સત્સંગ કે સમાગમ થતા જાય છે, તેમ-તેમ બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થતું જાય છે અને દેહ છતાં જ અક્ષરધામની પ્રાપ્તિ થઈ દિવ્યાનંદ મેળવે છે.

આવી અલૌકિક સ્થિતિ માટેની પ્રાથમિક અગર દિવ્યસ્વરૂપની પ્રતીતિ થવા માટે નીચેનાં ત્રણ પગથિયાં અગર સાધનો આવશ્યક છે. ત્યારબાદ આધ્યાત્મિક વિકાસ સુગમતાથી થયે જાય છે ને દેશકાળ લાગતો નથી ને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે. 'અક્ષરમત'ની આમાં સર્વોપરિતા પુરવાર થાય છે અને તે તત્ત્વજ્ઞાન સદાને માટે કાળાતીત તેમ જ શ્રેષ્ઠ જ રહેવાનું છે; કારણ કે સનાતન સત્યો પર જ તે અવલંબેલ છે અને શ્રીજી મહારાજે પાંચસો પરમહંસો અને મૂળ અક્ષર ગુણાતીતાનંદજી થકી સાક્ષાત્ પ્રગટ કરી, સદાને માટે આ જ્ઞાનમાર્ગ ને એકાંતિકધર્મની સિદ્ધિ ખુલ્લી કરી દીધી છે.

પ્રાથમિક ભૂમિકાનો આધ્યાત્મિક અનુભવ અગર દિવ્યતાની પ્રતીતિ થવા માટે નીચેના ત્રણ મુદ્દા જીવનમાં ઉતારવા જ પડે છે તેમ શાસ્ત્રો અને મોટા પુરુષો વારંવાર સૂચવે છે.

(૧) **આસ્તિકભાવ વાળી અવિચળ શ્રદ્ધા :** કર્તાહર્તા એક ભગવાન જ છે, પરબ્રહ્મ છે અને તેનો દૃઢ આશ્રય કરવાથી સર્વ સુખની પ્રાપ્તિ જરૂર થાય જ છે તેવી અચળ શ્રદ્ધા-નિશ્ચય અને ભાવનાની દૃઢતા.

(૨) **ભગવાન કે બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય સદ્‌ગુરુમાં અનન્યભાવનું જોડાણ-સદ્‌ભાવનાવાળું સત્કર્મ અગર અત્યંત વિશ્વાસપૂર્વક જોડાણ :** સંતને વચને ટૂક-ટૂક વર્તી સદ્‌ભાવના જ દૃઢ કરનારને અનંતગણું ફળ મળે છે ને અંતઃકરણ શુદ્ધ થતાં ચિત્તની પ્રસન્નતા અનુભવાય છે. સચ્ચિદાનંદનો અનુભવ થવા માંડે છે. 'આ સંત સાચા છે, સારા છે, ખરા કલ્યાણના કરનારા છે'– તેવી શુભ ભાવના અત્યંત જરૂરી બને છે. **કરોડો જન્મનાં પાપ સંતના વચને, તેમના ગમતા મુજબ કરેલા કર્મથી બળીને ભસ્મ થઈ જાય છે.** વચ. વડતાલ ૧૪માં જણાવ્યા મુજબ સાધુનો ગુણ લીધો ને સેવા કરી, તો શ્રીજી મહારાજને જોતાં વેંત જ સમાધિ થઈ ગઈ હતી ને મહાપાપી જીવો પુણ્યશાળી બની ગયા હતા. મોટાના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ અને કહે તેમ મહિમા સમજીને સેવા કરનારને ફળ મળે છે.

(૩) **શાંતિમય સમતા :** કર્તાહર્તા એક ભગવાન જ છે અને તેનું પ્રગટપણું સાચા સત્પુરુષ થકી જરૂર આ પૃથ્વી પર રહે છે જ. તેવા સ્વરૂપને કે સદ્‌ગુરુને મળી વિશ્વાસપૂર્વક તેમનાં વચન પ્રમાણે વર્તનારનો જીવ 'તત્કાળ' જ બળને પામી જાય છે અને સુખ કે દુઃખ, જય કે પરાજય, મહાન વિક્ષેપો કે ભયંકર દેશકાળમાં પણ અચળ જ મતિ રાખનારને શાંતિમય સમતા પ્રાપ્ત થાય છે. ભગવાન જે કરતા હશે તે આપણા હિત માટે જ હશે, તેમ માની સહર્ષ સહન કરી લઈ, ભગવાન કે સંત જેમ રાખે તેમ રાજી થકો રહે છે ને ગુણ જ ગ્રહણ કરે છે. તેવી સમતા રાખનારને દિવ્યતાનો અનુભવ થાય છે કે આ નિર્ગુણ પુરુષ છે, અક્ષરધામના છે, નિર્બંધ છે ને તેમને રાજી કરી, નિર્દોષબુદ્ધિ રાખવાથી ભગવાનનો સાક્ષાત્કાર અનુભવ થતો જાય છે. જગત જૂઠું મનાઈ, ખરતું જાય છે ને બ્રાહ્મીસ્થિતિ અગર ગુણાતીતભાવના

દૃઢ થઈ જાય છે. સ્વામીસેવકભાવે ભગવાનમાં દેહ છતાં જ જોડાઈ શકે છે. મોટા પુરુષનો સમાગમ અને અંતરના આશીર્વાદથી આવો અનુભવ તત્કાળ થઈ શકે છે; પણ **મોટી કલમ—પોતાનું જ તપાસી વર્તવાનું હોય છે ને કોઈનાય અભાવ-અવગુણમાં જરા પણ ન પડતાં તદ્દન શાંતિપૂર્વકની સમતા દેશકાળમાં રાખનારને જ આવો દિવ્યતાનો અનુભવ થઈ શકે છે અને તે જ આ 'ગુણાતીતજ્ઞાન'ની વિશિષ્ટતા છે.** સત્યકામ જાબાલીએ ગુરુમાં જ વિશ્વાસ રાખી, ગાયો ચારતાં બ્રહ્મજ્ઞાન મેળવ્યું

અને

પરિક્ષિત રાજાએ શુકજી જેવા બ્રહ્મસ્વરૂપ થકી ભાગવત સાંભળી મોક્ષ પ્રાપ્ત કર્યો

ને

ગુણાતીતાનંદસ્વામીના વચને બસો સાધુ બ્રહ્મવિદ્યા સિદ્ધ કરી શક્યા હતા તે ઉપરનાં જ કારણોથી બની શક્યું છે; તે સૌ કોઈને હવે 'અક્ષરમત'ની સર્વોપરીતા સમજવામાં સરળતા કરી આપે છે.

તો, પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમાગમમાં રહી, તેમના વચને વિશ્વાસપૂર્વક વર્તીને સંબંધવાળાનો મહિમા સમજનારને આવો દિવ્ય અનુભવ જરૂર થઈ શકે છે.

તે સૌ કોઈને સુલભ બનો એ જ નમ્ર પ્રાર્થના.

—ડિસેંબર, ૧૯૬૨



70

# મોટા પુરુષનો અભિપ્રાય

સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપજ્ઞાન, રહસ્ય અને અભિપ્રાય મોટા-મોટા સંતો અને હરિભક્તો તેમની ભેળા રહેતા, ત્યાગ પાળતા, સેવા કરતા ને દેહને ગણતા જ નહીં, છતાં ય સમજી શક્યા નહોતા. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદજી જ્યારે સંતોની ગોદડીઓ ધોઈને દરવાજે ભેગા થયા, ત્યારે આ વાતની મહારાજે ટીકા પણ કરી હતી કે ‘આ નિર્ગુણાનંદજી પાસે સેવા કરાવો છો તે તેમને ઓળખો છો કે કેમ ?’ વળી, અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામીએ ભગવાનના સર્વોપરીપણાની વાતુ કરવા માંડી ત્યારે મહાત્યાગી સદ્‌ગુરુઓ પણ મૂંઝાઈ ગયા હતા. કેટલાક તો તેમને ધોળાં પહેરાવવા પણ તૈયાર થયા હતા અને ઝોળીમાં દેવતા નાખ્યો. અનેકના કલ્યાણનો માર્ગ સરળતાથી ખુલ્લો કરનાર ભગવત્સ્વરૂપ એવા અનાદિ મહામુક્તો પ્રાગજી ભક્ત અને પૂ. જાગા ભક્તનો પણ અંતરનો અભિપ્રાય મોટા-મોટા પણ સમજી શક્યા નહોતા. ગુરુવર્ય શાસ્ત્રી મહારાજે મહાન ભીડો ખમી, કષ્ટો વેઠી, લોકલાજને તિલાંજલિ અર્પીને પણ ગુરુભક્તિ જાળવીને એ પ્રસિધ્ધિ કરી અનેકને પ્રગટ ગુરુહરિનાં સ્વરૂપને ઓળખાવ્યાં અને કૈવલ્યમૂર્તિ ગુણાતીત સ્વરૂપ થકી શ્રીજી મહારાજનું અખંડિત પ્રગટપણું રહે છે ને રહેશે જ અને ‘ભવિષ્યમાં પણ સાચા સત્પુરુષ થકી સદાય રહેશે, રહેશે ને રહેશે જ’ તે સનાતન તત્ત્વરહસ્ય ને અભિપ્રાય જાહેર કરીને કરોડો મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાને માટે ખુલ્લો કરી દીધો.

જ્યારે-જ્યારે ભગવાનનું આવું સર્વોપરી પ્રગટપણું હોય છે, ત્યારે-ત્યારે મહામાયા પણ તેવી જ ખીજે છે, પણ છેવટે જગતમાં દિવ્ય તત્ત્વોનો વિજય જ થતો રહે છે. માયા એને પરાભવ કરી શકતી નથી અને તે જ સત્યતાની ખરી પારખની કસોટી છે. રામાવતારના રાવણ, કૃષ્ણાવતારના કંસ, શિશુપાળ અને પૂતના તથા શ્રીજી મહારાજના વખતના અસુરો અને કાત્યાયીની વગેરે માયાવી

તત્ત્વોને દાબીને નિર્ગુણપણાને પમાડયા છે ને સત્યનો જ જય થયો છે તેમ શાસ્ત્રો બતાવે છે– તે વિચારી લેવું.

અત્યારે પણ મોટા પુરુષનો અભિપ્રાય ન સમજવાથી મૂળ માયા ખીજી ઊઠે, વગોણાં કરે, ગપ્પાં મારે, ભોળાને ભરમાવે, મત્સર, ઈર્ષા અને અસૂયા પ્રગટાવી સાચા વડવાનળ અગ્નિસમા સંતનો અભાવ, અવગુણ ને દ્રોહ કરાવે. તેમ છતાં ય, ભગવાનનું પ્રગટપણું જ્યાં હોય છે, ત્યાં હડકાયી કૂતરી વીયાઈ દાંતીયાં કરે ને માર ખાઈ મરણ પામે તેમજ સાચા સંતનો દ્રોહ કરનારનું બને છે. લોકો તો સાચા સંતનો સમાગમ કરતા જ રહે છે ને માયા ખુલ્લી પડી જાય છે. આ પણ એક વિધિની કસોટી છે.

જુઓ, મહેળાવમાં ગુરુના સ્થાનનો કેવો અલૌકિક અદ્‌ભુત સમૈયો હજારોની હાજરીમાં ઊજવાઈ ગયો અને મહામાયા તો તદ્દન દબાઈ જ ગઈ અને સત્યસ્વરૂપનાં જ ગુણગાન ગવાયાં. માટે મોટાનો અભિપ્રાય સમજાતો જ નથી. તે તો મોટા પુરુષની કૃપા થાય કે તેઓ જાતે સંકલ્પ કરે ને જીવો પર અનુગ્રહ કરે ત્યારે જ ખબર પડે. માટે, મોટા પુરુષને અંતરથી રાજી કરીએ ત્યારે જ કાંઈક તેમના અભિપ્રાયની ખબર પડે. તે વિનાની ભક્તિ વિઘ્નવાળી છે ને દેશકાળ લાગે ને સત્સંગ પણ મૂકી દે. માટે, અભિપ્રાય પ્રમાણેની ભક્તિ તે જ 'પરમપદ' ગણાય છે ને તો જ નિર્ગુણ સુખ ને ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય છે. ગુરુ યોગીજી મહારાજના સમાગમથી આજ એ સુલભ બનેલ છે, તો ગુરુવચને મંડી પડવું ને રાજીપો મેળવી લેવો.

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ વાતુમાં કહ્યું કે 'મોટાનો અભિપ્રાય તો જણાય જ નહીં'; પણ, મોટા અનુગ્રહ કરે તો જ ખબર પડે. તેમાં આપણું મન, અવ્યક્ત રાગ, લોક, દેહ, જગત આડે આવે છે. બાળકોને રમાડીને જ્ઞાન આપવું પડે તેમ ગુરુ કરતા હોય છે. તેથી કોઈ વાર વિભ્રાંત દશા આવે છે. દેશકાળે અચળમતિમાં ઉત્થાન થાય છે અને મહિમા ઓછો થતો જાય છે. પણ સાચા સંત જીવને જાળવીને બળ પમાડી આગળ લે છે અને તે જ તેમનું અતિશય દયાળુપણું અને સર્વોપરીપણું છે. જીવના ગુના સામે જોતા નથી. પણ, અભિપ્રાય મુજબની ભક્તિ ન શીખાય તો સુધન્વા માફક માથું પણ ઊડે ને ભીષ્મ માફક જ્ઞાની

હોવા છતાં અજ્ઞાનીમાં ખપવું પડે. ભગવદીનો પ્રસંગ કરીને મોટાનો શું અભિપ્રાય છે તે સમજી લેવો જેથી સદાય સુખ જ રહે ને મન પાછું ન પડે.'

મોટાનો અભિપ્રાય જાણવા માટે પ્રથમ તો ગુરુને વિષે જ દિવ્યભાવ દૃઢ કરીને વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી, આજ્ઞા પાળવી ને બીજાંની ક્રિયા તરફ જોવું જ નહીં. વળી અનુવૃત્તિ ખબર પડે તે માટે ઝોળીયાં પારેવાં માફક અતિશય સેવા ને ભક્તિ મહિમા સમજી કરવા માંડે, તો ગુરુની મરજી જણાય ને ગુરુની કૃપા થતાં અનુવૃત્તિ ખબર પડે ને પછી જ અંતરનો અભિપ્રાય જણાય. તો પૂછવું ન પડે. એકમેકના અંતરજામી થાય અને સદા સુખિયા થવાય. માટે અતિશય શ્રદ્ધા ને અતિશય વિશ્વાસપૂર્વક સેવા ને ભક્તિ કરી લઈને ગુરુવર્ય યોગીજી મહારાજનો અંતરનો રાજીપો મેળવી લેવો.

તેમના અનુગ્રહથી જ 'નિર્દોષબુદ્ધિ' દૃઢ થશે ને અભિપ્રાય મુજબ સુહૃદભાવવાળી નિર્ગુણ નિષ્કામ ભક્તિ થતી જશે. તે સર્વને સુલભ બનો એ જ અભ્યર્થના છે.

—જાન્યુઆરી, ૧૯૬૩



71

# નિર્માનીપણાનું માન

ભગવાન સ્વામિનારાયણે વચ. છેલ્લાના ૨૭મા
કામી કરતાં ય માનીને અતિશય ભૂંડા સ્વભાવવાળો ગણાવ્યો છે.
મોડો વહેલો તે વિમુખ થઈને સત્સંગમાંથી પડી જાય છે.
**કામી** પર તો સંત દયા કરે છે,
પણ **માની**ની સેવા તો ભગવાનને જરાય ગમતી નથી.
**સત્સંગમાં તે સૌના અભાવ-અવગુણમાં જ પડતો દેખાય છે.**
તેથી ઈર્ષા, મત્સર અને અસૂયા તથા ડોળ, દંભ, અટંટાઈ વગેરે
માનનાં કુટુંબીઓ તેને વળગી પડે છે ને દુ:ખી કરી મૂકે છે.
વળી માની હોય તે તો બુદ્ધિવાળાને જણાઈ જાય,
પણ નિર્માનીપણાનું માન સૂક્ષ્મ બુદ્ધિવાળાને પોતાને જ
પોતે અંતર્દૃષ્ટિ કરે ને ગુરૂકૃપા થાય તો જ ખબર પડે છે
ને તેથી જીવ વૃદ્ધિને પામતો નથી.
વચ. પ્રથમ-૫૬, મધ્ય-૪૧, છેલ્લા-૨૭, ૨૮ વગેરેમાં તથા લોયા-૧૬,
પ્રથમ-૬૨, ૬, ૨૮, ૫૮, સા. ૮, કા. ૬માં સૂક્ષ્મ માનનું સ્વરૂપ,
ગુણનું માન, સાધનનું માન, તેનાં લક્ષણો અને તે ટાળવાના ઉપાયો બતાવ્યા છે.
મુખ્યત્વે તો ભગવાનના **ભક્તોનો અપાર મહિમા સમજી** સતત્ અંતર્દૃષ્ટિ કરી,
સંતને વચને ગરીબપણું પકડીને જો સેવા કરવા મંડી પડે
તો સૂક્ષ્મ માન પણ ટળી જાય છે ને **'એકાંતિક ભક્ત'** બને છે.
પણ, એ વાત બનવી ઘણી જ કઠિન છે.
ભક્તિમાં, જ્ઞાનમાં, જપ, તપ, વૈરાગ્ય કે મંદિરની કોઈ પણ ક્રિયામાં
જો માન મળતું હોય તો જ તે ઉત્સાહથી કરવું ગમે છે ને સ્વાદ આવે છે.
આ બધી જ સૂક્ષ્મ અભિમાનની જ લાળ છે
અને તે ટેકાઓ તૂટી જતાં જીવ બેબાકળો થઈ જાય છે.
પોતાના ગુણનું માન કે સાધનોની સારપ મનાઈ હોય,

તેથી જ બીજાનો અવગુણ આવે છે અને આંટી પડી જાય છે.
પ્રભુકૃપા પ્રાપ્ત કરવામાં તે અવરોધરૂપ બને છે.
કુળ, જાતિ, વર્ણ આશ્રમ, તપ, આત્મનિષ્ઠા જેવા **અનેક ગુણો પોતામાં હોય, પણ જો મોટા મુક્તોમાં મનુષ્યભાવ પરઠાય, તો તે સર્વ અભદ્ર બની જાય છે અને**
**મોક્ષમાં-આત્યંતિક કલ્યાણમાં વિઘ્નરૂપ બને છે.**
પૂ. ભગતજી મહારાજ અને પૂ. જાગાસ્વામીમાં જાતિભાવ પરઠનારા
ત્યાગી સંતો ભૂતની યોનિને જ પામ્યા, તેમ ઈતિહાસ જણાવે છે.
નિષ્કામી વર્તમાન તોડનાર તુર્ત જ દેખાઈ આવે, પણ આવા સંતો-મુક્તોમાં મનુષ્યભાવ પરઠનારા નિર્માની વર્તમાન તોડી મહાન અધોગતિને જ પામે છે–
તેમ ભગવાન સ્વામિનારાયણે જ ઘણાં વચનામૃતોમાં જણાવ્યું છે.
તેથી મોટા સંતના અસાધારણ પ્રસંગથી આવી સૂક્ષ્મ અભિમાનવૃત્તિ તોડવાની અત્યંત આવશ્યકતા મોક્ષ પ્રાપ્તિ માટે ગણાય.
પણ, આ રહસ્ય ખબર ન હોવાથી બીજાનું જોવાય છે ને અવગુણ લેવાય છે.
આ વાતનું જાણપણું રાખી, એ ટાળવું.
ગુરૂકૃપા થાય ત્યારે જ નમ્રતાનું અભિમાન જણાય છે.
બધાંને જ્ઞાન કરતો હોય, પ્રણામ કરતો હોય, પ્રભુનો મહિમા ગાતાં–
***'હું તો કાંઈ ગણત્રીનો નથી, તેની કૃપાથી હું તો બધું કરી શકું છું;***
***તપ, ત્યાગ, સેવા તે કરાવે છે ત્યારે મારાથી થાય છે.'***
આમ વારંવાર બોલી અને બે હાથ જોડી લળી-લળીને પગે પણ લાગે,
છતાં ઊંડે ઊંડે સૂક્ષ્મ સાત્ત્વિક અભિમાનનો સર્પ એનામાં ભરાઈ રહેલો જ હોય છે.
તે એવા કોઈ પ્રસંગે કે માન્યતાનો ભંગ થતાં
કે એના આદરસત્કારમાં ખામી આવતા, સર્વને કળાઈ આવે છે.
શબ્દ તરત જ લાગી જાય છે, ગુણ વ્યાપી જાય છે અને મોઢું પડી જતું લાગે છે.
પોતાની અપેક્ષા સરખે સરખાના કે પોતાથી નાનાનાં વખાણ થતાં સાંભળી ક્ષોભને પામી જાય છે.
પણ **એ જો અંતર્દૃષ્ટિ કરે અને ભગવાન કે સંતને અંતરથી પ્રાર્થના કરે,**
તો જરૂર તે ગુણનું માન ગુરુ બહાર લાવી, સમાગમમાં રાખી

જીવને ચોંટેલી મલિન વાસનાને દૂર કરે છે
અને જીવને શાંત, સરળ સ્વભાવયુક્ત સુખિયો કરી દે છે.
'સાધુ' થયા પછી આવી સાધુતા, સહિષ્ણુતા ને સમતા શીખવાં જ પડે છે
અને
ત્યારે જ સ્વભાવ ટળતાં જીવ બ્રહ્મરૂપ થાય છે
ને
ધામનું દિવ્ય નિર્ગુણ સુખ દેહ છતાં જ પ્રાપ્ત કરે છે ને અહોહોપણું રહે છે.
મહારાજ પણ કહે છે કે – *'સ્ત્રી અને ધન છોડવાં અઘરાં નથી;*
*ત્યાગી હોય છતાં માન છોડવું અતિશય કઠણ છે.'*
મોટા-મોટાને એ (માન) પાછા પાડે છે. ગુરુની કૃપાથી જ તે ટળી શકે છે.
બ્રહ્મસ્વરૂપ સંતને પ્રાર્થના કરીએ તો –
નિર્માની ભક્ત બનવાની વાત તેઓ તરત જ સિદ્ધ કરાવી દે
એવી દયા વરસાવે છે.
**એ જ આવા સંતનું સર્વોપરિપણું છે.**
વેદરસમાં પણ નિર્માની વર્તમાન પર ભગવાન સ્વામિનારાયણે
સુંદર નિરૂપણ કર્યું છે.
અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીના સંબંધે
કે તેમના સાધર્મ્યને પામેલા મોટા સંતના સંબંધે
જીવ નિર્દોષ, નિષ્કામી અને નિર્માની થઈ જાય છે.
આ વાતનું રહસ્ય ગુણાતીત જ્ઞાનવાળાને
ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે અત્યંત સુગમ કરી બતાવ્યું છે;
તે જ માનવજાતિ ઊપર મહાન કૃપા અને કેવળ કરૂણાદૃષ્ટિ છે.
આવા સંતોની તેવી દિવ્યદૃષ્ટિ મુમુક્ષુઓ પર રહે
અને નિર્દોષબુદ્ધિ દૃઢ થતાં, સર્વને સુલભ થાય તે જ નમ્ર પ્રાર્થના છે.

**– ફેબ્રુઆરી, ૧૯૬૩**

***

72

# બ્રહ્મવિદ્યાનો અધિકાર

શાસ્ત્રોમાં 'મહાપુરુષ'ને જ પુરુષોત્તમ રૂપે વર્ણવેલ હોવાથી મોટા-મોટા સિદ્ધો, પંડિતો, શાસ્ત્રીઓ, અતિશય ધર્મવાળા, અતિશય ત્યાગવાળા, સ્ત્રી-ધનના સંકલ્પ જ ઊઠે નહીં તેવા નિર્વાસનિકો અને તીવ્ર આત્મનિષ્ઠાવાળા કૈવલ્યાર્થીઓને પણ સાચી બ્રહ્મવિદ્યાનો અધિકાર સાંપડયો નથી અને નિર્ગુણ, નિરાકાર બ્રહ્મ સુધીની દ્રષ્ટિને પામ્યા છે. પણ ભાગવતમાં જેમ સાકાર બ્રહ્મનું વર્ણન છે, તેમજ ઉપનિષદોમાં ય સાકાર દિવ્ય સ્વરૂપની જે અનેક શ્રુતિઓ છે, તેનું સાક્ષાત્ અનુભવજ્ઞાન ભગવાન કે તેના સાધર્મ્યવાળા અક્ષરબ્રહ્મ થકી જ થઈ શકે છે ને તો જ આત્યંતિક કલ્યાણનો, સનાતન ધર્મનો, એકાંતિક ધર્મનો માર્ગ ખુલ્લો થઈ જીવ બ્રહ્મરૂપ થાય છે ને પરબ્રહ્મમાં નિર્વિકલ્પપણે શુદ્ધભાવથી સદાને માટે જોડાઈ શકે છે. તે જ આત્યંતિક મુક્તિ મહારાજે વચનામૃત કે વેદરસમાં બતાવી દીધી છે ને શિક્ષાપત્રીની મુખ્ય આજ્ઞા પણ ૧૧૬મો શ્લોક સિદ્ધ કરવા ઉપર જ છે ને તેથી જ બ્રહ્મવિદ્યાનો અધિકાર સાંપડતાં વચ. લોયા ૭ મુજબ પરબ્રહ્મની સેવાના અધિકારી બનાય છે તે સિદ્ધાંત વાર્તા છે.

અનંત પ્રકારની બ્રહ્મવિદ્યાઓ છે, પણ સાચી બ્રહ્મવિદ્યા તો શ્રીજી મહારાજે પોતાને રહેવાનું સનાતન અક્ષરધામ પૃથ્વી પર લાવી, શુદ્ધ ચૈતન્યબ્રહ્મનાં સાકાર અને નિરાકાર બંને ય સ્વરૂપોનું યથાર્થ જ્ઞાન પ્રવર્તાવી, પાંચસો પરમહંસો થકી ધામ, ધામી ને મુક્તોની રહસ્ય વાર્તા મૂર્તિમાન કરીને સદાને માટે ખુલ્લી કરી દીધી તે છે. તે જ્ઞાન ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે સર્વને માટે સુગમ બનાવ્યું. પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ 'સંઘનિષ્ઠા'રૂપે અક્ષરધામનું દિવ્ય સુખ ને બ્રહ્મવિદ્યાના અધિકારી સૌને બનાવી, કેવળ પોતાના સાક્ષાત્ સંબંધથી જ જીવોને નિર્વાસનિક કરીને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દિવ્ય સેવામાં જોડી દે છે. આ જગત પર તેઓની આ જ મહામોટી સનાતન તત્ત્વજ્ઞાન વ્યાપક રૂપે

બનાવવાની ને સર્વને સમજાવવાની મહાન બક્ષિસ છે, તે હવે સૌને સમજાતું જાય છે. વળી આવી ઉચ્ચ કોટિની પરમ રહસ્યની વાર્તા નવા સંતો થકી પ્રવર્તતી જાય છે, તેને મુમુક્ષુ જીવો ઝીલવા તત્પર થતા જાય છે, તે જ આ પ્રગટની નિષ્ઠાનું સર્વોપરીપણું સાબિત કરે છે. આવો સાક્ષાત્ બ્રહ્મનો સંબંધ ને સમાગમ કરી લઈ, દેહ છતાં જ બ્રહ્મરૂપ થવાનો બીજો કોઈ જ માર્ગ કે સાધન નથી જ; તે વાત જીવમાં દૃઢ કરી લઈ તેઓશ્રીનો રાજીપો મેળવી લેવા મંડી પડવાનું છે.

જેની સમજણ ગોબરી હોય છે તે અનંત સાધનો કરે છે અને પંડિત કે શાસ્ત્રી કહેવાતા હોય છે, છતાં પ્રગટ સ્વરૂપમાં મનુષ્યભાવ આવી જવાથી સર્વ સમજણ વૃથા થઈ જાય છે. તેમના થકી કોઈને ય નિર્દોષબુદ્ધિ દૃઢ થતી જ નથી ને હૈયાનું જગત હંમેશાં નડતું રહે છે. મધ્ય ૨૪મું જ્યારે સિદ્ધ થાય ત્યારે જ સતત્ અંતર્દૃષ્ટિ કરનાર ભક્તને આ વાર્તાની ખબર પડે છે. પછી મોટા પુરુષના સમાગમમાં આવતા, જીવના દોષોના મૂળ નાશ પામે છે, ત્યારે નિર્દોષભાવ થતાં, પરમપદના અધિકારી બને છે. પણ, જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, ત્યાગ, વ્રત, દાનાદિ અનંત સાધનોનું બળ લઈ પ્રગટના ઉપાસકોનો જાણેઅજાણે પણ અભાવ-અવગુણ લેતો રહે છે, તેને 'ગુણાતીતજ્ઞાન'ની ચાવી જ હાથ આવી નથી અને અંતર લૂખુ રહી બળતરા થયે જાય છે ને મનધાર્યું ન થાય કે દેશકાળ બદલાય, ત્યારે મોટા પુરુષનો પણ અભાવ લેવા માંડે છે અને તે જ ભૂંડામાં ભૂંડુ કર્યું ગણાય છે. માટે દેખાતો મોટો ધર્મી લાગે, ત્યાગી લાગે પણ સહેજ પ્રસંગ પડતાં જ દેશકાળે સમજણની કે સ્થિતિની ખબર આ અલૌકિક સત્સંગમાં પડી જાય છે; જણાઈ આવે છે અને સૂક્ષ્મ રીતે પંચવર્તમાનમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, મદ ને છેવટે માનરૂપી દોષ તો નડતો જ હોય છે. પછી પોતાનું તળ તપાસ્યા વિના બીજાનું વગર અધિકારે જોયા કરે છે તેને મહારાજે વચ. પ્રથમ ૨૦માં મૂર્ખનો રાજા, નીચમાં નીચ જ ગણાવ્યો છે.

માટે, મોટા પુરુષની કૃપાથી જ દોષો ટળે છે અને અભિપ્રાય પ્રમાણે પ્રગટની ભક્તિ કરવાથી તેમની તત્કાળ કૃપા—જેમ શ્રીકૃષ્ણની અર્જુન પર થઈ હતી તેમ— થતી જાય છે અને સૂક્ષ્મ દોષો ટળતાં મોટાની જ દૃષ્ટિથી પછી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે ને તે જ પરબ્રહ્મની સેવાના સાચા અધિકારી બને છે. માટે ઉપર-ઉપરથી કહેવાતા ધર્મી, ત્યાગી કે આત્મનિષ્ઠાવાળા સાચા ભક્તિમાર્ગવાળા

નથી હોતા ને દેખાતા રાગી, અધર્મી તે સામાન્ય નિયમ ધર્મવાળા હોય, પણ પ્રગટની સર્વોપરી નિષ્ઠા હોય, કોઈનો ય અભાવ-અવગુણ લેતા જ ન હોય, તેવાને મહારાજે વચ. છેલ્લા ૧૧માં આત્મબુદ્ધિવાળા સત્સંગી ગણાવ્યા છે ને નિર્વિકલ્પ સમાધિનું સુખ તેમને પ્રાપ્ત થાય છે. મોટાના પ્રસંગે ને સેવાથી, ભક્તોના ગુણ ગાવાથી ને પોતાનો જ દોષ જોવાથી તેમનું અપૂર્ણપણું ને કલ્પના દેહ છતાં જ ટળી જાય છે ને નિર્ગુણ સુખ પ્રાપ્ત કરતા હોય છે. જ્યારે ગોબરી સમજણવાળા અભાવ-અવગુણમાં પડતાં જીવતાં જ મરેલા છે અને તેમને દેશકાળે સત્સંગ પણ મૂકી દેવો પડે છે.

માટે, અલૌકિક સમજણ કેવળ પ્રગટ ગુરુરૂપ હરિ થકી સિદ્ધ કરી લેવી અને તેમના સંબંધવાળાનો અપાર મહિમા સમજી, સેવા ને ભક્તિ કરતા જવું જેથી મોટા પુરુષ પોતાના જોગમાં આવનારને સંપૂર્ણ જાળવી લઈ, અતિશય બળિયો બનાવી દેહ છતાં જ બ્રહ્મરૂપ કરે છે ને તે પરમ સુખિયો થઈ જાય છે. આવી પ્રગટની અલભ્ય પ્રાપ્તિ કેવળ કૃપાથી જ આપણને સાંપડી છે. તો પ્રસંગમાં આવી સમાગમ કરી લેવો અને બીજાને પણ પ્રગટ સ્વરૂપની ઓળખાણ આત્યંતિક કલ્યાણ માટે કરાવવી તે જ સાચો ધર્મ છે, ભક્તિ છે ને જ્ઞાન છે.

સૌને આવી નિર્દોષબુદ્ધિ દૃઢ થાય એ જ અભ્યર્થના.

—એપ્રિલ, ૧૯૬૩



73

# મનમુખી ક્રિયા

કારિયાણીમાં શ્રીજી મહારાજે આ પૃથ્વી પર પધારવાના પોતાના છ હેતુઓ અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામીને સમજાવેલ, તે જ પ્રસાદીના સ્થળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે દિવ્ય પ્રસંગોની સ્મૃતિ કરાવી વાત કરી કે–

*'આ સ્થળે સુરતથી મુક્તાનંદસ્વામીએ મૂળ અક્ષર ગુણાતીતાનંદસ્વામી મારફતે રસની કેરીઓ મહારાજ માટે મોકલેલી, ત્યારે એક સાધુ વગર કહ્યે રજા લીધા વિના તેમની સાથે આવેલા. તે મહારાજ બાવીસ જણા માટે મળ્યા, ભેટયા પણ એક માટે થાકી ગયા તેમ કહેલું–તે રહસ્ય સમજાવ્યું હતું.'*

પછી મોટરમાં જતાં વાત કરી કે–

*'મોટા-મોટા પરમહંસો, ગૃહસ્થો પણ મહારાજને ભગવાન જાણતા અને માનતા છતાંય મનમુખી જ ક્રિયા કરતા. તેથી સ્થિતિ થઈ નહીં અને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવાની કસર રહી ગઈ અને આત્યંતિક કલ્યાણમાં પણ ખામી આવી. માટે ગુરુમુખી જ સર્વ ક્રિયા કરવાની ટેવ પાડવી. તે મોટા પુરુષને સંપૂર્ણ મન સોંપે ત્યારે જ બને તેવું છે; પણ મરતી-મરતી ક્રિયા કરી સેવા કરે તેથી ન થાય, પણ ખબરદાર થઈ 'અતિ સાચે ભાવે' સત્સંગ કરે, તો મોટા પુરુષ અનુગ્રહ કરીને જીવને બળ આપે છે. તેને પોતાનો ભાવ જ રહેતો નથી. માટે, ઉત્તમ પ્રકારનો જીવનો સત્સંગ કરી લેવો.'*

મનમુખી ક્રિયામાં ત્રણ વિઘ્નો હંમેશાં નડતાં હોય છે તે પ્રાર્થના કરી, ગુરુને સંભારી અંતર્દૃષ્ટિ કરે તો તુર્ત જ જણાઈ આવશે.

(૧) ક્રિયા જેમ-જેમ કરાતી જાય, તેમ-તેમ વિક્ષેપો પણ આવતા જાય અને પ્રયત્નો કરવા છતાંય શાંતિ ન વર્તે, વિક્ષેપ ટળે નહીં.

(૨) સારા સંતો ને હરિભક્તોનો ય ક્રિયામાં ન ભળ્યા હોય તો ઊંડે ઊંડે અભાવ-અવગુણ આવ્યા જ કરે ને ક્રિયામાં ભળ્યા હોય ને જેવા તેવા હોય, છતાં તેમનો કેવળ ગુણ જ આવ્યા કરે. તેમની જોડે જ કામ કરવાનું

ગમે. મનના રાગને પોષક વાત હોય તેથી આનંદ પણ આવતો જાય ને અભિનિવેષ થતો જાય. તેથી સાચી વસ્તુનો ખ્યાલ આવી શકતો નથી. કોઈ ટોકે કે સૂચન કરે, તો ગુણ વ્યાપી જાય અને ભાવફેર થઈ જાય ને મોઢું પડી જાય, ક્ષોભ થતો જાય ને અંતર સુનું-સુનું વર્તે. પ્રસંગે આ વાતની સૌનેય ખબર પડી જાય છે.

(૩) મોટા પુરુષને ઓશિયાળા કરવા પડે છે. તેમની સત્તા, લાગવગ, ઓળખાણનો જ ઉપયોગ કરવાથી માયા શાંત થાય ને વિઘ્નો નડે નહીં, તેમ લાગવાથી ક્રિયામાં યુક્તિપૂર્વક ભેળવવામાં આવે છે. આશીર્વાદરૂપે કામ થતું નથી તેમ લાગવાથી, છેવટે યુક્તિઓ અજમાવવી પડે છે ને તે ય બીજાને ખબર પડે તેમ બહાર આવતી જાય છે.

આવા ગુણબુદ્ધિવાળા ભક્તોના લાડકોડ મોટા પુરુષ પૂર્ણ કરતા હોય છે ને સમજુ-આત્મબુદ્ધિવાળા તો ઈચ્છા રહિત જ વર્તતા હોય છે ને કેવળ ગુરુજી કહે તેટલું જ કરતા હોય છે. વધુ કે ઓછું, પોતાનું મનધાર્યું તેમાં લાવતા જ નથી. તેથી અખંડ આનંદ વર્તે છે, સહજ રીતે ક્રિયા પૂર્ણ થતી લાગે છે. સૌને ય સરસતાનો અનુભવ થાય છે અને કોઈનોય જરા પણ અભાવ-અવગુણ આવતો જ નથી અને ગુણ વ્યાપતો નથી; કારણ કે પ્રથમ ૨૭ મુજબ પ્રગટ મૂર્તિને જ સર્વ કર્તા, નિયામક માની વર્તે છે. તેથી જે કાંઈ બને છે, તે બધું જ તેને માટે દિવ્ય જ હોય છે.

માટે ગુરુમુખી જ ક્રિયા કરવાની ટેવ પાડવી ને સદા સુખી રહેવું.

—જુલાઈ, ૧૯૬૩



74

# અવગુણ લેવાનો અધિકાર

સર્વ શાસ્ત્રો, ધર્મો અને આચાર્યોએ તેમ જ સંતપુરુષોએ એક મતે રહસ્યરૂપે સ્પષ્ટપણે ભારપૂર્વક જણાવેલ છે કે આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરનારે તેમ જ એકાંતિક ભક્ત બનનારે કોઈનાય અભાવ-અવગુણ કે નિંદામાં પડવું જ નહીં. પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તો દરેક પ્રવચનમાં એ જ વાત લાવે છે કે દિવ્યભાવ જ વધારવો ને અવગુણનું દ્વાર જ સદા બંધ રાખવું, તો અંતરનો રાજીપો થઈ જાય ને જીવમાં અતિશય બળ આવે. શ્રીજી મહારાજે વચનામૃતમાં તુલસીદાસજીની સાખી જણાવી કે 'ભૂલથી પણ કોઈ રામનું નામ લેતો હોય, તો તેને પોતાના દેહનાં પગરખાં કરી આપીએ તોય ઓછાં છે.' વળી વચ. કારિયાણી ૯, મધ્ય ૨૮, ૬૩, અંત્ય ૨, ૫ વગેરેમાં પશુપક્ષીને પણ ભગવાનનો સંબંધ હોય તો દિવ્ય ગણાવ્યાં. તો, પ્રગટ ભગવાનને ઓળખીને ભજન કરતા હોય તેનો કેટલો મહિમા ગણાય તે મુમુક્ષુએ વિચારવા જેવું છે. ભાગવતકારે તો શ્વપચને પણ ફક્ત ભગવાનનું નામ સ્મરણ કરતો હોય તો યજ્ઞનો તત્કાળ અધિકારી ગણાવ્યો. તો સેવા કરનારને શું પ્રાપ્તિ થાય તેની કલ્પના જ કરાય તેમ નથી. આ તો અકળ વાત છે. માટે અનુભવી પુરુષોએ પોતાના દેહનો, જાતિના, વર્ણનો સ્વભાવનો જ અવગુણ લેવા આજ્ઞા કરી છે ને તો જ 'એકાંતિક ભક્ત' થવાય છે. તેમાં સિદ્ધાંત 'નિર્દોષબુદ્ધિ'નો જ મૂક્યો છે. વળી મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ જીવને બ્રહ્મરૂપ થવા માટે ભગવાન, સંત અને સંબંધવાળાના ગુણ જ ગાવાનો ઉપાય બતાવ્યો છે, પણ ફલાણો આવો ને ફલાણો તેવો એમ કરવાનું કહ્યું નથી; કારણ કે બીજાના દોષ જોવા ને કહેવાથી પોતામાં આવી જાય ને બુદ્ધિ શાપિત થઈ જાય. પૂ. જાગાસ્વામી, પૂ. ભગતજી મહારાજ, પૂ. કૃષ્ણજી અદા તેમ જ મોટા-મોટા પરમ ભાગવત સંતોએ હરિભક્તોનો મહિમા સમજી સેવા ને ભક્તિ કરવાનું બતાવેલ છે – તે અનુભવ સિદ્ધ વાત છે.

કેટલાક અણસમજુઓ તો પૂ. ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી,

પર્વતભાઈ, દાદા ખાચર વગેરેના પણ અવગુણ લઈ દ્રોહ કરનારા જણાય છે. પોતાનું મન કાબૂમાં રહેતું ન હોય અને સૂક્ષ્મ રાગો, સ્વભાવો પણ નડતા જ હોય ને દેહાભિમાન વધતું જ હોય, પારકા આકાર, પારકા જ દોષો ને ક્રિયાઓ તરફ દૃષ્ટિ રાખી સત્સંગમાં કુસંગ ફેલાવતા હોય તેઓ મોટાનો રાજીપો ગુમાવે છે. તેઓને વચ. પ્રથમ ૨૦, મધ્ય ૫૩, વડતાલ ૧૨, મધ્ય ૪ વગેરેમાં મહારાજે મૂર્ખના રાજા, અધમમાં અધમ, અધર્મી ને વિમુખ ઠરાવ્યા છે; કારણ કે તેમને પોતાના જીવની ખબર નથી. ઐશ્વર્ય આવે તો મન શું ય કરી નાખે ? દેશકાળે મતિ કેવીય થઈ જાય અને પ્રગટ સ્વરૂપને વિષે ય હજી જીવમાં નિર્દોષભાવ દૃઢ થયો હોતો નથી ને બીજાની માથાકૂટમાં પડતા જ રહે છે. તેથી પોતાનું જ બગાડતા હોય છે; કારણ કે આ સત્સંગ તો મહાવિષ્ણુ રૂપ છે, બ્રહ્મરૂપ જ છે.

મોટા પુરુષના સંબંધે કલ્યાણ છે. તે ચિંતા રાખે છે ને હેતથી જીવને આગળ લેતા હોય છે, તેની અજ્ઞાની જીવને શું ખબર પડે ? આ માટે ઈસુ ખ્રિસ્તે એક સરસ દાખલો આપ્યો છે તે સૌએ વિચારવા જેવો છે.

‘એક પતિત બાઈને લોકો કાંકરા મારતા હતાં ત્યારે તેમણે વચમાં પડી કહ્યું કે તમો શું કામ આવું કરો છો ?’ લોકો કહે ‘આ બાઈ ચોર ને પતિત છે.’ તો ઈસુ કહે કે ‘તમારામાંથી જે નિર્દોષ હોય, પ્રમાણિક હોય, ચોરી કદી કરી ન હોય, તેવા પુરુષો કાંકરા મારો, પણ બીજાને અધિકાર જ નથી અને જો વચ્ચે પડશો તો મહાપાપ લાગશે.’ તે સાંભળી સૌ સ્તબ્ધ બની ગયા ને અંતર્દૃષ્ટિ કરી પાછા જતા રહ્યા.

આપણા સત્સંગમાં સંપૂર્ણ બ્રાહ્મીસ્થિતિવાળા પુરુષ પ્ર. બ્ર. સ્વ. યોગીજી મહારાજ છે ને એમણે જેમને મહંત નીમ્યા હોય તેવા અનુભવી પુરુષોને એકાંતમાં પૂછવું કે આમનો અવગુણ લઈએ ? ટીકા કરીએ ? પછી જેમ આજ્ઞા થાય તેમ કરવામાં દોષ નથી, પણ મનમુખી રીતે જગતમાં સારા દેખાવા કોઈ સત્સંગી કે ભક્તનો અપરાધ ન થઈ જાય તે મોટો મુદ્દો સાચવવાનો છે. વળી, બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મની સેવામાં વચ. લોયા ૭ મુજબ હજી આપણે જ અધિકારી થયા ન હોઈએ ત્યાં બીજાની ક્યાં પંચાતમાં પડવું ? તે મહા અજ્ઞાન છે.

શ્રીજી મહારાજે પુષ્ટિમાર્ગ ચલાવી અનંત જીવોને કલ્યાણને માર્ગે દોર્યા

છે. સૌની માન્યતાઓ, રુચિઓને જાળવી આત્યંતિક કલ્યાણનો માર્ગ મોટા સંત થકી ખુલ્લો રાખ્યો છે. તેથી તેવા દિવ્ય પુરુષો કઈ કળામાં ખેલતા હોય ને જીવોને આગળ લેતા હોય તે, આપણને સિદ્ધદશા આપે નહીં, ત્યાં સુધી સમજાય જ નહીં. માટે તેમની કલ્યાણ રીતિમાં ડહાપણ કરવું તે કેવળ મૂર્ખાઈ જ છે. શ્રીજી મહારાજે સંપ્રદાયની મર્યાદા ટકાવવા-ધર્મનો પ્રચાર થતો રહે, ભક્તિમાં વિઘ્નો ન આવે, દોષો નડે નહીં, તે માટે મોટા પુરુષોનો સમાગમ નિરંતર કરવાનું કહ્યું છે. તેવામાંના સર્વને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવા તાન હોય, તેથી જીવોને ટોકવા પડે, વઢવું પડે. રોગ પ્રેરીને પણ શુદ્ધ કરે ને તે માટે ગમે તેટલું અપમાન કરે તો ય તેઓને બાધ નથી. તેવો અધિકાર સિદ્ધ પુરુષોને અનાદિકાળથી છે જ જેમ કે–

(૧) બ્રાહ્મીસ્થિતિવાળા

(૨) મહંત કે સદ્‌ગુરુપણે નીમેલા હોય

(૩) આત્મા ને પરમાત્માના સ્વરૂપોના અનુભવજ્ઞાનવાળા

(૪) પંચવર્તમાનમાં સંપૂર્ણ વર્તી ભગવાનનો અખંડ સંબંધ રાખનારા

(૫) સાક્ષાત્ ભગવતસ્વરૂપે વર્તનારા

વગેરે સંત મહાત્માઓ અલૌકિક રીતે જીવોનું શુદ્ધિકરણ કરાવતા હોય છે ને તેઓની કેવળ કૃપા થકી જ બીજરૂપે માન અને કામ જે સૌને ય નડતા હોય છે, તે દૂર થતા જાય છે. પણ કેવળ સાધનોથી વાસના કે દેહાભિમાન ટળતું જ નથી તે સૈદ્ધાંતિક વાત છે. માટે તેવા અધિકારી પુરુષોની વાત જુદી છે ને આપણે વગર સ્થિતિએ બીજાનું ખોતરવા જઈએ, તો મરણદોરી નોતરવા જેવું બને. જ્યારે મોટા પુરુષો તો પોતાના માથે લઈ, જીવને બળ આપી શુદ્ધ કરી ભગવાનમાં જોડી દે. જેમ બિલાડી બચ્ચાંને પકડે ને મા-બાપ બાળકોનું હિત કરે છે તેમ. પણ ઊંદરને પકડે કે રીસ ને આંટી રાખે તેવી રીતો તેમની હોતી જ નથી. સત્સંગમાં વ્યવહાર રહ્યો તે કહેવું પડે, ટોકવું પણ પડે ને વઢવું પડે, પણ આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખીને જેમ ઘરનાં સગાંવહાલાં વર્તે છે તેમ.

અવગુણ લીધો કેમ કહેવાય ? તેનો ઉત્તર વચ. મધ્ય ૪૪માં મહારાજે કર્યો છે કે બીજાના દોષો દેખાતા હોય તે કરતાં ય વધુ જુએ ને ગુણોને નજરમાં ન લે- તે અવગુણ લીધો કહેવાય. વળી ભાવફેર પડી જાય, ઉતારી પાડે. જાહેરમાં

જ્યાં-ત્યાં વગર સમજ્યે, તપાસ્યા વિના ટીકા કરવા મંડે ને હરિભક્તમાં ગુણો પણ હોય તે દાબી રાખે, ત્યારે તે અવગુણ લીધો કહેવાય. પોતામાં ગુણનું માન આવ્યું, ત્યારે બીજાનો અવગુણ લેવાય છે. કોઈ અજ્ઞાનથી, ઈર્ષ્યાથી, માનથી દોષ પીડતા હોય તે ટળે નહીં, તેથી મોટાનો અભાવ લેતા ફરે છે; પણ મોટા પાસે સાચેભાવે પ્રમાણિકપણે નિષ્કપટ થાય, તો અજ્ઞાન ટળી જાય ને દિવ્યભાવ થઈ જાય. ભગવવાનો ને સંતનો અપરંપાર મહિમા સમજાય છે ત્યારે તો કોઈનોય દોષ નજરમાં જ આવતો નથી ને તેથી તેવી નિર્દોષભાવના પૂ. યોગીબાપા સર્વેને દૃઢ કરાવા આગ્રહથી કહ્યા કરે છે.

માટે, વિવેકબુદ્ધિનું વચનામૃત પ્રથમનું ૧૬ જો સિદ્ધ થાય તો કોઈનો ય અવગુણ આવે જ નહીં ને દેહ છતાં જ અક્ષરધામનું સુખ પ્રાપ્ત થાય. તે સૌને સુલભ બનો એ જ અભ્યર્થના.

—ઑક્ટોબર, ૧૯૬૩



75

# પ્ર.બ્ર.સ્વ. પૂ. યોગીજી મહારાજની જ્ઞાનવાર્તા

*[અક્ષરમંદિર–ગોંડલમાં શરદપૂર્ણિમાના દિવસોમાં પૂ. સ્વામિજી અલૌકિક વાતુ કરતા હોય છે. તેમના દરેક પ્રવચનમાં, વાતુમાં મુખ્ય સૂત્ર 'નિર્દોષબુદ્ધિ'નું આવે જ છે. માટે તે રહસ્ય વાત દરેક સાધકે જીવનમાં વણી લેવા જેવી છે. પ્રત્યક્ષ સત્પુરુષની કૃપાથી જ તે દિવ્યભાવના દૃઢ થઈ, તેઓના સંબંધવાળામાં પણ દિવ્યભાવના રહે છે- તે સિદ્ધાંતવાર્તા છે. તો, સૌએ એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આ રહસ્યને અખંડ જાણપણારૂપે રાખીને, સત્સંગ કરવાની આવશ્યકતા તેમ જ અનિવાર્યતા રહે છે. જુદા-જુદા પ્રસંગોએ કરેલી વાતુનો સાર અત્રે આપ્યો છે.]*

૧. સવારના સાડા પાંચ વાગે તા. ૩૦-૯-૬૩ના રોજ સંતો-હરિભક્તો સમક્ષ વાત કરી કે:

'આજ તો મોક્ષની દિવાળી છે. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીનો જન્મદિન ઊજવાય, તે ચક્રવર્તી રાજા જેમ ગાદીએ આવે ને જન્મટીપવાળાને છોડી દે ને જેલો દૂધથી ધૂએ, તેમ આ તો પાપના અઘના ઓઘ લોપ થઈ જાય ને નવો જન્મ થાય તેવો અવસર છે. તો સેવાનો, સમાગમનો લાભ લઈ લેવો.'

૨. ક્રોધનો મલિન ઘાટ કદીય ન કરવો. નાના ઉપર થઈ જતો હોય, તો મોટા ઉપર પણ થાય ને પોતાના ઈષ્ટદેવ પર પણ થાય જ; માટે તેનો લેશમાત્ર પણ ન જોઈએ. તેનું વચનામૃત મધ્ય ૨૭. ધૂળનો પણ ગુણ લેવો. તેમાંથી ધાન થાય છે. દત્તાત્રયનો દાખલો લેવો. સૌમાંથી ગુણ લે તો ઘણાં આવી જાય. સત્સંગમાં ઘટે તેવો સ્વભાવ ન હોય, છતાં સંબંધ કોનો છે? તે જોઈ તેનો ગુણ જ લેવો. પ્રથમ ૨૪ મુજબ વાત સમજાય, તો જીવ વધી જાય. વધવા-ઘટવાનું આ જ મોટું સાધન છે.

૩. જમતાં છાંડવું નહિ. ચાર જણના કામમાં આવે. ઘર જેવું જ મંદિર સમજી વર્તવું. આઠ પ્રકારના સત્સંગી હોય, તેમાં ધણી જેવા થવું તે ઉત્તમ.

તો ખોટું ન લાગે. આ તો એકી વખતે ઠપકારે તે ફરી આવવું ન પડે, પણ બગાડે; **તેથી મહારાજની પ્રસાદી બગડી કહેવાય.** માટે વિવેક રાખવો. **મહારાજ પાંચ વાર પીરસતા ને બગાડ થવા દે નહિ.**

૪. ઉદારતા મોટો ગુણ છે. તે આપીને રાજી થાય. તેથી અંતરે શાંતિ-સુખ વર્તે.

૫. ચોસઠ પૉરી પીપર જેમ ઘસાય, તેમ વધુ ફાયદાકારક નીવડે, ગુણ આપે. તેમ ભીડો ખમે ને ગુણ લેતો જાય, તો તત્કાળ જીવ વધવા માંડે. મોટા રાજી થાય.

૬. કોઈ બોલે, અપમાન કરે, અવગુણ લે, તો સામેથી તેનો આપણે વધુ ગુણ લેવો. તેનું રાખવું, તે રાજી થાય તેમાં કંટાળવું નહીં ને તે દૃષ્ટિમાં જ આવવા દેવું નહીં. તો પારસથી પારસ બનાવી દે. મોટાપુરુષ પોતા જેવા કરી દે ને અંતરનો રાજીપો થઈ જાય. પછી તે જ્યાં જાય ત્યાં શાંતિ કરી દે ને અક્ષરધામનું સુખ ખડું થાય ને આનંદ વર્તે.

૭. ચાર પ્રકારનો સત્સંગ. તેમાં દેહ, ઇંદ્રિયો ને અંતઃકરણ કરતાં, જીવ સત્સંગી થાય તે ઉત્તમ ને સોળ આની સત્સંગ થયો ગણાય. તેથી ભગવાન વરણીય થાય તે લોયા-૭માં વાત છે, તેવું જ્ઞાન સિદ્ધ કરવું. પછી મોળી વાત જ નહીં. પ્રગટના ગુણ ગાવા ને ભગવાનનું સુખ લેવું. માટે ગુણાતીત મ્હારો આત્મા, સ્વરૂપ ને બ્રહ્મરૂપે વર્તી ભગવાન અખંડ ધારવા. તેથી આઠે પહોર અહોહોપણું રહે ને દિવ્ય સુખ જ મળ્યા કરે. તે મોટાના સમાગમથી સિદ્ધ કરી લેવાનું છે. આખું બ્રહ્માંડ બ્રહ્મરૂપ થઈ રહ્યું છે, પણ આપણો જીવ જ બાકી રહ્યો. તો હવે મંડી પડવું. આવો જોગ ફરી મળવાનો નથી. માટે સાનમાં સમજવાનું છે.

૮. સ્વરૂપની ઓળખાણ થઈ તે વરતાલ ૧૯ મુજબ 'ભક્ત' કહેવાયા. પછી તેના મનોરથો ભગવાન પૂર્ણ કરે અને સમજણ આપે. માટે પ્રથમ સ્વરૂપના મહિમાની વાતુ તો કરવી જ; તેથી જ્ઞાનવૃદ્ધિ પામે. અનાજ પડી રહે તો સડી જાય; તેમ સમજણ હોય તેટલી વાત ન કરે, તો જ્ઞાન કટાઈ જાય. માટે ભગવાન સંભારીને ગાંડુઘેલું પણ બોલવું, વાતુ કરવી. તેથી પ્રકાશ થઈ જાય ને ભગવાન બોલી જાય.

૯. રોડ પર ચાલવું. મહારાજે રાજમાર્ગ બાંધ્યો છે તે 'નિર્દોષબુદ્ધિ'નો છે; પણ ખાડા ટેકરે જાય તો ચોર લૂંટી લે. માટે અભાવ અવગુણમાં પડવું જ નહીં.

૧૦. સંતોએ હરિભક્તોનો મહિમા સમજવો ને સમાગમ કરવો. અન્યોન્ય છે. ત્યાગી ગૃહીનો મેળ નથી. સ્વરૂપાનંદસ્વામી ને પર્વતભાઈનો દાખલો વિચારવો. માટે, ભગવાન ત્યાગીમાંથી જ બોલે તેમ નથી; હરિભક્તોમાંથી ય બોલે. માટે પરસ્પર સમાગમ કરવો, તો જ્ઞાન વૃદ્ધિ પામે.

૧૧. પ્રહ્લાદજીએ ૧૦ હજાર વર્ષ સુધી તપ કર્યું, પણ નારાયણ રાજી થયા નહીં. પછી ભગવાને કહ્યું કે *'નેત્રમાં મારી મૂર્તિ ધારો, જીભથી મારૂં રટણ, મનમાં મ્હારૂં મનન કરો, તો ૬ માસમાં વશ થઈ જઈએ.'* પછી તેમ કર્યું તો ભગવાન વશ થયા. તેમ ગુણાતીતાનંદસ્વામીની આજ્ઞાથી રામદાસભાઈ (વંથળી) ગયા, તો ૨૪ કલાકના ભજનથી મૂર્તિ આપી દીધી. તો, આ સમો તેવો આવ્યો છે કે ૨૪ કલાકમાં મહારાજ ને સ્વામી વશ થઈ જાય. માટે મોટાપુરુષના વચનમાં અત્યંત વિશ્વાસ રાખી સમાગમ કરી લેવો. તો મૂર્તિ સિદ્ધ થઈ જાય અને અખંડ સુખ વર્ત્યા કરે ને બીજાને પણ મળ્યા કરે.

૧૨. સંત હરિભક્તોએ સવારમાં માગણી કરી કે મહારાજ ને સ્વામી અખંડ રાજી રહે ને અખંડ ચૈતન્યમાં બિરાજે તેવા આજે રૂડા આશીર્વાદ આપો. ત્યારે હસતા હસતા આગળ આવી જઈ કહે *'સ્વામીશ્રીજી અખંડ બિરાજે—રાજી રહે, જો 'નિર્દોષબુદ્ધિ' રાખો તો. એ ચણે કી દાલ અને એ ચણે કી રોટી છે.'* તે જ સારનું સાર છે. વળી સમાગમ શાથી કરવાનો ? તેના ઉત્તરમાં પણ પોતે જ હસતા હસતા કહે છે: *'નિર્દોષબુદ્ધિ દૃઢ થાય તે માટે.'*

૧૩. પોતે જ મોટા જ્ઞાની મુક્તોને પ્રશ્ન પૂછયો કે 'ખરૂં તપ શું ?' પછી બધા કહે આપ જ ઉત્તર કરો. પોતે કહે કે મનને મારવું, તેનું કહ્યું ન કરવું તે જ ખરૂં તપ છે. મનધાર્યું કરવું કનિષ્ઠ ને સંતને વચને કરવું તે નિર્ગુણ છે. તેમાં બંધન નથી ને અખંડ શાંતિ વર્તે.

૧૪. ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કેમ દૃઢ થતો નથી ? પછી પૂ. સ્વામિજી કહે પૂ. સંતસ્વામી ઉત્તર કરશે. પૂ. સંતસ્વામી કહે કે 'દેશકાળ સારા હોય ને ઉત્તમ અનુભવી વક્તા હોય ને ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળો જીવ હોય, તો દેહ છતાં જ થઈ જાય.' પછી ગુરૂજી કહે છે યથાર્થ ઉત્તર થયા, પણ તેનું રહસ્ય

શું સમજ્યા તે કહો ? પછી પોતે જ બોલ્યા કે *ગુરુવર્ય શાસ્ત્રી મહારાજ જેવા પુરુષ મળ્યા ને જાણ્યા, તે તો સમજાયું. પણ તેમને મન સોંપાયું નહીં, તેથી મોટો અંતરાય રહી ગયો ને કસર રહી જાય છે.* માટે સમ્યક્ પ્રકારે જો ગુરુચરણે મન સોંપાય, તો મોટાપુરુષ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરાવી દે તેમાં શંકા નથી. પછી તેને અખંડ કેફ વર્તે, શાંતિ, સુખ ને આનંદના જ ફુવારા ઊડે ને પ્રકૃતિ પુરુષ સુધીનું કાર્ય નમાલું બની જાય. સામી દૃષ્ટિ ય ન કરે તેવા કરી દે.

માટે, મોટા પાસેથી આ ઉત્તમ વાત દૃઢ કરી લેવાની છે. રોટલા તો સાધુ ને ભગવાન દેશે ને દેશે જ. વ્યવહાર માર્ગ કાંઈ અઘરો નથી, તે તો સૌને ય આવડે. આ જ્ઞાનમાર્ગ એટલે સંતને વચને જ પ્રવૃત્તિ કરવાની ને જાણપણું રાખી વર્તવું-તે અઘરૂં છે. તો ખબરદાર થઈ મંડી પડવું.

૧૫. મુક્તોને પણ માયિકભાવ નડે. માટે મધ્ય ૩૧ મુજબ બ્રહ્મનો મનન દ્વારા નિરંતર સંગ કરે, તો જ માયિકભાવ ટળે ને જીવ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની લોયા ૭ મુજબ સેવાનો સાક્ષાત્ અધિકારી બને. દેહ છતાં જ પાર્ષદ ને ભગવાનનું જ સુખ અનુભવે, ભોગવે ને પ્રાપ્ત કરે.

૧૬. પોતાનું સ્વરૂપ 'પ્રકાશમાન' ભાખે તે શું ? તો, પોતાનું સ્વરૂપ ગુણાતીત માને તેવું જીવમાં દૃઢ થઈ જાય. ભડકો જુએ તે નહીં. તે તો પ્રત્યક્ષ સત્પુરુષને દિવ્યભાવે સહિત મહિમા સમજે, એટલે કે મનુષ્યભાવ જ ન આવે તે–'પ્રકાશમાન' ભાળે ને બને તેવું થયું કહેવાય. ભડકો દેખાય ને બંધ થાય ત્યારે મનુષ્યભાવ આવે–તેમ નહીં. આ તો સ્થિતિની વાત છે. તે અખંડ દિવ્યભાવ જોવાની દૃષ્ટિ થાય ત્યારે બને. પછી 'બ્રહ્મસંગે બ્રહ્મરૂપ છું' તેમ જીવમાં દૃઢ થઈ જાય ને સંકલ્પનો વ્યવહાર જ બંધ પડી જાય. ભગવાન પ્રગટ થાય ને અખંડ સુખ વર્તે.

૧૭. ભગવાન જોડે એકતા પામેલ સંતમાં મહારાજ જેમ મૂળ અક્ષરમાં છે, તેમ તેમના પ્રસંગે સાક્ષાત્ પ્ર. ૨૭ મુજબ મહારાજ અખંડ નિવાસ કરીને રહે છે. ફેર ફક્ત એટલો કે સ્વામીસેવક ભાવ રહે, બાકી પુરુષોત્તમરૂપ જ છે. પ્રશ્ન થયો કે કાંઈ તારતમ્યતા ખરી કે નહીં ? તો પૂ. બાપા કહે સ્વામીસેવક ભાવ રહે જ. બાકી તદ્‌વદ્‌ભાવને પામેલ સંત ગુણાતીત

સ્વરૂપે જ છે ને મહારાજ પરના પર. જેવા જાણે તેવા કરે. ગુણાતીત સાથે એકતા છે ને મહારાજ સાથે સ્વામીસેવક ભાવ ને તે અનાદિ મહામુક્ત પુરુષોત્તમરૂપ જ વર્તે છે. તેમાં મનુષ્યભાવ લવાય જ નહીં. તેવા તો પૂ. જાગીસ્વામી, પૂ. ભગતજી મહારાજ- અનંતને બ્રહ્મરૂપ કરી દે તેવા હતા. તે ગુણાતીતના પ્રસંગે પુરુષોત્તમરૂપ બન્યા હતાં ને જયાં જાય ત્યાં ભગવાન જ જુએ ને પ્રગટ કરે ને જીવોને બ્રહ્મરૂપ કરી ભગવાનમાં જોડી દે. તે વિના બીજું કાંઈ ન કરે. પ્રકૃતિપુરુષ સુધીનું બધું મળવત તેમને હતું. એક ભગવાન જ રાખ્યા હતાં; એવો જોગ મોટાના સેવનથી હતો. તેવો આજે પણ છે. તો બ્રાહ્મીસ્થિતિ કરી લેવાની છે.

૧૮. સુહૃદ્પણું તે જ અંકાંતિકપણું છે, જીવનું જીવન છે. તે હશે તો બાકીનાં ત્રણ પણ આવી જશે– તે શું ? તો ઉપાસના, આજ્ઞા અને એકાંતિક સાથે પ્રીતિ. માટે, આ એક જ સનાતન સિદ્ધાંત જો મોટાની કૃપાથી સિદ્ધ થાય, તો સંપૂર્ણ થઈ ગયાં. માટે તે જીવમાં દૃઢ કરતા જવું.

–સંપાદક : પ.પૂ. કાકાશ્રી

**નવેંબર-ડિસેંબર, ૧૯૬૩**



76

# બ્રહ્મચારીરાજની અપૂર્ણતાઓ અને સંતસમાગમ

જુદા-જુદા ધર્મોમાં દર્શનકારોએ કોઈ એક તો કોઈ બીજો વિશિષ્ટ ગુણ પ્રધાનપણે રાખી અંતઃકરણની શુદ્ધિનાં સાધનો બતાવ્યાં છે ને કલ્યાણ રીતિ નક્કી કરી છે ; જેમકે જૈનોમાં 'અહિંસા' એ જ પરમ ધર્મ મનાયો અને કર્મે કલ્યાણ કે નિર્વાણ. તેમજ કયાંક 'સત્ય'ની ઉપાસના, કયાંક 'તપ'ની, 'ત્યાગ'ની, 'ભકિત'ની અને **શ્રીજી મહારાજે** નિર્વાસનિક થઈ **'બ્રહ્મરૂપે ભગવાનની ભક્તિ'** કરવા ઉપર જ મુખ્ય ભાર મૂક્યો છે. આ માટે **'ભગવાન કે સત્પુરુષનો આશરો'** તે જ અનંત સાધનોમાં ને ગુણોમાં સર્વોત્કૃષ્ટ સાધન બતાવ્યું, પુરવાર કર્યું અને પ્રસન્નતાનાં સાધન બધાં જ પ્રગટના રાજીપા માટેના મૂક્યાં કે જેથી તમોગુણી અને રજોગુણી મુમુક્ષુઓ પણ આત્યંતિક કલ્યાણને માર્ગે કેવળ પ્રગટના આશરાથી તરી જાય ને દેહ છતાં જ અક્ષરધામનું સુખ ભોગવે.

**'નિષ્કામ ધર્મ'**નો ખરો અર્થ કેવળ બાહ્ય આડંબરવાળું બ્રહ્મચર્યથી જ નથી કે અષ્ટ પ્રકારનો સ્ત્રીનો સંબંધ ન રાખે, તે ઉપર નથી ; પણ અંતરની કામનાઓ, ઇચ્છાઓ, વાસનાઓ જીતી ફક્ત ભગવાન જ પ્રધાન રહે, સંત ને તેમના હેતવાળા જ પ્રધાન રહે અને નમ્રભાવે સાધુતા કેળવી સેવક બની, સેવા થયે જાય તેવો 'નિષ્કામ ધર્મ' બતાવ્યો છે. તેને જ બ્રહ્મનું દર્શન થાય છે ને પછી નિર્માની બની સાધુતા શીખી એકાંતિક ભક્ત બને છે. બાકી, ઘણાં બાહ્ય બ્રહ્મચારીઓ સાધનોનું જ બળ રાખી વર્તે, પણ નરકવાસમાં દુઃખ હોય તેવું ભોગવતા. મૂળઅક્ષર ગુણાતીતાનંદજીએ દયા કરી પ્રગટનો પ્રતાપ સમજાવી **'નિર્દોષબુદ્ધિ'** દૃઢ કરાવી ભૂત યોનિમાં જતા બચાવ્યા છે, તે 'સ્વામીની વાતુ'માં આવે છે. વળી શાસ્ત્રોમાં (છે કે) શિવજી કરોડો ગણા નિષ્કામી હતા, પણ મહાક્રોધી હતા તેથી કલ્યાણમાં વિઘ્નો નડયાં અને ગીતાકારે ભીષ્મ જેવાને ભગવાનના ભક્ત અર્જુન સામે પડવાથી અજ્ઞાની ઠરાવ્યા ને મહાપાપ કર્યું તેમ બતાવ્યું ને સુધન્વાનું ધડ ઊડી ગયું.

અત્યારે પણ ઘણા ત્યાગીઓ અને મુક્તો પ્રગટ સાચા સંત પૂજ્ય

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો જાણે કે અજાણે અભાવ લે છે, તે પણ કલ્યાણના માર્ગમાંથી પડયા જ ગણાય. તેમના સમાગમમાં રહેનારા જો મનુષ્યભાવ પરઠે, તો તેમને આસુરી બુદ્ધિવાળા 'સ્વામીની વાતુ'માં ગણાવ્યા છે.

સનાતન ધર્મ, ભાગવત ધર્મનાં મૂળભૂત તત્ત્વો ફકત બે જ રહે છે.

૧. એક તો સદા સાકાર ભગવાન કે તેમના મળેલાને
માનવા-ઓળખવા ને તેમનો આશરો કરવો
ને

૨. બીજું તેમના બળથી, કૃપાથી, અનુગ્રહથી પોતાનો જ દોષ જોઈ, ભકતો સહિત ભગવાનના ગુણ ગાવા, સેવા કરવી ને સદ્‌ભાવ વધારવો. તેથી જીવ શુદ્ધ થઈ, વાસના ટળતાં બ્રહ્મરૂપ થાય ને ત્યારે જ પરબ્રહ્મની સેવાનો અધિકારી બને.

માટે **'સંતસમાગમ'** સમજપૂર્વક કરાય, તો ફળ તત્કાળ મળવું જ જોઈએ તે સૌએ વિચારવા જેવું છે. સર્વોપરી સંત મળ્યા છતાં (આપણને) વ્યવહાર પ્રધાન રહે, અભાવ-અવગુણ આવે, અશાંતિ વર્તે, વિક્ષેપો નડે ને અખંડ આનંદ ન થાય, ત્યાં સુધી પોતાનું જ તળ તપાસી આપણું પાકું કરી લેવા જેવું છે. પ્રથમ આપણે બ્રહ્મરૂપ થવા પ્રયત્ન કરીએ. તેને જ મહારાજે ડાહ્યો, બુદ્ધિશાળી ને વિવેકી ગણાવ્યો છે. તો તેવો અમૂલ્ય સંત સમાગમ કરી લેવાનો છે.

યુરોપમાં ગ્રીક ટાપુ **'માઉંટ ઍથોસ'** છે. ત્યાં હજારો પાદરી રહે છે ને બ્રહ્મચારીઓનું રાજ છે, તેથી સ્ત્રીનો અષ્ટ પ્રકારે ત્યાગ છે. નારી જાતિનું જાનવર પણ ત્યાંની પોલીસ પેસવા દેતી નથી. સૌ મૌન રહી, વ્યવહારની સંપૂર્ણ ફરજો બજાવતાં ઈશ્વરચિંતન કરતા હોય છે. કોઈ મુસાફરને સ્ત્રીનું ચિત્ર પણ ત્યાં લઈ જવા દેતા નથી. અખૂટ ધનભંડાર છે. હજારો વર્ષોથી આવું જીવન જીવે છે. સાત મઠો છે, નવા સાધકો દર વર્ષે થોડા થતા જાય છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાલન હોવાથી બધાં ટકી શકતા નથી, તેથી ચાલ્યા જાય છે. ભગવાન કે સંતના પ્રગટ દર્શન ને યોગ વિના કે પ્રગટ સ્વરૂપના બળ વિના, ત્યાં હજી કોઈને બ્રહ્મદર્શન તો થયું નથી. પણ, ઊલટું હઠ, માન, ઈર્ષ્યા અને અંદરોઅંદર એકમેકને શંકાની દૃષ્ટિએ જોતા રહી, મૂંગા-મૂંગા અંધકારમાં નિરાકાર ભગવાનનું ધ્યાન કરતા હોય છે.

માટે, બીજાં બધાં બળોનો સંત સમાગમ પાસે કાંઈ જ ભાર નથી. અન્ય ગુણો નહિ હોય, તોય સંત કૃપાથી જરૂર આવશે ને કલ્યાણ પણ જરૂર થાય તે વાત ૪થા પ્રકરણની ૬૧મી વિચારવી. તો, ગુરુહરિની સેવા ને પ્રસંગથી વચ. સા. ૧૮, વરતાલ ૩ મુજબ એકાંતિક ભક્તિ સિદ્ધ થશે જ. માટે **'નિર્દોષબુદ્ધિ'** ઉપર જ તાન રાખવું ને રાજીપો મેળવી લેવો. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે સૌને કેવળ ભગવાનની જ કૃપાથી અક્ષરધામ બક્ષિસ આપેલ છે; પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂ. યોગીજી મહારાજ તેનું દિવ્ય સુખ ને દિવ્યાનંદ દેહ છતાં જ ભોગવવાનું બળ આપે અને (વચ.) છે. ૨૭ મુજબ નિર્માનીપણાનો, **ખમવાનો - સહન કરવાનો** સાધુતાનો પરમ ધર્મ મુખ્યપણે છે, તે ગુણાતીત જ્ઞાનની વિશિષ્ટતા સૌને સરળતાથી સિદ્ધ કરાવે એ જ નમ્ર પ્રાર્થના છે.


**– ફેબ્રુઆરી, ૧૯૬૪**

## ૧૯૬૪માં પ.પૂ. સ્વામીબાપાની જયંતી પ્રસંગે પ.પૂ. કાકાશ્રીએ કરેલા ઉદ્‌બોધનમાંથી–

આપણે અહીં આવ્યા એ જ મહાન સાધન છે. બીજાં સાધન કયાં ?સદ્‌ગુરુ નારણદાસસ્વામીએ કહ્યું હતું કે ત્રણ શિખરનું મંદિર થશે. તો **શાસ્ત્રીજી મહારાજે** દુ:ખો વેઠીને આ સર્વોપરી સ્થાન ખડું કરી દીધું. સ્વામી ઘણી વખત કહે છે–
'ચાલીસ-ચાલીસ વરસ સુધી સેવા કરીને આ હાથ થાકી ગયા છે,
*ત્યારે આ ગાદી મળી છે.'*
ગુરુ કૃષ્ણજી અદા, શાસ્ત્રીજી મહારાજને તેમણે રાજી કર્યા છે. તેમનામાં (આપણને) હેત છે તો આપણું કલ્યાણ થશે. વસોમાં મેં તથા હર્ષદભાઈએ પૂછયું–
*આપને અમે નિર્દોષ જાણીએ છીએ, તો નિર્દોષ કેમ થતા નથી!*
ત્યારે સ્વામીશ્રીએ હસતાં-હસતાં ઉત્તર આપ્યો–
*એ તો જરા આપણું ગમતું ન કરે અને મરડે ત્યાં ખબર પડે.*



મરીને જેને પામવા હતા તે દેહ છતાં જ વચ.
છેલ્લા ૨ મુજબ ગુરુહરિ થકી પ્રાપ્ત થયા ગણાય.



આપણને 'પ્રગટ પ્રભુ' મળ્યા, પણ જેવા હતા તેવા ઓળખી શકાયા નહીં.

77

# પ્રગટ સ્વરૂપની સાધન પ્રણાલિકાનું રહસ્ય

શ્રીજી મહારાજે પોતાનું અનાદિ ધામ અક્ષરબ્રહ્મ સાથે પાંચસો પરમહંસો થકી,
પૃથ્વી પર કેવળ કૃપાથી જ, દયાથી જ પધારીને
માનવજાતિને માટે આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાય ખુલ્લો રહે
તેનું સ્વરૂપ ને રહસ્ય પ્રગટ ઉપાસનામાં સર્વોત્તમ રીતે બતાવી દીધું છે
અને
આત્મા-અનાત્માની ચોખ્ખી વિક્તિ
મૂળ અક્ષરબ્રહ્મ કે તેમના થકી તદ્‌વદ્‌ભાવને પામેલ
સંતપુરુષ થકી અખંડિત રાખેલી છે, તે જ મહાન કૃપા અને દયા (છે).
સર્વે મુમુક્ષુઓએ એકાંતિકના પ્રસંગે (એ) સમજી લેવાની અનિવાર્યતા રહે છે.
પ.પૂ. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે આપણને
**'સત્સંગ' ઓળખાવ્યો-એટલે 'સત્પુરુષ' ઓળખાવ્યા**
અને
જીવનો સત્સંગ-બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં દેહ છતાં જ સમ્યક્ પ્રકારે જોડાઈ જવાનો
દિવ્ય માર્ગ-સરળ બનાવી આપ્યો.
આવો અતિ અમૂલ્ય વારસો–
દેહ છતાં જ સાક્ષાત્ અક્ષરધામનું દિવ્ય સુખ, શાંતિ ને આનંદ પ્રાપ્ત કરવાની
નિર્દોષબુદ્ધિની, સંગઠનભાવની અનાદિ રીતિ દૃઢ કરાવી.
તે જ તેમની જીવો ઉપરની કેવળ કૃપાદૃષ્ટિ પુરવાર કરે છે.
તેમના અંતરના આશીર્વાદ પ્રાપ્ત કરવા
તે જ અનંત સાધનોમાં એક જ મહાન સાધન બની રહે છે.
તો સૌએ તેમની રુચિ ને અભિપ્રાય પ્રમાણેની પરાભક્તિ કરી લેવાની છે,
જેથી દેહ છતાં જ પરમપદ મનાઈ જશે
ને

અક્ષરધામનું ને ભગવાનનું જ દિવ્ય સુખ
સર્વત્ર અનુભવાશે, ભોગવાશે ને પ્રાપ્ત થતું જશે.
આવા દિવ્યવિગ્રહ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂ. યોગીજી મહારાજમાં
સત્યકામ અને આરૂણી માફક સંપૂર્ણ વિશ્વાસ રાખીને
તેમના જન્મજયંતી પ્રસંગે શુભ સંકલ્પ કરી
તે મૂર્તિમાન બને તે પ્રાર્થના શુદ્ધભાવથી કરી લેવાની છે.
વળી પૂ. સ્વામિજીને રાજી કરવા,
પ્રથમનું ૧૬ અને છેલ્લા ૧૧ ને ૭ વચનામૃતો (કે જે)–
તેમનાં અતિશય પ્રિય ગણાયાં છે
ને
વારંવાર તેનો ઉલ્લેખ ખપવાળાને તેઓ કરતા જ રહે છે,
તે આપણે જીવનમાં ઉતારી શકીએ તેટલું બળ આપે
ને
સૌમાં દિવ્યભાવ રહેતો જાય
તે જ આવા મંગળકારી ને કલ્યાણકારી શુભ દિને માંગવાનું છે.
તેઓ આપણી સમક્ષ વધુમાં વધુ વર્ષો સુધી રહીને મૂર્તિનું દિવ્ય સુખ અર્પતા રહે
ને
અનેકને બ્રાહ્મીસ્થિતિ કરાવતા જાય તે જ અભ્યર્થના છે.
પ્રગટ સ્વરૂપની સાધન પ્રણાલિકાનું રહસ્ય–
તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખી,
તેમની રુચિ ને અભિપ્રાય પ્રમાણે તેમના જ વચને દિવ્યભાવ રાખી,
સમગ્ર સત્સંગની, ગુણાતીત બાગની, સેવા કરી લેવામાં સમાયેલું છે.
એ સૌને સમજાઈ જાય ને કદીય તેમને ઓશિયાળા ન કરાય
તે માટેની સદ્‌બુદ્ધિ સ્વામી-શ્રીજી સૌને અર્પે એ જ પ્રાર્થના છે.

–ઑગષ્ટ, ૧૯૬૪

***

78

# ભગવદી અને એકાંતિકનાં લક્ષણો

શ્રીજી મહારાજે પોતાનું સાક્ષાત્ પ્રગટપણું સાચા સત્પુરુષ થકી અખંડિત રાખ્યું છે. જીવોના આત્યંતિક કલ્યાણ માટે અને એકાંતિક ધર્મની સિદ્ધિ દેહ છતાં જ થાય તે માટે ગુણાતીત સ્વરૂપ થકી કે વડવાનળ અગ્નિસમા પરમ એકાંતિક ભગવત્ સ્વરૂપ - નિર્ગુણ સ્વરૂપ થકી સર્વોપરી પ્રગટપણું પૃથ્વીને વિષે અખંડ રાખી, વચનામૃત પ્રથમ ૨૭માં તેવા સ્વરૂપની સ્પષ્ટ ઓળખાણ કરાવી દીધી છે. માનવજાતિ માટેની તે જ મહાનમાં મહાન બક્ષિસ છે. વળી, આવા ગુણાતીત અદ્વિતીય સ્વરૂપીની, તત્ત્વે કરીને જેમ છે તેમ, યથાર્થ ઓળખાણ થાય ને ભગવાનમાં સર્વોપરીભાવે નિર્દોષભાવથી જોડાઈ જવાય તે માટે તેવા પુરુષને સેવવા પડે, કાં તો તેમના એકાંતિક ભક્તો અગર ભગવદીનો પ્રસંગ કરીને સદા દિવ્ય સાકાર સ્વરૂપની પ્રગટ નિષ્ઠા જીવમાં દૃઢ કરવી પડે. તો જ બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે ને દેહ છતાં જ ધામનું નિર્ગુણ સુખ મળે છે.

આ રહસ્ય, અતિગહન ઉચ્ચકોટિની વાત સદ્‌ગુરુવર્ય **શાસ્ત્રીજી મહારાજે જ સર્વ માટે સિદ્ધ કરી બતાવી,** અક્ષર-પુરુષોત્તમના તત્ત્વજ્ઞાનને મૂર્તિમાન સ્વરૂપ આપ્યું અને ગુરુવર્ય યોગીજી મહારાજ તથા અન્ય સંતો હવે વ્યાપક સ્વરૂપે આ જ તત્ત્વનિષ્ઠા આત્મા-પરમાત્મા, બ્રહ્મ-પરબ્રહ્મનું સર્વોપરી પ્રગટપણાનું રહસ્યજ્ઞાન બધાંને માટે સુગમ, સુલભ બનાવી, નિર્દોષબુદ્ધિ દૃઢ કરાવી, દેહ છતાં જ બ્રહ્મરૂપ કરી ભગવાનમાં જોડે છે. સર્વ જીવો ગુણાતીતભાવને પામીને છેલ્લો જન્મ કરી દિવ્ય સુખ અખંડ પ્રાપ્ત કરે, તે જ આદર્શ રાખીને ભાગવત ધર્મની સિદ્ધિ કરાવતા રહે છે. તે જ તેઓની અતિશય દયા અને અનુગ્રહ છે.

પ.પૂ. ભગતજી મહારાજ, પ.પૂ. જાગાસ્વામી, પ.પૂ. કૃષ્ણજી અદા તથા ગુણાતીત બાગના તમામ મહાન સંતોએ ગુણાતીત સ્વરૂપના પ્રગટપણાની ગુરુ પરંપરા સ્પષ્ટ બતાવી દીધી છે. તે મુજબ હાલમાં તેવા દિવ્ય નિર્ગુણ સ્વરૂપ, જેમાં મહારાજ અખંડ રહીને સર્વ કાર્યો જીવોનાં આત્યંતિક કલ્યાણ માટેનાં કરતા જ રહે છે. તેમને યથાર્થ ઓળખી તેમનામાં સમ્યક્ પ્રકારે જીવ જોડી, નિષ્કપટભાવે ભગવદી

કે એકાંતિકના પ્રસંગે ને વચને સેવા કરી લઈ, નિર્દોષભાવ દૃઢ કરી, સેવી લેવાના છે. તો જ બ્રાહ્મીસ્થિતિ વિઘ્ન વિના સિદ્ધ થતી જાય છે. નહીં તો દેશકાળ લાગી જાય ને મનધાર્યું ફેરવે ત્યારે સત્સંગ મોળો પડી જાય ને ગુણાતીતભાવને પમાય નહીં. માટે, આ માટેનું ભજન – પ્રથમ પ્રકરણની ૧લી વાત, છેલ્લી વાત, ૨૩૭મી વાત, ચોથા પ્રકરણની ૧૪૦મી વાત વિચારી જીવમાં ઉતારવાની છે. જો સમ્યક્ પ્રકારે નિર્દોષભાવે સ્વરૂપમાં જોડાઈ જાય, તો તેને ગુરુકૃપાથી તેવી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે. પણ તે માર્ગ અઘરો લાગે, કારણ કે દેશકાળથી બચવું કઠણ પડે છે. મોટાના સમાગમે સ્વામિજીએ સૌ માટે સુગમતા કરી દીધી છે. તે, **ગુણાતીતાનંદસ્વામી** કહે :

*'અમોને જેમ છે, તેમ ઓળખવા હોય તો આ ભગતજી ને જાગાસ્વામીનો સમાગમ કરો.'*

માટે યથાર્થ રહસ્ય જાણનારા-અભિપ્રાય સમજનારા મળે તો માર્ગ સરળ બને, એટલું જ તેમાં કહેવાનું તાત્પર્ય છે.

શ્રીજી મહારાજે એકાંતિકની ઓળખાણ ને લક્ષણો ઘણા વચનામૃતોમાં બતાવ્યા છે ને સ્વામીની વાતુમાં પણ ઘણી જગ્યાએ સ્પષ્ટ બતાવ્યાં છે ને કોનો સમાગમ પ્રીતિ સહિત કરવો તે કહી દીધું છે. તેવો સંગ મોટાની અનુવૃત્તિ સમજી કરવો પડે, તો નિર્દોષબુદ્ધિ વહેલી દૃઢ થઈ જાય ને દેહ છતાં સુખિયા થવાય.

વચનામૃતમાં **એકાંતિકના લક્ષણો** બતાવ્યાં છે તે નીચે મુજબ વિચારી લેવાના છે :

**ગ.પ્ર.૧૧**માં મુક્તાનંદસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં મહારાજે ઉત્તર કર્યો કે –

*'જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે **એકાંતિક ભક્ત** કહેવાય.'*

**ગ.પ્ર. ૧૫** : *'ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે અને સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહીં. તે માટે એમ ને એમ ધારતો રહે એવું જેને વર્તતું હોય તેને **એકાંતિક ભક્ત** કહીએ.'*

**ગ.પ્ર. ૧૯** : *'આત્મનિષ્ઠા, વૈરાગ્ય, પ્રીતિ ને સ્વધર્મેયુક્ત ભગવાનની ભક્તિ કરતો હોય તેને **એકાંતિક ભક્ત** જાણવો.'*

**ગ.પ્ર. ૨૧** : *'એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ અને એવા **એકાંતિક ધર્મવાળા** જે **ભક્ત** તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે.'*

**ગ.પ્ર. ૪૭** : *'ચારેય નિષ્ઠા એકને વિષે વર્તે તેને જ **એકાંતિક ભક્ત***

*કહીએ-પરમ ભાગવત કહીએ.'*

**પ્ર. ૬૦**: *'વાસના ટાળે તે* ***એકાંતિક ભક્ત*** *છે. નિર્વાસનિક થઈને ભગવાનનું ભજન કરે તેને* ***એકાંતિક ભક્ત*** *કહીએ.'*

**મધ્ય ૯**: *'જેને સર્વથી ભગવત્ સ્વરૂપનું બળ અધિક હોય એ જ* ***એકાંતિક ભક્ત*** *કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય.'*

આમ બીજાં ઘણાં વચનામૃતોમાં લક્ષણો બતાવેલાં છે. તેનો સાર ઉપરનામાં આવી જાય છે. એકાંતિક હોય તે તો સ્વરૂપનું જ નિરૂપણ કરે ને ભગવાન જ રાખીને સંતની સેવા કરે.

**પ.પૂ. યોગીજી મહારાજે** જુદે-જુદે વખતે નીચેના લક્ષણો બતાવ્યા છે—

* *'જે કોઈનોય અભાવ લે નહીં ને આવ્યો હોય તેનો કાઢી નાખે તે ખરેખરા* ***પરમ એકાંતિક ભક્ત*** *છે.'*
* *'જે અખંડ ભીડો ખમે ને ગુણ જ લીધા કરે તે* ***એકાંતિક*** *છે.'*
* *'જે અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવી નિર્દોષભાવની સેવા કરે ને કરાવે તે જ* ***એકાંતિક ભક્ત*** *છે.'*

વળી **ભગવદી**ની વ્યાખ્યા: **સ્વામીની વાતુ - પ્રથમ પ્રકરણ ૧લાની ૨૦૬**—

*'જેને ગુણ વ્યાપે નહીં ને જાણપણારૂપ દરવાજે રહે તે* ***ભગવદી.'***

**પ્રકરણ ૧૧ ને પ્રકરણ ૧૨ની ૧૦૧મી વાત**માં—

*'****ભગવદી*** *હોય તે કથાવાર્તા, ધ્યાન, ભજન અખંડ કર્યા કરે ને દેશકાળ હોય તોય સત્સંગ મોળો ન પડવા દે ને શ્રદ્ધા ડગે જ નહીં.'*

વળી **પૂ. સ્વામીશ્રી (યોગીબાપા)** કહે કે—

*'ભગવાન ને સંતના કેવળ ગુણ જ ગાયા કરે ને પ્રથમ ૧૬ મુજબ વિવેક રાખે તે ખરા* ***ભગવદી.*** *તે કોઈનાય અવગુણમાં તો પડે જ નહીં, પણ મોટાના ગુણ જ ગાયા કરે.'*

નિર્દોષભાવવાળા ભક્તો બધાં જ **ભગવદી** છે. તેમની સાથે જ્ઞાનયજ્ઞ કર્યા કરવો ને એકાંતિકનો પ્રસંગ કરવો ને સ્વરૂપનું સમ્યક્ પ્રકારે સેવન કરવું; તો દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ ભગવાનમાં અખંડ જોડાયેલા રહી દિવ્ય સુખ મળ્યા જ કરે. આ રહસ્યવાર્તા મોટાની કૃપાથી જ સમજાય છે. તેવી કૃપા સર્વ પર વરસો તે જ એવી નમ્ર પ્રાર્થના છે.

**—નવેંબર, ૧૯૬૫**

***

79

# ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને ઉપાસનાનું સર્વોપરીપણું

રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, સીતારામની જેમ જ અક્ષરપુરુષોત્તમની સ્વરૂપનિષ્ઠાનું-ભક્તે સહિત ભગવાનની યુગલ ઉપાસનાનું ભગીરથ, અજોડ અને અદ્વિતીય કાર્ય, ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીએ વ્યક્તિવિશેષ બની, પોતાનો અસાધારણ પ્રતાપ, મોટપ અને ઐશ્વર્ય દાબી રાખીને, સર્વના કલ્યાણ માટે અક્ષર અને પુરુષોત્તમ, મહારાજ અને સ્વામીના સનાતન યુગલ સ્વરૂપો પધરાવી, એમને મૂર્તિમાન કરી દીધાં અને સ્વરૂપનિષ્ઠાનું સર્વોપરીપણું સાબિત કરી, પ્રસિદ્ધ કર્યું. માનવજાતિ માટે આ અસાધારણ બક્ષિસ ગણાશે.

સનાતન ધર્મના અનાદિ યુગલ કલ્યાણકારી સ્વરૂપો આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરબ્રહ્મ આમ સરળ રીતે મૂર્તિમાન થયાં, તેમાં શાસ્ત્રીજી મહારાજે અથાગ પરિશ્રમ, અપરિમિત અડગતા અને નિશ્ચય રાખી અસહ્ય અપમાનો સહ્યા. તે એમના અસાધારણ ઐશ્વર્યો હતાં. **શાસ્ત્રીજી મહારાજ થકી જ સ્વામિનારાયણ સંપ્રદાય મૂળસ્વરૂપમાં સ્થાપિત થયો છે, તે વાત ભવિષ્યમાં સાબિત થતી રહેશે.** આવી સ્વરૂપનિષ્ઠાને હવે પ.પૂ. પ્ર.બ્ર. સ્વરૂપ યોગીજી મહારાજ વ્યાપક સ્વરૂપે સર્વત્ર ફેલાવી રહ્યા છે અને ઘરોઘર અક્ષરધામના દિવ્ય સુખની પ્રાપ્તિ સુગમતાથી થાય તે જ તેમનો જીવનમંત્ર બન્યો છે. નવયુવાન સંતોને ગઢપુરમાં દીક્ષા આપી, ત્યારથી આ સ્વરૂપનિષ્ઠાનો વ્યાપક રીતે પ્રચાર વધુ થતો રહ્યો છે. આ જ સ્વરૂપનિષ્ઠા, સર્વોપરી ઉપાસના રૂપે શ્રેષ્ઠ અને મૂર્તિમાન સ્વરૂપે વ્યાપક બની, સર્વને આત્યંતિક કલ્યાણના અધિકારી બનાવશે. એ મહાન સિદ્ધિ સર્વને માટે ગુરુવર્યે સુલભ બનાવી, તે જ આપણાં અહોભાગ્ય. લાખો-લાખો વંદન હજો ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજને અને તેમના દિવ્ય કાર્યને.

– જાન્યુઆરી, ૧૯૬૬

***

80

# શક્તિપાત

ભારત દેશની વિશેષતા એ છે કે જીવાત્માને અહીં 'પ્રેય' અને 'શ્રેય' અર્થાત્ પ્રાપ્ત કરવા યોગ્ય અધ્યાત્મ સુખ- બન્ને મળે છે. આત્માનંદ વિના પરમ શાંતિ નથી. જ્યાં સુધી અંતરને શાંતિ નથી મળતી, ત્યાં સુધી જીવનનો ઉદ્દેશ્ય પૂરો થતો નથી. આ અંતરાત્માના સુખ માટે પરમ સામર્થ્યવાન ગુરુની આવશ્યકતા છે. ગુરુકૃપા પછી જ પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

શ્રી ગુરુકૃપાનું બીજું નામ છે–**'શક્તિપાત'**. સિદ્ધગુરુજનો જ શક્તિપાત કરી શકે છે. દિવ્યજીવનની અનુભૂતિ કરાવવામાં તેઓ પરમ સમર્થ હોય છે. એ બિલકુલ સાચું છે કે જ્યાં સુધી સમર્થ ગુરુ દ્વારા શક્તિપાત થતો નથી, ત્યાં સુધી સંપૂર્ણ સમાધાન થઈ શકતું નથી અને પરબ્રહ્મની વ્યાપ્તિ, શુદ્ધતા તથા અદ્વિતીયતાનું સંપૂર્ણ જ્ઞાન પણ થતું નથી.

**શક્તિપાત** એક આશ્ચર્યકારક અને રહસ્યમય પ્રક્રિયા છે–**જેમાં ગુરુ, શિષ્ય ઉપર કૃપા કરીને, પોતાની આત્મશક્તિનું તેનામાં સંક્રમણ કરે છે.** આત્માનુગ્રહને શાસ્ત્રમાં 'શક્તિપાત' નામ અપાયું છે. સિદ્ધોની કૃપા વિના શક્તિપાત થતો નથી.

શક્તિપાત એક મોટું વિજ્ઞાન છે. શિવાગમ તથા શૈવતંત્રમાં એના મહિમાનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. હિન્દી ભાષામાં આ વિષય પર શ્રી યોગાનંદ બ્રહ્મચારીનું 'મહાયોગ વિજ્ઞાન' તથા પુરીના ગોવર્ધનમઠાધીશ શ્રી શંકર પુરુષોત્તમતીર્થસ્વામીનું 'યોગવાણી' પુસ્તકો ઉપલબ્ધ છે. અંગ્રેજીમાં સર જહોન વુડ્રોફનું 'સર્પન્ટ પાવર' તથા (મરાઠીમાં) સ્વામી શ્રી વિષ્ણુતીર્થનું 'દેવાચી શક્તિ' પુસ્તકો ઉપલબ્ધ છે. આ બધાં ગ્રંથો સાધકને તેની સાધનામાં સહાયક છે; પરંતુ સાધક-મુમુક્ષુ-જિજ્ઞાસુ મનુષ્યને જ્યાં સુધી શ્રી ગુરુકૃપાજન્ય શક્તિપાત નથી થતો, ત્યાં સુધી આધ્યાત્મિક સાધના કરવામાં ઘણું કષ્ટ થાય છે. **સિદ્ધોની કૃપાથી આત્માની અનુભૂતિ સરળતાથી થાય છે.**

ગુરુ શકિતપાત કરીને શિષ્યની કુંડલિની શકિતનું ઉત્થાન કરે છે. આ કુંડલિની શકિત ચિત્તિશકિતથી ભિન્ન નથી. જે વિશ્વરૂપાકાર દેખાય છે, તેને પરમેશ્વરીય શકિત-ચિત્તિશકિત અથવા કુંડલિની શકિત કહે છે. ચિત્તિ સ્વતંત્ર શકિત છે, જે ચિત્ર વિચિત્ર જગતને, અભેદ હોવા છતાં પણ, અનેક રૂપોમાં ભેદાકાર કરીને બતાવે છે.

તે એકમાંથી અનેક, અનેકમાંથી એક, અદ્વૈતથી દ્વૈત ને દ્વૈતથી અદ્વૈત કરીને બતાવે છે. એક હોવા છતાં પણ અનેકરૂપ છે. અનંત રૂપોમાં પણ તાત્ત્વિક રીતે તો તે એક જ છે. યોગીની યોગસિદ્ધિ, જ્ઞાનીની પરમાનંદસિદ્ધિ, ધનવાનોની ધનસિદ્ધિ, રાજાઓની સત્તાસિદ્ધિ, યોદ્ધાઓની વીરસિદ્ધિ, તપસ્વીઓની તપસિદ્ધિ, મુકતજનોની જીવનમુકત સિદ્ધિ, મોટા-મોટા શસ્ત્રોની સંહારસિદ્ધિ- એ બધું એજ કુંડલિની અથવા ચિત્તિશકિતના અંશ છે. આને જ ગીતામાં ઐશ્વર્યમયી-મહાયોગમયી શકિત કહી છે. ચિત્તિશકિતના અંતરબાહ્ય અનેક ચમત્કાર છે.

આ જ શકિત શ્રી રામની સીતાશકિત, શ્રી કૃષ્ણની રાધાશકિત, પરમશિવની શૈવીશકિત અને વેદાંતમાં વર્ણવેલી ચૈતન્ય આત્મશકિત છે. એનું એક નામ છે ‘શિવ’ અને બીજું નામ છે ‘શકિત’. શિવ-શકિતમાં નામ માત્રનો જ ભેદ છે. વાસ્તવમાં તો તેઓ ભેદરહિત છે. ચિદાત્મશકિત અનુકૂળ અથવા પ્રતિકૂળ થઈને અનેક રૂપોમાં વિચિત્ર રૂપે જણાય છે. નિત્યાનંદજીમાં આ યોગમય ચિત્તિશકિતના અનેક ચમત્કારો રહ્યા છે. નિત્યાનંદજી આ શકિતને ‘ષોડશ કળાયુક્ત ને પુરુષોની અંતરાત્માં સ્ફુરિત પરમાનંદમય નિજાત્મશકિત’ કહેતા હતાં. **સિદ્ધજનો દ્વારા શિષ્યોમાં પ્રગટ થનારી દિવ્ય અનુગ્રહરૂપા કૃપાશક્તિ આ જ છે. એનો, અધિકારી શિષ્યો પર પાત થતાં જ, તે પોતાની જાતને પહેલાં કરતા કઈંક જુદા જ સ્વરૂપમાં અનુભવે છે.**

કુંડલિનીશકિત દરેક મનુષ્યમાં મૂલાધાર ચક્રમાં સર્પાકરે સાડા ત્રણ આંટા લગાવીને સુપ્ત દશામાં રહેલી છે. એ શકિતના બે રૂપ છે. બહિર્મુખ શકિત જગતના બધા વ્યવહાર એટલે કે પ્રવૃત્તિ વ્યવસ્થિતપણે કરાવે છે. અંતર્મુખ શકિત નિવૃત્તિમય જીવન દ્વારા પરમાર્થ સાધના કરાવે છે.

મનુષ્યના પૂર્વ સંચિત કર્મો અનુસાર આ શકિત તેનો મહિમા વધારે કે ઘટાડે છે. પ્રવૃત્તિમાં નેતાગિરીથી માંડીને અણુ-પરમાણુ વગેરે વૈજ્ઞાનિક સંશોધનોનું બધું જ્ઞાન તે આપે છે. આ શકિત વડે જ મનુષ્ય જગતના કોઈ પણ ક્ષેત્રમાં મહાન કાર્ય કરે છે. અંતર્મુખ કુંડલિનીશકિતના પ્રભાવથી યોગીઓને સર્વજ્ઞતા, ઉપદેશ આપવાની શકિત, પ્રતિભા અને અનુગ્રહ-નિગ્રહ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

આ સુપ્ત કુંડલિની શકિતને જાગ્રત કરવાનું કામ ગુરુજનોનું છે. જ્યાં સુધી તેની જાગૃતિ નથી, ત્યાં સુધી પરમાનંદની પ્રાપ્તિ પણ થતી નથી. કુંડલિનીને મધ્ય નાડી પણ કહે છે. 'પ્રત્યભિજ્ઞાહયયમ્'માં કહ્યું છે કે મધ્ય નાડીના વિકાસથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

ગુરુકૃપાથી મહામાયા-યોગીજનની કુંડલિની જાગ્રત થતાં જ અધિકારી શિષ્યની અંદર અનેક કાર્ય-ક્રિયા થવા માંડે છે. વાચકોની જિજ્ઞાસાના સમાધાન માટે તેનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે.

સાધકની કુંડલિની જાગ્રત થતાં જ તેનાં બધાં જ અંગોમાં નવચેતન સ્ફુરવા લાગે છે અને અંતરાત્માની સંશુધ્ધિની ક્રિયાઓ થવા માંડે છે.

પ્રથમ નિદ્રા જેવી તંદ્રા લાગી જાય છે, અંતરકંપ થાય છે, પરસેવો આવી જાય છે, શરીરમાં વીજળી જેવા ઝટકા લાગે છે, દાહ થાય છે, શરીર આળોટવા માંડે છે, જુદા પ્રકારનાં આસન કરવા લાગે છે ને પછી તેને સમાધિ જેવી તંદ્રા લાગી જાય છે. અનેક દેવી-દેવતાઓ તથા સિદ્ધ મહાત્માઓનાં દર્શન થવા માંડે છે. સ્વર્ગ અને પિતૃલોક દૃષ્ટિગોચર થાય છે. ધ્યાનમાં અથવા પ્રત્યક્ષ અનેક પ્રકારની જ્યોતિઓ દેખાય છે. કાનમાં અનેક પ્રકારના નાદ સંભળાય છે.

સુષુમ્ણા નાડીમાં મૂલાધારથી માંડીને મસ્તકમાં સહસ્રાર સુધી છ ચક્રો રહેલા છે. કુંડલિની જાગ્રત થતાં જ આ ષટ્ચક્રોનું શુદ્ધિકરણ થવા લાગે છે. એની સાથે જ બધા રસ નવા જેવા બની જાય છે અને પ્રાણ-અપાન સમાન થઈને દીર્ઘ કુંભક થવા લાગે છે. કુંભકની સાથે-સાથે હૃદયગ્રંથી ભેદાઈને જીવનભ્રમનો નાશ થાય છે. ભોક્તાપણાનાં કર્મો ક્ષીણ થવાથી 'જીવનમુકિત' પ્રાપ્ત થાય છે.

માનવશરીરમાં મન અને પ્રાણ એક સાથે મળીને કામ કરે છે. મન સ્થિર થવાથી પ્રાણ સ્થિર થઈ જાય છે. મન અને પ્રાણ સમ થવાથી શરીરનાં

બધાં કાર્યો વ્યવસ્થિત થઈ જાય છે. વેદાંતનું કથન છે કે મન અને પ્રાણની તાદાત્મ્ય અવસ્થામાં ચૈતન્ય (પર) આત્માનું પ્રતિબિંબ પડવાથી જે ચૈતન્યદશા પ્રાપ્ત થાય છે, તે જ કર્તા-ભોક્તા(ની) જીવદશા છે. સુખ-દુ:ખ ભોગવવા માટે ને કર્મ-અકર્મ કરવા માટે મન અને પ્રાણ એ બન્ને જીવાત્માના આશ્રય અને સાધન છે.

પાપકર્મનું ફળ 'દુ:ખ' અને પુણ્યકર્મનું ફળ 'સુખ' હોય છે. શરીરનો આશ્રય લઈને જીવાત્મા મન-પ્રાણની સહાયતાથી ભોગ ભોગવે છે. જ્યાં સુધી મન પ્રાણ સહિત મનનશીલ છે, ત્યાં સુધી તે પરમાનંદ મેળવી શકતું નથી. કુંડલિની જાગ્રત થતાં જ્યારે પ્રાણ-અપાન સમાન થાય છે, ત્યારે મન પણ સંપૂર્ણ શુદ્ધ થાય છે ને ચિત્ત એકાગ્ર બને છે. ચિત્તની એકાગ્રતાથી સમાધિની અનુભૂતિથી તટસ્થ લક્ષણજ્ઞાન થાય છે. ત્યારબાદ સ્વાભાવિક નિર્વિકલ્પ સ્થિતિ પ્રાપ્ત થાય છે. નિર્વિકલ્પ થતાં જ અમનસ્ક ગતિ અથવા ઉન્મતી સ્થિતિ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ સાધક વ્યાપક મને શુદ્ધ આનંદાનુભૂતિ કરે છે. તે તુરીયાનંદમાં સમરસ થઈને કૃતકૃત્ય બની જાય છે. આ કૃતકૃત્યતા જ જીવની-મુક્તસ્થિતિ અથવા સાક્ષાત્કાર છે.

આ બધું કાર્ય ગુરુકૃપાજન્ય 'કુંડલિની જાગૃતિ'રૂપી મહાપ્રસાદીથી જ થાય છે. ગુરુની કૃપા અપાર, અનંત અને અસીમ છે. પરમ અધિકારી શિષ્ય જ એને માણી શકે છે.

— જુલાઈ, ૧૯૮૧



81

# વહેવારના, મંદિરના કે સત્સંગના 'ક્રિયાયોગોનો આરંભ' સ્વભાવપ્રેરિત કે સત્ય (સ્વરૂપ) પ્રેરિત ?

ગીતાકારે સ્પષ્ટ કહ્યું છે કે
જ્ઞાન અને પ્રેમસહિત ક્રિયાનો આરંભ કરવો,
એટલે કે ભક્તિરૂપ ક્રિયા કરવી એ સર્વથી શ્રેષ્ઠ છે.
મહારાજે કહ્યું–**'માહાત્મ્યસહિત ભક્તિ.'**
ગુણાતીતે અને પછીના ચૈતન્ય સ્વરૂપોએ સંબંધવાળાનો-સ્વરૂપના મળેલાનો મહિમા સમજાવી, એને પણ દિવ્ય બતાવી એનું સ્વરૂપ બદલાવ્યું ! 'માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિ'. તેમાં ત્રણ તત્ત્વ આવ્યા : ધામ, ધામી ને મુક્ત. ભગવાન, સંત ને ભગવદી ને ચોથું જીવાત્મા. એટલે ફોર્મૂલા-ગણિત-ગુણાતીતના ગણિતની બારખડી-૩૩+૩૩+૩૩+૧. ભગવાન, સત્પુરુષ ને બે ભગવદીને નિર્દોષ માને-ભિન્ન અંગવાળા, તો જીવાત્મા તત્કાળ બ્રહ્મરૂપ થઈ જાય. સુહૃદ્‌ભાવે વર્તી શકે. શરૂઆત આવી રીતે થાય.

સત્પુરુષના-અતિ મોટા પુરુષના પ્રસંગથી પૂર્વ સંસ્કાર બદલાય ને દિવ્ય સંસ્કાર થઈ જાય. પછી આશીર્વાદ મળે એટલે સદ્‌ભાવ દૃઢ થાય. સદ્‌ભાવ દૃઢ થતાં મન, બુદ્ધિ ને ચિત્ત નિર્વાસનિક થઈ જાય પછી, નિરૂત્થાન-નિશ્ચય પાક્કો થયો ગણાય. જેથી, પ્રત્યક્ષ સ્વરૂપને વિષે 'અનન્યભાવ' ને બીજું–'અખંડ દિવ્યભાવ' દૃઢ થાય. ત્યાં ગૃહી-ત્યાગીનો મેળ નહીં. એટલે સદ્‌ભાવ જ નિર્વાસનિકપણાનો મૂળ હેતુ. સત્પુરુષ વિષે અખંડ સદ્‌ભાવ. એ માટે સાત દિવસ પરિક્ષિત માફક તીવ્ર ઈચ્છા, અભિપ્સા ને સંકલ્પ કરવો. શુકદેવજી જેવા સંત પાસે સાત દિવસ સંપૂર્ણ મૌન રાખી એના વચન પ્રમાણે વર્તી લેવું ને કોઈનું જોવું

નહીં. આપણે, ઠાકર ને ક્રિયા. આમ થતાં અનુભવની પરંપરા થશે ને આવું અનુભવજ્ઞાન પાકું થતાં તમે બ્રહ્મસ્વરૂપ છો, સત્પુરુષનો પ્રકાશ છો ને પ્રભુના દાસ છો એવું મનાઈ જશે. મન સંપૂર્ણ અમન, નિર્વિચાર ને નિર્વિકાર થશે ને પછી સમન થવા બે ભગવદી જોડે મિત્રભાવ ને રસરૂપ થવું. તો સુહૃદ્‌ભાવ દૃઢ થશે. ખરેખર તમારે કરવો જ છે કે બહાના કાઢવા છે કે જ્ઞાનના ચુંથણા કરવા છે ? ઓછામાં ઓછું ચાર કલાક આ રીતે-જોડમાં જીવવા મંડવું. છેવટે બે કલાક પણ આ રીતે જીવવું ને સવાર-સાંજ બે વાર 'સ્વરૂપયોગ' કરી લેવો. એટલે હવે સર્વ કાર્યોનો આરંભ ગુરુમુખી થતો રહેશે અને તેના જ ગમતા પ્રમાણેની પ્રેરણા થયા કરશે. આ જ 'સમજણવાળી સાચી આત્મબુદ્ધિ ને પ્રીતિ' થઈ.

કોઈને હેતની, કોઈને વૈરાગની, કોઈને વિશ્વાસની, કોઈને સમજણની, કોઈને સેવકપણાની; પણ સંતની કૃપા થકી-એના પ્રસંગે જે આત્મબુદ્ધિ થાય છે તે સ્વરૂપલક્ષી હોય છે. એટલે સ્વરૂપ તરફનો જ લક્ષાર્થ હોવાથી તેની પ્રેરણા મળે, તેનું અનુસંધાન રહે, તેની લગની લાગે ને તેને જે ખૂબ ગમતું હોય તે સહજ જ પ્રેરણા થયા કરશે. એવાનો જ જોગ ગમશે.

ભિન્ન અંગવાળા બે ભગવદી-સાધુ સાથે એકતાથી, દિવ્ય કુટુંબની ભાવનાથી કોઈ પણ ક્રિયાનો આરંભ કરો, તો બ્રાહ્મીશકિત કામ કરશે જ. સ્વનો ભાવ છ પ્રકારનો ઊડી જઈને સ્વરૂપભાવ દૃઢ રહેશે ને સ્વરૂપની જ પ્રેરણાથી સ્વરૂપપ્રેરિત જીવાશે. એને માટેનો મંત્ર-શરૂઆતમાં (બાળક માફક) **'નામીએ સહિત નામ'**નો છે. એ રીતનો (રાતની પ્રાર્થના સહિત) બે વખતનો સ્વરૂપયોગ કરશો. તેથી આ બીજો મંત્ર-મુદ્દાનો-અમાપ શકિત આપે એવો-**'સચેતન, સક્રિય, સમતાપૂર્વક સાક્ષીભાવ !'** એ રીતે જોડમાં કામ કરશો તો સ્થિતપ્રજ્ઞતા આવી જશે. એટલે સર્વ શુભ-અશુભ ક્રિયોયોગો નિર્ગુણ બની જશે. એને ગુણાતીતજ્ઞાનની દૃષ્ટિએ સાચો **'એકાંતિક ભક્ત'** ગણવામાં આવે છે. એને અખંડવૃત્તિ ભગવાનમાં જ રહે. ચૈતન્યનો વિવેક દૃઢ થાય ને હવે મૂર્તિમાંથી જ સંકલ્પ, ભાવ ને ક્રિયા થાય. કોઈનો અભાવ આવે નહીં. શરૂઆતમાં પ્ર. ૧૬ એણે સિદ્ધ કર્યું હોય, એટલે મ. ૨૬ એને સહેજે સિદ્ધ થાય.

હવે પ્રશ્ન એ થાય કે આપણને તેમ જ બીજાને કે અન્ય સંબંધવાળાને,

જ્યાં કામ-પ્રવૃત્તિ કરતાં હોઈએ, ઘર-મંદિર-ફેક્ટરી-દુકાનમાં કેમ ખબર પડે કે મારો આ નિર્ણય-મારી આ ક્રિયા-**સ્વભાવપ્રેરિત છે કે સ્વરૂપપ્રેરિત છે.**

**પ્રભુપ્રેરિત છે તેના લક્ષણો નીચે મુજબ છે –**

મને જે પ્રેરણા થઈ તે સ્વરૂપપ્રેરિત છે ને મારી ક્રિયા પણ સ્વરૂપની અનુવૃત્તિ પ્રમાણેની છે તે નીચેના ગમે તે એક કે બે લક્ષણો પરથી સાબિત થાય ને પોતાને અનુભવમાં પણ આવે ને બીજાને અનુભવમાં પણ આવે છે ને આહલાદ્જનક વાતાવરણમાં સર્વત્ર આનંદ ને શાંતિ ને જેને 'સરસતા' કહે તે પ્રસરે છે.

(૧) અંતઃકરણમાં શુભ જ સંકલ્પોનું ને વિચારોનું પૂર વહે. એ અંગેની હાશ પણ અનુભવાય ને બીજાને પણ તેનો ઉત્સાહ ને ઉમંગનો અનુભવ થાય.

(૨) જે કામનો આરંભ કર્યો હોય તે માટે પૂર્ણાહુતિ સુધી બ્હારથી તેનો વિરોધ થતો લાગે, પણ દરેક પગલે તેમાં વિકાસ થતો ને કામ સફળ થયું લાગે. **વિરોધ હોય પણ કોઈ વિઘ્ન નડે નહીં** અને અંતે વિરોધ કરનાર પણ વખાણ કરે કે 'સરસ થયું-અમે તો આટલા માટે આમ કહેતા હતા, પણ ભગવાને સરસ કર્યું.' એમ કરતાં પછી એ રીતે જ મેળવીને કામ લેવાની ઢબ આવડી જાય. ત્યાં સહુને સુહૃદ્ભાવની-મિત્રભાવની ઝાંખી થાય ને શકિત પેદા થતી લાગે. ફરીવાર એવું કામ કરવા માટે વગર નોતરે તેને સૌ પુષ્ટિ કરે અને એનો આત્મવિશ્વાસ ખૂબ વધી જાય.

(૩) ત્યાં પોતાના દોષોનું દર્શન થતું લાગે ને સ્વરૂપલક્ષી અનુભવજ્ઞાન વૃદ્ધિ પામતું જાય.

(૪) ત્યાં સહજ અંતર્દષ્ટિ જ રહેવા માંડે ને ક્રિયા થઈ જાય પછીનાં થોડા જ વખતમાં (પાંચ જ મિનિટમાં) પાછું વળી જવાય ને પ્રકાશ થઈ જાય ને સાચી સૂઝ પડી જાય.

(૫) જૂની ભૂલો, ત્રુટિઓ વારંવાર ન થતાં, નવી ભૂલો થઈ જાય; પણ ધીરે-ધીરે ઓછી થતી જાય ને છેવટે 'સ્વ'રહિત-સ્વભાવરહિત જ વર્તતા આવડી જાય.

(૬) સર્વને ક્રિયાયોગોથી પુષ્ટિ થઈ અંતે જીવ બ્રહ્મને પામી મન-અમન હોય તે હવે સચેતન જ સમન-સ્વરૂપલક્ષીમાંથી સાક્ષાત્ પ્રત્યક્ષની જ સર્વોપરિ નિષ્ઠામાં પરિણમે.

(૭) બે ભગવદીઓ સાથે રસરૂપ થતાં આવડી જાય. લપસી પડાય, પણ

ખાઈમાં (પડી) ન જતાં હૈયાની વરાળ ગમે ત્યાં ન કાઢતા ઊભા થઈ જવાય. મૂર્તિમાં પાછા આવી જવાય ને સંકલ્પરહિત જ અખંડ વર્તતા આવડે. તેની આત્મબુદ્ધિ ને પ્રીતિ દૃઢ થાય.

(૮) નિર્વિકલ્પ સમાધિની શાંતિ અંખડ વર્તે ને દેશકાળ લાગે જ નહીં-મૂંઝવણ આવે નહીં ને અભાવમાં પડાય નહીં. મહિમાની જ સેર ચાલુ રહે ને અંતે મહાત્મ્યસભર રહેવાય. સંબંધવાળામાં સાથે રહેવાય તેવી મહાત્મ્યસહિત ભક્તિ દૃઢ થાય.

**પરમ સત્ય કે સ્વરૂપપ્રેરિત જ છે તે તત્કાળ જ કેમ ખબર પડી જાય ?**

(૧) અંતરે ખૂબ હાશ વર્તે ને મનનો દ્વંદ્વ નડે નહીં, નિશ્ચિંતતા સહજ જ રહે ને સર્વહિતાવહ લાગે. બીજાને 'નૈમિષારણ્ય ક્ષેત્ર' જેવું વાતાવરણ-આહ્લાદજનક ઉમંગવાળું-આનંદવિભોર લાગે.

અગર

(૨) ઉપશમ ઐશ્વર્ય વર્તે ને બીજાંને પણ તેની ખબર પડી જાય. ગરીબને લૉટરી લાગી હોય કે ન ધાર્યું હોય તે વખતે મોટી પદવી મળી ગયા જેવું કે મિનિસ્ટર થયા જેવું લાગે. જીવનની સભરતા-કૃતકૃત્યતા અનુભવાય.

અગર

(૩) પ્રભુની જ સાર્વભૌમ સત્તા ચાલી રહી છે તેની ખાત્રી-પ્રતીતિ થતાં, તેની જ લીલા દેખાય ને દ્વંદ્વોમાં પણ શાંતિ વર્તે-સાક્ષીભાવ રહે ને છતાં પ્રેમથી પ્રભુની જ પ્રસન્નતાર્થે સેવા કર્યે જાય.

(૪) અતિ મોટાપુરુષને આપણો ખૂબ વિશ્વાસ આવે ને સામેથી આપણને સેવા સોંપે ને નિમિત્ત બનાવે. હઠ, માન, ઈર્ષ્યા સદંતર જ ચાલી ગયા હોય. તેથી, બીજાને પણ તેનો પ્રસંગ કે સમાગમ કરવા મોટા આજ્ઞા કરે ને તે નિરભિમાની ને સરળ વર્તતો જાય.

— માર્ચ, ૧૯૮૩

***

82

# અનુગ્રહ - ૧

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું કે પ્રગટસ્વરૂપનો મહિમા સમજવાનું કારણ તો ભગવદીનો પ્રસંગ છે, પણ તે વિના જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ ઓળખાતું નથી અને પળે પળે તેનું જ સર્વોપરી કર્તાપણું તથા તેના સંબંધવાળાને દિવ્ય માનવાપણું દૃઢ થતું નથી. મનમુખી રીતે કરેલી સેવાભક્તિથી સાધનનો રાગ અને કર્તવ્યનું અભિમાન રહી જાય અને ઝીણા ઝીણા સ્વભાવ પણ સિદ્ધ થઈ જાય છે. તેથી, છેવટે મોટાપુરુષને પણ ઓશિયાળા કરી મનધાર્યું કરાવાય.

આવી ભ્રમણામાંથી ગુણનો, જાણપણાનો કે પોતાની સમજણનો અભિનિવેષ એવો દૃઢ થઈ જાય છે કે છેવટે શાસ્ત્રનું કે કોઈનું વચન મનાય નહીં અને અસેવારૂપી અભાવ-અવગુણમાં પડી, તેવો મનનો ને સત્સંગનો કુસંગ બીજામાં પણ આગ્રહપૂર્વક બળજબરીથી પેસાડાય. આવી માયા જ સત્સંગમાં અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામી જેવાને ધોળા પેહરાવવા તૈયાર થએલ. શુદ્ધ મુમુક્ષુ બીજાંની માથાકૂટ-ખટપટમાં તો પડે જ નહીં અને બીજાંને સમજાવી દેવાનો આગ્રહ પણ ન રાખે. પોતાનું જ કરી લેવાનું તાન રાખે. જ્યાં હજુ એક કલાક પણ આપણું મન એકાગ્રતાથી ગુરુચરણે સ્થિર રહેતું નથી, ત્યાં બીજાંની પંચાત ક્યાં કરવી ?

તો, આવી ભ્રમણા અને અભિનિવેશમાં રાચતું આપણું મન ભગવદીના પ્રસંગે નિર્મળ બને અને વચ. પ્ર. ૨૦ તથા મધ્ય ૫૩માં જાણાવ્યા પ્રમાણેનો મહામોહ આપણને ન લાગતાં, ગુરુચરણે જ મન નિમગ્ન રહે અને એમની અનુવૃત્તિ પ્રમાણે સહજ જ વર્તાય એ જ પ્રાર્થના.

— ડિસેંબર, ૧૯૬૭

***

83

# અનુગ્રહ - ૨

પ્રગટ સ્વરૂપની ઓળખાણ થયા પછી સર્વ બારાખડી સદંતર બદલાઈ જાય છે. જ્ઞાન કહો કે સમજણ કહો, પણ જેમ શ્રીકૃષ્ણ ભગવાનને રાધાજી, લક્ષ્મીજી, અર્જુન, ઉદ્ધવજી, જનક, અંબરીષ, સ્વામી શુકજી, કુંતાજી, જસોદાજી, ગોપિયો વિગેરે સહુ ભગવાન માનતાં ને પોતાની રીતે કોઈ સખાભાવે, સખીભાવે, સેવકભાવે, વાત્સલ્યભાવે, કામભાવે ને કેટલાક કંસ ને શિશુપાળ જેવા અસુરભાવે જોડાયેલા હતા. પણ, તેમના કલ્યાણ ને સમજણમાં અનેક ભેદ પડી ગયા છે; તેવી જ રીતે વચ. સા. ૧૭માં જણાવ્યા મુજબ મચ્છરથી ગરુડ સુધીના મુક્તોના ભેદ પડી જાય છે ને અખંડ જાણપણું દૃઢ થયા પછી જ મૂર્તિની સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. વચ. કા. ૭માં મહારાજે તે સ્પષ્ટ બતાવેલ છે. પણ ત્યાં સુધી પ્રકૃતિપુરુષ સુધીનું જગત વાચ્યાર્થજ્ઞાની હોય તેને પણ નડે છે. ભગવાન તેને વશ વર્તતા હોવા છતાં, હૈયામાં અપૂર્ણપણું ને શૂન્યતા રહે છે અને ઘણી વખત નાની-નાની બાબતમાં પણ ગુણ વ્યાપી જતો લાગે છે. આવા વાચ્યાર્થજ્ઞાનીનું અહમ્ ભયંકર હોય છે ને તેમના વિષે જેમને હેત હોય છે, તેમને પણ બહુ નડે છે.

વડવાનળ જેવા પુરુષ ઓળખાય જ ક્યાંથી ? માટે ભગવદીના પ્રસંગથી એવા પુરુષ ઓળખાયા બાદ, સદ્‌વિચાર અને સદ્‌ભાવના પ્રગટે છે અને તેમાંથી ધામ, ધામી ને મુક્તો દિવ્ય મનાય અને નિર્દોષભાવના પ્રગટે, ત્યારે જ જ્ઞાનીનું અહમ્ ઓગળીને, મુક્તોની માયા ટળી જઈને, વિજ્ઞાન પ્રાપ્ત થાય છે; કહેતાં અનુભવજ્ઞાન થાય છે ને જીવ બ્રહ્મરૂપ થતાં ભગવાન વરણીય બને છે.

પ્રગટ મળ્યા ને ઓળખ્યા તે પરમ કલ્યાણ તો છે જ, પણ તત્ત્વે કરીને તેમના સ્વરૂપનો જીવમાં અનુભવ ને સુખ અખંડ પ્રાપ્ત થતાં નથી.

તો ભગવદીના પ્રસંગે તેવો સમ્યક્ અનુભવ થતાં – દેહ છતાં જ નિર્ભયતા, નીડરતા, નમ્રતા, સ્વાધીનતા અને નિર્મત્સરતા જેવા ગુણો દૃઢ થઈ, સ્વતંત્ર મુક્ત બની, અક્ષરધામનું જ સુખ-કોઈનામાંય ભાવફેર કે ખટપટમાં પડયા સિવાય-સરળતાથી, લહેજતથી સૌ ભોગવતા રહે એ જ અંતરની અભ્યર્થના.

— ડિસેંબર, ૧૯૬૭

***



આજ્ઞામાં તારતમ્યપણાનું રહસ્ય વગર વિચારે
કોઈએ સમજી લેવું ન જોઈએ;
પણ પ્રગટ સંતની મહિમા સહિત અપાર સેવા કરે તો જ જણાય.




વિષયો સુખ-દુઃખરૂપ જ છે એમ જાણવા છતાં ય
અવ્યક્ત રાગો ખેંચી જાય છે.

84

# અનુગ્રહ - ૩

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ ચાર પ્રકારના સત્સંગી 'સ્વામીની વાતુ'માં ગણાવ્યા. તેમાં જ્ઞાનીને ઉત્તમ કહ્યો છે ને મહારાજે તેવાને પોતાનો આત્મા માન્યો છે. પણ ગુણાતીતજ્ઞાનનું આ રહસ્ય મોટા-મોટા પરમહંસોને પણ જેમ છે તેમ તે તે વખતે નહો'તું સમજાયું. તેથી મહારાજે કહ્યું કે તેમને જગતની કોરનો કાંઈક લોચો રહી ગયો. તે જ લોચો ગુણાતીતસ્વરૂપે સરળતાથી દૂર કર્યો.

વળી, સ્વામીએ માર્મિક રીતે જણાવેલું કે જેવી પરોક્ષમાં પ્રતીતિ છે, તેવી પ્રગટ મહારાજ અને મુક્તોમાં નથી આવતી તે જ અજ્ઞાન છે. વળી મહારાજનો અપરંપાર મહિમા જાણવા છતાં, ઘણા ત્યાગી ગરુડપુરાણની તથા રામાયણની પણ કથા કરતા. ત્યારે ત્યાં સર્વોપરી પ્રગટપણાની મહામોટી ખામી દેખાય અને તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરે સાધનો તો અતિ આકરાં હોવા છતાં પણ, મનુષ્યરૂપે વિચરતા સ્વરૂપમાં અખંડ દિવ્યભાવ અને તત્વે કરીને ઓળખાણ ન થઈ શકવાને લઈને મૂળવૃત્તિ અને મૂળ અજ્ઞાન ન ટળી શક્યું. તેથી મહારાજ ભેગા રહ્યા, સેવા કરી, ખપ હતો છતાં પણ અક્ષરધામનું સુખ, અખંડ પ્રાપ્ત કરી શક્યા નહીં.

સ્વામી તો કે'તા કે **વચનામૃત સિવાય બીજે માલ મનાય એ 'મોહ'. તેમ જ ગુણાતીતસ્વરૂપ અને તેના અભિપ્રાયને જાણનારા ન ઓળખાય તે પણ 'મહામોહ'.** સર્વનિવાસાનંદસ્વામીની માફક આચાર્યની મહોબત છોડીને અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામીની વાતો સાંભળનારા એવા વીરલા કોઈક જ હોય.

આ વાત જીવના સત્સંગની અને પ્રકૃતિ-પુરુષથી પરનું અક્ષરધામનું સુખ લેવાની છે. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે ને પ.પૂ. યોગીજી મહારાજની કૃપાથી આ વાત, જો 'નિર્દોષબુદ્ધિ'ની ટેક રાખવામાં આવે તો, સુલભ છે.

આવી અણમોલી મોજ પ.પૂ. સ્વામિજી લૂંટાવી રહ્યા છે, તો સૌને સુલભ બને એ જ અભ્યર્થના.

**– ફેબ્રુઆરી, ૧૯૬૮**

***

85

# અનુગ્રહ -૪

અનંત જન્મના સુકૃત ઉદય થાય ત્યારે જ ખરેખરા સાચા ગુણાતીતપુરુષનો જોગ થાય છે અને સૂર્યની જેમ સહુ ઉપર કૃપા વરસાવી, તે દરેક મુમુક્ષુના સંસાર અને જગતના વિધવિધ પ્રસંગોમાં જાળવીને સત્સંગમાં ટકાવી રાખે છે. આમ સેવા કરતાં જીવ જ્યારે ખરેખર બળને પામે છે ત્યારે તેના પર કૃપાદૃષ્ટિ કરતાં, તેના દોષ તેને દેખાય છે ને તે અંતર્દૃષ્ટિ કરતો થાય છે. આ રાજીપો જુદા પ્રકારનો હોય છે અને તેથી મોટા પુરુષ આજ્ઞાઓ કરી માંદાની સેવા અથવા તેને જે ફાવતી હોય તે પ્રકારની અમાપ સેવા અથવા એવો બુદ્ધિયોગ અથવા ભગવદીનો પ્રસંગ અથવા ખમી શકાય તેવો રોગ કે દેશકાળ મૂકીને પણ શ્રેયાર્થી સાધકનો અવ્યક્ત રાગ અને સ્વભાવ બહાર લાવી કાઢી નાખે છે.

આમ મોટા પુરુષનો અંતરનો અત્યુત્તમ રાજીપો થતાં, એની મૂળવૃત્તિ કાઢીને જ્યાં જ્યાં હેત હોય કે જે વ્યક્તિ કે પદાર્થનો એને ભાર પડતો હોય અગર જે માન્યતા અને ગ્રંથિ પર જીવન જીવતો હોય, તેને સદંતર તોડી નાખીને તેની પ્રકૃતિને દિવ્ય બનાવવા અને બ્રહ્મરૂપ કરી ભગવાનમાં કે પ્રગટ સ્વરૂપમાં નિર્વિકલ્પપણે જોડી દેવા સમર્થ ગુરુ જ તેની પાછળ, આ સમૂળા રૂપાંતર સુધી, પડતા હોય છે. તેથી છેવટે તેના બધાં સાંધા તૂટી જઈને પ્રકૃતિ-પુરુષ સુધીના તેમ જ મુક્તોની માયા સુધીના બધાં જ ભાવો ટળી જઈને, કેવળ આત્મા અને પરમાત્માનો સાંધો અખંડિત, કાયમ બનાવે છે. એક ઉચ્ચ પ્રકારની આ આધ્યાત્મિક સ્થિતિ દેહ છતાં જ તેને પ્રાપ્ત થાય છે. ફળરૂપે પૂ. સર્વનિવાસાનંદસ્વામી અને રઘુવીરજી મહારાજ જેવાને મોટપ કે મહોબતરૂપ સત્સંગનું જગત પણ નડયું નહીં. વચ. છે. ૩૯ મુજબનો ગુણાતીતજ્ઞાનનો સત્સંગ સિદ્ધ થઈ, વચ. કા. ૭, પં. ૭ તથા લોયા ૭ મુજબ સમ્યક્ પ્રકારની નિર્દોષબુદ્ધિ દેહ છતાં પ્રાપ્ત થાય છે અને આઠે પહોર અખંડ અહોહોપણું અનુભવી પરમાનંદ પ્રાપ્ત કરે છે અને બીજાંને કરાવે છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુવર્ય યોગીજી મહારાજની કૃપાથી અને તેના અંતરના રાજીપાથી મૂળ અજ્ઞાન ટળીને, આવો આધ્યાત્મિક સંબંધ સહુને ય પ્રાપ્ત થાઓ એ જ અંતરની અભ્યર્થના.

— માર્ચ, ૧૯૬૮

***

86

# અનુગ્રહ - ૫

સ્વામીની વાતોમાં કહ્યું છે કે—

*ખરેખરો વિચારને પામ્યો હોય તેને આત્મા-પરમાત્મા સિવાય કોઈની પ્રતીતિ કે ભાર જીવમાં રહે નહીં.*

નિષ્ઠાવાળાને એ જ રીતે પ્રત્યક્ષ સ્વરૂપ અને તેના અભિપ્રાયના જાણનારા સિવાય કોઈનો ભાર રહે નહીં. તેનું પ્રારબ્ધ સંતપુરુષ બની જાય અને કાળ, કર્મ, માયા, સ્વભાવનો કાયદો તેને માથેથી સદંતર ઊડી જાય છે. શાસ્ત્રમાં પ્રહ્‌લાદનો દાખલો છે. અગ્નિ દેવરૂપે પ્રકૃતિ અને જગતને બાળે, પણ એનો એ અગ્નિ પ્રહ્‌લાદને બાળી શક્યો નહીં. અગ્નિએ ભગવાનને કહ્યું, *'આ મારા સ્વભાવ વિરુદ્ધ થયું.'* ત્યારે ભગવાન જણાવે છે કે—

*'જગતના જીવોને પ્રકૃતિના કાયદા લાગુ પડે, પણ પ્રહ્‌લાદ તો મારો છે, પ્રકૃતિથી પર છે. મારા છોકરાને અગ્નિ બાળી શકે નહીં. એને દંડ દેવો હશે તો હું દઈશ.'*

આમ કોઈનું ય જોયા વગર વચનામૃત ગ. પ્ર. ૧૬ પ્રમાણે પ્રગટ અને તેના સંબંધવાળાના ગુણગાન ગાયા કરે તો લહેજતથી, અક્ષરધામનું સુખ પ્રાપ્ત થાય છે. આ વાત ગુણાતીતભાવમાં રહીને હાં હાં ગડથલ કરવાથી શક્ય બને છે. તેથી, તે ભક્ત જીવનમુક્ત બની સ્વતંત્ર બને છે. આવી અમૂલ્ય પ્રાપ્તિ શ્રીજી મહારાજે સૌને માટે સુગમ કરી છે.

પોતાના **આશ્રિતને** અંતકાળે રક્ષા કરીને કલ્યાણના અમૂલ્ય વરદાન આપ્યા, **આત્મબુદ્ધિવાળા માટે** નિર્વિકલ્પ સમાધિનું સુખ અખંડ આપી, દેશકાળનો ટોચો લાગે નહીં એવા બનાવ્યા અને **નિર્દોષબુદ્ધિવાળાને** દેહ છતાં જ સ્વતંત્રતા આપી, દુર્લભમાં દુર્લભ એકાંતિકપણું લહેજતથી સિદ્ધ કરવા રૂપી મોજ આપી.

આવી રીતે અત્યંત સરળતાથી, ગુરુહરિએ કેવળ કરુણા કરીને જુદે જુદે સ્થળે ખરેખરા ભગવદીનો જોગ આપીને, અત્યંત સરળતાથી દેહ છતાં જ અક્ષરધામની આવી પ્રાપ્તિ કરાવી, અને વાસના અને સ્વભાવનું સમૂળું રૂપાંતર દેહ છતાં જ શક્ય બનાવી પરમ સુખિયા કરી દીધાં.

તો હવે મુમુક્ષુ જીવો ખોતરીને દુઃખ ઊભાં ન કરતાં, બક્ષીસરૂપે મળેલો પ્રગટનો જોગ અને પ્રાપ્તિનો આનંદ ભોગવ્યા કરે એ જ શુભેચ્છા.

**— એપ્રિલ, ૧૯૬૮**

87

# અનુગ્રહ - ૬

ગુણાતીત જ્ઞાન સક્રિય, સનાતન અને સાકાર છે અને જૂનાગઢના મહામોટા સંતોએ તે દૃઢ કરાવવા અનંત દુઃખો સહન કર્યાં છે. તે 'અક્ષરમત' અને ઉપાસનાને મૂર્તિમાન સ્વરૂપ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે અનાદિ મહામુક્તોના સહકારથી આપ્યું અને પૂ. યોગીજી મહારાજ હવે ચૈતન્ય મંદિરો ઘડી અક્ષરધામનું દિવ્ય સુખ દેહ છતાં જ ઘરોઘર નિર્દોષબુદ્ધિ વાળા ભક્તોને મોજરૂપે અર્પી રહ્યા છે. આમ આત્મા અને પરમાત્માના ચૈતન્યસ્વરૂપોનું આ જ્ઞાન વૃદ્ધિ પામ્યું અને ભગવદીઓના પ્રસંગે તે હવે વ્યાપકરૂપે અનેકને લાભદાયી થઈ, મંગળકારી ભાવના પ્રગટાવતું રહે એવી ગુરુહરિની અંતરની ઈચ્છા અને અભિપ્રાય છે.

માટે જુદી જુદી કક્ષાના સાધકોએ તે અભિપ્રાયને જાણી, ગુરુહરિ તેઓનો દેહભાવ ટાળવા માટે કસોટીઓ ઊભી કરતા હોય છે, તેમાંથી પસાર થવાનું છે. આશરાવાળાને તેની રીતે, આત્મબુદ્ધિવાળાને આંતરિક મૂંઝવણરૂપે અને નિર્દોષબુદ્ધિવાળાને પરમ સત્ય સ્વરૂપના પ્રગટપણાના સર્વોપરિપણામાં અને સંબંધવાળામાં કેવળ દિવ્યભાવ રાખવા બાબતની કસોટીઓ તેઓને પાકા કરવા તથા જીવને શુદ્ધ કરી કેવળ ભગવાન જ પ્રધાન રહે તેવા પરમ સુખિયા દેહ છતાં જ બનાવવા અત્યંત દયા કરીને મૂકતા હોય છે. વળી પ્રગટના ઉપાસકોને સ્વરૂપજ્ઞાનની જીવમાં ખરેખરી દૃઢતા થતાં જ–

(૧) સ્વરૂપનિષ્ઠાની

(૨) માયિક સંકલ્પોના વિરામની

તથા

(૩) અત્યંત વિરોધી પ્રકૃતિમાં પણ સાધુતા અને બ્રહ્મરૂપે, નિર્માનીરૂપે, જાણપણે વર્તવાની–આ ત્રણ કસોટીમાંથી પસાર થવું પડે છે.

પળે પળે અંતર્દૃષ્ટિ રાખનાર કે એકાંતિકનો પ્રસંગ કરનારને આ તત્કાળ જણાઈ આવશે અને અનુભવજ્ઞાન દેહ છતાં જ સિદ્ધ થતું જશે, જેના

પરિણામે દેહભાવ અને જીવભાવ સદંતર ટળી જવાથી ભગવાનનું સુખ લેતા થવાશે.

અચળ મતિવાળા સાધકો પ્રગટના સંબંધનો મહિમા સમજીને સેવા કરી રહ્યા છે. તેમના માટે આ અનિવાર્ય પગલું છે. તો સેવાના જ ફળરૂપે કે રાજીપો ગણીને આવા કસોટીરૂપ પ્રસંગોમાં જરાય અભાવ અવગુણમાં કે સ્વામિનારાયણનું જાણે અજાણે નામ લેતો હોય, તેઓના ઘસારામાં ન પડાય તે જોવાનું રહ્યું.

વળી મૂંઝવણ કે વિક્ષેપ આવે ત્યારે કેવળ સ્વામિશ્રીજી અને પૂ. બાપાને જ તત્કાળ પોકાર કરતા રહી, અંતર્દૃષ્ટિ કરી પ્રાર્થના કરશો તો બ્રાહ્મીશક્તિ સાકાર સ્વરૂપે જ જ્યાં હશો ત્યાં જ તમારી રીતે, અંતરમાં જો ભગવાનને વિષે અને પૂ. સ્વામીશ્રીને વિષે અચળ મતિ અને દિવ્યભાવ હશે તો, પ્રતીતિ કરાવશે જ.

ચૈતન્યભૂમિકાનું આ જ્ઞાન હવે સર્વત્ર ખુલ્લું જણાઈ અનુભવમાં આવતું જ જાય છે. આપણે તો ફક્ત વચ. ગ.પ્ર. ૧૬ અને ગ. મ.૨૪ દૃઢ કરી રાખી ભજન અને સેવા કર્યા કરવી. વળી પ્રગટની નિષ્ઠાવાળા સાધકોને પ્રતિલોમપણે પ્રગટસ્વરૂપની પ્રાર્થના કરતાં સત્યનિષ્ઠાના અનુભવો થશે જ અને તેથી અંતરમાં શાંતિ, સુખ, આનંદ અને ઉત્સાહ વર્તતાં લાગશે. તેવા સંતો અને હરિભક્તોનો અતિશય પ્રીતિએ કરીને સમાગમ કરવાનું મહારાજે વચ. ગ. છે. ૧૧ વચનામૃતમાં કહ્યું છે. તો ભગવાન ને ભગવાનના ભક્તોના ગુણ જ ગાયા કરવા અને સાંભળવા. પરંતુ, અમહિમામાં તો પડવું જ નહીં. તે દ્વાર જ બંધ.

પ.પૂ.સ્વામિજીનું આ મહામોટું બ્રહ્મસૂત્ર સૌને સુલભતાથી સિદ્ધ થાય એ જ ગુરુચરણે પ્રાર્થના !

— ઍપ્રિલ, ૧૯૬૮



88

# અનુગ્રહ - ૭

आत्मा वारे दृष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः।

'ધામ, ધામી અને મુક્તે સહિત દિવ્યભાવની નિષ્ઠા એ જ ઉપાસના' – એ સૂચન બ્રહ્મસ્વરૂપ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે તત્ત્વનિષ્ઠા રૂપે જાહેરમાં ખુલ્લું મૂક્યું. એવી નિષ્ઠા હશે તો જ આપણું જગત દેહ છતાં ખરશે.

એ રીતે શ્રીજી મહારાજના પ્રસાદીના અને બ્રહ્મસ્વરૂપ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિવાળા સ્થાને અક્ષરપુરુષોત્તમ મંદિર, સંસ્કૃત પાઠશાળા અને સંસ્કાર કેન્દ્રના ભવ્ય મકાનનું ઉદ્‌ઘાટન કાર્ય હજારો હરિભક્તોની હાજરીમાં ગુરુજયંતીના મહામંગળકારી પ્રસંગે શાંત, સુદંર અને દિવ્ય વાતાવરણમાં પતી ગયું. આમ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામી અને ગુરુપરંપરાએ ગુણાતીતરૂપે વિચરણ કરતા સ્વરૂપો સાથે સાંકરદા મુકામે બેસી ગયા અને નિર્વિઘ્ને બધાં કાર્યો પાર પડયાં એ જ સ્વામિશ્રીજીની મહત કૃપા. હવે અક્ષરપુરુષોત્તમની સર્વોપરી અને શુદ્ધ ઉપાસના તથા પ્રગટની નિષ્ઠા અહીંથી પ્રવર્તતી રહે એવી ગુરુચરણે પ્રાર્થના છે.

બ્રહ્મસ્વરૂપ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે બ્રહ્મ અને પરબ્રહ્મના તત્ત્વોની પરમસત્ય નિષ્ઠા મૂર્તિમાન કરી અને ગુરુહરિ યોગીજી મહારાજે આજે ઘરોઘર અક્ષરધામનું સુખ લેવા માટે 'સંઘનિષ્ઠા' પ્રવર્તાવી અને તે માટેનું પરમસાધન નિર્દોષબુદ્ધિ બતાવી. આ નિર્દોષબુદ્ધિના કાયદે પ્રગટસ્વરૂપને પરમતત્ત્વ રૂપે જોવું, સાંભળવું, જાણવું, ઓળખવું અને ઓળખીને તેમના ગમતા પ્રમાણે જીવન જીવી, પ્રગટમૂર્તિના ધારક બની, અખંડ સુખિયા રહેવું એવી જીવનમુક્તિની સ્વતંત્રતા સહુને ય પ્રાપ્ત થાય, તે માટેના સ્વામિજીના અમાપ દાખડાને સહુ કોઈ સફળ બનાવે એ જ ગુરુચરણે પ્રાર્થના.

– જૂન, ૧૯૬૮

***

89

# અનુગ્રહ-૮

અક્ષરધામના મુક્તોને ઓળખવાની ઘણી રીતિઓ મહારાજે અને સ્વામીએ બતાવી છે. પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અત્યંત સરળ રીતે સૌને ય સમજાઈ જાય ને મુક્તો ઓળખાઈ જાય તે લક્ષણ સ્પષ્ટતાથી જાહેર કરેલ છે કે— *જેમને પ્રગટ સ્વરૂપમાં સહજ જ હેત થઈ જાય તેમને પૂર્વના મળેલા જાણવા, તેમ પ્રગટસ્વરૂપ અને તેમના સંબંધવાળા એટલે કે વચ. વ. ૧૯, પ્ર. ૩૭ મુજબ*

* *સ્વરૂપમાં અચળમતિ હોય,*
* *અભાવ-અવગુણમાંથી પાછા વળતા હોય,*
* *જેને બળતરા થતી હોય,*
* *જે સર્વેનો મહિમા સમજી ભીડો ખમે, ગમ ખાય અને તેમનો કેવળ ગુણ જ લે તે ખરેખરા મુક્ત જાણવા.*

ધામ, ધામી અને મુક્તોનાં યથાર્થ સ્વરૂપ આ લોકમાં વિચરતાં હોય તેમને ઓળખે ને દિવ્યમાને તથા સંબંધમાં આવનારનું પ્રકૃતિ-પુરુષ સુધીનું જગત ટાળી નાખે, તે અક્ષરધામના મુક્ત જ ગણાય. ત્યાં 'નૈમિષારણ્ય ક્ષેત્ર' વર્તે અને વચ. સા. ૭, છે. ૧૧ મુજબ 'નિર્દોષબુદ્ધિ'નાં ગુણગાન જ હોય તથા શાંતિ સુખ ને આનંદ તેમના સાન્નિધ્યમાં વર્તે. વળી, તેવા મુક્તોની સબીજ નિષ્ઠાની વાતુથી અંતરનું સમાધાન થાય અને મલિન સંકલ્પો ને મનુષ્યભાવ સત્સંગમાંથી નીકળી જાય ને જીવ વૃદ્ધિને પામતો લાગે.

'નિર્વિકલ્પ સમાધિ' જેવી અખંડ શાંતિમાંથી આગળ અક્ષરધામનું જ દિવ્ય સુખ પ્રાપ્ત કરવા 'જ્ઞાનસમાધિ'માં તેવા મુક્તોનો પ્રવેશ થઈ જાય છે અને આઠે પહોર અહોહોપણું, કૃતાર્થપણું ને પૂર્ણપણું મનાઈ જાય છે. અંતે સમગ્ર સત્સંગ દિવ્ય મનાયો હોવાથી, તેના પ્રસંગે અન્યને પણ જ્ઞાનનો તેમજ પ્રગટના અપરંપાર મહિમાનો સાક્ષાત્કાર થાય છે તથા નિર્માનીપણે સત્સંગની સેવા કરવામાં

સૌ પ્રેરાય છે ને પ્રગટ સ્વરૂપ અને તેના મળેલાઓને જેવા છે તેવા યથાર્થ ઓળખી 'નિર્દોષબુદ્ધિ' સમ્યક્ પ્રકારે દૃઢ થાય છે.

જીવનનો આ જ અંતિમ આદર્શ છે, પરમપદ કે પરાભક્તિની પરમસિદ્ધિ છે.

ગુરુકૃપાથી આજ સૌને સુલભ છે.

તો સૌ તેવા સુખિયા થાય એ જ નમ્ર અભ્યર્થના.

— જુલાઈ, ૧૯૬૮



90

# અનુગ્રહ - ૯

(૧) ખરેખરા ભગવદી કે એકાંતિકના પ્રસંગે પૂ. બાપાનો અંતરનો રાજીપો મેળવવો. તેમનું વચન અધ્ધર ઝીલી મધ્ય ૭ મુજબ અતિશય સેવા કરતાં સર્વ વિકારો તત્કાળ ખરી જાય છે. સારંગપુર ૭ મુજબ તેમનામાં અતિશય શ્રદ્ધા ને અતિશય વિશ્વાસ રાખી, ગુરુહરિની સ્મૃતિ સહિત આમ સાચેભાવે સત્સંગ કરનારને તત્કાળ બળ મળે છે ને માયિક સંકલ્પો ટળી જાય છે ને મૂર્તિનું દિવ્ય સુખ પ્રાપ્ત થાય છે. આ સરળ ને સર્વોત્તમ માર્ગ છે.

(૨) સાંખ્યે કરીને 'ઇંદ્રિઓ ને મન હું નહીં'– તેમ રામદાસજી સંકલ્પ ખોટા કરી મૂર્તિમાં રહેતા.

(૩) જ્ઞાને કરીને જનક ને અંબરીષ.

(૪) ઉપશમે કરીને ગોવિંદરામ ને ગોરધનભાઈ મીઠું ને ખાંડ ખાઈ જતા.

(૫) પ્રાણાયામ ને ધ્યાને કરીને અષ્ટાંગયોગથી સંકલ્પરહિત થતા.

(૬) મન સાથે વેર કરી, નિષેધ કરી જાણપણારૂપ દરવાજે રહી સંકલ્પ ટાળતા ને બહુ જોર કરે તો બીજી ક્રિયામાં ભળી તીવ્રતા મટાડી દેતા.

(૭) સતત મહાત્મજ્ઞાને સહિત ભક્તિ ને પ્રગટના જ ગુણગાન, કથાવાર્તા ને ગોષ્ઠિથી મન જીતી લેતા ને વાણીનો લય કરી, શબ્દ જીતી કેવળ પરાવાણીમાં જ નિમગ્ન રહેતા ને મન નવરું ન જ રહે તેમ પ્રગટનો મહિમા ગાયા કરે ને સાંભળ્યા કરે પણ અમહિમામાં પડે જ નહીં
ને

(૮) સેવક વર્ગ સંબંધવાળાની ગરજુ બની, દિવ્યભાવ રાખી નમ્રભાવે ઉકાખાચર માફક સેવાનું જ વ્યસન પાડી દેતા.

આમ જુદા-જુદા પ્રકારોમાંથી કોઈ અનુભવી પાસેથી સત્સંગની ને ભજનની રીત સમજી લઈ મંડી પડવું. તો, જરૂર ફેરફાર થતો જ જશે ને ગુરુજી પણ અમાપ બળ આપશે.

– ઑગષ્ટ, ૧૯૬૮

***

91

# અનુગ્રહ - ૧૦

તીર્થસ્થાન ભાદરામાં પ.ભ. ગણાત્રા સાહેબે પારાયણ રાખેલ ત્યારે પ.પૂ. પ્ર.બ્ર.સ્વ. સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્વામીની વાતુ સમજાવતાં જણાવેલ કે વૈરાટનારાયણની ઉપાસના શ્રી કૃષ્ણ કરતાં વધુ ચઢિયાતી ગણાય, છતાં જેણે માનવદેહ ધર્યો, તેના અનુસંધાને કે તેને અનુલક્ષીને તેની ઉપાસના કરવામાં આવે તો તેનું ફળ મળે; તે રીતે એવા રામ અને શ્રી કૃષ્ણ માનવદેહે પ્રગટ થયા, તો તેમના મંત્રોચ્ચારથી જીવ કલ્યાણના માર્ગે વળે અને સંસ્કાર પણ પડે. પરંતુ વૈરાટનારાયણ કે પ્રકૃતિપુરુષ—જેમાંથી સર્વે અવતારોની ઉત્પત્તિ થાય, છતાં તેમની ઉપાસના-ભજનસ્મરણ કરવાથી અગાઉ જેવી ફળપ્રાપ્તિ થતી નથી.

આ રીતે સર્વાવતારોના અવતારી, સર્વોત્કૃષ્ટ સ્વરૂપી શ્રી સહજાનંદસ્વામી માનવદેહે પધાર્યા, તો તેમની પ્રગટપણે ભક્તેસહિત ઉપાસના કરનારને દેહ છતાં જ આત્યાંતિક કલ્યાણ-છેલ્લો જન્મ થાય છે. વળી ગુણાતીત સ્વરૂપે કે અનાદિ મહામુક્તરૂપે ભગવાનના પ્રગટપણાની મહામૂલી બક્ષીસ માનવજાતને આપી મહારાજે આત્યાંતિક કલ્યાણનો માર્ગ સદાયને માટે ખુલ્લો મૂક્યો.

તો, જન્માષ્ટમીના આ મંગળકારી દિને તેમના લીલાચરિત્રો સંભારીને ને સાથે તેમના જ પ્રગટસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજને સમજી, ઓળખી સમ્યક્ પ્રકારની 'નિર્દોષબુદ્ધિ' દૃઢ કરી લઈએ. તો દેહ છતાં જ અક્ષરધામનું સુખ અનુભવાય, ભોગવાય ને પ્રાપ્ત થાય.

પ્રગટના સંબંધવાળાં આવાં બોલતાં-ચાલતાં ભાગવતો ગુરુહરિની કૃપાથી **'ચૈતન્યમાધ્યમો'** તરીકે તૈયાર થઈ રહ્યાં છે. તો, પ્રકરણ પહેલાની પહેલી વાત મુજબ તેવાના પ્રસંગે ધામમાં છે તેવાને તેવા મહારાજ, સ્વામી ને મુક્તો પણ હોય અને રહેશે એવી જ્ઞાનદૃષ્ટિ ખીલે ને પ્રકરણ ત્રીજાની ર૬મી વાત મુજબ પ્રકૃતિ-પુરુષથી પરનું આવું સાધુનું જ્ઞાન સિદ્ધ થતાં, બે ય પગલાં અક્ષરધામમાં મનાઈ જાય એ જ પ્રાર્થના.

— ઑગષ્ટ, ૧૯૬૮

***

92

# અનુગ્રહ - ૧૧

'अक्षरात् परतः परः' – તે રીતે ગુણાતીત સ્વરૂપને વિષે પ્રગટની સર્વોપરીપણાની અને દિવ્યપણાની નિષ્ઠા દૃઢ કરીને, પરાત્પર પુરુષોત્તમનારાયણના બ્રહ્મરૂપે અખંડ ધારક બની, દેહ છતાં જ અક્ષરધામનું સુખ અખંડ અનુભવવું અને પ્રાપ્ત કરવું, એવું પરમ રહસ્ય સ્વામિનારાયણ ભગવાને વચ. ગ. મ. ૨૮ અને છે. ૨ વચનામૃતોમાં સ્પષ્ટ કરી બતાવ્યું. વળી, ભકતના ભકત તરીકે ભગવાનપણું સમજાવી, તેમનું ગમતું કરવું અને તેમને વિષે અચળમતિવાળા ભક્તોનો જોગ રાખવો એ જ 'જીવનદોરી' બતાવી.

સ્વરૂપનું આવું રહસ્યજ્ઞાન આત્મબુદ્ધિવાળા ભકતને દૃઢ થાય છે, ત્યારે ભગવાનની માયા ને મહામાયા ટળી જઈ, તેમની 'યોગમાયા' તેને પરમ સુખદાયી નીવડે છે અને ધામ, ધામી ને મુક્તોનું પૃથ્વી પર દિવ્યરૂપે દર્શન થાય છે.

આ બધું જીવ સોંપ્યા પછી એકાંતિકના વચને સેવા અને નિર્દોષબુદ્ધિએ યુક્ત ભક્તિ કરનારને માટે હાલ અત્યંત સરળ અને સુલભ છે. જડપ્રકૃતિ સાથે આ રીતે ભગવદીના પ્રસંગે સરળતાથી છૂટાછેડા લેવાઈ, ભગવાન સાથે હથેવાળો થઈ જાય છે અને ભગવાન સાથે એવું આપોપું થઈ જતાં અંતરાય ટળી જઈ, અખંડ દિવ્યાનંદ પ્રાપ્ત કરે છે. પ્રગટના સાચા ઉપાસકોને આ રીતે સ્વરૂપની અનુવૃત્તિ સમજાતાં ભગવાનની જ દિવ્યશક્તિ ચેતન-પ્રકૃતિરૂપે વચ. લો. ૧૦ પ્રમાણે તેના જીવનમાં હરેક પ્રકારે સુખદાયી નીવડે છે. આ રીતે અક્ષરધામમાં રહેતા મુકતને કોઈ પણ પ્રકારનો ઉદ્વેગ, મૂંઝવણ, અભાવ કે વિક્ષેપ રહેતો નથી.

આવી પરમ શાંતિ, સુખ, આનંદ ગુરુકૃપાથી સહુને સુલભ બને અને તેવા પરમ રહસ્યનું પણ રહસ્ય પ્રાપ્ત કરવાની અભીપ્સા જાગે ને સુગમતાથી સહુ તેવું દિવ્ય જીવન ધારણ કરી શકે એ જ અભ્યર્થના.

– સપ્ટેંબર, ૧૯૬૮

***

93

# અનુગ્રહ - ૧૨

'જ્યારે પ્રભુને પામીએ ત્યારે સર્વ થયાં સાધન, પછી જે જે કરવું, તેહની તે કહું વાત. ગુરુસંતને ભજવા શ્રીહરિ જે સાક્ષાત્'–
આના અનુસંધાનમાં પ્રગટના ઉપાસકોએ ધામમાં છે તે જ સ્વરૂપ મને આ થકી મળ્યું છે, તેમ માની 'નિર્દોષબુદ્ધિ'એ યુક્ત તેના સંબંધવાળામાં દિવ્યભાવ રાખી, સત્સંગમાં નિર્માનીપણે સેવાભક્તિ દઢ કરવી જોઈએ. પૂ. પ્રેમાનંદસ્વામી મન અને ચિત્તથી ભગવાનમાં રસરૂપ થઈ ગયા હતા, છતાં અખંડ મૂર્તિ રહે તે વર માટેનાં સાધન મહારાજે જુદાં બતાવ્યાં (સ્વા. વા. પ્ર. ૨, ૭૦). આમ પરમહંસોએ સાધનભક્તિ તો ઘણી કરી, પરંતુ અંતરના રાજીપાનાં સાધન જુદાં, જે પ્રગટ અને તેના મળેલામાં 'નિર્દોષબુદ્ધિ'એ યુક્ત કોઈનું ય જોયા વગર સૂક્ષ્મભક્તિ કરવા રૂપે બતાવ્યાં છે. આ વડે મોટા પુરુષ કે ભગવાનનો રાજીપો થતાં સર્વે સાધનોની સમાપ્તિ થાય છે ને મૂર્તિનું સુખ પણ દેહ છતાં જ મળે છે તથા તેના જ્ઞાનયજ્ઞનો પણ વચ. મધ્ય. ૮ પ્રમાણે અંત આવે છે.

ઉપરના બે પ્રકારના રાજીપાથી ય આગળ મોટાપુરુષનો જે સિદ્ધાંતિક રાજીપો- તે 'અતિશય સેવા'થી જ મળે છે. એવા સાધક ઉપર મહાપુરુષની જુદા જ પ્રકારની દૃષ્ટિ પડતા, બીજ રૂપે રહેલાં સ્વભાવ અને પ્રકૃતિના ધોરી મૂળ નિર્મૂળ થઈ જાય છે.

ટૂંકમાં, મોટા પુરુષનો ત્રણ પ્રકારનો રાજીપો ચાલતો આવે છે.

**એક–** સંબંધમાં આવનાર સર્વ–ધર્મી, અધર્મી માટે આત્યંતિક કલ્યાણની રીતિ ખુલ્લી રાખે છે અને પ્રગટપણું અખંડ રાખી મુમુક્ષુઓને આ માર્ગે દોરે છે.

**બીજો–** પ્રગટ સ્વરૂપમાં દિવ્યબુદ્ધિ રાખી તેમના ગમતા પ્રમાણે ભજનભક્તિ કરનારને સાધનની સમાપ્તિ થઈ, નિર્દોષબુદ્ધિ દઢ થાય છે અને નિર્વિકલ્પ સમાધિનું સુખ મળે છે. પણ સ્વભાવનાં મૂળિયાં દેશકાળે

ભલભલાને હચમચાવી નાખે છે અને મુક્તોની માયારૂપે પ્રસંગે નડે છે.

**ત્રીજો –** સિદ્ધાંતિક રાજીપો જે મોટાપુરુષની અતિશય સેવા કરનાર પર દૃષ્ટિ પડવાથી પ્રાપ્ત થાય છે ને ત્યારે વાસના અને સ્વભાવ બીજરૂપે મૂળમાં રહ્યાં હોય તે પણ નિર્મૂળ થઈ જાય છે અને મૂર્તિનું સુખ અખંડ મળ્યા કરે છે.

આ રીતે ગુરુહરિએ બતાવેલ 'અતિશય સેવા' પ્રગટના મુક્તોને સુલભ બને એ જ ગુરુચરણે પ્રાર્થના.

**– સપ્ટેંબર, ૧૯૬૮**



94

# અનુગ્રહ - ૧૩

મોટા પુરુષની ખરેખરી કૃપા થાય ત્યારે જ, આપણે જ્યાં આપણી પૂર્ણતા કે આત્યંતિક કલ્યાણ માની બેઠા હોઈએ છીએ તે સ્થિતિએ મૂંઝવણ શરૂ થાય છે. પ.પૂ. પ્ર.બ્ર.સ્વ. યોગીજી મહારાજ જેવા ભગવાન રાખેલા અતિ સમર્થ પુરુષ જ આપણી અપૂર્ણતા બતાવી શકે છે. બાકી મહામોટા સિદ્ધ પુરુષો, પંડિતો કે વિદ્વાનો બીજાંઓને સત્સંગ કરાવે, મંડળધારી પણ હોય, પણ જ્યાં સુધી જીવાત્મા પોતે બ્રહ્મરૂપ ન બને, ત્યાં સુધી તે પરબ્રહ્મની સેવાનો અધિકારી બની જ શકતો નથી. એની મૂળવૃત્તિ ટળતી નથી અને તેથી કામ અને માન જુદે જુદે સ્વરૂપે દેશકાળે અને પ્રસંગે પ્રગટ થઈ જાય છે.

ગુરુહરિ પ.પૂ. યોગીજી મહારાજ જેવા ઓલિયા પુરુષનો અંતરનો રાજીપો થાય, ત્યારે જ આ કસર, ત્રુટી કે દોષ જીવાત્માને દૃષ્ટિગોચર થાય છે અને પોતાને થએલો અભિનિવેશ ટળી જાય છે. નિર્માનીપણે ગરજુ બની, કેવળ ગુરુમુખી થઈ જો સેવા કરે, તો જ આવા પુરુષ દૃષ્ટિ કરે છે અને પ્રલયકાળના અગ્નિમાં પણ જે વાસના ન બળી, તે આવા સાધુના જ્ઞાનથી – આત્યંતિક પ્રલયથી ટળી જાય છે. વાસનાના સમુદ્ર સુકાઈ જાય છે. આમ કોઈ મોટાના પ્રસંગે 'જ્ઞાનપ્રલયનું ભજન' કરનાર પર પ્રગટ સત્પુરુષ દૃષ્ટિ કરે છે અને ત્યાં જીવના સનાતન દોષ કે રાગ નિર્મૂળ થઈ જાય છે.

એવી કૃપા અને દૃષ્ટિ ગુરુહરિ પ.પૂ. યોગીજી મહારાજ તેમની અનુવૃત્તિ પ્રમાણે 'હાં હાં ગડથલ' વર્તતાં સૌ કોઈ સંત-પાર્ષદ-હરિભક્તો પર કરે એવી અંતરની પ્રાર્થના.

– નવેંબર, ૧૯૬૮

***

95

# અનુગ્રહ - ૧૪

કોઈ પણ પ્રેમી, ધ્યાની, જ્ઞાની કરતાં મૂર્તિધારક વધે ને તે કરતાંય સાધુતાવાળા અને બ્રહ્મરૂપે વર્તનારા અનુભવી વધે. તેવા 'ચૈતન્ય માધ્યમો' થવા મોટાના વચને સંકલ્પરહિત ભક્તિ અને નિર્માનીપણે સેવા શરૂ કરી તેવું જીવન જીવવા મંડવું પડે.

ચૈતન્યમાધ્યમો મૂર્તિધારક છે જ, પણ તેઓને કોઈ ઐશ્વર્ય પ્રતાપ કે ભયંકર દેશકાળ હોય, ત્યારે મૂર્તિની સ્મૃતિ ન રહે ને બ્રહ્મરૂપે અખંડ ન વર્તાય, જાણપણું અસાધારણ પ્રસંગમાં જતું રહે; ક્રિયા થઈ ગયા પછી તરત ખબર પડી જાય, પણ તેટલો વખત મૂળ પ્રકૃતિ કે સ્વભાવ ઝળકી જાય ખરો. જેમ કે અચિંત્યાનંદ બ્રહ્મચારી કે બીજા મોટેરાઓને સ્વામીને વિષે નિર્દોષભાવ, પણ અનાદિ મહામુક્ત જાગાસ્વામી જેવામાં પડયા ને સ્વામીનું પણ ન માન્યું. એવા સ્વભાવ કે પ્રકૃતિ નડે. આ સમ્યક્ નિર્દોષબુદ્ધિની ખામી.

અનુભવી વિભૂતિઓના સમાગમ ને મહિમાથી જ સમ્યક્ નિર્દોષબુદ્ધિ દૃઢ થાય છે, ત્યારે જ કોઈ પણ પરિસ્થિતિમાં ભાવફેર થતો નથી, ભૂલ થતી નથી. 'વિભૂતિ'ઓને આવું જાણપણું રહે છે. કયાંક અતિરેક થાય, અગર ભક્તાવતાર જેવી વિભૂતિને ઉદાસીનતા રહે. તે અંતર્દૃષ્ટિ કરતા, તરત જ સ્હેજે સમજાઈ જાય છે. તેઓ અખંડ અક્ષરધામમાં રહીને જીવન જીવતા હોય છે, તેથી પ્રતિલોમવૃત્તિ કરતા, અનોખી જીવનદૃષ્ટિ આપોઆપ જ પ્રગટ રહે છે. તેઓ જે કાંઈ સેવા લે, જે કાંઈ અંગીકાર કરે છે, તે જીવને બ્રહ્મરૂપ કરવાનો જ હેતુ હોય છે ને મહિમા સમજી સેવા કરનાર તત્કાળ બળ પામે છે. આ અખંડ જાણપણાનો યોગ છે.

માટે આપણે તો સાધુતા દૃઢ કરી લઈ બ્રહ્મરૂપે વર્તવાની ટેવ પાડી દેવાની છે. ભગવાન ને ભગવાનના ભક્તના જ ગુણગાન ગાયા કરવાના છે. આવી વિરલ વિભૂતિઓ પૂ. બાપા ઘણી મોટી સંખ્યામાં તૈયાર કરી રહ્યા છે.

તો, રહસ્યજ્ઞાન ઝીલી લઈ પ્રગટના અભિપ્રાય પ્રમાણે ભક્તિ કરતાં સૌને સમજાઈ જાય એ જ પ્રાર્થના.

— ડિસેંબર, ૧૯૬૮

***

96

# અનુગ્રહ - ૧૫

મહારાજે વચનામૃતમાં પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્તો માટે – એમ ચાર પ્રકારની વાતો કરી, કલ્યાણદાતા તરીકે ભગવાન કે ભગવાનનું સ્વરૂપ અને અનાદિ મુક્તો થકી પ્રગટપણું બતાવી દીધું છે. આ રહસ્યજ્ઞાન ખરેખરા ભગવદીના જોગ વગર ન સમજાય એમ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીએ પોતાની વાતોમાં ઠેર ઠેર જણાવ્યું છે. પ.પૂ. સ્વામીબાપાએ પણ દાદર-મંદિરે એક વખત સવારની કથામાં ૧૨મા પ્રકરણની ૧૧૭મી વાતને અનુલક્ષીને ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું કે – *રહસ્યના જાણનારા ખરા સાધુના જોગ વગર જેમ છે તેમ સમજાય નહીં અને સત્સંગ મળ્યો હોય, તો પણ સુખિયા રહેવાય નહીં.*

મહારાજે વચનામૃતમાં કૃપાવાક્ય તરીકે રાધાકૃષ્ણનું ધ્યાન કરવા કહ્યું છે, પણ બ્ર.સ્વ. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે શબ્દાર્થ છોડીને ભાવાર્થ સમજાવ્યો કે તેમાં 'ભક્તે સહિત ભગવાનની ઉપાસના' બતાવી છે. તેમાં પણ, તેનું ય રહસ્ય કોઈ અનુભવી પાસેથી જાણવું પડે કે *ભક્તે સહિત ભગવાનની જે ભાવના તે પ્રગટ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ ઉપર મજકૂર લગાડી, તેઓમાં દિવ્યભાવ રાખી તેમની મરજી પ્રમાણે જીવન જીવવું અને તેમને જરા પણ ઓશિયાળા ન કરવા.*

પ્રગટનું આ રહસ્ય અને તાત્પર્ય પ્રગટના અનુભવીઓ જાણી શકે અને તેવાને શુદ્ધ મુમુક્ષુ જ ઓળખી શકે અથવા શ્રેયાર્થી સાધક તીવ્ર પ્રાર્થના કરે તો ગુરુકૃપાથી તેને સમજાઈ જાય છે.

પતિવ્રતાના ધર્મનો અવળો અર્થ કરનારને મૂળ અક્ષરબ્રહ્મે ૧૧મા પ્રકરણની ૧૬૭મી વાતમાં બળદિયો કહી ઘણો જ ઠપકો આપ્યો છે અને ગુણાતીતજ્ઞાનને સિદ્ધ કરનાર સર્વે મહામુક્તોને તો માનવા, પૂજવા અને સેવવા એમ સ્પષ્ટ બતાવી દીધું છે. આ રીતે અનાદિ મહામુક્ત જાગાસ્વામી તથા અનાદિ મહામુક્ત ભગતજી મહારાજ તેમજ પૂ. અદાશ્રીના જોગમાં આવનાર નાના-નાના સંત પાર્ષદો પણ બ્રહ્મરૂપ થઈ ગયા તે વાત જાણીતી છે.

તો, ગુરુકૃપાથી પ્રગટ અને સંબંધવાળામાં દિવ્યતા રાખી જગત સહજ જ ખરતાં, દેહ છતાં જ અક્ષરધામનું સુખ લેવાનું રહસ્યજ્ઞાન સૌને સરળ બનો એ જ અભ્યર્થના.

— ડિસેમ્બર, ૧૯૬૮

***

97

# અનુગ્રહ - ૧૬

'अर्थं साधयामि वा देहं पातयामि' – તે મુજબ ગુરુદષ્ટિએ કોઈ મરણિયો થાય, ત્યારે જ ભગવાનના પ્રગટ સ્વરૂપમાં મન અખંડ નિમગ્ન રહે અને નિર્દોષબુદ્ધિરૂપી 'અખંડવૃત્તિ' ટકે.

'ગુણાતીતભાવના' સર્વોત્તમ આધ્યાત્મિકવાદનું અને દુનિયાના સર્વે તત્ત્વજ્ઞાનનું દિવ્ય પ્રતીક છે. ગૂઢ રહસ્યરૂપે 'અક્ષરમત'નું જ્ઞાન શ્રીજી મહારાજે પરમહંસો થકી પ્રવર્તાવી, પૃથ્વી પર ગુણાતીતરૂપે અને એકાંતિકમુક્તો થકી આત્યંતિક કલ્યાણ માટે પ્રગટ રાખ્યું અને તે રીતે આત્યંતિક કલ્યાણ સદાને માટે ખુલ્લું મૂક્યું, જેનું મૂર્તિમાન સ્વરૂપ વર્તમાનકાળે પ.પૂ. પ્ર.બ્ર.સ્વ. યોગીજી મહારાજ છે.

બધાં જ દ્વંદ્વોથી અને માન્યતાઓથી પર, એવો આ નિર્વાસનિક થઈ, બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મમાં જોડાવાનો સનાતન સિદ્ધાંત સર્વધર્મોના સિદ્ધાંતોના નિચોડરૂપ છે અને તેથી જ અક્ષરપુરુષોત્તમની ઉપાસના જ ખરેખર 'વિશ્વ ધર્મ' બની શકે તેમ છે.

તો, ગુરુ ગુણાતીતના આ દીક્ષા દિને આવી પ્રગટની નિષ્ઠા પ્રવર્તાવવા માટેનો અભિપ્રાય ગુરુહરિને અર્થે યુવકો, પાર્ષદો, હરિભક્તો અને વ્રતધારીઓ ઉપાડી લે છે; તે માટે મહારાજ, સ્વામી, અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામી, પાંચસો પરમહંસો અને ગુરુપરંપરાએ ગુણાતીતસ્વરૂપના સર્વ પ્રતીકોરૂપી પ.પૂ. યોગીજી મહારાજ અમાપ આશીર્વાદ આપતા રહેશે. આવી એકાંતિકી ભકિત સિદ્ધ કરી અન્યને કરાવવા મુમુક્ષુ વર્ગ તથા શ્રેયાર્થી સાધકો પ્રતીજ્ઞા લે છે તે બદલ ગુણાતીતજ્ઞાનના આવા ખરેખરા સાચા વારસદારોને લાખો વંદન હજો!

સંતો, પાર્ષદો, બ્હેનો અને ગૃહસ્થ પાર્ષદો તથા સ્વામિનારાયણનો સમગ્ર સત્સંગ સમાજ ગુણાતીતજ્ઞાનના નિર્દોષબુદ્ધિના આ સિદ્ધાંત પર એકમત થઈ જઈ, સહુ સહુની કક્ષામાં રહીને 'सर्व जीव हितावह' એવો પ્રગટના સંબંધવાળો સંજીવની મહામંત્ર સિદ્ધ કરાવી આ ભગીરથ કાર્ય ઉપાડી લેવાની સદ્‌ભાવના પ્રગટાવે એ જ ગુરુહરિને પ્રાર્થના.

બ્રહ્મસ્વરૂપ ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને ગુણાતીતબાગના અનાદિ મહામુક્તોના આશીર્વાદે આવા સર્વ સત્યસંકલ્પો ફળીભૂત થશે જ તેની ખાત્રી છે. સમગ્ર સત્સંગમાં – દેશપરદેશમાં – એવી નિર્દોષબુદ્ધિ દઢ થતી જાય અને દેહ છતાં જ સહુ અક્ષરધામનું દિવ્ય સુખ લેતા બને એ જ અભ્યર્થના.

– જાન્યુઆરી, ૧૯૬૯

98

# અનુગ્રહ - ૧૭

ગુરુ ગુણાતીતની બીજા પ્રકરણની વાતમાં આવે છે કે સત્સંગ કરવામાં અને સંગ કરવામાં બહુ ભેદ રહે છે અને તેથી સમજણમાં પણ અનંત ભેદ પડી જાય છે. વળી, સમાગમ કરવો અને ભેગું રહેવું, તેમાં પણ ઘણો ફેર પડી જાય છે; જેમ ગાયની આઉમાં ઈતરડી રહે અને વાછરડું દૂર રહે, તો પણ તેને દૂધનો સ્વાદ આવે.

આ રીતે ખરેખરા ભગવદીની ઓળખાણ થાય પછી સત્સંગ કરનારને ઉત્તમ પ્રકારની સમજણ દેહ છતાં જ સરળતાથી દૃઢ થાય છે. અનાદિ મહામુક્ત જાગાસ્વામીએ પણ તેથી જ કહ્યું કે શરૂમાં સંસ્કાર પડે, પછી સેવા કરતાં મોટાના ભીડામાં આવવાથી આશીર્વાદ મળે અને ત્યારે જ શુદ્ધભાવ ઉત્પન્ન થાય છે. વળી, મુમુક્ષુ પણ તેને જ કહ્યો કે જે ખરેખરા સાધુ, સંત કે ભગવદીને ઓળખી સેવા-ભકિત કરે. માટે, ભેળા રહે છતાં ય ગુણ ન આવે અને આમ ઓળખીને સત્સંગ કરનારને શાંતિ, સુખ, આનંદ અનુભવાય. તો, 'અતિ સાચેભાવે' એટલે કે અતિશય શ્રદ્ધાપૂર્વક પ્રમાણિકપણે સત્સંગ કરવામાં આવે, તો દેહ છતાં જ જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે એમ વચ. સા. ૯માં મહારાજના વચન છે.

આવું દિવ્યદર્શન અને સંબંધ પ્રગટ સ્વરૂપને તત્ત્વે કરીને જેમ છે તેમ ઓળખનારને સહેલાઈથી પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે ભગવદીના પ્રસંગે, શુદ્ધભાવે અગર સાચે ભાવે સત્સંગ કરનારને, પાસે હોય કે દૂર હોય તો પણ, વચ. કા. ૧૧ અને મ. ૨૮ મુજબ ભગવાન સાથે અખંડ દિવ્ય સંબંધ રહે છે ને દેહ છતાં જ અક્ષરધામનું સુખ લેતો થઈ જાય છે.

આવી અદ્‌ભુત પ્રાપ્તિ ગુરુહરિ યોગીજી મહારાજને સંબંધે આજે સૌને સુલભ બની છે. તો તેના અભિપ્રાયના જાણનારા ભગવદીનો પ્રસંગ કરી, કેવળ મોજરૂપે અક્ષરધામની બક્ષીસનો લ્હાવો સહુ કોઈ વહેલી તકે લઈ લે ને પરમ શાંતિ, સુખ ને આનંદ મેળવે એ જ અભ્યર્થના.

— જાન્યુઆરી, ૧૯૬૯

***

99

# અનુગ્રહ - ૧૮

## 'હિરો દીધો હાથ, સમજાયા સો વાર'

હિરાને પારખ્યા વિના તો પાણો જાણે ને તેનું સુખ ન આવે. તેમ જેને ખરેખરા એકાંતિકોની પરીક્ષા નથી, તેને ભગવાનનું કે સંતનું સુખ આવતું નથી. આવો સત્સંગ- ચિંતામણી મૂકી દઈ, મંદિરની ક્રિયામાં, સંસ્થામાં, આચાર્યપણામાં કે વાડી- પાઠશાળાઓ કરાવવામાં જ મન પરોવી સ્વભાવ વધારતા જાય છે અને તેથી પ્રગટ મૂર્તિનું જ સુખ લઈ શકે નહીં; જેથી સંકલ્પોનો ને મનમુખી ક્રિયાઓ કરવાનો મંદવાડ પણ ટળે નહીં. આ સિદ્ધાંતિક વાત હવે પ.પૂ. સ્વામિજીએ અનુભવજ્ઞાનરૂપે પુરવાર કરાવી દીધી છે ને તેની આત્મપ્રતીતિ પણ સહુને થઈ ગઈ છે.

તો, હવે સંબંધવાળા સૌએ તેવું જ દિવ્ય સુખ પ્રાપ્ત કરવા સ્વરૂપને સજાતિ થવું પડશે ને તે માટે મન ભગવદીના ગુરુચરણે સોંપીને નિર્દોષભાવે ભજનની ને સેવાની લગની લગાડી દેવી પડશે ને તો ધાર્યું પરિણામ આવશે જ.

મનનો નિરોધ કરી શકાય છે, પણ તેનો નાશ થતો નથી. ગુણાતીત જ્ઞાનમાં મન અમન થઈ, નિર્ગુણ બની ચૈતન્યમય વર્તે છે અને તેથી બ્રાહ્મીશક્તિ અમાપ રીતે કામ કરતી બની, અહોહોપણાનું, વિશાળતાનું, નિર્ભયતાનું, સ્વતંત્રતાનું સામર્થ્ય અર્પી જીવને સુખિયો કરે છે.

માટે, તે રીતે મોટાને વચને મન સાથે સીધો જ કજિયો કરી, લડાઈ લેનારને ખરેખરો શૂરવીર ગણવામાં આવે છે અને ત્યાં મોટાપુરુષ પળેપળ આગળ પાછળ સહાયમાં ઊભા જ હોય છે. મનની આ લડાઈ જીત્યા પછી ભગવાન વર્ણીય બની જાય છે ને તેનો જીવ અક્ષરધામનું સુખ લેતો થઈ જાય છે.

આમ, સૌ કોઈ ત્યાગી કે ગૃહી ગુરુદેવ તરફ જ દૃષ્ટિ રાખી અંતર્દૃષ્ટિ કરશે, તો મનનું રૂપ તત્કાળ ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, બોલતાં- ચાલતાં, સૂતાં-બેસતાં કે સેવા ને ક્રિયામાં તથા વ્યવહારમાં ને સમૂહમાં ભજનભક્તિ કરતાં જણાઈ આવશે. આવા પ્રસંગે સમતા ને સુહૃદ્ભાવ રાખી વર્તનાર-ખમી લેનાર

આગળ જતા રહેશે. ત્યાં એને અંતરનો આનંદ ને શાંતિ અનુભવાશે. જીવ બળિયો થઈ જઈ, મૂર્તિનો ધારક બની પરમ આનંદ પ્રાપ્ત કરશે. ગુરુકૃપાથી સૌને આવી મહાન પ્રાપ્તિ થાય એ જ પ્રાર્થના.

આમ, મળી ચિંતામણિ ખોવાઈ ન જાય, કોઈ લૂંટી ન લે કે અજ્ઞાનતાથી કે બાળકપણામાં તેનો ઉપયોગ ન કરી લઈએ એ માટે ખરેખરા એકાંતિકને ઓળખી સ્વરૂપમાં જોડાય, તો 'ભગવાન તો ભજે એના છે' એ ન્યાયે અક્ષરધામનું સુખ લેતા થવાશે જ એ વાત 'ગુણાતીત જ્ઞાન' ખુલ્લું જાહેર કરે છે.

– ફેબ્રુઆરી, ૧૯૬૯

***



100

# અનુગ્રહ -૧૯

ગુણાતીતબાગ સર્વ શાસ્ત્રો, સિદ્ધાંતો, દુનિયાના વિધવિધ ધર્મો અને આચાર્યોના સિદ્ધાંતોનો તથા અનુભવજ્ઞાનનો નિચોડ છે—નવનીત છે. એના મૂળભૂત પાયા સનાતન તત્ત્વો રૂપે આત્મબુદ્ધિ, સાધુતા અને સુહૃદ્‌ભાવરૂપે મહારાજે પ્રગટ કરી, પાંચ સો પરમહંસો ને ગુણાતીતસ્વરૂપ થકી સદાકાળને માટે 'યુગલ ઉપાસના' મૂકી સ્થાપિત કર્યા. બ્ર.સ્વ. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે એ જ સનાતન ગુણાતીત ભાવનાને અક્ષરપુરુષોત્તમનું સાક્ષાત્ સ્વરૂપ ગણાવી, 'નિર્દોષબુદ્ધિ'રૂપે તે આ દેહે જ જીવનમાં સિદ્ધ થાય તેમ ત્યાગી-ગૃહી, ભાઈ, બ્હેન સર્વને અક્ષરધામનું સુખ લેતા કરી મૂક્યા.

આ રીતે ખરેખરી આધ્યાત્મિકતાની શરૂઆત મહારાજે પ્રગટ ભગવાનની જેવી છે તેવી ઓળખાણથી ભક્તપણારૂપે બતાવી અને તેનું પ્રથમ સોપાન સમતારૂપે દેખાડી જીવનો નિર્ગુણભાવમાં પ્રવેશ કરાવ્યો. ત્યાર પછી બ્રહ્મરૂપ થઈ ભગવાનના અખંડ ધારક રહેવા માટે ને પ્રગટ સ્વરૂપના અપરંપાર મહિમાનો સાક્ષાત્કાર કરવા એવા અનુભવી ભગવદીઓના પ્રસંગની અનિવાર્યતા બતાવી.

દેહભાવ ને જીવભાવ સદંતર ટાળીને ગુણાતીતભાવમાં રહેનારા આવા એકાંતિકો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ સાથે સ્વામીસેવકભાવે જોડાયલા જ હશે અને પ્રગટના અલ્પ સંબંધવાળાને પણ કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ માનતા હશે. આવા પ્રગટ ભગવાન ને તેના એકાંતિકોની તત્ત્વે કરીને ઓળખાણ સિવાય સ્વામીની વાતો પ્ર. ૫ની ૪, પ્ર. ૧૦ની ૧૧૩ અને પ્ર. ૧૨ની ૪૨ મુજબ સદ્‌ગુણો, જ્ઞાનો, માન્યતાઓ ને સાધનો તદ્દન અભદ્ર બની જશે—એમ આ સ્વરૂપજ્ઞાનના અનુભવીઓ ને પ.પૂ. સ્વામિજી હવે સ્પષ્ટ સમજાવી દેતા લાગે છે.

આમ દેવકોટિ, ઈશ્વરકોટિ, અવતારકોટિ, પુરુષ ને પ્રકૃતિથી પરની આ જ્ઞાનસમાધિ-અખંડ જાણપણાનો યોગ, હવે પ.પૂ. સ્વામીબાપા મહારાજના અપરંપાર મહિમાનો સાક્ષાત્કાર કરાવીને, એના સંતો ને મુક્તો થકી

વારસારૂપે સિદ્ધ કરાવતા જાય છે.

આવા સનાતન સિદ્ધાંતને કાળ, કર્મ, માયા, પ્રકૃતિ કે ગુણનાં કોઈ બંધન હોતાં નથી. જેમ સંપ્રદાયનું સ્થૂળ સ્વરૂપ છોડી તેના આધ્યાત્મિક સ્વરૂપમાં રહીને બ્ર.સ્વ. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મૂળભૂત પાયા સ્થાપિત કર્યા, તે રીતે તેમના આ ટોળામાં જ પ.પૂ. સ્વામિજી કહે છે તેમ, તેમના અનુસંધાને તેમની પાસે હોય કે દૂર પણ ગુણાતીતજ્ઞાનનું આ નવનીત જે ગ્રહણ કરશે તેને જ્યાં હશે ત્યાં આ ભાવના સિદ્ધ થશે જ.

આધ્યાત્મિક વિરલ દિવ્યવિગ્રહ વિભૂતિ પ.પૂ. યોગીજી મહારાજનો આપણા પર આ પરમ અનુગ્રહ જ છે અને તે બદલ તેમને અંતરથી લાખો વંદન હજો.

સ્વામિનારાયણનું નામ લેનારનો ય દોષ સરખો ભાસે નહીં, એવી જ્ઞાનદૃષ્ટિ-દિવ્યદૃષ્ટિ આપણને સાંપડે અને સુહૃદપણાના સિદ્ધાંતે સહુ હળીમળીને મહારાજનો ગુણાતીતભાવનાનો આત્યાંતિક જ્ઞાનનો સંદેશો વ્યાપકરૂપે સર્વત્ર ફેલાવતા રહીએ એ જ અભ્યર્થના.

– ફેબ્રુઆરી, ૧૯૬૯



# અનુક્રમ—અકારાદિ ક્રમાનુસાર


| વિષય | પાનુ નં. |
|---|---|
| અતિ મોટા પુરુષનો અભિપ્રાય જાણવાની શરતો | 157 |
| અણમૂલો અવસર વહી જાય તે પહેલાં | 178 |
| ‘અનાહત ચક્ર’માંના ધબકારા | 71 |
| અનુગ્રહ-1 | 259 |
| અનુગ્રહ-2 | 260 |
| અનુગ્રહ-3 | 263 |
| અનુગ્રહ-4 | 264 |
| અનુગ્રહ-5 | 265 |
| અનુગ્રહ-6 | 266 |
| અનુગ્રહ-7 | 268 |
| અનુગ્રહ-8 | 269 |
| અનુગ્રહ-9 | 271 |
| અનુગ્રહ-10 | 272 |
| અનુગ્રહ-11 | 273 |
| અનુગ્રહ-12 | 274 |
| અનુગ્રહ-13 | 276 |
| અનુગ્રહ-14 | 277 |
| અનુગ્રહ-15 | 278 |
| અનુગ્રહ-16 | 279 |
| અનુગ્રહ-17 | 280 |
| અનુગ્રહ-18 | 281 |
| અનુગ્રહ-19 | 283 |
| અભિનિવેશ | 169 |
| અમૃતસમા સત્સંગસાગરમાં ભરતી અને ઓટ | 209 |
| અર્જુન અને સુધન્વા | 200 |
| અવગુણ લેવાનો અધિકાર | 231 |

| વિષય | પાનુ નં. |
|---|---|
| અસૂયા | 193 |
| અક્ષરધામની ચાવી અને સંપૂર્ણ સફળતા | 31 |
| આત્મા, અક્ષર અને પુરુષોત્તમનું સુખ | 40 |
| આધ્યાત્મિક જડતા | 139 |
| આવરણ અને વિક્ષેપ | 96 |
| આજ્ઞાનું તારતમ્યપણું ને રહસ્ય | 73 |
| અંતરનું કુરુક્ષેત્ર અને બળતાં ઘર | 84 |
| એકાંતિકનું ગણિત | 59 |
| ઓળખ્યા હોય જેમણે સ્વામિજીને ! | 181 |
| ઓળખાણ-અફસોસ-આશ્વાસન | 15 |
| કર્મયોગીને માયા | 115 |
| કર્મયોગ અને સ્વરૂપજ્ઞાનેયુક્ત કર્મયોગ | 161 |
| કૃપા અને દૃષ્ટિ | 43 |
| ખરેખર બુદ્ધિવાળા | 150 |
| ગુરુહરિ સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મ પૂ. યોગીજી મહારાજની પવિત્ર સેવામાં– | 24 |
| ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ અને ઉપાસનાનું સર્વોપરીપણું | 250 |
| ચમત્કારો અને દિવ્ય ચેતનાનો અનુભવ | 127 |
| જીવન, યાત્રા કે સંગ્રામ ?– લૌકિક અને અલૌકિક દૃષ્ટિએ– | 55 |
| જીવના રોગ | 108 |
| જૂના-નવા, નવા-જૂના તથા મોટા-નાના, નાના-મોટા | 144 |
| તત્ત્વનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા | 38 |
| તત્ત્વજ્ઞાન, કલ્યાણનાં સાધનો અને સત્પુરુષ | 142 |
| દિવ્યતાનો સ્વાનુભવ અને 'અક્ષરમત'ની સર્વોપરીતા | 213 |
| દિવ્યતાનો અનુભવ અને અક્ષરમત (૧) | 215 |
| દિવ્યતાનો અનુભવ અને અક્ષરમત (૨) | 217 |
| દેશકાળ અને પ્રારબ્ધ | 184 |
| દૈવી અને આસુરી બુદ્ધિ | 91 |
| દૃષ્ટિભેદ | 28 |

| વિષય | પાનુ નં. |
|---|---|
| ધ્યાનની સમજણ | 86 |
| નિર્માનીપણાનું માન | 223 |
| નિર્વાસનિક થવાના ઉપાયો–ભક્તિ અને મુક્તિ | 77 |
| પ્રગટ સ્વરૂપની સાધન પ્રણાલિકાનું રહસ્ય | 245 |
| પ્ર.બ્ર.સ્વ. પૂ. યોગીજી મહારાજની જ્ઞાનવાર્તા | 235 |
| પ્રગટપણાનો ભાવ અને બુદ્ધિની જડતા | 155 |
| બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને લક્ષાવધિ મુમુક્ષુઓ માટેની કલ્યાણ રીતિ | 117 |
| બ્રહ્મવિદ્યાનો અધિકાર | 226 |
| બ્રહ્મચારીરાજની અપૂર્ણતાઓ અને સંતસમાગમ | 240 |
| ભગવદી અને એકાંતિકનાં લક્ષણો | 247 |
| ભીડો ખમવો-આપવો | 191 |
| મનનું અમનપણું તથા સંકલ્પનાં સ્વરૂપો | 152 |
| મનમનામણાં અને આત્મછેતરામણ | 164 |
| મનમુખી ક્રિયા | 229 |
| મુક્તની માયા | 68 |
| મુક્તરાજ શ્રી દાદુભાઈનો આફ્રિકાનો પત્ર | 173 |
| મોટા પુરુષનો અભિપ્રાય | 220 |
| યુગધર્મ, સ્વધર્મ અને બ્રાહ્મણત્વ | 196 |
| Life and Teachings of Lord Swãminãrãyan | 63 |
| વચનનો ભીડો | 171 |
| વહેવારના, મંદિરના કે સત્સંગના 'ક્રિયાયોગોનો આરંભ' | |
| સ્વભાવપ્રેરિત કે સત્ય (સ્વરૂપ) પ્રેરિત ? | 255 |
| વૃત્તિઓનું પિંડીકરણ | 113 |
| વૃત્તિઓનો નિરોધ અને સંયમ | 133 |
| વૃત્તિઓના વેગો અને ગઢપુર સમૈયો | 189 |
| શક્તિપાત | 251 |
| શ્રી દાદુભાઈ પટેલે પ્રવચન કરતાં કહ્યું– | 205 |
| શ્રીજી મહારાજે પરમહંસોને કરેલી અતિરહસ્યની વાત | 147 |

| વિષય | પાનુ નં. |
|---|---|
| શ્રુતિ અને સ્મૃતિ | 99 |
| સમાસ બહુ થયો | 175 |
| સત્સંગની પારાશીશી | 80 |
| સત્સંગીનો પુરુષાર્થ અને જળમાં લીટા | 135 |
| સદ્ગુરુ સત્સંગી | 206 |
| સમતા અને સુહૃદ્ભાવ | 131 |
| સમ્યક્ સ્વરૂપદર્શન | 19 |
| સર્વોત્કૃષ્ટ સ્થાન અને સાક્ષાત્કારની સ્થિતિ | 34 |
| સર્વોપરી જ્ઞાનપ્રલય– તૂર્યા અને સામ્યાવસ્થારૂપ માયા– | 49 |
| સંપત્તિ-વિપત્તિ | 123 |
| સાકારપણાની પ્રતીતિ | 46 |
| સાધુનું જ્ઞાન | 94 |
| સિદ્ધદશાના પ્રકારો | 106 |
| સીમાડો | 52 |
| સ્વધર્મ અને સર્વોપરીપણું | 101 |
| સ્વધર્મ અને સ્વભાવ | 104 |
| ક્ષેત્ર સંન્યાસ | 137 |
| જ્ઞાનગોષ્ઠિમાંથી તારવેલું | 167 |
| જ્ઞાન અને વ્યવહાર | 203 |



# શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર

‘તાડદેવ’ કાકાજી લેન, સ્વામિનારાયણ માર્ગ, અશોક વિહાર-૩,
દિલ્હી-૧૧૦ ០૫૨ (ભારત)   ફોન : ૪૭૦૯ ૧૨૮૧
ઈ-મેઈલ : taaddev@ydsd.org

Mobile App.
YouTube Channel
GET IT ON Google Play
APSM
Available on the App Store